# સ્વપ્નદ્રવ્ય અંગે
# માર્મિક બોધ

લેખક

પ.પૂ. આ. શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા.

શ્રી સીમન્ધરસ્વામિજિનમંદિર પેઢી

રાજપથ, મહેસાણા (ઉ. ગૂજરાત)

# સ્વપ્નદ્રવ્ય અંગે માર્મિક બોધ

લેખક

પ.પૂ.આ. શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા.

વીર સં. ૨૫૨૧ વિ.સં. ૨૦૫૧

શ્રી સીમન્ધરસ્વામિજિનમંદિર પેઢી

રાજપથ, મહેસાણા (ઉ.ગુજરાત)

: પ્રકાશક :

શ્રી સીમન્ધરસ્વામિજિનમંદિર પેઢી

રાજપથ, મહેસાણા (ઉ.ગૂજરાત)

પ્રથમ સંસ્કરણ : ૨૦૫૧

મૂલ્ય : રૂા. ૫૦–૦૦

© સર્વાધિકાર પ્રકાશકને સ્વાધીન

મુદ્રક :

કે. ભીખાલાલ ભાવસાર

શ્રી સ્વામિનારાયણ મુદ્રણ મંદિર

૨૧, પુરુષોત્તમનગર, બસ સ્ટેન્ડ પાસે,

નવાવાડજ, અમદાવાદ-૩૮૦૦૧૩.

# સમર્પણ.....

મારા અનંતાનંત પરમ ઉપકારક દેવાધિદેવ


શ્રી સીમન્ધરસ્વામીજી પરમાત્માને

તેમ જ

ભવતારિણી પારમેશ્વરી પ્રવ્રજ્યા દાતા પરમ પૂજ્યપાદ

આચાર્ય પ્રવરશ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબને

સાદર સમર્પણ



# પરમ વિનમ્ર અભ્યર્થના

હે મારા પરમ તારક નાથ શ્રી સીમન્ધર-સ્વામિન્ પ્રભો ! જીવમાત્ર શિવ બને તે માટે આપના અનન્તાનન્ત અચિન્ત્ય પરમ પ્રભાવે જીવમાત્રથી પરમ ઉત્કટ આરાધકભાવે આપની અનન્ત પરમ તારક આજ્ઞાની આરાધના નિરંતર થતી રહો. એવી પ્રતિ-સમયની મારી પરમ વિનમ્ર અભ્યાર્થના શીઘ્રાતિશીઘ્ર પૂર્ણ થાઓ.

–કલ્યાણસાગર

# પ્રસ્તાવના

અનાદ્યનંતકાલીન ચાતુર્ગતિક આ સંસારમાં પ્રત્યેક જીવાત્માઓએ એક એક આકાશપ્રદેશે અનંતાનંત પુદ્ગળપરાવર્તનકાળથી જન્મ મરણની અનંતી અનંતવેદના અનંતીવાર સહન કરતાં ભવિતવ્યતાના યોગે અસાંવ્યવહારિક સૂક્ષ્મનિગોદમાંથી આ જીવાત્મા સાંવ્યવહારિકસૂક્ષ્મ નિગોદમાં આવ્યો. ત્યાં પણ અનંતાનંત કાળ પર્યન્ત જન્મ મરણની અનંતી વેદના સહન કરતાં કરતાં બાદર નિગોદમાં આવ્યો. ત્યાં પણ અનંતકાળ પર્યન્ત જન્મ મરણની અનંતી વેદના સહન કરતાં કરતાં પૃથ્વીકાયમાં આવ્યો, ત્યાં અસંખ્યાતાનુ-અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી કાળ પર્યન્ત જન્મ મરણ આદિના અસહ્ય દુઃખો સહન કર્યા. એ જ રીતે અપ્કાય તેઉકાય, વાઉકાય અને પ્રત્યેક વનસ્પતિએ ચારે કાયમાં પણ અસંખ્યાતાનુ-અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી કાળ પર્યન્ત જન્મ મરણ આદિના અસહ્ય અપાર વેદનાઓ સહન કરતાં કરતાં કર્મની હળવાશ થવાથી જીવાત્મા ત્રસપણું પામ્યો. એટલે બે ઇન્દ્રિય-તે ઇન્દ્રિય-ચઉરિન્દ્રિયપણામાં પણ અગણિતકાળ પર્યન્ત અસહ્ય દુઃખો સહન કરતાં કરતાં હાથી-ઘોડા-બળદ-ગાય-ભેંસ-ખચ્ચર-વેસર-ગર્દભ્-ઊંટ આદિ પાલનીય પશુઓના ભવો, ઉંદર-બિલાડી-સર્પ નોળીયા આદિ નિત્ય વૈર ભાવવાળા તિર્યંચ ભવો, તેમ જ સિંહ-વાઘ-વરૂ-દીપડો-શિયાળ-લોંકડી આદિ હિંસ્ર પશુઓના ભવો,

તેમ જ મયૂર-હંસ-કોયલ-કબૂતર-મેના-પોપટ-ચકલા-ચકલી-હોલા-તેતર-બાજ-સમળી-ઘૂવડ અને ગીધ આદિ પક્ષિઓના ભવોમાં અનેકવિધ મહાપાપો કરીને અનેકવાર નરકાદિમાં ઉત્પન્ન થઈને વિવિધ પ્રકારના અપાર દુઃખો સહન કરતાં કરતાં અકામનિર્જરાના બળે અગણિતકાળે આ જીવાત્મા કોળી-વાઘરી-ધીવર-મહેતર અત્યંજ ચમાર આદિ જેવા પામરકક્ષાના માનવભવો પામ્યો. તે ભવોમાં ઘોર અજ્ઞાન અને મહામોહથી તીવ્ર અભિભૂત થયેલ આ પામર જીવાત્માએ અતિતીવ્ર કિલષ્ટ અધ્યવસાયે હિંસા-જૂઠ-ચોરી-વ્યભિચાર-બળાત્કાર માનવહત્યા આદિ અનેકવિધ ઘોરાતિઘોર મહાપાપો આચરીને નરક નિગોદ આદિમાં ઉત્પન્ન થયો. ત્યાં પૂર્વોક્ત દુઃખો સહન કરતાં કલ્પનાતીત અસંખ્ય-અનંતકાળ વ્યતીત થયો.ત્યાંની કાળ મર્યાદા પૂર્ણ થતાં નરક નિગોદાદિમાંથી નીકળીને તિર્યંચાયાદિમાં પરિભ્રમણ કરતાં સંખ્યાતા-અસંખ્યાતા કે અનંતા ભવે અકામનિર્જરા થતાં કાંઈક અંશે પાપકર્મનું ભારણ ઓછું થવાથી પુનઃ માનવભવ પામ્યો. તે ભવમાં પણ ઘોર અજ્ઞાન અને મહામોહવશ. પાપાચરણની લીલા ચાલુ જ રહી. તેના કારણે પુનઃ પુનઃ અનંતાનંતીવાર નરક નિગોદાદિની ઘટમાળ ચાલુ'ને ચાલુ જ રહી. એ રીતે અસંવ્યવહાર સૂક્ષ્મ નિગોદમાંથી સંવ્યવહાર સૂક્ષ્મનિગોદમાં આવ્યા પછી પણ અનંતાનંત પુદ્‌ગળપરાવર્તો એક એક આકાશપ્રદેશે વ્યતીત થયા. એ અનંતાનંતભવોમાંથી કોઈક ભવે આ જીવાત્મા તથા પ્રકારના પ્રબળ પુણ્યનો અધિપતિ થવાથી આર્યદેશમાં ઉત્તમ જાતિકુળવાળા જૈન માતા પિતાને ત્યાં જન્મ થયો. પંચેન્દ્રિયની પરિપૂર્ણતાયુક્ત નિરોગીકાયાવાળો અને હિતાહિતનો વિવેક કરી શકે તેવો ઉત્તમ માનવભવ મળ્યો. અનંત પરમતારક

જિનશાસન મળ્યું દેવ ગુરુ ધર્મરૂપ આરાધ્ય સામગ્રીને આરાધવાની અનુકૂળતા મળી. શ્રાવકધર્મની આરાધના કરતાં સર્વવિરતિ ચારિત્ર ઉદયમાં આવ્યું. જેના અચિન્ત્ય પરમ પ્રભાવે અનાદિકાળથી ચાલી આવતી નરક નિગોદ આદિવાળી અતિકપરી પરિસ્થિતિમાંથી ઉગરીને આ જીવાત્મા પલ્યોપમો અને સાગરોપમો જેટલા ચિરકાળ પર્યન્ત દિવ્ય ભોગસુખોનો ભોક્તા બન્યો. ભોગવાયેલ ભોગસુખો અનુમોદનીય તો નથી જ પણ નરક નિગોદાદિની અનંત દુઃખવાળી સ્થિતિની અપેક્ષાએ સારા કહી શકાય. એવી સ્થિતિ અનંતીવાર પ્રાપ્ત થઈ શકી. પણ જે ચારિત્રથી ભવભ્રમણનો અંત થાય, અને સાદિ અનંતકાળ પર્યન્ત અનંત આનંદમય મોક્ષસુખની અર્થાત્ નિજાનંદસ્થિતિની પ્રત્યક્ષ અનુભૂતિ સહજભાવે નિરંતર થતી રહે, એવું પરમ ઉચ્ચતમ સ્થાન પ્રાપ્ત કરાવવા અનંત સામર્થ્ય ચારિત્રમાં છે. એમ અનંત ઉપકારક શ્રી જિનેન્દ્ર ભગવંતોએ જણાવેલ હોવાથી મારો જીવાત્મા તો પરમ અકાટ્ય શ્રદ્ધાપૂર્વક અક્ષરશઃ સત્ય જ છે. એમ સ્વીકારીને જ ચાલે છે. એવું અનંત સામર્થ્યશાળી ચારિત્ર અનંતીવાર ઉદયમાં આવવા છતાં મોક્ષને આજ દિન પર્યન્ત ન પામી શકયા એટલે બાપ દાદે સ્વીકારવું જ રહ્યું કે ઉદયમાં આવેલ ચારિત્રોમાં કોઈક અતિમહત્ત્વની કડી ખૂટે છે. પણ ઘોર અજ્ઞાન અને મહામોહ આદિથી અભિભૂત થયેલ હોવાથી ઉદયમાં આવેલ ચારિત્રોમાં કોઈક અતિમહત્ત્વની કડી ખૂટે એવો વિચાર જ આ જીવાત્માને આવ્યો નથી. એટલે ભવભ્રમણનો અંત શી રીતે થાય ? એટલાં જ માટે તો હૈયું હચમચીને વલોવાઈ જાય, અને કાયા ભૂકમ્પના ભયંકર ધ્રૂજારાની જેમ કમકમી જાય તેવા કાકલૂદી, ભર્યા કરુણસ્વરે શ્રી જિનશાસનૈક પરમ સુનિષ્ઠ, અને પરંપરાગત પરમ

સુવિશુદ્ધ સામાચારી-સુપ્રતિપાલક શ્રી તપાગચ્છાધિરાજ આચાર્ય પ્રવર શ્રી જ્ઞાનવિમળસૂરીશ્વરજી મહારાજ સાહેબ આસન્નોપકારક ચરમ-શાસનપતિ દેવાધિદેવ શ્રી મહાવીરસ્વામીજી પરમાત્માને પરમ સુવિનમ્રભાવે સ્તવનારૂપે વિજ્ઞપ્તિ કરતાં જણાવે છે, કે-

''વીરજી સુણો એક વિનતિ મોરી, વાત વિચારો તુમે ધણી રે;
વીર મને તારો મહાવીર મને તારો, ભવજળ પાર ઉતારો ને રે...
વીર મને તારો૦ ૧
પરિભ્રમણ મેં અનંતા રે કીધાં, હજુ યે ન આવ્યો છેડલો રે;
તુમે તો થયા પ્રભુ સિદ્ધ નિરંજન, અમે તો અનંતા ભવ ભમ્યા રે...
વીર મને તારો૦ ૨

અનંતાનંત જન્મ મરણના અનંતાનંત દુઃખોની તીવ્રતમ અપાર ઘોર મનોવ્યથાથી વલોવાતા હૈયે એક પરમ પુણ્યવંતા તારક મહાપુરુષદ્વારા પરમ વિનમ્રભાવે અનંત કરુણાસાગર પરમાત્માને કરાયેલ વિજ્ઞપ્તિમાં પણ ''પરિભ્રમણ મેં અનંતા રે કીધાં, હજુ યે ન આવ્યો છેડલો રે'' એવી જ મનોવ્યથાનો રણકો ધ્વનિત થઈ રહ્યો છે. કાવ્યનો અત્ર ઉલ્લેખ કરું છું.

**अहो ! संसारेऽस्मिन् विरति-रहितो जीवनिवह**
**श्चिरं सेहे दुःखं बहुविधमसौ जन्म-मरणैः ।**
**परावर्त्तानन्त्यं प्रतिगगन-देशं विहितवाँ-**
**स्तथाप्यन्तं नाप्नोद् भवजलनिधेः कर्मवशतः ॥**

હે અનન્ત કરુણાસાગર જિનેન્દ્ર પરમાત્મન્ ! પરમ મહત્તમ આશ્ચર્યમ્ અનાદ્યનન્ત આ સંસારમાં વિરતિધર્મથી રહિત એવા સમસ્ત જીવસમૂહે એક એક આકાશપ્રદેશે અનંતાનંત પુદ્ગળપરાવર્તન જેટલાં અનંતકાળ પર્યન્ત જન્મ મરણ આદિના અનન્તાનન્ત દુઃખો

અનંતીવાર સહન કરવા છતાં, પણ ઘોર અજ્ઞાન અને મહામોહાદિ અષ્ટકર્મને આધીન એવા આ જીવાત્માનો સંસાર સાગરથી અંત ન આવ્યો. અર્થાત્ સંસારસાગરથી આ જીવાત્માની મુક્તિ ન થઈ. તે ન જ થઈ. તેનું કારણ શું હશે, તેના વિચાર કરીએ.

સર્વધર્મશિરોમણિ ધર્મસમ્રાટ્ શ્રી ચારિત્રધર્મ ઉદયમાં આવેલ. એવી ઊંચી પુણ્યાઈવાળો માનવભવ મળવા છતાં, પણ જીવનમાં–

જિન આજ્ઞાનું જોમ ન હોય, જડને જાકારો ન હોય, મોહનું મારણ ન હોય, વાસનાનું વારણ ન હોય, તપનું તારણ ન હોય, દેહનું દમન ન હોય, વિષયોનું વમન ન હોય, પાપનું પતન ન હોય, મોક્ષનું મનન ન હોય, સ્વાર્થનો સંહાર ન હોય, સદ્ગુણોનો સ્વીકાર ન હોય, સત્ક્રિયાનો સત્કાર ન હોય, આરાધનાને આવકાર ન હોય, વિરાધનાને વેતરવાનો વલોપાત ન હોય, પ્રભાવનાનો પમરાટ ન હોય, ઉદારતાનો ઉમળકો ન હોય, અભયદાનાદિનો આદર ન હોય, શાસનની સુરક્ષા ન હોય, શિયળની સુવાસ ન હોય, સૌજન્યનો સરવાળો ન હોય, બદીઆનોની બાદબાકી ન હોય, ગુણોનો ગુણાકાર ન હોય અને ભૂલોનો ભાગાકર ન હોય, તેમ જ ક્રોધાદિ કષાયોનું કાસળ નીકળતું ન હોય, તો અનંતજ્ઞાનીઓ એવા ચારિત્રોને સમ્યકત્વ વિનાના દ્રવ્ય ચારિત્રો જ કહે છે.

અનંતાનંતકાળમાં એવા દ્રવ્ય ચારિત્રો અનંતીવાર ઉદયમાં આવ્યા અને એ દ્રવ્યચારિત્રોના પ્રભાવે અનંતીવાર દેવતાઈ સુખો ભોગવવા મળ્યા, પણ મોક્ષના સુખો ન મળ્યાં તે ન જ મળ્યાં. મોક્ષના સુખો ત્યારે જ મળે, કે દ્રવ્યચારિત્રરૂપ સુવર્ણમાં શ્રી સમ્યગ્દર્શનરૂપ સુવાસ (સુગન્ધ) ભળે તો. એ ઉપરથી ફલિત થાય છે, કે અનંતા દ્રવ્ય ચારિત્રો કરતાં એક વેળાના શ્રી સમ્યગપદર્શનમાં

અનંતગણુ બળ હોય છે. દ્રવ્ય ચારિત્રોના મૂળમાંથી ઘોર અજ્ઞાન અને મહામોહનો વાસ હોવાથી તે ચારિત્રો મોક્ષ મળે તેવું અનંત સામર્થ્ય આત્મામાં પ્રગટાવવા સમર્થ થતાં નથી. પરંતુ અનંતા ચારિત્રો ઉદયમાં આવ્યા વિના આત્મામાં મોક્ષ મળે તેવું અનંત સામર્થ્ય પ્રગટાવનાર શ્રી સમ્યગ્દર્શનનો પ્રાદુર્ભાવ થવો શકય નથી જ, એવું અનંતજ્ઞાનીઓનું વચન હોવાથી શ્રી જિનાજ્ઞાના મર્મને સમજ્યા વિના જે આત્માઓ ખોટો બકવાદ કરે છે, કે અનંતીવાર ચારિત્રો લીધાં, તો યે આત્માનો મોક્ષ ન થયો. અનંતીવારના ચારિત્રો નિષ્ફળ ગયા. તો આ ભવમાં ચારિત્ર લઈએ કે ન લઈએ તો શું ફેર પડવાનો હતો ?

અનંતીવાર પળાયેલા ચારિત્રોથી આત્માનો મોક્ષ ન થયો. અર્થાત્ પળાયેલા એ અનંતા ચારિત્રોથી આત્માને કોઈ જ લાભ ન થયો. એટલે અનંતીવાર પળાયેલા એ ચારિત્રો નિષ્ફળ ગયા. તો આ ભવમાં ચારિત્ર અંગીકાર કરીએ, તોયે ચારિત્ર આત્માને પરમાત્મસ્વરૂપ થવામાં શી રીતે સમર્થ થશે ? સમર્થ તો નહિ થાય, પણ ઉપરથી કાયાને વિહાર-લોચાદિના અનેકવિધ કષ્ટો સહન કરવાનો વારો આવે, અને ચારિત્ર નિષ્ફળ જાય માટે એવું ચારિત્ર અંગીકાર કરવું ઉચિત નથી. એવો બકવાદ શ્રી જિનધર્મના મર્મને ન સમજેલા પામર આત્માઓ કરતા હોય છે.

અનંતજ્ઞાનીઓનું તો ત્રિકાલાબાધિત અકાટય સચોટ કથન છે, કે અનંતાદ્રવ્ય ચારિત્રો વિના ભાવચારિત્રી થઈ શકતો નથી એ અપેક્ષાએ તો એક પણ દ્રવ્યચારિત્ર નિષ્ફળ ગયું જ નથી અનંતા ચારિત્રો અંગીકાર કર્યા વિના શ્રી સમ્યગ્દર્શનરૂપ ભાવ પ્રાણનો આત્મામાં પ્રાદુર્ભાવ થવો શક્ય નથી. પરમ સત્વશાળી અને લઘુકર્મી પરમ ઉચ્ચકક્ષાના સુસન્નારી શ્રી મરુદેવીજી માતાજીનું

દ્રષ્ટાન્ત એ એક પરમ આશ્ચર્યકારી ઘટના ગણાય. શ્રી મરુદેવીજી માતા વિના અન્ય કોઈ પણ જીવાત્મા આજેં શ્રી સમ્યગદર્શનથી પરમ સુવાસિત હોય, તો નક્કર સત્ય સચોટપણે સમજી લેવું, કે આ જીવાત્માઓ અતીતકાળમાં અનંતીવાર દ્રવ્યચારિત્રો અંગીકાર કરી ચૂક્યા છે. આજે જીવાત્માને પરમાત્મા થવાના કોડ જાગા હોય, તો બાપ દાદે ડંકાની ચોટે સ્વીકારવું જ રહ્યું, કે અનંતીવાર દ્રવ્ય ચારિત્રો અંગીકાર કર્યાનું જ આ ફળ છે. દ્રવ્યચારિત્ર નિષ્ફળ ગયું એમ કહી જ ન શકાય. દ્રવ્ય ચરિત્રો એ પણ જીવાત્માની એક આગવી મૂડી ગણાય. અનંતકાળના અનંતા ચારિત્રો નિષ્ફળ ગયા, એવો બકવાદ જે જીવાત્માઓ કરતા હોય, તો તે જીવાત્માઓ સો ટકા ઘોર અજ્ઞાન અને મહામિથ્યાત્વ મોહનીય આદિ પાપકર્મોમાં નખશિખ ડૂબેલા છે. એમ સમજવું.

અતીતકાળના અનંતા દ્રવ્યચારિત્રોરૂપ આત્માની આગવી મૂડીનો વ્યય થાય ત્યારે જ જીવાત્મામાંથી શ્રી સમ્યગ્દર્શનરૂપ અમૂલ્ય મહામૂડીનો પ્રાદુર્ભાવ થાય છે. અનંતકાળે પ્રાપ્ત થયેલ શ્રી સમ્યગ્દર્શનરૂપ મહામૂલા નિધાનને લૂંટવા માટે ઘોર અજ્ઞાન અને મહામોહાદિના અનેકવિધ પ્રબળ આક્રમણો રાત અને દિવસ નિરંતર ચાલુ જ હોય છે. તેમાંથી કતિપય આક્રમણોનો અત્ર ઉલ્લેખ કરું છું.

શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ ઉત્સૂત્ર પ્રરૂપણા, દેવદ્રવ્યનું ભક્ષણ, ઋષિમુનિનો ઘાત, સાધ્વીજી મહારાજના ચતુર્થ વ્રતનો ભંગ, સ્વશ્લાઘા, પરનિંદા, ચારિત્રભ્રષ્ટાદિના કારણે સ્વયં ભારોભવ કુવિહિત હોવા છતાં હું જ સાચો સુવિહિત શિરોમણિ છું. એવો ભયંકર દેખાવ કરવાનો અક્ષમ્ય ફટાટોપ (ડોળ), કરે, અને સુસંયમીઓની નિંદા કરવાનું ચૂકે નહિ. વિજાતીયોનો ગાઢ પરિચય, જીવનમાં ભરોભાર દુર્ગુણો ખદબદતા હોવા છતાં, સદ્ગુણો અને

સદ્‌ગુણીઓનો ભારોભાર તિરસ્કાર, પરમ્પરાગત પરમ સુવિશુદ્ધ સામાચારી અને આચરણાનો અપલાપ અને ઉચ્છે઼, અન્યો ઉપર અસત્‌કલંકો ચઢાવવા, ચાલી આવતી સુપ્રણાલિકાથી વિરુદ્ધ પ્રરૂપણા અને અભિપ્રાયો આપવા શ્રી જિન આજ્ઞા ઘાત઼ લોકપ્રવાહમાં તણાઈને યશઃ કીર્તિ અને માન-સન્માનની ભયંકર અધમ લાલસાઓમાં તણાઈને શ્રી જિનઆજ્ઞા ઘાતક મૌખ઼િક અને લેખિત અભિપ્રાયો આપવા, અને પોતે આપેલ અસત઼ અભિપ્રાયોને પ્રાણાન્તે વળગી રહીને તે અભિપ્રાયોનું સમર્થ કરે જ જવું. એવા અનેકાનેક આક્રમણો શ્રી સમ્યગ્‌દર્શનને લૂંટવા રાતને દિવસ નિરંતર અવિરતગતિશીલ હોય છે.

પરંપરાગત પરમ સુવિહિત પ્રણાલિકા અને માન્યતા અનુસાર શ્રી સ્વપ્નની બોલીનું દ્રવ્ય અને ગુરુપૂજન આદિનું ઼વ્ય દેવદ્રવ્યરૂપે જ ગણાતું આવ્યું હોવા છતાં, કેટલાંક નગરોના ઼હેવાતા ગૃહસ્થ શ્રાવકો દેવદ્રવ્યની અપેક્ષા અને અનિવાર્યતા ઼મજ્યા વિના દેવદ્રવ્યમાંથી અમુક અંશ સાધારણ ખાતે લઈ ઼વાનો અક્ષમ્ય દુસ્સાહસ કરવા લાગ્યા. તે અક્ષમ્ય દુસ્સાહસના પ્રત઼ (તી) કારરૂપે "શ્રી જિનાજ્ઞૈવૈકઃ પ્રાણઃ " અર્થાત્ શ્રી જિન આજ્ઞા ઼ે જ એક પ્રાણ એવી અટળ માન્યતા ધરાવતા પરમપૂજ્ય ગુરુભ઼ગવંતોએ પ્રચંડ વિરોધ કર્યો. તે પ્રચંડ વિરોધથી ઉગરવા માટે અમુક આચાર્ય મહારાજ આદિ મુનિઓનો લેખિત અભિપ્રાયઃ મંગા઼વાના બાલિશ પ્રયત્નો કરવા લાગ્યા, અને અમુક આચાર્ય મહારાજ આદિ મુનિઓએ અનંત પરમતારક શ્રી જિનઆજ્ઞાઘાતક અભિપ્રાયો આપવાનું અક્ષમ્ય દુસ્સાહુસ પણ કર્યું.

સર્વવિરતિસંયમધર્મ અંગીકાર કરતી વેળાએ ના઼ણમાં વિરાજિત ચતુર્મુખ પરમાત્માની સમક્ષ શ્રી શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘની

ઉપસ્થિતિમાં શ્રી જિનેશ્વર પરમાત્માનો તારક મુનિવેષ ધારણ કરીને આજીવન એટલે અન્તિમ શ્વાસ પર્યન્ત પ્રતિજ્ઞા કરે છે કે હિંસા-જૂઠ-ચોરી-અબ્રહ્મ અને પરિગ્રહનું પાપ સેવન અને સંગ્રહ કરીશ નહિ, કરાવીશ નહિ અને કરનારની અનુમોદના પણ નહિ કરું. એવી પ્રતિજ્ઞા કરવાથી તે પ્રતિજ્ઞાના અચિન્ત્ય પરમ પ્રભાવે શ્રી સંઘ અટળ શ્રદ્ધાપૂર્વક પરમ પૂજ્ય આચાર્ય મ. પ્રમુખ મુનિવરોને સુવિહિત પરમતારકરૂપે સ્વીકારીને શ્રી જિનશાસનમાં સર્વત્ર આદર સત્કાર આવકાર સન્માન અને આહાર પાણી આદિથી સર્વદેશીય પ્રબળ ભક્તિ કરી રહ્યાં છે. આવી શ્રદ્ધાપૂર્વક સુવિહિતરૂપે સ્વીકારાયેલ પ.પૂ.આચાર્ય મહારાજ પ્રમુખ મુનિવરોમાંથી અમુક આચાર્ય મહારાજ આદિ મુનિઓને શ્રી જિનશાસનમાં દેવદ્રવ્યની કેટલી તાતી પરમતમ આવશ્યકતા અને અનિવાર્યતા છે. તેની ઊંડાણથી એટલે તલસ્પર્શી સમજ નહિ હોય, તે આચાર્ય મહારાજ પ્રમુખ મુનિઓ દેવદ્રવ્યાદિ અંગે, અને હાઈસ્કૂલ-કોલેજ અને હોસ્પિટલ આદિમાં જ્યાં નિરંતર મહાભયંકર આશ્રવ સેવાતો પ્રત્યક્ષ અનુભવાય રહેલ એવા મહાઆશ્રવ સ્થાનો ઊભા કરવા કરાવવાદિનો ઉપદેશ અને અભિપ્રાયો આપતા હોય, તો શ્રી સમ્યગ્દર્શન શી રીતે ટકે ? કોઈ રીતે ન ટકે. શ્રી સમ્યગ્દર્શન ઘાતક ઉપદેશ દેનારા આચાર્ય મહારાજાદિ મુનિઓ પણ પ.પૂ.શ્રી સુધર્માસ્વામીજી ગણધર મહારાજની પાટ ઉપર બેસીને ઉપદેશ તો મોક્ષનો જ આપતા હોય છે. અર્થાત્ શ્રી સમ્યગ્દર્શન વિના ત્રણકાળમાં ય મોક્ષની પ્રાપ્તિ થવાની જ નથી. એવો ઉપદેશ ઠંડે કલેજ આપતા હોય છે. વાણી અને વર્તનનો આ કેવો મહાભયંકર અક્ષમ્ય વિરોધાભાસ ?

હે અનંતકરુણાસાગર શ્રી સીમન્ધરસ્વામિન્ પ્રભો ! આ દુષમકાળના પંચમ આરામાં ભરતક્ષેત્રીય જીવાત્માઓનું કેવું ભયંકર

દૌર્ભાગ્ય ? કે અનંત પરમતારક શ્રી જિનશાસન પામ્યા પછી પણ શ્રી જિન આજ્ઞાથી વિપરીત પ્રરૂપણાપૂર્વકના ઉપદેશો અને અભિપ્રાયો આપીને શ્રી સંઘને ઉન્માર્ગે દોરવવાનો અક્ષમ્ય દુસ્સાહસ કરી રહ્યા છે. હે ભગવન્ ! ઉન્માર્ગની પ્રરૂપણા કરનારા એ આચાર્ય મહારાજ આદિ મુનિઓના ચિત્તમાં પરમ સદ્બુદ્ધિ પ્રગટે. ઉન્માર્ગીય પ્રરૂપણાથી વિરમે પ્રરૂપેલ ઉન્માર્ગનો પ્રબળ પશ્ચાતાપ જાગે. કરેલ ઉત્સૂત્ર પ્રરૂપણાનું પ.પૂ. ગીતાર્થ ગુરુભગવંતની તારક પુણ્ય નિશ્રાએ ઉપસ્થિત થઈ પ્રાશ્ચિત લઈને આત્મશુદ્ધિ કરે એવી બદ્ધાંજલિ નતમસ્તકે પરમ વિનમ્ર અભ્યર્થના.

અનંત પરમ તારક શ્રી જિનાજ્ઞાથી વિપરીત વિચારાયું કે લખાયું હોય, તો ત્રિવિધ ત્રિવિધ મિચ્છામિ દુક્કડં.

પ.પૂ.આ.પ્ર.શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મ.સા.નો દીક્ષાદિન. ગુરુવાર, વિ.સં.૨૦૫૧ પોષ વદ ૪. —

— કલ્યાણસાગર

# અનુક્રમણિકા


| | |
|---|---|
| **કળિયુગના કુપ્રભાવે** | ૧ |
| મહાસ્વાર્થી કાળમીંઢોના કુરંગે રંગાયેલ | ૩ |
| દેવદ્રવ્યની અગ્રિમતા અને સર્વોપરિતા | ૮ |
| કુતર્કવાદિઓની કૃતઘ્નતા | ૧૦ |
| એકવાર નહિ અનન્તીવાર જીભ કપાય ? | ૧૧ |
| ઝળહળતુ જૈનેન્દ્રશાસન | ૧૯ |
| સવિતાનારાયણ જેવી ઝળહતી જિન આજ્ઞા | ૨૦ |
| સ્વપ્નની ઉપજ શા માટે ? | ૨૦ |
| સ્વપ્નદ્રવ્ય કયા ક્ષેત્રનું દ્રવ્ય ગણાય ? | ૨૧ |
| એક બાલિશ કુતર્ક | ૨૩ |
| સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય કેમ ગણાય ? | ૨૪ |
| સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્યરૂપે સિદ્ધિનું એક વિશેષ સોપાન | ૨૬ |
| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીના પ્રતિમાજી ભરાવેલ.... | ૩૨ |
| શ્રી પાર્શ્વનાથજીના દશ ભવનો અલ્પ પરિચય | ૩૪ |
| પુણ્યવંતોની ભવ્ય ભાવના | ૩૮ |
| ક્ષમાયાચના | ૪૭ |
| દેવદ્રવ્યાદિ ભક્ષણ કે ઉપેક્ષાદિનું મહાઅનિષ્ટફળ.... | ૭૧ |
| શ્રી જિનધર્મ-શાસનરક્ષાના શાસ્ત્રીય સાક્ષી પાઠો | ૭૫ |
| શ્રી આવશ્યકજી સૂત્રના પ્રત્યાખ્યાન અધ્યયનમાં... | ૭૬ |
| શ્રી પણ્ણવણાજી સૂત્રના ભાષાપદમાં.... | ૭૭ |
| શ્રી સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય જ છે, તે અંગેના અભિપ્રાયો | ૮૧ |
| પૂ. આત્મારામજી મ.સા.નો અભિપ્રાય | ૮૨ |
| પ.પૂ.શ્રી આત્મારામજીનો ઉત્તર | ૮૩ |
| આગમ જ્યોત | ૮૪ |

ગર્ભથી તીર્થંકરપણું માને તો જિનેશ્વરોના પાંચ કલ્યાણકો ૮૬
ગર્ભથી શાસ્ત્રકારોએ માનેલું તીર્થંકરપણું ૮૬
અન્ય ક્ષેત્રોની વૃદ્ધિની અપેક્ષા ૮૮
વ્યાજભક્ષણના દોષથી બચો અને બચાવો ૮૮
આગમોદ્ધારક પર્વ વ્યાખ્યાન સંગ્રહપત્રક ૯૦
સ્વપ્નદ્રવ્ય પારણાનું દ્રવ્ય દેવદ્રવ્ય જ છે. ૯૧
જામનગર નિવાસી શ્રી અમૃતલાલ દોશીની માન્યતા ૯૪
સાધારણ દ્રવ્ય ૯૫
શ્રી શિવ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘની સભ ૯૬
પરમ પૂજ્ય શ્રી શ્રમણપ્રધાન ચતુર્વિધ જૈન સંઘ ૯૯
મહાન અજ્ઞાનતાનો એક વિશેષ પરિચય ૯૯
શ્રી ગુરુદ્રવ્ય અને તેનો વિનિયોગ ૧૦૫

**દૃષ્ટાન્ત વિભાગ**

॥ શ્રી દેવદ્રવ્યાદિ ધાર્મિક દ્રવ્યની ઉઘરાણીમાં ઉપેક્ષા ॥ ૧૧૧
શ્રી દેવસેનની માતાનું દૃષ્ટાન્ત ૧૧૩
સાગરશેઠનું દૃષ્ટાન્ત ૧૧૪
શ્રી અન્ધકવૃષ્ણિ રાજાની કથા ૧૧૮
શ્રી ચન્દ્રકુમાર કથાનકમ્ ૧૨૧
શ્રી દેવદ્રવ્ય ગુરુદ્રવ્યભક્ષક મહાકાળનું દૃષ્ટાન્ત
શ્રી જિનચૈત્યાદિ વસ્તુઓનો અલ્પ ન કરો આપવા ઉપર
શ્રીમતી લક્ષ્મીવતીનું દૃષ્ટાન્ત ૧૩૧
શ્રી જ્ઞાનદ્રવ્ય અને સાધારણદ્રવ્ય ભક્ષક
કર્મસાર પુણ્યસારનું દૃષ્ટાન્ત ૧૩૪
સુવર્ણરુચિનું દૃષ્ટાન્ત ૧૩૭
વરુણદેવનું દૃષ્ટાન્ત ૧૫૯
દેવદ્રવ્યના અધિકારમાં શ્રી નાભાક રાજાનું ચરિત્ર ૧૬૫

# કળિયુગનો કુપ્રભાવ

અનંત પરમ તારક શ્રી જિનશાસન પ્રવર્ત્તમાન હોવા છતાં શ્રી જિનશાસન પામવા જેવું અનંત પુણ્યાનુબંધિપુણ્ય ઉદયમાં ન હોવાથી કળિયુગના કુપ્રભાવે માનવભવ જેવો ઉત્તમ ભવ મળવા છતાં મહામોહથી મૂંઝાયેલ અને અજ્ઞાન અંધાપાથી અંધ બનેલ પ્રજ્ઞાહીન મોભાગ્ર જેવા જાડી અને કુટિલ બુદ્ધિવાળા પરમ પામર આત્માઓનો તોટો નથી. અરે ! અળસિયા અને બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળ્યા છે એમ કહીએ તો યે અતિશયોક્તિ નહિ ગણાય.

એવા ભવાભિનંદિ વિવેકહીન આત્માઓ વિવેકચક્ષુઓ ઉપર વજ્ર જેવા અભેદ્ય અવિવેકના પાટાઓ બાંધી ફરતા હોવાથી એ આત્માઓ કર્ત્તવ્યાકર્ત્તવ્યનો, સારાસારનો, હિતાહિતનો, લાભાલાભનો સમ્યગ્ વિવેક તો સ્વપ્નમાં પણ ન કરે, પણ ઉપરથી કર્ત્તવ્યાકર્ત્તવ્ય આદિનો અને સુસજ્જનોનો અવિનય-અનાદર અને અવિવેક કરવાની સાવ નાની સરખી તક જતી કરવામાં અંશમાત્ર પાછી પાની કરતા નથી. શ્રી સમ્યગ્દર્શી પરમ સુજ્ઞ આત્માઓનું નિર્મળ પવિત્ર પુણ્યહૈયું તો ભવાભિનંદિઓની ઉક્ત ઊંધી અભદ્ર રીતભાતરૂપ અગનજ્વાળાઓથી પરમ સુજ્ઞ સમ્યગ્દર્શી આત્માઓનું પરમ પવિત્ર નિર્મળ હૈયું નિરંતર દહી રહ્યું છે. એ અગનજ્વાળાઓને બુઝાવવા

માટે સુજ્ઞ આત્માઓ પોતાના હૈયાનું ઘમ્મર વલોણું કરી નાંખતા હોય છે. કરવા યોગ્ય સર્વસ્વ સુપ્રયાસો કરવામાં અંશમાત્ર કચાશ રાખતા નથી. તો પણ અવિવેકી અજ્ઞ આત્માઓ સુજ્ઞોની મનોવ્યથા રખેને શમી ન જાય, તે માટે ભવાભિનંદિઓ મહાઅભિશાપરૂપ પોતાનું અભદ્ર આચરણ ચાલુ જ રાખતા હોય છે. આ વાત થઈ જેમને અનંત પરમ તારક શ્રી જિનશાસન નથી મળેલ, એવા ભવાભિનંદિઓની.

અનંત પરમ તારક શ્રી જિનશાસન મળ્યા પછી પણ એકાન્તે એમ ન કહી શકાય કે, શ્રી જિનશાસન પામેલ આત્માઓ શ્રી જિન આજ્ઞાથી વિપરીત પ્રરૂપણા અને આચરણ કદાપિ કરતો જ નહિ. હાં, જ્યાં સુધી શ્રી જિન આજ્ઞાને પરમ સબહુમાન આદર પૂર્વક નિર્મળ હૈયે ધારણ કરીને શિરસાવન્દ્ય શિરોમાન્ય કરાતી હોય, ત્યાં સુધી તો અણિશુદ્ધ અખંડ પ્રરૂપણા, અને શક્ય તેટલું પરમ શુદ્ધ આચરણ કરવામાં અંશમાત્ર ક્ષતિ નહિ આવે. પરંતુ કોઈક ભવે અજ્ઞાનવશ મમતે ચઢીને સર્વ પાપનો બાપ મિથ્યાત્વ બંધાઈ ગયેલ હોય, એ પાપ નિર્જરાયેલ ન હોય, તો એ પાપ ઉદયમાં આવતાં જીવાત્મા મમતે ચઢીને વિના વિચાર્યે અવિવેક ભરી મિથ્યા પ્રરૂપણા અને અભદ્ર આચરણ કરવાનું અક્ષમ્ય દુસ્સાહસ કરતાં યે સંકોચ ન અનુભવે.

**અભદ્ર આચરણ એ આરાધના નથી પણ મહાવિરાધના છે :**

સર્વપર્વ શિરોમણિ પર્વાધિરાજરાજેશ્વર શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના કરતાં ભાદરવા શુદિ એકમના દિને શ્રી વીર જિન જન્મ વાંચન પહેલાં ચૌદ મહાસ્વપ્ન ઉતારીને શ્રી સંઘને દર્શન કરાવવાના પુણ્યપ્રસંગે બોલાતી બોલીઓ (ચઢાવાઓ)ની રકમ દેવદ્રવ્ય જ હોવા છતાં કેટલાક ગચ્છના સમુદાયો સર્વસ્વ ઉછામણીની રકમ સાધારણ

ખાતે લઈ જાય છે, અને કોઈક સમુદાય છ આની સાધારણમાં અને દશ આની દેવદ્રવ્યમાં લઈ જવા સમ્મતિ આપે છે. સાધારણ ખાતે રકમ લઈ જવા એ અનંત પરમતારક શ્રી જિન આજ્ઞાથી સર્વથા વિપરીત હોવા છતાં હઠાગ્રહ - કદાગ્રહ વશ મમતે ચઢીને મિથ્યા પ્રરૂપણા અને અભદ્ર આચરણા આચરી રહ્યા છે. તે પર્વાધિરાજ મહા પર્વની આરાધનાથી, પણ મહાવિરાધના છે. આરાધના એ પરમ મહામંગળરૂપ ભૂષણ છે અને વિરાધના એ મહાકલંક દૂષણ છે.

ચૌદ સ્વપ્નની ઘોડિયા પારણાની પ્રભુજીને પારણામાં પધરાવવાની, આરતી મંગળદીવાની અને થાપા દેવાની બોલી દેવદ્રવ્ય જ છે એમ શી રીતે ગણાય ? અને તેની સિદ્ધિ શી રીતે કરવી તે અંગે અનંત મહાતારક શ્રી જિન આજ્ઞા સાપેક્ષ વિચારીએ.

## મહાસ્વાર્થી કાળમીંઢોના કુરંગે રંગાયેલ

મહામાયાવી મહાદંભી મહાસ્વાર્થી વામમાર્ગી કાળમીંઢ વિદેશી શ્વેત પાશ્ચાત્યોના કુછંદે ચઢીને કુરંગે રંગાયેલ કેટલોક વર્ગ એવા અસંગ કુત્તર્કો કરવા લાગ્યો છે કે શ્રી તીર્થંકર પરમાત્મા જન્મ્યા ત્યારથી તેઓ વિરાટ રાજ્ય અને અફાટ વૈભવના અધિપતિ હતા. તેઓશ્રીનું સંસારી જીવન અતિભવ્યાતિભવ્ય પરમતમસુંદર હતું. પરમાત્માના જીવનમાં પ્રતિકૂળતા શોધી મળે તેમ ન હતી. એવું અતિભવ્યતમ સુંદર સંસારી જીવન, તીર્થંકર પરમાત્મા વિના માનવસૃષ્ટિમાં અન્ય કોઈનું યે હોતું નથી. તથાપિ પરમાત્માને એવો સુંદરતમ અનુકૂળતાવાળો સંસાર પણ પરમતમ અસાર લાગ્યો. સાંવત્સરિક દાન દઈને સર્વસ્વ સંગનો સર્વથા ત્યાગ કરીને પરમતમ ઉચ્ચકોટીએ સંયમનો સ્વીકાર કર્યું. તે સમયે ચતુર્થ મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. ઉત્કટ તપ અને ઉત્કટ ધ્યાનપૂર્વક

ક્ષપકશ્રેણિએ આરૂઢ થયા. મોહ અને અજ્ઞાનનો સર્વથા અભાવ થતાં પરમાત્મા સર્વજ્ઞ સર્વદર્શી બન્યા. દેવોએ સમવસરણની રચના કરી, ચૈત્યવૃક્ષને ત્રણ પ્રદક્ષિણા દઈને રત્નસિંહાસન ઉપર વિરાજમાન થઈને પરમતારક ધર્મદેશનાના માધ્યમથી અનંત પરમતારક શ્રી જિનેન્દ્રધર્મનો અત્યૂંડાણથી તલસ્પર્શી પરિચય આપીને અર્થાત્ બોધ આપીને તારક તીર્થરૂપ શ્રમણ પ્રધાન ચતુર્વિધ જૈન સંઘની સ્થાપના કરી, વિશ્વવર્તી સંસારી જીવોને ધર્મદેશનાના, માધ્યમથી પરમ તારક ધર્મનો અત્યૂંડાણભર્યો તલસ્પર્શી પરિચય (બોધ) થવાથી ધર્મના અચિન્ત્ય અનંત પરમપ્રભાવે ગુરુકર્મી જીવાત્માઓ ધર્મથી ભાવિત થઈ લઘુકર્મી બન્યા. એ રીતે ધર્મ આરાધનથી ભાવિત થતાં અગણિત આત્માઓ....સંપૂર્ણ કલ્યાણ સાધીને મોક્ષપદને પામ્યા.

સાડા પચ્ચીશ આર્યદેશોના સમૂહરૂપ આર્યાવર્ત્તના અનેકાનેક નગરાનુનગર અને ગ્રામાનુગ્રામ વિચરતાં દેવાધિદેવ ભવ્ય આત્માઓ ઉપર કલ્પનાતીત અનંત ઉપકાર કર્યો. જેના પ્રભાવે અનુગૃહીત આત્માઓ સિદ્ધ પરમાત્મા થયા.

આયુષ્ય પૂર્ણ થવાનો નિકટ સમય આવ્યો, ત્યારે દેવાધિદેવ ચતુર્દશમગુણસ્થાનકે આરૂઢ થઈને સર્વ કર્મથી મુક્ત થયા. તે જ સમયે તીર્થંકર પરમાત્માનો સિદ્ધ પરમાત્મારૂપે સિદ્ધશીલા ઉપર વાસ થયો.

શ્રી સિદ્ધ પરમાત્મ સ્વરૂપ થયેલ તીર્થંકર પરમાત્માની કઈ ઈચ્છા-અપેક્ષા-તમન્ના રહી ગઈ ? કે પરમાત્માના નામે આચાર્ય મહારાજાઓએ ઉપદેશના માધ્યમથી ભોળા ભક્તવર્ગને પુણ્યાનુબંધિ પુણ્યનું પ્રબળ પ્રલોભન આપીને લખલૂંટ ભંડારો ભરાવ્યા. અકિંચન પરમાત્માને દ્રવ્યની કોઈ અપેક્ષા ખરી ?

શ્રી જિનેન્દ્ર ભગવન્તો તો સર્વસ્વના પરમ ત્યાગી એવા પરમતમ અકિંચન પરમાત્માની તો કોઈ ઇચ્છા-અપેક્ષા ન હોવા છતાં પરમાત્માના નામે દેવદ્રવ્યાદિ ધાર્મિક દ્રવ્ય શા માટે રાખવું પડ્યું ? –એ જ સમજાતું નથી.

આટલાથીયે જૈનાચાર્યોને સંતોષ ન થવાથી આચાર્યો ભિન્ન ભિન્ન ધાર્મિક અનુષ્ઠાનો ઉપાયો યોજીને દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, સાધારણ દ્રવ્યાદિ ધાર્મિક દ્રવ્યની ઉત્પત્તિ અભિવૃદ્ધિ અને તેની સદાય સુરક્ષા થતી રહે. તેની પરંપરા ચાલુ રહે, તે માટે અનેક ધર્મગ્રન્થોની રચના કરીને તેમાં લખાય તેટલું લખીને દેવદ્રવ્યની એવી પરમતમ સર્વોપરિતા બતાવી કે દેવદ્રવ્ય હોય તો જ વિશ્વ ભૂષિત મંડિત અને દેવદ્રવ્ય ન હોય, તો વિશ્વ દૂષિત, મહાદૂષિત, મૂર્છિત, દંડિત અને ખંડિત. દેવદ્રવ્ય હોય તો જ વિશ્વ મંડાયેલ અને દેવદ્રવ્ય ન હોય તો વિશ્વ રંડાયેલ. દેવદ્રવ્યના વિનાશ કે ભક્ષણથી દુ:ખી દુ:ખી થઈ જવાય, અનન્તકાળ પર્યન્ત અનન્તદુ:ખના ડુંગરો નીચે કચડાયેલા રહેવું પડે. અનન્તદુ:ખના દાવાનળમાં બળવું પડે, ધનોતપનોત અર્થાત્ નિકન્દન નીકળી જાય–એવી મનોઘડંત કપોલકલ્પિત, સત્યથી વેગળી, વાહિયાત વાતો ઉપજાવી કાઢીને ભોળા ભટાક બાળ જીવોને ભોળવવા માટે ખોટો હાઉ અને ભીતિ ઊભી કરીને સરળ આત્માઓને દેવદ્રવ્યાદિ-ધાર્મિકદ્રવ્ય ઉત્પન્ન કરીને તેની સુરક્ષા કરવાની કર્ત્તવ્ય બતાવી, પરંતુ એ વાત પાયા વિનાની ઊપજાવી કાઢેલ સાવ વાહિયાત વાત છે.

અનન્તાનન્ત પરમોપકારક પરમતારક પરમ કારુણિક શ્રી જિનેન્દ્ર પરમાત્મા સમક્ષ ભક્તિથી ધરેલ અક્ષત કે ફળ નૈવેદ્યાદિના ભક્ષણથી શું જીભ કપાય ? લોહી નીકળે ? ગળું ટૂંપાય ? પેટ ફાટે ? કે પ્રાણ નીકળે ? દેવાધિદેવ સમક્ષ ભક્તિથી ધરાયેલ

અક્ષતાદિના ભક્ષણથી જીભાદિ કપાવા જેવી સામાન્ય શિક્ષા થવી પણ શક્ય ન હોય ! તો અનન્તકાળ પર્યંત ધનોતપનોત નીકળે તેવા અનન્તદુઃખના ડુંગરો નીચે દબાઈ રહેવું પડે એવી આકરી શિક્ષા શી રીતે સમ્ભવે ? આ તો જૈનાચાર્યો જ્ઞાનમદથી મદોન્મત્ત બનીને ભાવાવેશમાં ચકચૂર બનીને નિરંકુશપણે મન ફાવતું બફાટ કર્યે જ ગયા છે. આચાર્યોની આ માયાજાળ છે. ધનોતપનોત નીકળવાની મનોઘડંત કપોલકલ્પિત વિના વજૂદની વાહિયાત વાતોથી ભોળવાઈને ભલે ભલા ભોળા ભટાક જીવો વિશ્વાસ કરે, પણ અનેક મોટી મોટી ધાર્મિક અને સામાજિક સંસ્થાઓમાં સંકળાયેલ એવા અમે જૈનાચાર્યોના સંપર્કમાં આવી ચૂક્યા છીએ. દેવદ્રવ્યાદિ ધાર્મિક દ્રવ્ય અંગે અનેક તર્ક દલીલો કરી, ચર્ચા કરીને પણ અમને જૈનાચાર્યો સંતોષી શક્યા નથી. એમની કપોલકલ્પિત ઉપજાવી કાઢેલી ''બાબા વાક્યં પ્રમાણમ્'' જેવી વાહિયાત વાતોથી ભોળવાઈને અમે તો વિશ્વાસ કરીએ તેમ નથી. પરંતુ અમારામાં શક્તિ અને સમજ હશે, ત્યાં સુધી તો અમે એનો સજ્જડ વિરોધ કરીશું. આ છે વામમાર્ગી કાળમીંઢ વિદેશી શ્વેતપાશ્ચાત્યોના મહાઅભિશાપરૂપ કાતિલ કુતર્કોના કુછંદે ચઢવાનું પરિણામ.

દેવદ્રવ્યના ભક્ષણથી અનન્ત સંસાર, અને દેવદ્રવ્યના રક્ષણથી તીર્થંકરપદ એવું ડિંડિમ પડઘમ વગાડીને જૈનાચાર્યો ભોળા ભટાક બાળ જીવોને ભોળવી રહ્યા છે. પરંતુ આચાર્યો એ વાત કેમ ભૂલી જાય છે ? કે દેવાધિદેવ તો પરમ અકિંચન છે. તેમને દ્રવ્યાદિ અર્પણ કરીને તેમજ તેમના નામે દ્રવ્યાદિ રાખીને પરમ અકિંચન દેવાધિદેવને શા માટે પરિગ્રહધારી બનાવો છો ? જૈનોના છોકરા ભૂખે મરતા હોય, અને જૈનાચાર્યો દેવદ્રવ્ય દેવદ્રવ્ય કૂટે જ રાખે છે. અન્ય ધર્મના આચાર્યો કે વડેરાઓ જમાનો ઓળખીને એમનાં ધાર્મિક

ટ્રસ્ટોમાંથી હાઈસ્કૂલો, કૉલેજો, હોસ્પિટલો, મિશનરીઓ, મેટરનિટી હોમો (પ્રસૂતિગૃહો) અને સદાવ્રતો આદિ ચલાવે છે. જૈનાચાર્યો આ રીતે જમાનો ક્યારે ઓળખશે ? જૈનાચાર્યો ઓર્થોડોકસ (જુનવાણી)પણું ક્યારે છોડશે ?

**"દેવદ્રવ્યને પત્થરમાં નાંખવા કરતાં ભૂખે મરતા જૈનોના પેટમાં નાંખવું શું ખોટું છે ? મારું ચાલે તો જિનમન્દિરાદિનું જેટલું ધાર્મિકદ્રવ્ય છે, સર્વસ્વદ્રવ્ય ભૂખે મરતા દુઃખી જૈનોના ઉત્કર્ષ માટે તેમને આપી દઉં. જેથી તેમના અંતરના આશીર્વાદ તો મળે."** મોહરાજાની કુપુત્રી મહામૂઢતાના નિરંતર સહવાસથી મૂંઝાયેલ અને અજ્ઞાન અંધકારમાં અટવાયેલ એવા પરમ દયનીય, અદક જીભા પામરાત્માઓ પાસેથી આવા કાતિલ કુતર્કો વિના અન્ય કઈ શુભ આશા કે અપેક્ષા રાખી શકાય ?

મોહથી મૂંઝાયેલ અજ્ઞાન અંધકારમાં અટવાયેલ અને કર્મથી નિરંતર કૂટાતા એવા મહાદયનીય એ પામરાત્માઓને ક્યાં ખબર છે કે દેવદ્રવ્ય કોના આત્મકલ્યાણની અપેક્ષાએ છે ? અનાદિકાળથી રખડતા રઝળતા અજ્ઞાની દુઃખી જીવો દુઃખ-મુક્ત બને, આત્મ-કલ્યાણ સાધીને મોક્ષપદ પામે, સિદ્ધ પરમાત્મા બને એ અપેક્ષાએ જ દેવાધિદેવે દેવદ્રવ્યાદિ ધાર્મિકદ્રવ્યની પ્રરૂપણા કરી છે. તે શતપ્રતિશત સત્ય જ છે. પરમ હિતાવહ છે. **"દેવદ્રવ્યને પત્થરમાં નાંખવા કરતાં ભૂખે મરતાં દુઃખી જૈનોના પેટમાં નાંખવું શું ખોટું છે ? અને મારું ચાલે તો જિનમન્દિરાદિનું જેટલું ધાર્મિક દ્રવ્ય છે તે સર્વસ્વ દ્રવ્ય ભૂખે મરતાં દુઃખી જૈનોને આપી દઉં જેથી તેમના અન્તરના આશીર્વાદ તો મળે."** એ રીતે બોલવામાં એક ટકો દેવો પડે તેમ નથી. પરંતુ એના ફળ સ્વરૂપે મહાકટુ વિપાક વેદવાનો દુઃખ

વેદવું અતિદુષ્કર છે. મહાકટુવિપાકરૂપે અશાતા વેદનીયકર્મ વેદવાનો કટુ અવસર આવશે, કે લક્ષ્મીનો મહાતીવ્રઅન્તરાય કર્મ વેદવાનો અવસર આવશે, ત્યારે રે પામરાત્મનઃ ! તમારી પાસે એ દુઃખ અને વેદના વ્યક્ત કરવા જીભ પણ હશે કે કેમ ? કદાચ જીભ હોય પણ એ જીભ કામ કરતી હશે કે કેમ ? એ તો અનન્તપરમજ્ઞાની-સર્વજ્ઞભગવન્તો જ જાણે.

## દેવદ્રવ્યની અગ્રિમતા અને સર્વોપરિતા

અનન્તપરમજ્ઞાની ભગવન્તો તો પોકારી પોકારીને જણાવે છે કે દેવદ્રવ્યાદિ ધાર્મિક દ્રવ્ય વિના અનન્તકાળમાં ય જેની પ્રાપ્તિ થવી અતિપરમદુર્લભ એવું ચિન્તામણિરત્ન કરતાં ય અનન્તગણું "શ્રી સમ્યક્ત્વ મહારત્નની પ્રાપ્તિ, મહાતીર્થો અને જિનાલયો આદિના દર્શન વન્દન આરાધના ઉપાસનાદિથી પરમ સુલભ બને છે. તે દેવદ્રવ્ય ન હોય તો અનન્તમહાતારક મહાતીર્થો અને જિનાલયોનું અસ્તિત્વ ક્યાંથી હોય ? અનન્તમહાતારક તીર્થો અને જિનાલયો વિના પરમ પૂજ્યપાદ આચાર્ય મહારાજાદિ સાધુ સાધ્વીજી મહારાજનું આવાગમન સુશક્ય ક્યાંથી બને ? પૂજ્યપાદ આચાર્ય મહારાજાદિના આવાગમન વિના અનન્તપરમતારક શ્રી જિનવાણીનું શ્રવણ ક્યાંથી સંભવે ? શ્રી જિનવાણીના શ્રવણ વિના અનન્ત પરમતારક શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવો, મહાપૂજાઓ રથયાત્રાદિકનું પ્રવર્તવું શક્ય શી રીતે બને ? શ્રી જિનેન્દ્ર ભક્તિ મહોત્સવાદિ વિના શ્રી સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થવી શી રીતે સુશક્ય બને ? શ્રી સમ્યગ્દર્શન વિના તીર્થંકર પરમાત્માના આત્મામાં "સવિ જીવ કરું શાસન રસી" એ પરમકારુણિકભાવનું પ્રકટીકરણ શી રીતે સુશક્ય બને ? એ પરમકારુણિકભાવ વિના તીર્થંકરનામકર્મનો બંધ, તેની

નિકાચના, અને તીર્થંકર પરમાત્માનું થવું, ઈંદ્રાદિદેવોનું આવવું, અષ્ટપ્રાતિહાર્ય યુક્ત સમવસરણની રચના, ચોત્રીશ અતિશય, અને પરમાત્માના તારક શ્રીમુખે પાંત્રીશ ગુણયુક્ત વાણીવાળી તારક ધર્મદેશનાનું શ્રવણ થવું શી રીતે સુશક્ય બને ? અષ્ટપ્રાતિહાર્ય અને ચોત્રીશ અતિશય વિના ભવ્યજીવોનું આકર્ષાઈને આવવું શી રીતે સુશક્ય બને ? જીવો આકર્ષાઈને આવ્યા વિના ધર્મદેશના શ્રવણના માધ્યમથી થતું જાતિસ્મરણજ્ઞાન અને બોધ પામવાનો અપૂર્વ લાભ શી રીતે સુશક્ય બને ? આકર્ષાયિને આવેલ ભવ્ય જીવોમાંથી અનેક પુણ્યવન્તો પ્રતિબોધ પામીને સર્વવિરતિના પરિણામવાળા થાય, તેથી શ્રમણપ્રધાન ચતુર્વિધસંઘની સ્થાપના થાય, ધર્મનો પ્રવાહ ચાલે, કુટુંબોમાં પરમ આદરપૂર્વક સદાચાર પ્રવર્તે. સર્વ લોકોમાં આનન્દ મંગળ પ્રવર્તે, દયા દાનનો પ્રવાહ પ્રવર્તે, દીન દુઃખી અનાથ અપંગાદિ પ્રત્યે અનુકમ્પા પ્રગટે, કીડી, મકોડા પશુ પક્ષી આદિ મૂક જીવો પ્રત્યે અમારિ પ્રવર્તે, જ્ઞાન ધ્યાન પ્રવર્તે, સમ્યક્શ્રુતજ્ઞાનાભ્યાસનો મંગળ પ્રારમ્ભ થાય, જ્ઞાનભક્તિનો પ્રાદુર્ભાવ થાય, સાધર્મિકવાત્સલ્યો યોજાય, પૂર્વોપાર્જિત અંતરાયકર્મના અશુભ વિપાકોદયે સીદાતા સાધર્મિકોની ભક્તિ થાય. એકંદરે સાતેય ક્ષેત્રો કે દ્રવ્યસપ્તતિકા ગ્રંથોમાં જણાવેલ બાર ધર્મક્ષેત્રોને પોષણ મળે, અનંત પરમતારક શ્રી જિન માર્ગની પ્રભાવના થાય, શ્રી જિનશાસન-પ્રવચનવાત્સલ્ય થાય, શ્રી સંઘ શાસનનું વૈયાવૃત્ય થાય, દીક્ષા અંગીકાર કરનારા નીકળે, દેશવિરતિ પાળનારા નીકળે, વ્રત પચ્ચક્ખાણ અભિગ્રહ કરનારા નીકળે, સમ્યક્ત્વ પામે, કોઈક જીવ ભવાભિનન્દિપણું છોડે, મુનિ મહારાજાદિ વિહાર કરી ગયા પછી પણ કુટુમ્બોમાં સ્થિર થયેલ ઉત્તરોત્તર ધાર્મિક સુસંસ્કારોની પરમ્પરા ચાલે, તેથી ''ક્રિયાઅવંચકયોગ'' સ્થિર થાય, અધ્યાત્મમાર્ગના વિકાસરૂપ ફળની અભિવૃદ્ધિ થતી રહે તેથી ''ફલાવંચકયોગ''નો પણ લાભ

થાય. એ રીતે ''દેવદ્રવ્ય'' પ્રવચન અર્થાત્ શ્રીજિનશાસનની પ્રભાવનાનું મુખ્ય પ્રેરક અંગ બને છે. અને સર્વ આરાધનાનું મૂળ કારણ બને છે, એથી નિષ્કર્ષ; અર્થાત્ ફલિત એ થાય છે, કે દેવદ્રવ્ય હોય, તો જ શ્રી જિનશાસનનું અસ્તિત્વ. શ્રી જિનશાસનના અસ્તિત્વમાં જ ચરાચર વિશ્વનું અસ્તિત્વ, એટલે દેવદ્રવ્ય હોય, તો જ વિશ્વ મંડાયેલ, અને દેવદ્રવ્ય વિના અનન્તપરમતારક જિનશાસન જ ન હોય તો આત્માનું કલ્યાણ શી રીતે થાય ? મોક્ષ ક્યાંથી પામે ? જીવાત્માનો મોક્ષ થયા વિના અસાંવ્યવહારિક સૂક્ષ્મ નિગોદમાંથી જીવાત્માનું વ્યવહાર-રાશિમાં આવવું શી રીતે શક્ય બને ? અને પરમ્પરાએ ત્રસપણાની પ્રાપ્તિ, શ્રી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ, તીર્થંકરપદની પ્રાપ્તિ, અનન્તપરમતારક શ્રી તીર્થની સ્થાપના, અને આત્માઓનું કલ્યાણ અને મોક્ષ ક્યાંથી સમ્ભવે ? આ અપેક્ષાએ આત્મકલ્યાણ અને મોક્ષ પ્રાપ્તિના અસંખ્ય યોગોનું ધોરીમૂળ દેવદ્રવ્ય જ છે. એટલા જ માટે સર્વસ્વ ધાર્મિક દ્રવ્યોમાં દેવદ્રવ્યની સર્વોપરિતા બતાવી છે તે અક્ષરશઃ સત્ય જ છે.

## કુતર્કવાદિઓની કૃતઘ્નતા

દેવદ્રવ્ય હોય તો જ અનન્તતારક જિનશાસનનું અસ્તિત્વ સંભવે, એ વાત તો ત્રિકાલાબાધિત નક્કર સત્યરૂપે સિદ્ધિ થઈ ચૂકી છે. એનો વિરોધ કે પ્રતિકાર કરવો તો દૂર, પણ હવે તો એ કુતર્કવાદિઓને પણ એ નક્કર સત્ય સ્વીકાર્યે જ છૂટકો. હું કુતર્કવાદિઓને પૂછું છું, કે દેવદ્રવ્ય ન હોત, તો તમો આજે ક્યાં અને કઈ સ્થિતિમાં હોત ? તો બાપદાદે કહેવું જ પડે કે અસાંવ્યવહારિક સૂક્ષ્મનિગોદમાં જ હોત. જેના અનન્ત અનન્ત ઉપકારથી અસાંવ્યવહારિક રાશિમાંથી વ્યવહારરાશિમાં આવીને પરમ્પરાએ અનન્તતારક શ્રી જિનશાસન અને શ્રાવકકુળ પામીને, તેનો જ

હાડોહાડ સજ્જડ વિરોધ, અને તેના જ નાશના પેંતરા ? એથી વિશેષ વિશ્વાસઘાત અને કૃતઘ્નતા બીજી કઈ હોઈ શકે ? અરે ! રોટલીનું એક બટકું ખવરાવનારાનો ઉપકાર શ્વાન આજીવન ભૂલતો નથી, કદાપિ કૃતજ્ઞતા છોડતો નથી, અને કૃતઘ્નતા આદરતો નથી. શ્રાવકકુળમાં જન્મીને શ્વાન જેવા પશુથી પણ છેલ્લે પાટલે બેસવા જેવી અધમતા આદરવા લાગ્યા.

## એકવાર નહિ અનન્તીવાર જીભ કપાય ?

ધાર્મિક અને સામાજિક અનેક મોટી સંસ્થાઓમાં સંકળાયેલા, અને અનેક આચાર્યોના સંપર્કમાં આવેલ એવો મિથ્યાપ્રલાપ-બકવાદ કરનાર કુતર્કવાદિઓ ચિત્તની સમતુલા ગુમાવેલા સન્નિપાતના રોગીની જેમ બકવાદ કરે છે, કે આચાર્યોએ કપોલકલ્પિત ઉપજાવી કાઢેલી ''બાબાવાક્યં પ્રમાણમ્'' જેવી વાહિયાત વાતોથી ભોળવાઈને અમે વિશ્વાસ કરીએ તેમ નથી. તમે શેનો વિશ્વાસ કરો ? તમે તો અજ્ઞાનવાદના મહાજડ કુસંસ્કારોથી નિરન્તર ઊભરાતી એવી મહાઅજ્ઞતાભરી આધુનિક કડવી કેળવણી લીધેલ હોવાના કારણે ''ત્રિકાલાબાધિત નક્કર સત્ય અને એકાન્તે પરમશ્રેયસ્કર એવા શ્રી જિનેન્દ્ર પરમાત્માનાં વાક્યોને'' ''બાબાવાક્યં પ્રમાણમ્'' કહેતા પણ હૃદયમાં આંચકો ન આવે એવા ધિટ્ઠહૈયાવાળાને શ્રી જિનેન્દ્ર પરમાત્માનાં વાક્યો ઉપર શી રીતે વિશ્વાસ આવે ? અને એમને શી ખબર પડે કે અનન્તાનન્ત પરમતારક શ્રી જિનેન્દ્ર પરમાત્મા સમક્ષ ભક્તિથી ધરાયેલ અક્ષતાદિના ભક્ષણથી એકવાર નહિ પરંતુ ઉત્કૃષ્ટથી અનન્તીવાર જીભ કપાઈને લોહી નીકળી શકે છે. એ વાત ત્રણે કાળમાં નિર્વિવાદ નિઃશંક છે. દેવદ્રવ્યાદિ ભક્ષણ કે વિનાશ કરતા તીવ્રભાવે બંધાયેલ ઉત્કૃષ્ટ મહાપાપથી જીભ કપાય એટલું જ નહિ, પરંતુ ચાતુર્ગતિક સંસારમાં પરિભ્રમણ કરતાં

નરકનિગોદાદિમાં અનન્તીવાર અનેક રીતે છેદન ભેદન દહનાદિની અનન્ત અનન્ત યાતનાઓ અને વેદનાદિ સહન કરવી પડશે... અરે ! એટલી આકરી શિક્ષા સહન કર્યા પછી પણ છુટકારો થાય, તો ય સ્વજાતને ભાગ્યશાળી માનજો. એ અનન્તવેદનાઓ સહન કરતાં ઓ બાપ રે ! ઓ મા રે ! મારા ઉપર દયા કરો, મારા ઉપર કૃપા કરો...હવે હું સ્વપ્નમાં પણ એવું ગોઝારું મહાપાપ કદાપિ નહિ કરું. એવી દયાજનક કાકલૂદીભરી આજીજી કરતાં ય છુટકારો નહિ થાય. કારણ કે ત્યારે ઘણું મોડું થઈ ગયું હશે ? અરે ! અમુક ભવોમાં તો આજીજી કરવા માટે જીભ પણ નહિ મળે. એ જાણવા માટે શાસ્ત્રના પાના ઉપર સહેજ દૃષ્ટિપાત કરવો અનિવાર્ય બને.

દેવદ્રવ્યથી આડકતરી રીતે માત્ર સાડા બાર રૂપિયા જેવો નજીવો લાભ ઉઠાવનાર ભાવિકાળના તીર્થંકર પરમાત્માનો જીવ હોવા છતાં, શ્રી સાગરશેઠના અગણિત કાળપર્યન્ત કેવા ભૂંડા હાલ થયા ? પેટનાં આંતરડાં યે ખેંચાઈ ગયાં અને ભવોભવ કેવા ભૂંડા હાલે ડૂચા નીકળ્યા, તે જાણવું હોય તો, ''શ્રી દ્રવ્યસપ્તતિકા'' આદિ ધર્મગ્રન્થોનું અવલોકન કરવા અત્યાગ્રહપૂર્વક સૂચન કરું છું.

ભૂખે મરતાં દુઃખી જૈનોને ધાર્મિકદ્રવ્ય આપી દઈ, જેથી તેમના અન્તરના આશીર્વાદ તો મળે. આ મહાબાલિશ કુતર્ક જ પ્રતીતિ કરાવે છે, કે મહામિથ્યાત્વરૂપ ભાંગનું પાન કરવાથી અતિમદોન્મત્ત બનેલ પરમદયનીય એ પરમપામરાત્માઓને ઘોર અંધકાર જેવા ગાઢ અજ્ઞાનરૂપી વીંછીના તીવ્ર ડંખોની અસહ્ય વેદનાથી વાંદરાની જેમ કૂદાકૂદ અને ધમપછાડા કરતા એ પામરાત્મા ધર્મનો ધ્વંસ કરવા કટિબદ્ધ થયા છે. એ એમનો કેવો ઘોર તીવ્ર પાપોદય ગણાય ? આપણે તો એમની ભાવદયા ચિંતવીને એમ વિચારવું, કે એ પામરાત્માઓનો ઘોર તીવ્ર મહાપાપોદય ત્વરિત સર્વથા ટળે, અને

ત્વરાએ આત્મકલ્યાણ સાધીને મોક્ષપદને પામે, એ માટે એ આત્માએ પણ શ્રી જિનેન્દ્ર પરમાત્માના ધર્મના મર્મને તલસ્પર્શી રીતે સમજીને પરમ ઉત્કટભાવે ધર્મને આરાધે એવી ભાવદયા જ એ આત્માએ પ્રત્યે નિરંતર ચિન્તવવી રહી. એમાં એમનું, આપણું અને વિશ્વનું એકાન્તે પરમ શ્રેયઃ છે.

જીવોને દુઃખી થવું ક્યારે સમ્ભવે ? કે ગતભવોમાં પાપના પ્રવાહમાં તણાઈને પુણ્ય ઉપાર્જન ન કર્યું હોય, ધાર્મિકદ્રવ્યનો નાશ કે ભક્ષણ કર્યું હોય, અન્યની લક્ષ્મી આદિ દેખીને તેની ઈર્ષ્યાદિ કરી હોય, છળપ્રપંચ કરીને અન્યને છેતર્યા હોય, અથવા અન્ય રીતે અશુભ કર્મ અને લક્ષ્મી આદિના અન્તરાય થાય તેવું કોઈ પાપ કર્મ આ જીવથી ઉપાર્જન થયું હોય, તો જ એ અશુભોદયથી આ ભવમાં દુઃખ અને નિર્ધનપણું પ્રાપ્ત થાય, કાળી મજૂરી કરવા છતાંય પેટ પૂરતું યે ન મળે, એ સ્વાભાવિક છે. એવા અશુભોદયવાળાને દેવદ્રવ્યાદિ ધાર્મિક દ્રવ્યનું ભક્ષણ કરાવવું એટલે પૂર્વના અશુભના ઉદયરૂપ કડવા વખ (વિષ) તુમ્બડાનું શાક, અને દેવદ્રવ્યાદિ ધાર્મિકદ્રવ્યનું ભક્ષણ કરાવવા રૂપ તાલપૂટ સોમલવિષનો વઘાર દેવાથી કડવાવખ તુમ્બડાનું શાકરૂપ અશુભ કર્મ કેટલું અનન્તગણું મહાતીવ્ર ચીકણું બનીને ઉદયમાં આવશે, તેનો વિચાર સરખો ય કર્યો છે ખરો ? અનન્તગુણા મહાતીવ્ર ચીકણા કર્મથી ઉત્કૃષ્ટથી અનન્તી ઉત્સર્પિણી અવસર્પિણી જેટલા અનંત કાળ પર્યન્ત નરક નિગોદાદિના અનન્ત અનન્ત દુઃખવેદવારૂપ આકરામાં આકરી શિક્ષા ભોગવવા તત્પર રહેવું પડે. એ જ ભૂખે મરતા દુઃખી જૈનોનો ઉત્કર્ષ ને ? વિશેષ દુઃખી થાય તેવી કાર્યવાહી કરવી એ જ દુઃખી જીવો પ્રત્યેની કુતર્કવાદિઓની કરુણાવિહોણી સહાનુભૂતિ ને ? અનન્તકાળ પર્યન્ત દુઃખી થાય તેવી કાર્યવાહી પરમાત્માના પૈસાથી કરવી, એ તો

દ્રવ્યદયા કે અનુકમ્પામાં પણ ન આવે. તો પણ કુતર્કવાદિઓએ એવી કાર્યવાહી કરીને પણ દુઃખી જીવોના અન્તરના આશીર્વાદ લેવા છે ? આશીર્વાદ મળશે કે મહાઅભિશાપ મળશે તેની જાણ તો તેઓને એ મહાપાપની ચિરકાળ પર્યન્ત અતિઆકરી શિક્ષા ભોગવવાના અવસરે જ થશે. અને એવા જ ભયંકર ભૂંડા હાલ દેવદ્રવ્યાદિ ધાર્મિકદ્રવ્ય ભક્ષણ કરવા કરાવવાનાં વિચાર કરનારના પણ થશે.

પૂર્વોપાર્જિત પ્રબળ પુણ્યોદયે કોઈપણ અનિચ્છનીય મહાપાપ કર્યા વિના આજીવિકા અને આર્થિક સ્થિતિની સધ્ધરતા હોય, તો અનન્તપરમતારક શ્રી જિનેન્દ્રપરમાત્માના શાસનને પામીને ધર્મના મર્મને સારી રીતે સમજેલ એવા પુણ્યવન્ત સમ્યગ્દૃષ્ટિજીવો પુણ્યોદયમાં છકે નહિ, અને પૂર્વોપાર્જિત તીવ્રપાપોદયે આજીવિકા અને આર્થિક સ્થિતિ અતિકપરી હોય, તો પણ બકે નહિ. એ કોટીના પુણ્યવન્ત જીવો તો એમ જ માને કે ગતભવોમાં આચરેલ પાપકર્મ ઉદયમાં આવે ત્યારે નિર્ધનતા અને અનેકવિધ દુઃખો ઉદયમાં આવે. પાપના ઉદયમાં તો દુઃખનું મૂળ પાપનો નાશ થતો હોવાથી પરમ પ્રસન્નતાથી પાપકર્મના વિપાકોદયને સમજપૂર્વક સમભાવે વેદતાં પોતાના આત્માને સમજાવે છે, કે રે આત્મન્ ! રખે ને ભૂલે ચૂકે, પણ પુનઃ દેવદ્રવ્યાદિ ધાર્મિકદ્રવ્યભક્ષણનું મહાપાપ, કે અન્ય કોઈપણ પ્રકારના પાપકર્મથી અશુભકર્મ બંધાઈ ન જાય, તે માટે નિરન્તર ઉપયોગશીલ રહીને શ્રી જિનેન્દ્રપરમાત્મોક્ત ધર્મમાં યત્ન-પ્રયત્નશીલ રહેવું એમાં જ તારી સાચી સુજ્ઞતા છે. એવી અખંડ શ્રદ્ધા ધરાવનારાઓને જ જ્ઞાની ભગવંતોએ જૈન કહ્યા છે. તેઓ દયનીય કે અનુકમ્પ્ય નથી. તેઓ તો ગુણાધિક હોવાથી પૂજ્ય ગણાય. તેમની તો બહુમાનપૂર્વક વાત્સલ્યપૂર્ણહૈયે તન મન અને ધનથી ભક્તિ કરવાની જ અનંતજ્ઞાની ભગવંતોની આજ્ઞા છે.

કુતર્કવાદીઓને હું પૂછું છું, કે અમે ભૂખે મરતાં દુઃખી દુઃખી થઈ રહ્યા છીએ. અમારા દુઃખનો કંઈક વિચાર તો કરો ? એવું જૈન ધર્મના મર્મને સમજેલ કયા પરમસુજ્ઞ જૈનશ્રાવકોએ તમને આવેદનપત્ર આપીને નિવેદન કર્યું છે ? તેનો પ્રત્યુત્તર આપશો ખરા ને ?

પરમોચ્ચતમ બહુમાનપૂર્વક દેવદ્રવ્યાદિ ધાર્મિકદ્રવ્યનો પરમ-સુવિનિયોગ કરવાથી પ્રભુજીના પ્રતિમાજી બને છે જેમના અચિન્ત્ય અનન્તપરમપ્રભાવે અનન્તાનન્તભવ્ય જીવો સ્વકલ્યાણ સાધીને મોક્ષને પામે છે. એવા પરમ ઉચ્ચતમ પુષ્ટાલમ્બનરૂપ પ્રભુપ્રતિમાજીને પત્થર જેવા તુચ્છ શબ્દોથી સંબોધવાનું ઘોરાતિઘોર પરમ દુઃસાહસ તો વિદેશથી ભારતમાં આવેલ મહાક્રૂર અને પરમ સ્વાર્થાન્ધ કાળમીંઢ શ્વેત પાશ્ચાત્યોના કુછંદે ચઢેલ હૈયાફૂટ્યા એ કુતર્કવાદીઓ જ કરી શકે. પરમાત્માને પત્થર કહેનાર કુતર્કવાદીના કિલષ્ટ હૈયે દુર્ભાવનાના કાતિલ કીડાઓ કેવા ખદબદતા હશે, એ તો પરમ સમર્થ વિશિષ્ટ જ્ઞાનીઓ જ કહી શકે.

દેવદ્રવ્યાદિ ધાર્મિક દ્રવ્યને પત્થરમાં વેડફી નાખવાને બદલે ભૂખે મરતાં દુઃખી જૈનોનાં પેટમાં નાંખવું જોઈએ. કુતર્કવાદીઓનો આ કેવો ભયંકર કુતર્ક છે ? જે હોજરીથી છાશ પણ પાચન ન થાય એવી સાંવ દુર્બળ જર્જરિત હોજરીવાળાને ચક્રવર્તીની ક્ષીર (ખીર) પરમાન્નનું ઉત્તમ ભોજન ભરપેટ કરાવવામાં આવે, તો તે ભોજન કરનારના હૈયે ભયંકર વિસ્ફોટક અગનગોળા જેવી કાતિલ વિષયવાસના ભડકે બળતી થાય, અને એવો ભયંકર અવિવેકભર્યો ઉન્માદ જાગે, કે તે કામાંધ ગાંડોતૂર બનીને મા, બહેન, પુત્રી, પુત્રવધૂ આદિ કોઈનો યે વિવેક રાખ્યા વિના તે બધાની સાથે પાશવીલીલાભર્યો બેફામ વ્યભિચાર સેવવામાં અંશમાત્ર પાછું વાળીને ન જુવે, તેવો ભયંકર દાટ વાળે, શ્રી બ્રહ્મદત્ત ચક્રવર્તીની

ખીરનું ભોજન કરનાર બ્રાહ્મણે કેવો ભયંકર દાટ વાળ્યો તેનો ઉલ્લેખ ધર્મગ્રન્થોમાં આજે પણ ઉપલબ્ધ છે.

એ જ રીતે દેવદ્રવ્યાદિ ધાર્મિક દ્રવ્યનું ભક્ષણ કરનાર કરાવનાર પ્રેરક, સમર્થક અને અનુમોદક ઉત્કૃષ્ટથી અનંતકાળ પર્યન્ત જન્મ મરણ આદિની અનંતી યાતના નિરંતર વેદતાં વેદતા. કૂચો નીકળી જશે, તો યે આરો નહિ આવે. ત્યારે કુતર્કવાદીને સમજાશે કે દેવદ્રવ્ય દુઃખી જૈનોના પેટમાં નાંખવું જોઈએ-એ રીતનું ઉત્સૂત્ર બોલતાં ભલે તે સમયે જીભે કાંટા નથી વાગ્યા અને જીભ નથી કપાણી, પણ ઉત્સૂત્ર ભાષણ મહાપાપની આકરામાં આકરી ઉત્કૃષ્ટ શિક્ષા અનંતકાળ પર્યન્ત નિરંતર ભોગવવા છતાં, તે વેદનાને વ્યક્ત કરવા માટે અનંતકાળ પર્યન્ત જીભ પણ મળતી નથી. દેવદ્રવ્યાદિ ધાર્મિકદ્રવ્ય ખવરાવવા માટે બોલવા માત્રમાં કલ્પી ન શકાય તેવી આકરી શિક્ષા ઉત્કૃષ્ટથી અનંતકાળ પર્યન્ત ભોગવવી પડે, તો પછી દેવદ્રવ્યાદિ ધાર્મિક દ્રવ્ય ભક્ષણ કરાવનારને અને કરનારને કેટલી ભારેખમ અનંતી શિક્ષા ભોગવવી પડશે ? તેનો વિચાર કરવો પરમ અનિવાર્ય છે.

શ્રી જિનેન્દ્ર પરમાત્મા સંસ્થાપિત શ્રમણપ્રધાન ચતુર્વિધ જૈન સંઘની ચાલી આવતી અવિચ્છિન્ન પરમ્પરાને અદ્યાવધિ અસ્ખલિત-ધારાબદ્ધપ્રવાહે ટકાવી રાખવામાં દેવદ્રવ્ય જ્ઞાનદ્રવ્ય તેમજ અન્ય ધાર્મિકદ્રવ્યનો ફાળો નાનોસૂનો નથી, કલ્પી ન શકાય તેટલો અતિમહત્ત્વપૂર્ણ ફાળો છે. ધાર્મિકદ્રવ્યોમાં દેવદ્રવ્યને સર્વોપરિ ઉચ્ચસ્થાને જણાવ્યું છે અને ત્યાર પછી ઉત્તરોત્તર જ્ઞાનાદિ ધાર્મિક દ્રવ્યનો ક્રમ જણાવેલ છે.

દેવદ્રવ્યાદિ ધાર્મિક દ્રવ્યની અભિવૃદ્ધિ થતી રહે, તો જ આત્મકલ્યાણ અર્થે આવશ્યકતા અનુસાર નૂતન જિનાલયો અને

મહાતીર્થોનું નિર્માણ થવું શક્ય બને. પ્રાચીન જિનાલયો અને શ્રી સિદ્ધાચળજી આદિ જેવાં અનેક મહાતીર્થોનો જીર્ણોદ્ધાર થતો રહેવો સુશક્ય બને

કાળના અનેક અટપટા મહાઝંઝાવાતોમાંથી પસાર થવા છતાં આજે પણ પ્રાચીન ભવ્ય જિનાલયો અને મહાતીર્થો મૂળ સ્વરૂપે મેરુ પર્વતના જેમ અડોલપણે અડીખમ ઊભાં છે, તેય કોના પ્રભાવે ? તો ડંકાની ચોટે નિઃશંકપણે કહેવું જ પડશે, કે તે દેવદ્રવ્યના જ પ્રભાવે. દેવદ્રવ્ય ન હોત તો પ્રાચીન ભવ્ય જિનાલયો અને મહાતીર્થોનું અસ્તિત્વ જ ન હોત.

રાજપૂતાના મારવાડ, પંજાબ, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર, બંગાળ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, મૈસુર, મદ્રાસ પ્રમુખ અનેક રાજ્યોમાં સેંકડો હજારો ગ્રામ-નગરો એવાં છે, કે જ્યાં વર્ષો પર્યન્ત પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજનો વિહાર ન થવાના કારણે પૂજ્ય સાધુ સાધ્વીજી મહારાજનાં દર્શન થવા પણ દુર્લભ હોવા છતાં, તે ક્ષેત્રોના હજારો શ્રાવક શ્રાવિકાઓ આજે પણ અખંડ શ્રદ્ધાપૂર્વક જિનાલયોમાં વિરાજિત જિનેન્દ્ર પરમાત્મા પ્રત્યેની અપૂર્વભક્તિના અચિન્ત્ય પ્રભાવે જૈન ધર્મમાં સ્થિર રહ્યા છે. આ સર્વસ્વ દેવદ્રવ્યનો જ પ્રત્યક્ષ પ્રભાવ છે.

મારા પરમ ઉપકારક પરમ તારક ગુરુ દેવેશ પૂજ્યપાદ આચાર્ય શ્રીમત્ કૈલાસ સાગરસૂરીશ્વરજી મ. સાહેબ વિક્રમ સંવત ૨૦૧૬માં કલકત્તા ચાતુર્માસમાં સ્થાનકવાસી સુશીલ મુનિજી સાથે (તે સમયે તારક ગુરુદેવેશ ઉપાધ્યાયપદથી વિભૂષિત હતા) વાર્તાલાપ થતાં તેમણે જણાવ્યું, કે અમારા સંપ્રદાયનો છ લાખ રૂપિયાનો ઉપાશ્રય હોવા છતાં, અમારા સાધુ ન હોય તો પાંચછ વૃદ્ધો બપોરે આવીને સામાયિક કરે. હજારો સ્થાનકવાસીઓની સંખ્યા હોવા છતાં કોઈ

ધાર્મિક વાતાવરણ જણાતું નથી. જ્યારે તમારે ત્યાં (મન્દિરમાર્ગિઓમાં જૈન મુનિઓનું ચાતુર્માસ ન હોય, તો પણ જિનમન્દિરના આલમ્બનથી પ્રતિદિન હજારો શ્રાવક શ્રાવિકાઓ પૂજા સેવા ભક્તિ દર્શન કરવા આવે જેથી પ્રતિદિન ધાર્મિકપર્વ જેવું વાતાવરણ સર્જાયેલું રહે. જિનમન્દિરનું આલંબન ખૂબ સુંદર અને અનુમોદનીય છે. એ પ્રમાણે સ્થાનકવાસી મુનિએ પણ સ્વીકાર્યું છે. આ બધા કારણો જોતાં બાપદાદે નિઃશંકપણે સ્વીકારીને સમ્મત થવું જ પડશે, કે અન્ય સર્વધાર્મિકદ્રવ્યો કરતાં ''દેવદ્રવ્યની અગ્રિમતા, તેની સર્વોપરિ મહત્તા અને પરમ ઉત્કૃષ્ટ પૂજ્યતા દર્શાવી છે. તે અક્ષરશઃ ત્રિકાલાબાધિત નક્કર સત્ય જ છે.''

દેવદ્રવ્યની જેમ જ્ઞાનદ્રવ્ય પણ અતિમહત્ત્વનું છે. પરમ પૂજ્યતમ અનન્ત પરમ ઉપકારક આગમરત્નનિધિને સદાકાળ ટકાવી રાખવા જ્ઞાનદ્રવ્યની પરમાવશ્યકતા છે. જ્ઞાનદ્રવ્ય વિના શ્રી જિનાગમને ટકાવીને તેના પ્રવાહને ચલાવવો અશક્ય પ્રાયઃ બનશે. શ્રી જિનાગમ વિના સમ્યગ્બોધ નહિ થાય, સમ્યગ્બોધ વિના અધ્યવસાયની શુદ્ધિ ટકી રહેવી શક્ય નથી. સમ્યક્ત્વપૂર્વકના સમ્યક્ચારિત્ર વિના સંવરભાવ નહિ આવે, સંવરભાવ વિના સમ્યક્તપ નહિ આવે, શ્રી સમ્યક્તપ વિના કર્મ નિર્જરા નહિ થાય, કર્મ નિર્જરા વિના સર્વકર્મનો અંત નહિ થાય, સર્વકર્મના અંત વિના આત્મકલ્યાણ અને મોક્ષ નહિ થાય. એ અપેક્ષાએ જ્ઞાનદ્રવ્ય પણ દેવદ્રવ્ય જેટલું જ અતિમહત્ત્વપૂર્ણ હોવાથી જ્ઞાનદ્રવ્ય ઉપાર્જન, સંવર્ધન અને સુરક્ષા થવી પરમ અનિવાર્ય છે.

શ્રી જિનાગમ હોય તો જ જિનશાસન અવિચ્છિન્નપ્રવાહે પ્રવર્તે. શ્રી જિનાગમ વિના અનન્તપરમતારક શ્રી જિનશાસનનું અસ્તિત્વ જ શક્ય નથી. શ્રી જિનશાસન વિના કલ્યાણ અને મોક્ષની વાતો

આકાશકુસુમવત્ લેખાશે. માટે દેવદ્રવ્ય જ્ઞાનદ્રવ્ય પ્રમુખ ધાર્મિકદ્રવ્ય ધાર્મિકદ્રવ્યરૂપે યથાઅવસ્થિત રહેશે. તો જ જિનશાસન અને જૈનો હશે. એ વાત ત્રણે કાળમાં કદાપિ ભૂલવા જેવી નથી.

બ્રહ્મચર્યપાલન કરવા જેટલો મનોનિગ્રહ ન થવાથી લગ્ન કરીને ગૃહસંસાર માંડવાની અભિલાષા હોવા છતાં, પૂર્વના અન્તરાયકર્મના ઉદયે કન્યા ન મળે, લગ્ન ન થાય, અને ગૃહસંસાર ન મંડાય, તો પણ જન્મદાત પૂજ્ય જનેતા કે બહેનની સામે તો વિચાર કે દૃષ્ટિ ન જ કરે. તે જ રીતે અન્તરાયકર્મના પ્રબળ ઉદયથી પેટ પૂરતું યે ખાવા ન મળે, તો પણ પૂજ્ય જનેતા (માતા) તુલ્ય (સ્વપ્નાદિ કોઈ પણ નિમિત્તે ઉત્પન્ન થયેલ) દેવદ્રવ્યનો અને ભગિની તુલ્ય જ્ઞાનાદિ સર્વસ્વ ધાર્મિક ક્ષેત્રીય દ્રવ્યનો જાગૃત અવસ્થામાં તો નહિ જ, પરંતુ કે નિદ્રિત સ્વપ્ન અવસ્થામાં પણ તેનો વિચાર સુદ્ધાં ન કરાય અને અટળ માન્યતા એ જ આપણી સાચી કુલીનતા છે.

## ઝળહળતું જૈનેન્દ્રશાસન

આજથી સાધિક ૨૫૬૮ વર્ષ પૂર્વે અનન્તાનન્ત પરમોપકારક પરમતારક પરમ કારુણિક સર્વજ્ઞ ભગવંત ચરમશાસનપતિ દેવાધિદેવ શ્રી મહાવીરસ્વામીજી જિનેન્દ્ર પરમાત્માએ સ્થાપેલ પરમ પ્રભાવશાળી પ્રતિભાસંપન્ન શ્રી શ્રમણપ્રધાન ચતુર્વિધ જૈન સંઘ રૂપ જૈનેન્દ્ર શાસન આ ક્ષણે પણ અપ્રતિમ મહાતેજોમય સવિતાનારાયણની જેમ અવિચ્છિન્નપણે ઝળહળી રહેલ છે. તે સમસ્ત જીવસૃષ્ટિનું પરમસદ્ભાગ્ય ગણાય, અને તેમાં પણ દક્ષિણાર્ધભરતના મધ્યખંડના સાડાપચ્ચીશ આર્યદેશોના સમૂહરૂપ આર્યાવર્તના આર્યોનું પરમ સૌભાગ્ય ગણાય.

## સવિતાનારાયણ જેવી ઝળહતી જિન આજ્ઞા

પંચમ ગણધર શ્રી સુદ્ધર્મસ્વામીજીથી પ્રારંભીને પૂર્વધરો અને સમર્થ પૂર્વાચાર્યો વિચરતા હતા, ત્યાં સુધી તો શ્રી શ્રમણપ્રધાન ચતુર્વિધ જૈન સંઘમાં એકચક્રી સામ્રાજ્ય પ્રવર્તતું હતું. પરંતુ મહાભૂંડી હૂંડાઅવસર્પિણી, પાંચમો આરો, પડતો કાળ, મોહ અને અજ્ઞાનની ધીંગામસ્તી, મહત્ત્વાકાંક્ષા, આત્મશ્લાઘા, તેજોદ્વેષ, અજ્ઞાન, આડંબર, ક્ષુલ્લકતા આદિ જેવા સાવહીણા દુર્ગુણોના કુપ્રભાવે કલ્પી ન શકાય તેવા કલહ કદાગ્રહભર્યા વિતંડાવાદ અને બખડજંતર ઊભા કરવામાં જ સદાય રચ્યાપચ્યા એવા પરમ સ્વાર્થાન્ધ કાળમીંઢ વિદેશી શ્વેત પાશ્ચાત્યોએ ભારતની ભવ્યભૂમિ ઉપર આવીને વિષમકાળ કુપ્રભાવે મહત્ત્વકાંક્ષાદિ જેવી ક્ષુલ્લકતાથી ઘેરાયેલા એવા કેટલાંક માત્ર ગણવેશ ધારણ કરનારા મુનિઓને લપેટમાં લઈને વિતંડાવાદનો ભયંકર ધૂમિલ વડવાનળ પ્રગટાવ્યો. જેના કારણે ઝળહળતા સવિતાનારાયણ જેવી ઝગારા મારતી ''જિન આજ્ઞા''ની એક વાક્યતાના ટુકડા કરવાનો ગોરખધંધો આદર્યો. કાળક્રમે અનેક મતમતાંતરો ઊભા થવાથી ઝળહળતી જિન આજ્ઞાની એક વાક્યતામાં ભિન્નતારૂપ ઝાંખપ દેખાવા લાગી.

## સ્વપ્નની ઉપજ શા માટે ?

તારક જિનાલયોનું નિર્માણકાર્ય અને જીર્ણ જિનાલયોના જીર્ણોદ્ધારનું પુણ્યકાર્ય અસ્ખલિત ધારાબદ્ધ પ્રવાહે નિર્વિઘ્નપણે ચાલતુ રહે, એ શુભ આશયપૂર્ણ સદ્ભાવનાથી શ્રી જિનશાસનના પરમ અજોડ હિતચિન્તક પરમ પૂજ્યપાદ આચાર્ય મહારાજા આદિ ગુરુવર્યોના સદુપદેશથી શ્રી પર્યુષણામહાપર્વમાં દેવદ્રવ્યની અભિવૃદ્ધિ અર્થે શ્રાવકો ચઢાવા બોલીને ઇન્દ્રમાળ પહેરવાના

આદેશો લેતા હતા. પ. પૂ. ગુરુ મહારાજાઓ શ્રી વર્ધમાનવિદ્યા આદિ મંત્રો ગણવાપૂર્વક ઇન્દ્રમાળ ઉપર વાસક્ષેપ કરીને અભિમંત્રિત કરી આપતા હતા. શ્રાવકો અભિમંત્રિત ઇન્દ્રમાળ પરિધાન કરતા હતા. કાળક્રમે કોઈક અગમ્ય કારણે ઇન્દ્રમાળ પરિધાનની સુપ્રણાલિકા બંધ થઈ.

ઇન્દ્રમાળ પરિધાનની સુપ્રણાલિકા બંધ થવાથી દેવદ્રવ્યાદિ ધર્મદ્રવ્યની અભિવૃદ્ધિ અર્થે પ. પૂ. ગુરુવર્યોના સદુપદેશથી રાજમાતાજીની રત્નકુક્ષિમાં અવતરેલ શ્રી જિનેન્દ્ર પરમાત્માના અચિન્ત્ય અનંત પ્રભાવે રાજમાતાજીને પરમ તેજસ્વી ચૌદ મહાસ્વપ્નોનાં દર્શન થયેલ. તે ચૌદ મહાસ્વપ્નો શ્રી સંઘમાં ઉતારવાની બોલી (ચઢાવા) સ્વપ્નોને મોતીની સોનાની અને પુષ્પની માળા પરિધાન કરાવવાની બોલી શ્રી સંઘને સ્વપ્ન દર્શન કરાવવાના ચઢાવા તેમ જ શ્રી વીર પરમાત્માનું જન્મ વાંચન પછી, ઘોડિયા પારણામાં પરમાત્માને પધરાવવાની, ઝુલાવવાની તેમ જ કંકુના થાપા દેવરાવવા આદિ સુપ્રણાલિકાનો મંગળ પ્રારંભ થયેલ. એ સુપ્રણાલિકાને લગભગ ચારેક શતાબ્દી કે તેથી પણ અધિક સમયથી અસ્ખલિત ધારાબદ્ધ પ્રવાહે ચાલી આવતી સુપ્રણાલિકા છે. તે તારક પૂજ્ય શ્રી સંઘનું અને સકળ વિશ્વનું પરમ સૌભાગ્ય છે.

## સ્વપ્નદ્રવ્ય કયા ક્ષેત્રનું દ્રવ્ય ગણાય ?

અનંત પરમ તારક શ્રી જિન આજ્ઞા એ જ આત્મા, એ જ પ્રાણ, એ જીવન, એ જ ગતિ, એ જ મતિ, એ જ જાતિ, એ જ સ્થિતિ અર્થાત્ ટૂંકમાં જિન આજ્ઞા એ જ પરમ સાર, એ વિના સર્વસ્વ પરમ અસાર એવી સચોટ અટળ માન્યતા-શ્રદ્ધા ધરાવનાર પરમ પૂજ્ય સુવિહિત ગીતાર્થ ગુરુભગવંતોને શાસ્ત્રકારોએ શ્રી શ્રમણ પ્રધાન ચતુર્વિધ જૈન સંઘમાં સર્વોપરિ મોખરે સ્વીકારેલ છે. એવા સુવિહિત

ગીતાર્થ ગુરુભગવંતોને શ્રી જિનમંદિર નિર્માણ-જીર્ણોદ્ધાર આદિ અર્થે દેવદ્રવ્યની અભિવૃદ્ધિ થવી પરમતમ અ-નિવાર્ય લાગવાથી તે પૂજ્યપાદ ગુરુ ભગવંતોએ શ્રી સંઘને આપેલ સદુપદેશથી સ્વપ્નદ્રવ્યની બોલીનો મંગળ પ્રારંભ થયેલ. ત્યારથી ચાલી આવતી આ સુપ્રણાલિકા દ્વારા ઉત્પન્ન થતું દ્રવ્ય દેવદ્રવ્ય ખાતાનું જ ગણાતું આવ્યું છે.

સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય જ ગણાય એવું ત્રિકાલાબાધિત નક્કર સત્ય સિદ્ધ થયેલ હોવા છતાં, કેટલાક જીવાત્માઓથી ગત કોઈક ભવે બંધાયેલ મિથ્યાત્વાદિ અશુભ કર્મ ઉદયમાં આવવાથી સ્વપ્નદ્રવ્યની અમુક ટકા ઉપજ સાધારણ ખાતે લઈ જવાનો અસત્ અભિપ્રાયઃ આપીને સાધારણ ખાતે લઈ જવાનો બાલિશ પ્રયત્ન પણ કરેલ છે. પવિત્ર દેવદ્રવ્ય એ પરમ ઉચ્ચતમ પૂજ્ય માતૃસ્થાનીય જેવું પરમ પવિત્ર ધાર્મિકદ્રવ્ય છે. જ્ઞાનદ્રવ્ય એ પરમ આદરણીય ભગિની જેવું ધાર્મિક દ્રવ્ય છે. ત્યારે સાધારણ દ્રવ્ય એ સ્નેહ અને અનુરાગ જન્માવનાર અર્ધાંગના પત્ની જેવું ધાર્મિકદ્રવ્ય છે. કારણ કે સીદાતા સાધર્મિકોને ધર્મમાર્ગમાં ટકાવવા માટે સ્થિતિસમ્પન્ન સાધર્મિકોએ સંયોગો અનુસાર સીદાતા સાધર્મિકોની સારસંભાળ કરવી, પરમ અ-નિવાર્ય છે પણ તે રીતે થવું શક્ય ન હોય, તો શ્રી સંઘ સંયોગને આધીન આપવાદિક માર્ગે સીદાતા સાધર્મિકો ધર્મભાવનામાં અડગ રહે, તે માટે સાધારણ દ્રવ્યનો ઉપયોગ કરી શકે. એટલે સાધારણ દ્રવ્યને અર્ધાંગના જેવી કક્ષાનું ધર્મદ્રવ્ય ગણ્યું છે.

પૂજ્ય આદરણીય માતા-બહેન અને અર્ધાંગના પત્ની આ ત્રણેય આકાર અને ચિહ્નથી સમાન હોવા છતાં પૂજ્યતા આદરણીયતા અને સ્નેહાનુરાગની અપેક્ષાએ મા-બહેન અને પત્નીમાં આકાશ પાતાળ જેટલું મહત્તમ અંતર છે. દેવદ્રવ્યને સાધારણ ખાતે લઈ જવાની કુચેષ્ટા એટલે પૂજ્ય માતાજીની સાથે પત્નીના જેવો અભદ્ર કુવ્યવહાર કર્યો ગણાય.

# એક બાલિશ કુતર્ક

શ્રી શકેન્દ્ર મહારાજાની આજ્ઞાથી શ્રી હરિણૈગમેષી દેવે શ્રી મહાવીરસ્વામીજી પરમાત્માના જીવને શ્રીમતી દેવાનંદાજીની કુક્ષિમાંથી લઈને મહાસતી શ્રી ત્રિશલામાતાજીની રત્નકુક્ષિમાં સંક્રમાવ્યા. તે જ સમયે પરમાત્માના અચિન્ત્ય પરમપ્રભાવે રાજમાતાજીને પરમ તેજસ્વી ચૌદ મહાસ્વપ્નનાં દર્શન થયાં, તે સમયે શ્રી મહાવીર-સ્વામીજીનો જીવ ક્યાં તીર્થંકર હતો ? ત્યારે તો છદ્મસ્થ સંસારી જીવ હતો. માટે સ્વપ્નની બોલીનું દ્રવ્ય દેવદ્રવ્ય શી રીતે ગણાય ? એ કુતર્કવાદીઓનો એક બાલિશ કુતર્ક છે.

બીજો કુતર્ક એ કરે છે કે પરમાત્માના પરમતમ શુભહસ્તે માતા-પિતાના નામથી અંકિત ૩૮૮૮૦૦૦૦૦૦ ત્રણસો અઠ્યાંશીક્રોડ અને એંશી લાખ સુવર્ણ મુદ્રાનું અપાયેલ વાર્ષિક દાન દેવદ્રવ્ય ન ગણાતું હોય, તો પછી સ્વપ્નદ્રવ્ય શી રીતે દેવદ્રવ્ય ગણાય ?

વાર્ષિકદાન દેવા માટે જ શ્રી શકેન્દ્ર મહારાજાની આજ્ઞાથી વૈશ્રવણ (સેવક) દેવોએ મહારાજાના કોષનિધિમાં પૂરેલ હોવાથી વાર્ષિકદાનમાં અપાયેલ દ્રવ્ય કોઈ રીતે દેવદ્રવ્ય થઈ શકતું નથી. વાર્ષિકદાનમાં અપાતું દ્રવ્ય દેવદ્રવ્ય ગણાતું હોત, તો ત્રણ જ્ઞાનના સ્વામી શ્રી જિનેન્દ્ર પરમાત્મા વાર્ષિકદાન આપત જ નહિ.

સર્વસૂત્રશિરોમણિ શ્રી કલ્પસૂત્રજીની સુબોધિકા નામની ટીકામાં જણાવ્યું છે કે ..

**भगवान् दीक्षादिवसात् प्राग्वर्षेऽवशिष्यमाणे प्रातःकाले वार्षिकं दानं दातुं प्रवर्तते । सूर्योदयादारम्यः कल्पवेलापर्यन्त-मष्टलक्षाधिकामेकां कोटिं सौवर्णिकानां प्रतिदिनं ददाति वृणुत वरं वृणुत वरमित्युद् घोषणा पूर्वकं यो यन्मार्गयति तस्मै तद्दीयते तच्च सर्वं धनं देवाः शक्रादेशेन पूरयन्ति ।।**

**અર્થ :** દીક્ષા દિવસથી પૂર્વે એક વર્ષ અવશેષ રહે ત્યારે શ્રી જિનેન્દ્ર પરમાત્મા પ્રાતઃકાળે વાર્ષિકદાન દેવા માટે પ્રવર્તે છે. અર્થાત્ દાન દેવાનો મંગળ પ્રારંભ કરે છે. સૂર્યોદયથી પ્રારંભીને ભોજનવેળા પર્યન્ત પ્રતિદિન એક કરોડ આઠ લાખ (૧૦૮૦૦૦૦૦૦) સુવર્ણમુદ્રાનું દાન આપે છે. જેને જે જોઈએ તે લઈ જાઓ એથી ઉદ્‌ઘોષણા કરાવવાપૂર્વક જે પુણ્યવંત જે માગે તેને તે વસ્તુ આદિ આપે છે. અને તે સર્વધન શક્રેન્દ્ર મહારાજાની આજ્ઞાથી દેવો મહારાજાના કોષનિધિમાં પૂરે છે. આ સાક્ષીપાઠ જ સિદ્ધ કરી આપે છે, કે શ્રી જિનેન્દ્રપરમાત્માની ભક્તિરૂપે કાંઈ શકેન્દ્ર મહારાજાએ દેવો દ્વારા કોષનિધિમાં ધન પુરાવેલ નથી. ત્યાં તો માત્ર વાર્ષિકદાનમાં દેવા માટે જ પુરાવેલ છે. એટલે વાર્ષિકદાન દેવદ્રવ્ય ગણાતું હોય, એવો અસંગતતર્ક કે વિકલ્પને સ્થાન જ નથી. વિના વિચાર્યે ગમે તેમ ફેંકાફેંક કરવી એટલે ''**मुखमस्तीत्ति वक्तव्यं दशहस्ता हरितकी**''ના જેવું અસંગત ગણાય-એ તર્ક નથી પણ કુતર્ક છે.

## સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય કેમ ગણાય ?

સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય ન માનવા માટે એવો કુતર્ક કરે છે, કે મહાવીરસ્વામીજીને ગર્ભમાં સંક્રમાવ્યા ત્યારે મહાવીરસ્વામીજી ક્યાં તીર્થંકર સર્વજ્ઞ કે જિનેશ્વર હતા ? એવો અસંગત ઢગધડા વિનાનો કુતર્ક કરે છે. જંગમયુગપ્રધાન પરમબહુશ્રુત ચતુર્દશપૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામીજી મહારાજ શ્રી કલ્પસૂત્રજીના મંગળ પ્રારંભમાં જણાવે છે કે : **ते णं कालेणं ते णं समये णं समणे भगवं महावीरे पंचहत्थुत्तरे होत्था** ।। તે કાળ તે સમયને વિશે શ્રમણ ભગવાન્ મહાવીરસ્વામીજીના પાંચ કલ્યાણકો ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં થયા. ''**समणे भगवं महावीरे**'' એ શબ્દો જ સિદ્ધ કરી આપે છે, કે ચ્યવન સમયથી જ મહાવીરસ્વામીજી તીર્થંકર પરમાત્મા

હતા. એટલે જ શ્રી ભદ્રબાહુસ્વામિજીએ ''ચ્યવન'' સમયથી જ તીર્થંકર સ્વીકાર્યા છે. ચ્યવન સમયથી તીર્થંકરરૂપે પરમાત્મા ન સ્વીકારે તો ચ્યવનકલ્યાણક કોનું ઊજવવું ? ગર્ભમાં આવે ત્યારથી તીર્થંકર ન માનવાવાળાના મતે પાંચેય કલ્યાણકો જ ઊડી જાય. એટલે તીર્થની સ્થાપનાનો અભાવ, તીર્થ એટલે જિનશાસનના અભાવમાં આત્મકલ્યાણ અને મોક્ષનો જ અભાવ. એક અસંગત માન્યતા કે કુતર્કભરી કલ્પનાથી કેટલી વિસંગતિઓની હારમાળા ઊભી થશે. તેનો શાસ્ત્રદૃષ્ટિએ સામાન્ય પણ વિચાર કર્યો હોત, તો આવા કુતર્કને સ્વપ્નમાં ય સ્થાન ન મળત.

દશમા દેવલોકમાંથી ચ્યવીને દેવાધિદેવનું દેવાનન્દાજીની કુક્ષિમાં અવતરણ થયું, તે જ સમયે, શ્રી શકેન્દ્ર મહારાજાનું સિંહાસન ચલિત થયું, અવધિજ્ઞાનના ઉપયોગથી દેવાધિદેવનું ચ્યવન કલ્યાણક થયેલ જાણી ઈન્દ્ર મહારાજા સિંહાસનથી ઊભા થઈને પગમાંથી રત્નપાદુકા (મોજડી) ઉતારીને દેવાધિદેવ જે દિશામાં હતા તે દિશામાં સાત આઠ પગલાં સન્મુખ જઈને પરમ વિનમ્રભાવે બદ્ધાંજલિ નતમસ્તકે નમસ્કાર પ્રણામ કરીને એક સાટી ઉત્તરાસંગ કરીને શક્રમુદ્રાએ એટલે યોગમુદ્રાએ બેસીને ''નમુત્થુણં''થી પરમાત્માની સ્તુતિ સ્તવના કરે છે. તેમાં પ્રત્યેક વિશેષણો સર્વજ્ઞ અર્થાત્ ભાવતીર્થંકર પરમાત્માનાં જ છે. ભલે ગર્ભમાં પરમાત્મા સર્વજ્ઞ ન હોય, તો પણ એ જ ભવમાં ભાવતીર્થંકરની અવસ્થા પામવાવાળા તો છે જ. એથી સિદ્ધ થાય છે, કે ગર્ભથી જ તીર્થંકર પરમાત્મા અંશતઃ તીર્થંકર નામ કર્મના ઉદયવાળા હોવાથી અનન્તજ્ઞાની ભગવંતોએ ગર્ભ અવસ્થાથી જ પરમાત્માને ભાવતીર્થંકરતુલ્ય જ અને પરમ આરાધ્યપાદરૂપે સ્વીકારેલ છે.

ગર્ભાપહારના પ્રસંગમાં પણ શ્રી શકેન્દ્ર મહારાજાએ ઠેર ઠેર ''શ્રમણ ભગવાન્ મહાવીર'' એ રીતે ગર્ભમાં રહેલ દેવાધિદેવ માટે

કરેલ શબ્દપ્રયોગો પણ ગર્ભથી તીર્થંકર પરમાત્મા છે તેની સિદ્ધિ કરી આપે છે. શ્રી કલ્પસૂત્રજીમાં ભગવન્તના પાંચેકલ્યાણકોમાં 'શ્રમણ ભગવાન્ મહાવીર' એ શબ્દોનો ઉલ્લેખ લગભગ સાધિક સાઠ (૬૦) વાર કર્યો છે.

અનન્ત પરમ તારક શ્રી જિનશાસનના અજોડ મહાપ્રભાવક શ્રી ભદ્રબાહુસ્વામીજી જેવા પરમ સમર્થતારક પુરુષ દેવાધિદેવને ગર્ભથી તીર્થંકર પરમાત્મારૂપે સ્વીકારીને ચાલે છે. અને સિન્ધુમાં બિન્દુ જેટલું તો નહિ, પણ બિન્દુના યે કોટાનુકોટિ અંશ જેટલુંય જ્ઞાન નથી, પરંતુ અજ્ઞાનથી ખીચોખીચ ભરેલ કાળમીંઢ હૈયાવાળા ગર્ભમાં રહેલ પરમાત્માને સંસારી કહેવાનું અક્ષમ્ય દુસ્સાહસ કરીને યેનકેન પ્રકારેણ સ્વપ્નની બોલીના દેવદ્રવ્યમાંથી અમુક અંશ સાધારણ ખાતે લઈ જવા માટે કુતર્કભર્યો બાલિશ કુપ્રયાસ કરી રહ્યા છે.

હે જિનેન્દ્ર પરમાત્મન્ ! આપના અનંત પરમ પ્રભાવે વિશ્વોદ્ધારક જિનશાસન પામ્યા પછી પણ શ્રી જિન આજ્ઞાથી વિપરીત અક્ષમ્ય બાલિશતાભર્યા કરાયેલ કે કરાતા કુતર્કોથી બંધાયેલ કે બંધાતાં ચીકણાં અશુભ કર્મોની શિક્ષા ભોગવવી ન પડે તે માટે પરમ પૂજ્યપાદ ગીતાર્થ ગુરુભગવંતને વિધિવત્ વંદન કરીને વિનમ્રભાવે પ્રબળ પશ્ચાત્તાપથી વલોવાતે હૈયે બંધાયેલ પાપકર્મની આલોચના કરીને પૂજ્યપાદશ્રીથી પ્રદત્ત પ્રાયશ્ચિત્ત ત્વરિત પૂર્ણ કરે એવું વિનમ્ર હાર્દિક સૂચન.

## સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્યરૂપે સિદ્ધિનું એક વિશેષ સોપાન

ભાદરવા શુદિ ૧ના મહામાંગલિક દિને દેવાધિદેવથી મહાવીરસ્વામીજી પરમાત્માના જન્મવાંચન પહેલાં ચૌદ મહાસ્વપ્નોના ચઢાવાનું ઘી બોલાઈ ગયા પછી, સોના-રૂપાનું શ્રીફળ હાથમાં લઈને સકળ સંઘને દર્શન કરાવતા નિવેદન કરે છે, કે પરમપૂજ્યપાદ

ગુરુમહારાજશ્રીજીના શ્રીમુખે દેવાધિદેવના જન્મનું શ્રવણ કર્યા પછી, દેવાધિદેવ શ્રી મહાવીરસ્વામીજીને પારણામાં પધરાવવાનો અને દેવાધિદેવને ઝુલાવવાનો એ બે ચઢાવા બોલાશે, એવો અપૂર્વ મહામંગળકારી પુણ્ય અવસર ફરીફરીને પાછો મળવો અતિ દુષ્કર હોવાથી ઉલ્લાસભરી પરમ ઉદારતાથી પરમાત્માને પધરાવવાનો અને ઝુલાવવાનો અપૂર્વ લાભ અવશ્ય મેળવી લેજો. એ પ્રમાણે ઘોષણા કરીને ઉક્ત બે ચઢાવા બોલીને જેમણે આદેશ લીધો હોય તેમના શુભ હસ્તમાં શ્રીફળ અર્પણ કરીને તેમની પાસે ત્રણવાર શ્રી નમસ્કાર મહામંત્ર ગણાવીને પરમાત્મારૂપે શ્રીફળને પારણામાં પધરાવે છે. અને ઝુલાવવાનો આદેશ લેનાર પ્રભુજીને ઝુલાવે છે. ભારતભરમાં સાર્વત્રિક શ્રી શ્વેતામ્બર જિનેન્દ્રમૂર્ત્તિપૂજક જૈન સંઘે શ્રીફળને પ્રભુજીરૂપે માન્ય રાખેલ છે. એ માન્યતા પણ ગર્ભથી જ તીર્થંકર પરમાત્મા છે. તેની સિદ્ધિ કરી આપે છે. એટલે જ પરમાત્માના અચિન્ત્ય પ્રભાવે રાજમાતાજીને થયેલ સ્વપ્નદર્શનના ચઢાવાનું દ્રવ્ય દેવદ્રવ્ય જ ગણાય.

શ્રીફળને તીર્થંકર પરમાત્મા માન્યા વિના માત્ર શ્રીફળ-બુદ્ધિથી શ્રીફળ માનીને પધરાવવાથી અને ઝુલાવવાથી કલ્યાણ અને મોક્ષ થાય તેમ હોય, તો સર્વપ્રથમ કલ્યાણ અને મોક્ષ શ્રીફળને ધારણ કરનાર વૃક્ષનું, અનેક દિવસો પર્યન્ત પ્રતિદિન અનેકવાર ઝુલાવનાર વાયુદેવતાનું, શ્રીફળનું રક્ષણ કરનાર અને ઉતારનાર ખેડૂતનું કલ્યાણ અને મોક્ષ તત્કાળ થવો જોઈએ. પણ એમ થતું નથી.

ચક્રવર્તીનો જીવ રાજમાતાજીની કુક્ષિમાં આવતાં જ રાજમાતાજી ચૌદ સ્વપ્નો જુએ છે, તે સ્વપ્નોની કેમ બોલી બોલતા નથી? ત્યારે તમે તત્કાળ જણાવશો, કે રાજમાતાજીની કુક્ષિમાં ક્યાં તીર્થંકર પરમાત્મા છે? એ તો ચક્રવર્તીનો જીવ છે. એમના સ્વપ્નના ચઢાવા

શી રીતે બોલાવાય ? ન જ બોલાવાય. આમ અનેક પાશાથી શાસ્ત્રસંગત તર્કબદ્ધ રીતે વિચારતાં ત્રિકાલાબાધિત નક્કર સત્ય રીતે સિદ્ધ કરી આપે છે કે દેવાધિદેવ ગર્ભથી જ તીર્થંકર પરમાત્મા છે અને એમના અનન્ત પુણ્યપ્રભાવે જ રાજમાતાજીને મહાતેજસ્વી ચૌદ મહાસ્વપ્નોનાં દર્શન થાય છે. ચૌદ મહાસ્વપ્નો પ્રત્યેની અતૂટ શ્રદ્ધા ભક્તિથી ચઢાવાની બોલાતી બોલીનું દેવદ્રવ્ય જ ગણાય.

શ્રી કલ્પસૂત્રજી ઉપર રચાયેલ શ્રી કલ્પદ્રુમકલિકા નામની ટીકામાં શ્રી તીર્થંકર પરમાત્માના પરમપ્રભાવે રાજમાતાજીને ચૌદ મહા-સ્વપ્નોનાં દર્શન થયાં, તેના માહાત્મ્યનું વર્ણન કરતાં જણાવે છે કે :

(१) **हे राजन् ! चतुर्दन्त–गजावलोकनाच्–चतुर्धा धर्मोपदेष्टा भविष्यति ।**

અર્થ : હે રાજન્ ચારદન્તશૂળવાળા ગજરાજના દર્શનથી અનન્તાનન્ત પરમતારક શ્રી જિનેન્દ્ર પરમાત્મા દાન, શીલ તપ અને ભાવ આ ચાર પ્રકારના ધર્મના ઉપદેશક થશે.

(२) **वृषभदर्शनाद् भरतक्षेत्रे सम्यकत्वबीजस्य वप्ता भविष्यति ।**

અર્થ : વૃષભના દર્શનથી ભરતક્ષેત્રમાં સમ્યક્ત્વરૂપ બીજના વપન એટલે વાવેતર કરનારા થશે.

(३) **सिंहदर्शनाद् भरतक्षेत्रे–अष्टकर्मगजान् विदारयिष्यति ।**

અર્થ : કેશરીસિંહના દર્શનથી ભરતક્ષેત્રમાં અષ્ટકર્મરૂપ હાથીઓના વિદારનારા અર્થાત્ નાશ કરનારા થશે.

(४). **लक्ष्मीदर्शनात् संवत्सरदानं दत्वा पृथ्वीं प्रमुदिता करिष्यति, तीर्थंकरलक्ष्मीं भोक्ता च भविष्यति ।**

અર્થ : શ્રી લક્ષ્મીદેવીના દર્શનથી વાર્ષિકદાન દઈને પૃથ્વીને પ્રમુદિત

અર્થાત્ હર્ષિત કરનારા થશે, અને શ્રી તીર્થંકરપદરૂપ લક્ષ્મીના ભોક્તા થશે.

(૫) **पुष्पमाला–दर्शनात् त्रिभुवनजना अस्य–आज्ञां शिरसि धारयिष्यन्ति ।**

અર્થ : પુષ્પમાળાના દર્શનથી ત્રણે ભુવનના લોકો દેવાધિદેવની આજ્ઞાને શિરસાવન્દ્ય કરીને મસ્તકે ધારણ કરશે.

(૬) **चन्द्रदर्शनात् पृथ्वीमण्डले सकलभव्यलोकानां नेत्र हृदयाल्हादकारी च भविष्यति ।**

અર્થ : ચન્દ્રદર્શનથી પૃથ્વીમંડળ વિષેના સકળ ભવ્ય લોકોનાં નેત્રો તથા હૃદયોને પરમ આલ્હાદ અર્થાત્ પ્રમોદને કરનારા થશે.

(૭) **सूर्यदर्शनात् पृष्ठे भामण्डल–दीप्तियुक्तो भविष्यति ।**

અર્થ : સૂર્યદર્શનથી પૃષ્ઠભાગે દેદીપ્યમાન અર્થાત્ સૂર્ય સમાન મહાતેજસ્વી ભામંડલને ધારણ કરનારા થશે.

(૮) **ध्वजदर्शनाद् अग्रे धर्मध्वजश्चलिष्यति ।**

અર્થ : ધ્વજાદર્શનથી શ્રી જિનેન્દ્ર પરમાત્માની આગળ મહેન્દ્રધ્વજ ચાલશે.

(૯) **कलशदर्शनाद् ज्ञानधर्मादि सम्पूर्णो भविष्यति भक्तानां मनोरथपूरकश्च भविष्यति ।**

અર્થ : પૂર્ણકલશદર્શનથી જ્ઞાનધર્માદિગુણોથી પરિપૂર્ણ થશે અને ભક્તજનોના મનોરથોને પૂરનારા થશે.

(૧૦) **पद्मसरोदर्शनाद् देवा अस्य विहारकाले चरणयोरधः स्वर्णानां पद्मानि रचयिष्यन्ति ।**

અર્થ : પદ્મસરોવરદર્શનથી વિહાર સમયે દેવાધિદેવના ચરણકમળ નીચે સુવર્ણકમળોની રચના કરશે.

(११) क्षीरसमुद्रदर्शनाद् ज्ञानदर्शन चारित्रादि गुणरत्नानामाधारो धर्ममर्यादाधर्ता च भविष्यति ।

અર્થ : ક્ષીરસાગરના દર્શનથી જ્ઞાનદર્શનચારિત્રાદિ ગુણોની આધારશિલા અને ધર્મમર્યાદાને ધારણ કરનારા થશે.

(१२) देवविमानदर्शनात् स्वर्गवासिनां देवानां मान्य आराध्यश्च भविष्यति ।

અર્થ : દેવવિમાનદર્શનથી સ્વર્ગવાસિ-અર્થાત્ ચારે નિકાયના દેવોના માન્ય અને આરાધ્ય થશે.

(१३) रत्नराशिदर्शनात् समवसरणस्य वप्रत्रये स्थास्यति ।

અર્થ : રત્નરાશિદર્શનથી કેવળજ્ઞાની થયા પછી સમવસરણના ત્રણ ગઢના મધ્ય ભાગે મણિમય સિંહાસન ઉપર વિરાજમાન થશે.

(१४) निर्धूमाग्निदर्शनाद् भव्यजीवानां कल्याणकारी मिथ्यात्वशीत-हारी च भविष्यति ।

અર્થ : નિર્ધૂમાગ્નિદર્શનથી ભવ્યજીવોના કલ્યાણકારી અને મિથ્યાત્વરૂપશીત અર્થાત્ શરદીને હરનારા થશે.

अथ सर्वेषां स्वप्नानां फलं वदति । हे राजन् ! एतेषां चतुर्दशस्वप्नानां अवलोकनाच् चतुर्दशरज्ज्वात्मक लोकस्य मस्तके स्थास्यति ।

અર્થ : હવે ચૌદ સ્વપ્નોનું સામૂહિક ફળ કહે છે. હે રાજન્ ! આ ચૌદ મહાસ્વપ્નોના દર્શનથી આપનો પુત્ર અર્થાત્ શ્રી જિનેન્દ્ર પરમાત્મા ચૌદ રજ્જુલોકાત્મક આ લોકના મસ્તકે વિરાજમાન થશે. અર્થાત્ આ ભવમાં જ સંપૂર્ણ આત્મકલ્યાણ સાધીને મોક્ષ-પદને પામશે.

ઉક્ત ચૌદ મહાસ્વપ્નના ફળવર્ણનમાં પ્રભુજીને ક્યાંય સંસારી આત્મારૂપે વર્ણવ્યા નથી. પરંતુ ઉત્કૃષ્ટ ગુણવાળા શ્રી જિનેન્દ્ર પરમાત્મારૂપે જ વર્ણવ્યા છે, એટલે સ્વપ્નની તથા પારણાની બોલીનું દ્રવ્ય દેવદ્રવ્ય જ છે, અને દેવદ્રવ્યરૂપે જ રહેશે.

શ્રી શ્રેણિક મહારાજા પ્રમુખ આવતી ચોવીશીના તીર્થંકર પરમાત્માના જીવો નરક અને સ્વર્ગ આદિમાં છે. આગામી કાળે થનારા એ તીર્થંકર પરમાત્મામાંથી એક પણ પરમાત્માનું એકે કલ્યાણક થયું નથી. તથાપિ એ પરમતારકોનાં પ્રતિમાજી ભરાવીને અંજનવિધિ કરાવીને પ્રતિષ્ઠિત કરાવેલ ઉપલબ્ધ થાય છે. શ્રી ઉદયપુર (રાજપૂતાના મેવાડ)માં વિશાળકાય દેવાધિદેવ શ્રી પદ્મનાભસ્વામીજી જિનેન્દ્ર પરમાત્મા તથા રાજનગર અમદાવાદમાં વીશા ઓસવાળજ્ઞાતીય શેઠ શ્રી હઠીસિંહભાઈએ સ્વોપાર્જિત દ્રવ્યથી નિર્માણ કરાવેલ શ્રી ધર્મનાથજી જિનેન્દ્ર પરમાત્માના જિનાલયમાં આગામી ચોવીશીના શ્રી પદ્મનાભસ્વામીજી પ્રમુખ જિનબિંબો પ્રતિષ્ઠિત કરાવેલ આજે પણ વિદ્યમાન છે. એ પ્રભુજીની પ્રતિષ્ઠાના ચઢાવા, તેમ જ એ 'પરમાત્માની અષ્ટપ્રકારી પૂજાની બોલીના ચઢાવાનું દ્રવ્ય દેવદ્રવ્ય ગણાય કે નહિ ? શ્રી મહાવીરસ્વામી ગર્ભ અને જન્મ સમયે ક્યાં તીર્થંકર હતા ? ત્યારે તો સંસારી હતા' એવું કહેનારા તમે પણ શ્રી પદ્મનાભસ્વામીજી પ્રમુખ પ્રતિમાજીના ચઢાવાના દ્રવ્યને તો દેવદ્રવ્ય જ માનો છો ને ? જો દેવદ્રવ્ય ન માનો તો અનેક ઉપાધિઓ ઊભી થશે. નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવ આ ચાર નિક્ષેપે દેવાધિદેવ શ્રી જિનેન્દ્ર પરમાત્માઓને શાસ્ત્રોએ સ્વીકાર્યા છે, વર્ણવ્યા છે. શ્રી પદ્મનાભસ્વામીજી પ્રમુખ જિનેન્દ્ર પરમાત્માનાં પ્રતિમાજીની પ્રતિષ્ઠા કે પૂજાદિની બોલીના ચઢાવાના દ્રવ્યને દેવદ્રવ્યરૂપે સ્વીકારીએ તો જિનેન્દ્ર પરમાત્માનો સ્થાપના નિક્ષેપો ટકી શકે. એ દ્રવ્યને દેવદ્રવ્યરૂપે ન માનીએ, તો

સ્થાપનાનિક્ષેપે એ તીર્થંકરદેવ નથી, એમ સિદ્ધ થશે, અને તીર્થંકરદેવનો સ્થાપનાનિક્ષેપો ઊડી જશે. એ તો તમને પણ ઈષ્ટ ન હોવાથી આગામી ચોવીશીના તીર્થંકર દેવોની પ્રતિષ્ઠા આદિની બોલીના દ્રવ્યને તમે પણ દેવદ્રવ્યરૂપે જ સ્વીકારેલ છે. તો પછી આ જ ભવમાં સાક્ષાત્ તીર્થંકર થનારા દેવાધિદેવના ચ્યવન અને જન્મકલ્યાણકની આરાધના અને ઉદ્યાપનિકા (ઉજવણી) નિમિત્તે પરમહર્ષોલ્લસિતભક્તિભાવથી સ્વપ્ના-પારણું આદિની બોલીનું દ્રવ્ય દેવદ્રવ્ય કેમ ન ગણાય ? દેવદ્રવ્ય જ ગણાય. પૂજ્યમાતૃસ્થાનીય દેવદ્રવ્યમાંથી છ આની આદિ અમુક દ્રવ્યને સાધારણ ખાતે લઈ જવાનો કુતર્ક કે વિકલ્પ સ્વપ્ન કે મૂર્છિત અવસ્થામાં પણ ન કરી શકાય, તો પછી શ્રી પર્યુષણા મહાપર્વ જેવા પરમ આરાધક દિવસોમાં સ્વપ્ન બોલીના દેવદ્રવ્યમાંથી અમુક દ્રવ્યને સાધારણ ખાતે લઈ જવાનું વિધાન તો કરાય જ શી રીતે ? તેવા ઘોર મહાપાપનું વિધાન સ્વપ્નમાં પણ ન થાય.

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીના પ્રતિમાજી ભરાવેલ તે સમયે પાર્શ્વનાથજીનો આત્મા સમ્યક્ત્વ પામેલ ખરો ?

ગત ચોવીશીના નવમા તીર્થંકર દેવાધિદેવ શ્રી દામોદરસ્વામીજી જિનેન્દ્રપરમાત્માને પરમસબહુમાન પ્રદક્ષિણા દઈને શ્રી આષાઢી શ્રાવક પરમ વિનમ્રભાવે કરબદ્ધ (બદ્ધાંજલિ) નતમસ્તકે વિનયપૂર્વક પરમાત્માને પ્રશ્ન પૂછે છે, કે ભગવન્ મારો મોક્ષ કયા તીર્થંકર ભગવન્તના શાસનમાં થશે ? દેવાધિદેવે પરમ સુમધુરવાણીએ જણાવ્યું, કે આગામી ચોવીશીના ત્રેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથજી પરમાત્માના શાસનમાં તમારો મોક્ષ થશે. શ્રી પાર્શ્વનાથજી પરમાત્માના શુભહસ્તે દીક્ષિત થઈને પરમતારકશ્રીના ગણધર થઈને મોક્ષમાં જશો. જિનેન્દ્રપરમાત્માને પરમ સબહુમાન વન્દન નમસ્કાર

કરી ઘરે આવીને દેવાધિદેવ શ્રી પાર્શ્વનાથજી પરમાત્માનાં પ્રતિમાજી પરમ હર્ષોલ્લસિતભાવે ભરાવીને સુવિહિત શિરોમણિ પરમ પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીના બહુમાનપૂર્વક વિધિવત્ પરમ પવિત્ર શુભ હસ્તે અંજનથી પ્રતિષ્ઠિત કરાવીને પરમ સબહુમાન ત્રિકાળ પૂજા સેવા ભક્તિ કરતા હતા. અન્તસમયે આયુષ્યપૂર્ણ થતાં આષાઢી શ્રાવક કાળધર્મ પામી વૈમાનિક દેવ થતાં તે પ્રતિમાજીને પણ દેવલોકમાં લઈ આવ્યા. ચિરકાળ પર્યન્ત પરમ પ્રસન્નતાપૂર્વક અત્યુત્તમકોટિની પૂજનસામગ્રીથી પૂજા સેવા ભક્તિ કરી. ત્યાંથી ચન્દ્ર-સૂર્ય વિમાનમાં ઉચ્ચકોટીની પૂજન સામગ્રીથી પરમ ઉલ્લસિતભાવે પૂજાયાં. ત્યાંથી પ્રભુજી નાગલોકમાં પણ એ જ રીતે સબહુમાન પૂજાતા હતા.

શ્રી જરાસંઘે મૂકેલ જરા નામની શક્તિથી શ્રી કૃષ્ણ મહારાજાનું સૈન્ય મૃતપ્રાયઃ જેવું જર્જરિત થયું. શ્રી કૃષ્ણ મહારાજાને વ્યામોહ થયો. બાળબ્રહ્મચારી શ્રી નેમિનાથજી પરમાત્માને પૂછતાં દેવાધિદેવે આશ્વાસન આપતાં જણાવ્યું-તમો અઠ્ઠમ તપ કરીને પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથજી પરમાત્માની આરાધના કરો. અને હું સૈન્યનું રક્ષણ કરવા ચોકી પહેરો કરીશ. શ્રી કૃષ્ણ મહારાજાથી અષ્ટમતપ પૂર્ણ થતાં શ્રી પદ્માવતીદેવી પ્રગટ થઈને ગત ચોવીશીમાં શ્રી આષાઢી શ્રાવકે ભરાવેલ પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથજી પરમાત્માના ઝળહળતા પ્રતિમાજી અર્પણ કર્યાં. સ્નાત્રજળથી પ્રભુજીનો અભિષેક કરીને તે સ્નાત્રજળ સેના ઉપર છાંટતાં જ જરા દૂર થઈ. શ્રી કૃષ્ણ મહારાજાએ શંખ વગાડ્યો. નિદ્રાધીન મનુષ્ય આળસ મરડીને ઊભો થાય, તેમ સૈન્ય ઊભું થયું. તે સ્થળ ઉપર શ્રી શંખેશ્વર ગામ વસાવ્યું. જિનાલય નિર્માણ કરાવીને પરમાત્માને પ્રતિષ્ઠિત કરાવ્યા. તે દિવસથી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીરૂપે વિશ્વવિખ્યાત થયા. આજે

પણ એ અનન્તાનન્ત પરમતારકશ્રીનો એટલો જ અચિન્ત્ય મહાપ્રભાવ છે.

## શ્રી પાર્શ્વનાથજીના દશ ભવનો અલ્પ પરિચય

ઉક્ત પરમતારકશ્રીના દશ (૧૦) ભવોમાં પ્રથમભવ શ્રી મરુભૂતિ નામે મનુષ્યનો, બીજો ભવ હાથીનો, ત્રીજો ભવ ૧૭ સાગરોપમની આયુસ્થિતિવાળા આઠમા શ્રી સહસ્ત્રારકલ્પ દેવનો. ચોથો ભવ વિદ્યાધર શ્રી કિરણવેગ રાજર્ષિનો. પાંચમો ભવશ્રી જમ્બૂદ્રુમાવર્ત નામના વિમાનમાં ૨૨ સાગરોપમની આયુઃસ્થિતિવાળા શ્રી અચ્યુતદેવનો. છઠ્ઠો ભવ પરમતારક દેવાધિદેવ શ્રી ક્ષેમંકરસ્વામીજી જિનેન્દ્ર પરમાત્માના પરમપુણ્યવંત કરકમળથી દીક્ષિત થયેલ શ્રી વજ્રનાથ રાજર્ષિનો.

સાતમો ભવ મધ્યમ ગ્રૈવેયકમાં શ્રી લલિતાંગ દેવનો. આઠમો ભવ ચક્રવર્તીશ્રી કનકબાહુ રાજર્ષિનો. નવમો ભવ વીશ સાગરોપમની આયુઃ સ્થિતિવાળા શ્રી પ્રાણતકલ્પ દેવલોકમાં શ્રી મહાપ્રભ નામના વિમાનમાં પરમ ઐશ્વર્યશાળી દેવનો અને દશમો ભવ પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથજી તીર્થંકર પરમાત્માનો ભવ. સાતમો ભવ મધ્યમગ્રૈવેયકમાં શ્રી લલિતાંગદેવના ભવમાં કેટલા સાગરોપમની આયુઃસ્થિતિ ? તેનો ઉલ્લેખ શ્રી પાર્શ્વનાથચરિત્રમાં ન હોવાથી તે ભવનું આયુષ્ય કેટલા સાગરોપમનું ? તે નિર્ણયાત્મક રીતે જણાવી શકતો નથી. પરંતુ અસત્કલ્પનાએ મધ્યમ ૩વરિમ ગ્રૈવેયકમાં દેવાધિદેવનો આત્મા ઉત્પન્ન થયો હોય, તો ત્યાંનું ઉત્કૃષ્ટ આયુષ્ય અઠ્ઠાવીશ (૨૮) સાગરોપમનું એ હિસાબે શ્રી જિનેન્દ્ર પરમાત્માના દશ (૧૦) ભવના આયુષ્યનો કાળ સાધિક સત્યાશી (૮૭) સાગરોપમ અને નવમા ઉવરિમ મધ્યમ ગૈવેયકમાં ઉત્પન્ન થયા હોય, તો ત્યાંનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૦ સાગરોપમનું એ હિસાબે દશે

ભવના આયુષ્યનો કાળ સાધિક નેવું (૯૦) સાગરોપમ થાય, આ બેમાં ''**तत्त्वं जिनाः विदन्ति ।**'' ગણાય.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી પરમાત્માના પ્રતિમાજી ભરાવ્યાને ગત ચોવીશીના નવમા તીર્થંકર પરમાત્મથી પ્રારંભીને વર્તમાન ચોવીશીના ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથજી પરમાત્માના જન્મ પર્યન્તના કાળની ગણના કરતાં સાધિક પોણો (૦ાા) પલ્યોપમ ન્યૂન વીશકોડાકોડીસાગરોપમ (૨૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦)નો કાળ વ્યતીત થયો. ત્યારે શ્રી પાર્શ્વનાથજી પરમાત્માને સમ્યક્ત્વ પામ્યાને તો માત્ર સાધિક ૮૭ કે ૯૦ સાગરોપમ જેટલો જે કાળ વ્યતીત થયો. દેવાધિદેવ શ્રી પાર્શ્વનાથજી પરમાત્માનો આત્મા સમ્યક્ત્વ પણ ન પામેલ તે પહેલાં અર્થાત્ અસંખ્યેય કોટાનુકોટિ વર્ષ પ્રમાણ-કાળપહેલાં શ્રી આષાઢી શ્રાવકે ભરાવેલ શ્રી પાર્શ્વનાથજી પરમાત્માના પ્રતિમાજીને અનન્તજ્ઞાનિભગવન્તોએ પરમપૂજ્ય - પરમારાધ્ય - પરમોપાસ્ય અને પરમતારકરૂપે જ સ્વીકારેલ છે એ પરમતારક દેવાધિદેવ સમક્ષ ભક્તિથી ચઢાવેલ દ્રવ્યાદિ કે મુગટ હાર આદિ આભૂષણો અથવા અન્ય કોઈ રીતે ભક્તિથી અર્પણ કરાયેલ દ્રવ્યાદિ દેવદ્રવ્ય જ ગણાય. તો પછી અનન્તમહાતારક તીર્થંકર નામકર્મ બાંધી તેને નિકાચિત કરી દેવલોકમાં ગયેલ, અને દેવભવનું આયુઃ પૂર્ણ થતાં ત્યાંથી ચ્યવીને રાજમાતાજીના ગર્ભમાં અવતર્યા. તે સમયે એ પરમાત્માના પરમપ્રભાવે રાજમાતાજીને મહાતેજસ્વી ચૌદ મહાસ્વપ્નોનાં દર્શન થાય છે. પરમાત્માના પરમ પ્રભાવે રાજમાતાથી જોવાયેલ સ્વપ્નોની બોલીનું દ્રવ્ય દેવદ્રવ્ય કેમ ન ગણાય ? અવશ્યમેવ દેવદ્રવ્ય જ ગણાય. એવા પરમ તારક પરમાત્માને છદ્માસ્થ સંસારી કે ગૃહસ્થ જેવા અતિતુચ્છશબ્દો સંબોધવાનું અક્ષમ્ય મહાપાપમય દુસ્સાહસ તો મહામોહથી મૂંઝાયેલ એવા પરમ પામર દયાપાત્ર કુતર્કવાદી પાપાત્માઓ જ કરી શકે.

કોરી પાટી જેવા બાળ માનસ પર કેવી માઠી અસર થશે ? પરમાત્મા જેવા પરમ તારક પ્રત્યે પણ એક સાવ સામાન્ય માનવ છે એવી છાપ બાળ માનસ ઉપર અંકિત થશે અને જો એવું થાય, તો એ બાળ માનસ ઉપર ઉપસેલી એ ખોટી છાપ ભૂંસાવી દુષ્કર પ્રાયઃ બને છે અને તેના પરમ અનિષ્ટ પરિણામરૂપે પરમાત્મા પ્રત્યે પરમ ઉચ્ચતમ સમર્પિતભાવપૂર્વક પ્રગટવી જોઈતી પ્રબળ ભક્તિ પણ પ્રગટવી દુષ્કરપ્રાયઃ બને અને જો એવું જ થાય તો ઉક્ત અક્ષમ્ય મહાપાપની આકરામાં આકરી શિક્ષા ભોગવવા માટે કુતર્કવાદીઓને ઉત્કૃષ્ટથી અનંતકાળ પર્યન્ત તત્પર રહેવું પડે, તો પણ આપણાથી નકારી શકાય તેમ નથી.

કેટલાક એવો તર્ક કરે છે, કે અનન્તજ્ઞાનીઓના વચનાનુસાર શાસ્ત્રોમાં જણાવ્યું છે, કે દેવદ્રવ્યનો ભક્ષક અનન્ત સંસારી થાય. અર્થાત્ ઉત્કૃષ્ટ અનન્ત ઉત્સર્પિણી અવસર્પિણી કાળ પર્યન્ત અનન્તદુઃખમય નરકનિગોદાદિમાં ભટકવું પડે. દેવદ્રવ્યાદિ ધર્મદ્રવ્યનું ભક્ષણ કરીએ તો અનંતકાળ પર્યન્ત ભટકવું પડે. પણ અમે તો અમારી જાત માટે કે ખાવા પીવામાં પહેરવા ઓઢવામાં કે અન્ય કોઈ પણ અંગત કાર્યમાં ક્યાંય એક રાતી પાઈ જેટલો યે દેવદ્રવ્યાદિ ધાર્મિક દ્રવ્યનો ઉપયોગ કરતા નથી. તો પછી અમે દેવદ્રવ્યનું ભક્ષણ કર્યું એમ શી રીતે કહેવાય ? અને અમારો અનંત સંસાર વધે શી રીતે ? ખર્ચના પ્રમાણમાં સાધારણ ખાતાની આવક બહુ ટૂંકી હોવાથી સાધારણ ખાતાના ખર્ચને પહોંચી વળવા માટે અને સીદાતા શ્રાવક-શ્રાવિકાઓને સહાયતા કરવા માટે સ્વપ્નદ્રવ્યમાંથી અમુક ટકા દ્રવ્ય સાધારણ ખાતે લઈ જવાનું જણાવીએ છીએ. એમાં દેવદ્રવ્યાદિ ધાર્મિકદ્રવ્ય ભક્ષણનો પ્રશ્ન જ ક્યાં રહ્યો ? એક બાજુ તો તમે જણાવો છો કે ખાવા પીવા આદિ અમારા અંગત કાર્યમાં અમે એક રાતી પાઈ જેટલો યે દેવદ્રવ્યાદિ ધાર્મિકદ્રવ્યનો ઉપયોગ કરતા નથી.

તેથી અમને દે દ્રવ્યાદિ ધાર્મિકદ્રવ્ય ભક્ષણનો દોષ ન લાગે. આ તમારી સ્પષ્ટતા જ સિદ્ધ કરી આપે છે, કે સ્વપ્ન આદિની બોલી (ચઢાવા)નું દ્રવ્ય દેવદ્રવ્ય જ છે. એટલે તો તમે ખાવા પીવા આદિ તમારા અંગત ક ર્યમાં એક રાતી પાઈ જેટલા અલ્પ ધર્મદ્રવ્યનો પણ ઉપયોગ કરતાં નથી. તો પછી એ જ દેવદ્રવ્યાદિ (ધાર્મિકદ્રવ્ય)ને સાધારણ ખર્ચ મ ટે અને સીદાતા સાધર્મિકોને સહાય માટે સાધારણ ખાતે લઈ જવા ો તમારાથી અભિપ્રાયઃ શી રીતે અપાય ? સ્વપ્ન આદિની બોલી દ્રવ્ય દેવદ્રવ્ય જ હોવાથી તે ધાર્મિકદ્રવ્યમાંથી એક રાતી પાઈ ેટલું અલ્પ દ્રવ્ય પણ લઈ જવાનો અભિપ્રાય કોઈ પણ વ્યક્તિથી ર પાય જ નહિ. અભિપ્રાય આપનાર પોતાની જાત માટે ઉપયોગ કરે તો ઉત્કૃષ્ટ થી અનંત સંસાર વધે એમ માને છે. તો સીદાતા સાધર્મિ ોને સહાય કરવા માટે સ્વપ્નાદિના દેવદ્રવ્યનો ઉપયોગ કરવા મ ટે અભિપ્રાય આપવાથી અને સીદાતા સાધર્મિકો તે દેવદ્રવ્યનો ઉપયો ા કરાવવાથી દેવદ્રવ્યનું ભક્ષણ કરનારનો ઉત્કૃષ્ટથી અનંત સંસાર વધ શે તેનું શું ? ''કરણ કરાવણને અનુમોદન સરખા ફળ નીપજાવે.'' એ શાસ્ત્રીય વચન અનુસાર તો દેવદ્રવ્યાદિ ધાર્મિકદ્રવ્ય ભક્ષ નો, પ્રેરકનો, સમર્થકનો અને અનુમોદકનો ઉત્કૃષ્ટથી અનંત ંસાર વધે એવું શાસ્ત્ર વચન છે.

કોઈક માણસ એના કટોકટીભર્યા કપરા સમયમાં હૃદયદ્રાવિત કાકલૂદીભરી દી તા દાખવીને તમારી પાસેથી પચ્ચીશ હજાર (૨૫,૦૦૦) રૂપિ ા વ્યાજે લઈ ગયો. પૂર્વપુણ્યોદયે પાછળથી એના સંયોગો સુધરતાં પારમાં ફાવટ આવી, આજે એની પાસે લાખો રૂપિયા પહોંચે છે. પચ્ચીશ હજારમાંથી પચ્ચીશ નવા પૈસાયે દેવાની તત્પરતા નથી. રૂ ાયા ધીરનાર અનેકવાર ઉઘરાણી કરતાં, દેવાદાર કહે છે, કે તમો મ રા ગળે પડો છો. રૂપિયા કેવી અને વાત કેવી ? ત્યારે લેણદાર સા કાર ચોરે અને ચૌટે બેસીને કકળાટ કરે છે, કે

ફલાણાથી ખૂબ ચેતતા રહેજો. મારા પચ્ચીશ હજાર રૂપિયા ખાઈ ગયો. મારા પચ્ચીશ હજાર રૂપિયા ડુબાડી દીધા. દેવાદાર ક્યાં પચ્ચીશ હજાર રૂપિયા નાગરવેલના પાનબીડાની જેમ કે સોપારીના ટુકડાની જેમ ચાવીને ખાઈ ગયો છે ? ક્યાં રૂપિયા પાણીમાં ડુબાડ્યા છે ? તો પછી તમે ચોરે અને ચૌટે બેસીને એમ કેમ બોલો છો ? કે ફલાણો મારા ૨૫,૦૦૦ રૂપિયા ખાઈ ગયો. ડુબાડી દીધા. તમે ક્યારે દેવાદારના ગળા પડવાનો પ્રયાસ કર્યો ? કે દેવાદારને એમ કહેવું પડ્યું કે ''તમે મારા ગળે પડો છો.'' લોકવ્યવહારમાં એ જ રીતે બોલાય છે. એ જ પ્રમાણે દેવદ્રવ્યના મકાન આદિના ભાડાની કે અન્ય કોઈપણ પ્રકારની ઊપજને ઓળવે, દેવદ્રવ્ય બોલીને ન આપે, અથવા દેવદ્રવ્યની રકમ સાધારણ આદિ બીજા ખાતામાં લઈ જાય, તો એ સર્વસ્વને અનન્તજ્ઞાની ભગવન્તો દેવદ્રવ્યનું ભક્ષણ જ કહે છે.

## પુણ્યવન્તોની ભવ્ય ભાવના

વૈયક્તિક જિનમન્દિરો નિર્માણ કરાવનાર અનેક પુણ્યવન્તો જે સમયમાં સુલભ હતાં, તે સમયમાં જિનાલયાદિના નિભાવવી અને અષ્ટપ્રકારી પૂજા સેવા ભક્તિ આદિ પૂજન સામગ્રી પૂર્ણ કરવાની સમસ્ત કર્ત્તવ્યતા જિનમન્દિરનિર્માતા સ્વયં સ્વીકારી લેતા અને વૈયક્તિક જિનાલય નિર્માણ કરાવવા જેટલા આર્થિકસ્થિતિએ સમ્પન્ન ન હોય, તેવા ઉત્તમ વિવેકી પુણ્યવન્તોના પવિત્ર હૈયે પણ એક વાત તો સો એ સો ટકા વસેલી જ હતી, કે પરમ બહુમાનપૂર્વક ન્યાયોપાર્જિત સ્વદ્રવ્યથી પ્રતિદિન શ્રી જિનેન્દ્ર પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા કરવી જોઈએ, પર્વ મહાપર્વાદિના પુણ્ય પ્રસંગે મહાપૂજાઓ અને પરમાત્માના અંગ ઉપર ભવ્ય અંગરચનાઓ અવશ્યમેવ રચાવવી જોઈએ. પ્રતિદિન સુપાત્રદાન દેવું જ જોઈએ,

પ્રતિદિન પ્રતિક્રમણાદિ સૂત્રોની બેચાર ગાથા કંઠસ્થ કરવી જોઈએ. અનન્ત પરમ તારક શ્રી જિનાગમના અલ્પમાં અલ્પ એક બે પાના લખવા લખાવવારૂપ શ્રી સમ્યક્શ્રુતજ્ઞાનની ભક્તિ કરવી જ જોઈએ. પ્રતિદિન પરમ પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજનું ભક્તિપૂર્વક વૈયાવચ્ચ કરવું જ જોઈએ. પ્રતિદિન ગુણાધિક પૂજ્યશ્રી સંઘનું સાધાર્મિકવાત્સલ્ય કરવું જ જોઈએ. પ્રતિદિન અનુકમ્પાક્ષેત્રે દીન દુ:ખી, રોગી અપંગ, પીડિત આદિ અનુકમ્પ્યોની વિવેકપૂર્વક ઉચિત સારસંભાળ લેવી જ જોઈએ. પ્રતિદિન કીડી, મકોડા, પશુ-પક્ષી આદિ મૂક જીવોની રક્ષા કરવી જ જોઈએ. એવી અટળ ભાવના હતી, અને શક્ય તેટલું સદ્ભાવનાપૂર્વક કરતા પણ હતા. આ વાત સુખીસમ્પન્ન સુશ્રાવકોની થઈ.

વિદેશી શ્વેત પાશ્ચાત્યોએ આર્ય ભારતીયોના આનુવંશિક વાણિજ્ય વ્યવસાયોના ચાલ્યા આવતા માળખાને ખોરવી નાંખવા પૂર્વક છિન્નભિન્ન કરી નાંખીને આર્ય ભારતીયોને ભયંકર કટોકટીભરી કફોડી પરિસ્થિતિમાં મૂકી દીધા. જેના કારણે મોટા ભાગના આર્ય ભારતીયોને દૈનિક જીવન નિર્વાહનો અને અવસરે કરવા પડતા અનિવાર્ય વ્યવહારોનો પ્રશ્ન ખૂબ જ સતાવવા લાગ્યો. તેની કલ્પી ન શકાય એવી ભયંકર અનિષ્ટ અસર, તો એ થઈ, કે સીદાતા સાધર્મિકોને તો મોતનો કૂવો દેખાવા લાગ્યો. એમની જીવનનૌકા તો જીવન મરણ વચ્ચે ઝોલા ખાવા લાગી. એવી કટોકટીભરી વિકટ પરિસ્થિતિમાંથી પસાર થતાં સીદાતા સાધર્મિકોથી સ્વદ્રવ્યથી શ્રી જિનેન્દ્ર પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા સેવા ભક્તિ થવી અશક્ય પ્રાયઃ બની. એવા સીદાતા સાધર્મિકો પણ શ્રી જિનેન્દ્ર પરમાત્માની પૂજા સેવા આદિના અચિન્ત્ય લાભથી વંચિત ન રહે, પણ એ જ સીદાતા સાધર્મિકોથી પણ શ્રી જિનેન્દ્ર પરમાત્માની સેવા આદિનો અચિન્ત્ય લાભ પ્રતિદિન સહર્ષ લેવાતો રહે, અને સીદાતા

સાધર્મિકો પણ પુણ્યાનુબંધિપુણ્યના પરમ અધિકારી બને, એવી પરમ ઉદારતાભરી ગુણાનુરાગવાળી અનુમોદનીય સદ્‌ભાવનાથી પ્રેરાયેલ પરમશ્રદ્ધાશીલ-સુવિવેકી-સદાચાર શીલ સમ્પન્ન-સદ્‌ગુણાનુરાગી-ન્યાયસમ્પન્નવિભવયુક્ત-પરોપકાર પરાયણ-તેમ જ ધર્મ આરાધના આદિ અનેકવિધ ઉત્તમકોટીના સુસંસ્કારોથી સુસંસ્કારિત ધનવૈભવાદિથી સુસમ્પન્ન સાધર્મિકોએ પરમ પ્રશસ્ય પુણ્યાનુબંધિપુણ્યના પરમ અધિકારી બનાવે તેવી સ્વોપાર્જિત સુલક્ષ્મી સીદાતા સાધર્મિકો પરમાત્માની પૂજા સેવાનો લાભ લઈ શકે, તેટલા પ્રમાણની સામગ્રીનો પ્રબંધ કરવા માટે જેટલા ધનની અપેક્ષા હોય, તેટલું ધન શ્રીસંઘના કાર્યકર્ત્તાઓને પરમ બહુમાનપૂર્વક અર્પણ કરીને બદ્ધાંજલિ નતમસ્તકે પરમ વિનમ્રભાવે શ્રી સંઘના કાર્યકર્ત્તાઓને વિજ્ઞપ્તિ કરતા હતા કે ભવિષ્યમાં જ્યારે પણ શ્રી જિનેન્દ્ર પરમાત્માની પૂજા સેવાદિ ભક્તિનો લાભ લેવાનો પુણ્ય સુઅવસર ઉપસ્થિત થાય. ત્યારે (આપ શ્રીમાન્) અમ જેવા આ પામર સેવકો ઉપર અનુગૃહીત થઈને એ લાભ અમને અચૂકથી આપવા કૃપા કરશોજી.

સીદાતા સાધર્મિકો પૂજા સેવા આદિનો લાભ લઈ શકે, તે માટે પ્રાપ્ત થયેલ રકમથી કાર્યકર્ત્તાઓ પૂજા સેવા આદિની સામગ્રીનો સુપ્રબંધ કરતા કરાવતા હતા. પ્રબંધિત સામગ્રીથી સીદાતા સાધર્મિકો પરમાત્માની પૂજા સેવા ભક્તિ આદિનો લાભ અચૂક લેતા હતા.

ગત કોઈક ભવમાં મોહ અને અજ્ઞાનવશ બંધાયેલ અન્તરાય અને અશાતાવેદનીય આદિ અશુભકર્મો ઉદયમાં આવવાથી વાણિજ્ય વ્યવસાયોથી થવો જોઈતો આર્થિક લાભ તો થતો ના હતો. તેમાં વિદેશી શ્વેત પાશ્ચાત્યોએ આનુવંશિક આજીવિકાના સાધનો અર્થાત્ ઉપાયો છિન્નભિન્ન કરીને રહ્યાસહ્યા વ્યવસાયના ગળામાં અનેકવિધ અસહ્ય કરોનો ગાળીયો નાંખીને આજીવિકાને મરણતોલ

ફટકો મારવાનું મહાનિન્દનીય હીણું કામ કર્યું. તેના કારણે સમૃદ્ધ વ્યવસાય સમ્પન્ન પરમ સુસજ્જનોના વ્યવસાયો મોળા પડ્યા. તેના કારણે વાર્ષિક આવક ઉત્તરોત્તર ઘટવા લાગી. અને વિદેશીઓ દ્વારા ઉત્તરોત્તર એક પછી એક નંખાયેલ અસહ્ય કરોના કારણે પ્રત્યેક વસ્તુઓના મૂલ્યમાં વધારો થતો રહેવાથી દૈનિક આજીવિકામાં અને કરવા પડતા લૌકિક-સામાજિક-કૌટુમ્બિક-પારિવારિક અને સગાસમ્બંધીઓ આદિના કરવા પડતા વ્યવહારમાં ધન વ્યયનો અસહ્ય ભાર (બોજો) વધવાથી પરંપરાથી ચાલી આવતી સ્થિતિ સમ્પન્નતામાં ઘટાડો થવા લાગ્યો. મધ્યમ સ્થિતિવાળા માંડ માંડ જીવનનિર્વાહ કરવા લાગ્યા. અને સાવ કનિષ્ઠ સ્થિતિવાળા સીદાતા જૈન-અજૈનોની સ્થિતિ તો હાથ પગ હલાવીને એટલે હાથપગ ઊંચા નીચા કરીને સાગરને તરીને પાર કરવા જેવી પરમ વિકટ બની.

એવી વિકટ પરિસ્થિતિમાં મુકાયેલા સીદાતાઓના પૂર્વના અન્તરાયાદિ અશુભ પાપકર્મના ઉદયથી સીદાતાઓને પ્રાયઃ ધર્મ કરવો ન રુચે, અથવા ધર્મ કરવો ઓછો રુચે. અને ધનાદિ મેળવવા ખોટાં હવાતિયાં મારે, તો પણ પૂરું ન થવાથી ધનાદિ મેળવવાની (તમન્નાથી) પાપકર્મો બંધાય તેવી પાપ પ્રવૃત્તિ કરવા મન લલચાય છે. વિદેશી શ્વેત પાશ્ચાત્યોને તો એટલું જ જોઈતું હતું અને આજે પણ એવું જ અને એના કરતાં યે ભયંકર પાપવાળી પ્રવૃત્તિ કરવા લલચાય તે વિદેશીઓને ખૂબ ગમે છે.

આજીવિકા ભંગાઈને છિન્નભિન્ન થવાથી જીવનનિર્વાહ પ્રશ્ને ભયંકર મૂંઝાયેલ આર્યભારતીયોની સમક્ષ વિદેશી શ્વેત પાશ્ચાત્યોએ વિદેશી પેઢીઓ (કંપનીઓ) અને બેંકો આદિ સ્થાપીને એવું ઘોષિત કર્યું કે ઈંગ્લિશ ભણ્યા હશે તેમને વિદેશી પેઢીઓ અને બેંકો આદિમાં નોકરીઓ મળશે.

અનંતકાળ પર્યન્ત આત્માની ભયંકર રીતે સર્વતોમુખી ઘોર ખોદાતી રહે તેવા કાતિલ વિદેશી કુશિક્ષણના મૂળમાં રહેલ અગણિત દુર્ગુણોને ઈંગિતમાત્રમાં જાણી શકાય તેવી ઊંડી તલસ્પર્શી કોઠાસૂઝ ધરાવનાર આર્ય ભારતીયોના સુપવિત્ર હૈયે તો સચોટપણે વસેલું હતું, કે વિદેશી કુશિક્ષણ પ્રાણાન્તે પણ ન લેવાય, અને સન્તાનો આદિને ન લેવા દેવાય.

વામાંગના અને વારાંગનાઓ સાથે ગાઢ પરિચય અને તેમની સાથે નિઃસંકોચપણે નિર્લજ્જ વ્યભિચારનું બેફામ સેવન-અનીતિ-અન્યાય-અસત્ય-અશ્રદ્ધા-અવિવેક-અવિનય-અસન્તોષ-અધર્મ-દમ્ભ-છળ-પ્રપંચ-સ્વાર્થ-હિંસા-ક્રૂર-હત્યા-માંસાહાર-મદ્યપાન અને વામમાર્ગ આદિ અગણિત કુસંસ્કારોને નિરંતર ઊભરાતા રાખે તેવા દુર્ગુણોની જનેતા એટલે તેનું બીજું નામ છે ''વિદેશી કુશિક્ષણ''.

મહા-અભિશાપરૂપ વિદેશી કુશિક્ષણ કોઈ રીતે ન લેવાય, અને ન કોઈને લેવા દેવાય એવી દૃઢ અટળ માન્યતા ધરાવતા હોવા છતાં જીવનનિર્વાહ અંગેનો આજીવિકાનો પ્રશ્ન વિદેશીઓએ એટલો બધો જટિલ અને કપરો બનાવી દીધો, કે આ-જીવિકાનો અન્ય કોઈ ઉપાય ન રહેવાથી વિદેશી પેઢીઓ અને બેંકો આદિમાં વૃત્તિ (નોકરી) મેળવવા માટે સુજ્ઞ આર્ય ભારતીયોએ અનિચ્છાએ પણ સ્વસન્તાનોને પાશ્ચાત્ય પદ્ધતિનું વિદેશી કુશિક્ષણ લેવા માટે હાઈસ્કૂલો અને કૉલેજો આદિમાં મોકલાવવાનો પ્રારંભ કર્યો. આજે તો એ શિક્ષણનું અક્ષમ્ય મહાપાપ ફૂલી ફાલીને એટલો બધો કાળો કેર વર્ત્તાવ્યો છે, કે આર્ય ભારતીયોના જીવનમાં દેખાતી દિવ્યતા અને અમૃતમય આર્યતાનું ઓજસ ઓસરતું ગયું. અને અનાર્યતાનો અનાદી અંધકાર ઊભરાતો ગયો. વિદેશી શ્વેત પાશ્ચાત્યો એટલાથીયે ન ધરાયા. એ તો એમને સાવ ઓછું પડ્યું.

આર્ય ભારતીયોનો ''શત-સહસ્ર-ધા સર્વતોમુખી વિ-નિપાતઃ'' અર્થાત્ ચારે બાજુથી અધઃપતન થવું તો ત્યારે જ સંભવ, અને સુશક્ય બને, કે જ્યારે આર્યભારતીય સુપવિત્ર સન્નારીધન બાલ્યકાળથી જ પરપુરુષના સહવાસમાં રહીને પરપુરુષ સાથે નિઃસંકોચપણે હરવા ફરવાની અને ખાવા પીવા આદિની અણછાજતી છૂટો લેતું રહે, તો યે આર્ય ભારતીય કન્યાઓને એમ ન લાગવું જોઈએ કે અમે પરપુરુષના સહવાસમાં રહીને ખોટી પ્રવૃત્તિ કરી રહ્યા છીએ. એવું નિષ્ઠુર અને ઉદ્દંડ આર્ય ભારતીય નારીઓ બને તો જ આર્ય ભારતીયોનું અધઃપતન થાય.

હે પરમાત્મન્ ! આ દૃશ્ય વિશ્વમાં વિદેશી શ્વેત પાશ્ચાત્યોના જેવી મહાક્રૂરતાપૂર્ણ કિલષ્ટ દુર્ભાવના ધરાવનાર પ્રાયઃ અન્ય કોઈ પણ નહિ હોય. સત્ય-સદાચાર-સદ્ગુણાનુરાગ-શ્રદ્ધા-દયા-દાન-અનુકમ્પા-સરળતા-નમ્રતા-ઉદારતા-સહિષ્ણુતા સભ્યતા સજ્જનતા આદિ સર્વસ્વ સદ્ગુણો પ્રત્યે પરમ આદર અને શક્ય તેટલી સદ્ગુણોની આચરણાપૂર્વક જીવન જીવનાર પુણ્યઆત્માઓ તો એમ જ માને અને વિચારે કે શઠાત્માઓ શેઠ અને શેઠમાંથી સંતો અને મહંતો થવા જોઈએ, પણ શેઠમાંથી શઠ તો, ન જ થવા જોઈએ. દુર્જનો સજ્જનો થવા જોઈએ, પણ સજ્જનો દુર્જનો તો ન જ થવા જોઈએ. ધૂર્તાત્મા ધર્માત્મા થવા જોઈએ, પણ ધર્માત્મા ધૂર્તાત્મા તો ન જ થવા જોઈએ. પાપાત્મા પુણ્યાત્મા થવા જોઈએ, પણ પુણ્યાત્મા પાપાત્મા તો ન જ થવા જોઈએ. નિર્દયી દયાળુ થવા જોઈએ. પણ દયાળુ નિર્દયી તો ન જ થવા જોઈએ. દુર્ગુણી સદ્ગુણી થવા જોઈએ, પણ સદ્ગુણી દુર્ગુણી તો ન જ થવા જોઈએ. ઉદાર હોવા જોઈએ પણ ઉડાઉ તો ન જ હોવા જોઈએ.

એકમાત્ર વિદેશી શ્વેત પાશ્ચાત્યો વિના અન્ય સર્વ ધર્મના અનુયાયીઓના હૈયામાં ઓછા વત્તા અંશે સત્ય સદાચાર આદિ સદ્ગુણોઆ પ્રત્યે પ્રીતિ અને ભક્તિ હોય છે.

વિદેશી શ્વેત પાશ્ચાત્યો કદાચ વાંધો ઉઠાવે, કે સત્ય અને સદ્‌ગુણો પ્રત્યે અમારા હૈયામાં સદ્‌ભાવપૂર્ણ આદર સત્કાર છે, કે નહિ ? તેનો નિર્ણય અને અભિપ્રાયઃ તમે શી રીતે આપી શકો ? આ અભિપ્રાય મારો એકાકીનો છે એમ ન માનશો. આર્યસંસ્કૃતિ અને ધર્મસંસ્કૃતિથી સુસંસ્કારિત સુસજ્જન આર્યભારતીયમાત્ર મહદંશે એવી જ માન્યતા ધરાવતા હોય છે કે અભિપ્રાય સત્ય છે, કે અસત્ય તેની પ્રતીતિ કરવા માટે ક્યાંય જવું પડે તેમ નથી. જેમના હૈયે નિરંતર મહાસ્વાર્થાન્ધતા ખદબદતી હોય, તેઓ કદાપિ સત્ય અને સદ્‌ગુણોના પક્ષકાર હોઈ શકતા નથી. સત્ય અને સદ્‌ગુણોના પક્ષકારે આકાશ જેટલા અસીમ મહાસ્વાર્થને તિલાંજલિ આપીને સદાને માટે અલવિદા કરવા પડે છે. તમે વિદેશથી ભારતમાં આવ્યા ત્યારથી આજ દિન પર્યન્તમાં નાનામાં નાની સ્વાર્થ સાધવાની એકપણ તક જતી કરી નથી. અને સ્વાર્થ સાધતાં વિઘ્નરૂપે જે કોઈ વચ્ચે આવે, તેનો ખાતમો બોલાવવામાં યે પાછું વાળીને જોયું નથી. એ તમારી કાચી ડાળી કાર્યવાહીથી તમે વિશ્વના સુસજ્જનોની દૃષ્ટિમાં તમે મહાસ્વાર્થાન્ધ દુર્જ્જન અને ધૂર્તશિરોમણિરૂપે કહે, તે તમને અસહ્ય કંઠે છે. તો પણ તમારે સ્વાર્થાન્ધતા દુર્જ્જનતા અને ધૂર્તતા છોડવી નથી, અને તમને સ્વાર્થાન્ધ આદિ કહે તે ગમતું નથી. એટલે તમે નિઃસ્વાર્થી સજ્જન અને ધર્મશિરોમણિ આર્ય ભારતીયોનો સર્વતોમુખી વિ-નિપાત (અધઃપતન) થાય, એવા સંયોગોમાં મૂકી દેવા, જેથી અમને (વિદેશી શ્વેતપાશ્ચાત્યોને) આર્ય ભારતીયો સ્વાર્થાન્ધ આદિ ન કહી શકે, અને આર્ય ભારતીયો સદાને માટે ખુવાર થતા રહે. તેવાં કુસંસ્કારોથી સદાય ખદબદતું પાશ્ચાત્ય પદ્ધતિનું કુશિક્ષણ લેવાનું આર્ય ભારતીયો માટે અનિવાર્ય બનાવ્યું. ભારતમાં તો ઘરે ઘરમાં દેવ જેવા દયાળુ, અને સંત જેવા સુસજ્જન સંતાનો હતા. પાશ્ચાત્ય પદ્ધતિના કુશિક્ષણના મહાપાપે

કાળક્રમે દેવ જેવા સુસંતાનોમાંથી સુસંસ્કારોના અમૂલ્ય વારસો અદૃશ્ય થતા ગયો, અને તેના સ્થાને ભણાવવા બહાને તેર વર્ષનો નિરંતરનો સહવાસ થતાં વિજાતિની કામણગારી કમનીય કાયાનું ભૂત આયે મન ઉપર સ્વાર થઈને મનને એટલું બધું નિરંકુશિત બનાવીને બહેકાવ્યું છે, કે તેના અનિચ્છનીય અનિષ્ટ પરિપાકરૂપ આજ દિન પર્યન્ત તન અને મનનું ઘમ્મર વલોણું થતું જ રહ્યું છે. અવિવાહિત અવસ્થામાં જ પરસ્પર બંધાતા દેહના સંબંધોનું મહાપાપ વામમાર્ગીઓના પાપને પણ લજ્જવે તેવું ઘોરાતિઘોર મહા-અનિષ્ટ અને અમર્યાદિત બન્યું છે. બોલો વિદેશીઓ એથી વિશેષ તમારે બીજી કઈ પ્રતીતિ જોઈએ છે ? વામમાર્ગીઓના પાપને લજજવે તેવું વિદેશી કુશિક્ષણ લેવાથી જીવનમાં પાંગરેલ પાપના કારણે હિતાહિત સારાસાર લાભાલાભ સત્યાસત્યનો નિર્ણય કરવાની ખાઈ બેઠેલ શક્તિવાળા આર્ય ભારતીય યુવકોને ભણેલી કન્યાનો સાવ ખોટી રીતનું અને ઘેલું લગાડીને બેફામ બહેકાવવાથી આર્ય ભારતીય યુવકો પણ ઓ વિદેશીઓ ! તમારી સાવ ખોટી ઉપજાવી કાઢેલ વાતોમાં યે લોલે લોલ કરવા લાગ્યા, સમસ્ત માનવ જાતમાંથી જે કોઈ તમારી માન્યતા અને રીતભાત પ્રમાણે ન વર્તે, તે સર્વસ્વને સુસંસ્કારોથી અને સદ્ગુણોથી સદાને માટે ભ્રષ્ટ કરવા. એ તો જાણે તમારો જન્મસિદ્ધ વંશવારસાનો મુદ્રાલેખ જ ન હોય, એવું તમારું મહાદંભપૂર્ણ સ્વાર્થાન્ધ વલણ અને વર્તન પ્રત્યક્ષ દેખાઈ રહ્યાં છે. એથી વિશેષ બીજી તમારે કઈ પ્રતીતિ જોઈએ છે ?

ઓ ભડામાર વિદેશીઓ ! હું તમને પૂછું છું, કે ગર્ભકાળથી જેમનું જીવન પરમ આદર્શ સુસંસ્કાર સુમનોની સુમધુર સુવાસથી સદાય સુવાસિત હોવાના કારણે સદાચાર એ જ જીવન, એ જ પ્રાણ, એ જ સર્વસ્વ એવી અકાટ્ય શ્રદ્ધાપૂર્વકની સચોટ માન્યતા ધરાવનાર,

અને ઈંગિત (અણસાર) માત્રમાં હિતાહિત અને સારાસારનો સચોટ નિર્ણય કરી શકે તેવી ઊંડી તલસ્પર્શી કોઠાસૂઝ જેમના લોહી, હાડમાંસના અણુએ અણુમાં વસેલી છે, એવી સુસંસ્કારી પરમ સુકુલીન આર્ય ભારતીય સુજ્ઞ સુકન્યાઓમાં તમને કઈ અભણતા દેખાણી ? કે તમે આર્ય ભારતીય સુજ્ઞ સુકન્યાઓને અભણ કહીને એ સુજ્ઞ સુકન્યાઓના મસ્તકે અણછાજતું ભયંકર કલંક ચઢાવવાનું અક્ષમ્ય દુસ્સાહસ કર્યું ?

સુજ્ઞ આર્ય કન્યાઓ અભણ હતી જ ક્યારે ? અભણ હતી જ નહિ તથાપિ ભારતીય સુકન્યાઓને અભણ કહીને સુકન્યાઓને ભણાવવી જ જોઈએ એવો મિથ્યા પ્રચાર કલ્પાન્તકાળના એટલે પ્રલયકાળના ઝંઝાવતી પ્રચંડ વાયુની જેમ કરવા લાગ્યા એ ઉપરથી મને તો ભાસે છે, કે પરમ આદર્શ સદાચાર એ જ જેમની જીવનનૌકા ધ્રુવતારક, એ જ જેમના જીવનમસ્તકનો મુગટમણિ. સદાચાર પ્રત્યે એવી ઉદાત્ત સદ્‌ભાવના ધરાવનાર એવી સુજ્ઞ આર્ય સુકન્યાઓને અભણ કહેનારા મહામૂર્ખ અને પરમ અભણ છે.

કોઈ પણ ગુણાનુરાગી આર્યભારતીય સુજ્ઞજન સુકન્યાઓને માટે "સુજ્ઞ સુકન્યાઓ" જેવા સન્માનનીય શબ્દોથી સન્માનવાનો, સુભદ્ર ઉચિત વ્યવહાર કરેલ છે. પણ ઘૃણાસ્પદ અપમાન અને તિરસ્કારજનક "અભણ" જેવા તુચ્છ શબ્દનો અભદ્ર કુવ્યવહાર કરવાનું અક્ષમ્ય દુસ્સાહસ તો એકમાત્ર તમે વિદેશી શ્વેત પાશ્ચાત્યોએ જ કરેલ છે. એટલે વિદેશી શ્વેત પાશ્ચાત્યોને) આહ્‌વાન કરું છું કે "સુજ્ઞ આર્ય સુકન્યાઓ અભણ ક્યારે અને કઈ રીતે હતી ? તે ધર્મગ્રન્થોના શાસ્ત્રીય સાક્ષી પાઠોના પુરાવાઓ અને પ્રાચીન મૌલિક ઈતિહાસના ઉલ્લેખોના પુરાવાઓ આપીને સિદ્ધ કરી આપો, સિદ્ધ કરવા અસમર્થ હો, તો નીચે પ્રમાણે લેખિત નિવેદનથી ઘોષિત કરીને ક્ષમા યાચના કરો.

## ક્ષમા યાચના

સુપવિત્ર આર્યભારતીયો સર્વતોમુખી છિન્નભિન્ન થઈને નષ્ટ ભ્રષ્ટ થાય, તે માટે સુપવિત્ર આર્યભારતીય સન્નારીધન સદાચારથી સ્વયં ભ્રષ્ટ થાય, તે પરમ અ-નિવાર્ય છે. સ્વયં ભ્રષ્ટ થવું ત્યારે જ શક્ય બને, કે બે ત્રણ વર્ષની લઘુવય જેટલા બાલ્યકાળથી કન્યાઓ પરપુરુષના સહવાસમાં રહેવાનો પ્રારંભ કરીને વીશ-બાવીશ વર્ષની ભરયુવાવસ્થાએ પહોંચે ત્યાં સુધી પરપુરુષનો સહવાસ રહે, તો ક્ષોભ કે સંકોચ વિના પુનઃ પુનઃ પરપુરુષના દેહની સાથે સંબંધ બંધાતો રહે, સદાચારથી સ્વયં ભ્રષ્ટ થતી રહે, અને વ્યભિચારનું અક્ષમ્ય મહાપાપ સેવાતું રહે. એ આશયથી આર્ય ભારતીય કન્યાઓ અભણ છે. તેમને ભણાવવી જોઈએ. તેમજ ઈંગ્લીશ શિક્ષણ લીધેલ યુવકોને બહેકાવ્યા, કે ભણેલી કન્યા હોય તો જ લગ્ન ગ્રંથિથી જોડાવવું એ રીતે મિથ્યા પ્રલાપ અને પ્રચાર કરેલ એ અમારો અક્ષમ્ય અપરાધ છે તેની અમે (વિદેશી શ્વેત પાશ્ચાત્યો) ક્ષમા યાચીએ છીએ.

ઓ વિદેશીઓ ! તમે ક્ષમા યાચના નહિ કરો, તો હું એમ જ માનીશ, કે તમારા કાળમીંઢ પાષાણ હૈયે બધું જ કાળું, એટલે તમારા હૈયે ભડભડતી આગ જેવા અસૂયા અગ્નિ, સત્ય અને સદાચારનો સંહાર, અસત્ય અને અનાચારને આવકાર, ધર્મને ધિક્કાર અને અધર્મને અધિકાર. પુણ્યનો પ્રતિકાર અને પાપને પુરસ્કાર આદિ જેવા અનેક દુર્ગુણોથી ઊભરાતા મહાપાપમય તમારા ગોરખધંધાથી તમારું હૈયું ખદબદી રહ્યું છે. એવું અનુમાન કોઈ પણ વ્યક્તિ કરી શકે. એટલે જ મેં તમને જે જે વિશેષણોથી નવાજ્યા છે, તે અતિ ઊંડાણથી સમજી વિચારીને નવાજ્યા છે. એટલે હું પહેલાં જણાવી ગયો, કે એકમાત્ર વિદેશી શ્વેત પાશ્ચાત્યો વિના અન્ય સર્વધર્મના

અનુયાયીઓના હૈયામાં અલ્પાધિક અંશે સત્ય સદાચાર સદ્‌ગુણો અને સદ્‌ગુણીઓ પ્રત્યે પ્રીતિ અને ભક્તિ હોય છે.

પાશ્ચાત્ય કુશિક્ષણથી અભિભૂત થયેલ અને વિદેશી શ્વેત પાશ્ચાત્યોના વાહયિાત અને ભ્રામક મિથ્યા પ્રચારથી ભ્રમિત થયેલ ભારતીય યુવકોએ કન્યા તો ભણેલી જ હોવી જોઈએ એવો ભયંકર પ્રચંડ ઉપાડ લીધો. એટલે કન્યાઓનાં મા-બાપોએ નિરુપાયે અને દુઃખિત હૈયે કન્યાઓને પરપુરુષનો સ્પર્શ સંસર્ગ સહવાસ સહજ રીતે થતો રહે તેવાં અનિચ્છનીય બાળમંદિરો સ્કૂલો, હાઈસ્કૂલો અને કોલેજો આદિમાં ભણવા ભણાવવાના નામે મોકલવાનો પ્રારંભ કર્યો. તેનાં ભયંકર અનિષ્ટ પરિણામો કેવાં છે, તે તો આજે આપણે સહુ પ્રત્યક્ષ અનુભવી રહ્યા છીએ.

બાલ્યકાળથી જ વિજાતિનો પરસ્પર સહવાસ અનિષ્ટ બનવા લાગ્યો. કાળાન્તરે બાલ્યકાળમાંથી તરુણ અવસ્થામાં અને તરુણ અવસ્થામાંથી યુવાની ઉંબરે પહોંચતાં જ અંગ, ઉપાંગોમાં થતાં પરિવર્તનોથી યુવક યુવતીઓના હૈયામાં પરસ્પર રૂપ રંગનું આકર્ષણ વધ્યું, અને કમનીય કાયાઓનું કામણ ઘોડાપૂરે ઘુઘવાટ કરવા લાગ્યું. તેના કારણે કામનો આવેગ નાથી ન શકાય તેવો નિરંકુશિત બન્યો.

પરસ્પર દેહ સંબંધ બાંધવા પૂર્વક વ્યભિચાર સેવીને સદાચારથી સર્વતોમુખી ભ્રષ્ટ થવા માટે જાણે આ બધું સાવ ઓછું પડ્યું હોય, એટલે તેની પૂર્તિ માટે જ જાણે ન હોય, તેમ તન અને મન બહેલાય તેવા નારીઓના ચિત્તાકર્ષ ગોપનીય અંગ-ઉપાંગોનું ઉઘાડું દર્શન પ્રદર્શન થતું રહે, તેવાં નગ્ન-અર્ધનગ્ન દૃશ્યોવાળાં ચલચિત્રો જોવા મળે, તેના કારણે કામનો આવેગ તીવ્ર બનીને મન ઉપર સ્વાર થાય છે. તેના કારણે અભિભૂત થયેલ વિવેકભ્રષ્ટ લાભાલાભ કે

હિતાહિતનો વિચાર કર્યા વિના એકાન્ત મળતાં જ વિજાતીય સાથે વ્યભિચારનું અક્ષમ્ય મહાપાપ સેવન કરવા તનને ઉત્સાહિત કરે છે. પછી તો મનપ્રેરિત તન આત્માની અધોગતિ થાય, તેવી ભયંકર ઘોર ખોદાય તેવું, વ્યભિચારનું અક્ષમ્ય મહાપાપ સેવવાનો દાટ વાળવામાં શું કચાસ રાખે ? કંઈ કચાસ ન રાખે.

હું વર્ષોથી કહેતો અને લખતો આવ્યો છું, કે પરમાત્માની પૂજા સેવા કે તીર્થયાત્રાદિ જેવા ધાર્મિક પુણ્યપ્રસંગે પણ સદાચાર સમ્પન્ન પોતાની પવિત્ર કાયાને પરપુરુષનો સ્પર્શ સંઘટ્ટો તો દૂર રહ્યો. પણ પિતાશ્રી કે યુવાન ભાઈ ભત્રીજા આદિ જેવાં સાવ નિકટના કૌટુમ્બિક પુરુષોનો પણ સ્પર્શ સંઘટ્ટો ન થઈ જાય, તે માટે શક્ય તેટલો પૂર્ણ ઉપયોગ રાખનાર, અને અજાણતાં પણ ઉક્ત કૌટુમ્બિક સ્પર્શ સંઘટ્ટો થઈ જાય, તો યે ક્ષોભ સંકોચ અનુભવે, એવું પરમ પવિત્ર સદાચાર સમ્પન્ન આર્ય ભારતીય સન્નારીધન વિદેશી શ્વેત પાશ્ચાત્યોના આગમન પહેલાં હતું. એવું પરમ પવિત્ર આર્ય સન્નારીધન સ્વયં સદાચારથી સર્વતોમુખી ભ્રષ્ટ થતું રહે, તે માટે કન્યાઓને ભણાવવાના કપોલકલ્પિત બહાના હેઠળના કૌટિલ્યસાગર વિદેશી શ્વેત પાશ્ચાત્યોએ ઊભા કરેલા અનેક ષડ્યંત્રોમાંનું એક ષડ્યંત્ર જ છે.

અવિવાહિત-કૌમાર્ય અવસ્થાપર્યન્ત તો કોઈ પણ રીતે કોઈનીયે સાથે કાયાનો સંબંધ તો બાંધી જ ન શકાય, એવી અટળ માન્યતાપૂર્વક સદાચારસેતુની મર્યાદા પાળવા સદાય કટિબદ્ધ રહેનાર આર્યભારતીય સંતાનોના પવિત્ર હૈયે તો સદાચારની સુવાસ જ હતી. પણ બાર-તેર વર્ષના વિજાતિના સહવાસથી વિસ્ફોટક અગનગોળા જેવા નિરંકુશિત બનેલ કામાવેગો અનાચાર સેવનના મહાપાપમાં પ્રવર્ત્તાવ્યા. અનાચારના અક્ષમ્ય મહા પાપ સેવનથી હૈયું નિર્લજ્જ- નીંભર-નિષ્ઠુર-નિર્દય-નિરંકુશ અને ધૂર્ત બન્યું. તેના કારણે

જીવન અનેક અનિષ્ટ દુર્ગુણો અને કુસંસ્કારોથી સદાય ઊભરાયેલું રહે છે. અનાચારના પાપ સેવનથી તન, મન અને ધનથી પારાવાર ખુવાર થવું પડ્યું છે, એ પાપ સેવનથી આકરી શિક્ષા સહન કરવા તત્પર રહવું પડે છે. એટલે જ પરમાત્માએ કહ્યું છે કે "**स्वदार-सन्तोषी जीवो लभते लक्ष्मीः**" સ્વપત્નીમાં સંતોષ રાખનાર પુણ્યવંતોને લક્ષ્મી અનાયાસે પ્રાપ્ત થતી રહે છે. પરમાત્માની એ આજ્ઞા ઉપરથી ધ્વનિત થાય છે, કે જીવોએ નિરાગી રહેવું હોય, પૈસે ટકે દુઃખી ન થવું હોય, અને ધનથી સમૃદ્ધ રહેવું હોય, તો એ કૌમાર્ય અવસ્થા પર્યન્ત તો બ્રહ્મચર્ય અવશ્ય પાળવું અ-નિવાર્ય છે.

વ્યભિચાર સેવનના અક્ષમ્ય મહાપાપથી પુણ્યની પારાવાર ખુવારી થાય છે અને અન્તરાય તેમ જ અશાતાવેદનીય આદિ અશુભ (પાપ) કર્મો અતિચીકણા બંધાતા રહે છે. તેના કારણે આર્થિક સ્થિતિ અતિગંભીર અને દુર્બળ બને છે કાયામાં અનેક અસાધ્ય રોગો આગ વમતા જ્વાળામુખી પર્વતની જેમ ફાટી નીકળે છે. દિન-પ્રતિદિન ધર્મશ્રદ્ધા અને ધર્મ આરાધનાનું સુરક્ષક બળ ઘટતું જાય છે, અને અધર્મનું આસુરી બળ વધતું જાય છે. તેના કારણે સર્વતોમુખી નાશીપાશ થવાય તેવી તન, મન અને ધનની પ્રતિકૂળતાવાળી પરિસ્થિતિ સર્જાતી રહે. તો પણ બ્રહ્મચર્ય પાળવાનું મન ન થાય. અને ઉપરથી વિષયવાસનાનો અતિરેકમાં વધારો થવાના કારણે અબ્રહ્મ અધિક સેવાતો રહે છે. એ રીતે સેવાતાં અનેક મહાપાપોના કારણે પુણ્યબળ ઘટતું જાય છે, અને દુઃખજનક પાપોનું અનિષ્ટબળ વધતું જાય છે. તેની માઠી અસરરૂપ સીદાતા સાધર્મિકો ઉપેક્ષામાં અભિવૃદ્ધિ થવા લાગી. આ બધાં અનિષ્ટ કારણોથી દેવદ્રવ્યાદિ ધાર્મિકદ્રવ્યની આવક ઉપર કલ્પી ન શકાય તેવો અસહ્ય ફટકો પડ્યો. એ ફટકા કરતાં યે લાખો કરોડો ગણો મોટો ફટકો તો જીવસૃષ્ટિના કટ્ટર શત્રુ અને અગણિત મહાદુર્ગુણોનો આગ ઓકતો

સાક્ષાત્ જ્વાળામુખીને પણ લજવે તેવા અગણિત મહાદુર્ગુણોની આકર (ખાણ) સમા વિદેશી શ્વેત પાશ્ચાત્યોથી બળાત્કારે જન્મેલ ધર્મનાશક, અને દેવદ્રવ્યાદિ ધાર્મિકદ્રવ્યભક્ષક ''ટ્રસ્ટ એક્ટ'' નામના પરમ અભિશાપરૂપ કુધારાથી પડ્યો.

સમસ્ત વિશ્વમાં સર્વોપરિ પરમ ઉચ્ચતમ સ્થાને અનાદિકાળથી વિરાજમાન રહેવાનો અધિકાર એકમાત્ર ધર્મસંસ્થાપક પરમાત્માને અને પરમતારક ધર્મસત્તાને જ છે. એ વિના અન્ય કોઈને ય એક ક્ષણ પૂરતો યે સર્વોપરિ પરમ ઉચ્ચતમ સ્થાને વિરાજમાન થવાનો કે રહેવાનો અધિકાર જ નથી. ધર્મસંસ્થાપક પરમાત્માથી અને ધર્મસત્તાથી જ સમસ્ત જીવસૃષ્ટિનું પરમ શ્રેયઃ અને પ્રેયઃ થયું છે, અને થતું રહેશે એટલા જ માટે સર્વોપરિ પરમ ઉચ્ચતમ સ્થાને વિરાજમાન રહેવાનો ત્રિકાલાબાધિત અધિકાર એકમાત્ર પરમાત્માને અને ધર્મસત્તાને જ છે.

ધર્મસંસ્થાપક પરમાત્મા અને ધર્મસત્તા વિના અન્ય કોઈ પણથી જીવસૃષ્ટિ શ્રેયઃની વાત તો દૂર રહો. અરે ! એક જીવનું એક ક્ષણ પૂરતું યે શ્રેયઃ કે પ્રેય થવું શક્ય નથી. નથી' ને નથી જ. એટલા જ માટે સર્વોપરિ પરમ ઉચ્ચતમ સ્થાને વિરાજમાન થવાનો અધિકાર કદાપિ પ્રાપ્ત થાય તેમ જ નથી. જીવસૃષ્ટિનું શ્રેયઃ અને પ્રેયઃ અનાદિકાળથી આજ દિન પર્યન્ત થતું રહ્યું હોવાના કારણે પરમાત્મા અને ધર્મસત્તા અનાદિકાળથી સર્વતંત્ર સ્વતંત્ર છે. પરમાત્મા અને ધર્મસત્તા ઉપર રાજસત્તા આદિ કોઈનું યે આધિપત્ય હોઈ શકે જ નહિ. તો પણ મહાધીઠ કાળમીંઢ હૃદયી વિદેશી શ્વેત પાશ્ચાત્યોએ ભયંકર કદાગ્રહ અને હઠાગ્રહની અક્ષમ્ય પકડ રાખીને પરમ તારક ધર્મસત્તાના ઉદરમાં ટ્રસ્ટ એકટ નામનું જીવલેણ ખંજર ભોંકવા માટે સાવ જૂઠ્ઠી વાહિયાત વાત વહેતી મૂકી, કે ધર્મદ્રવ્ય વેડફાઈ ન જાય,

ખવાય ન જાય, અને તેની સુરક્ષા થતી રહે, તે માટે "ટ્રસ્ટ એક્ટ" ધારો કર્યો છે. તેને પ્રત્યેક ધર્મક્ષેત્રના તંત્રસંચાલકોએ અનુસરવું જ પડશે. ધર્મના અનુયાયીઓની અને તંત્રસંચાલકોની ટ્રસ્ટ એક્ટને અનુસરવાની અંશમાત્ર ઇચ્છા ન હોવા છતાં, સત્તાના જોરે વિદેશી બ્રિટિશરોએ બળાત્કારે ટ્રસ્ટ એક્ટને અનુસરવાનું અ-નિવાર્ય બનાવ્યું.

ધાર્મિક કે ધર્માદુ એ બન્ને શબ્દો પરસ્પર એકબીજાના પર્યાયવાચી હોવાથી એક જ અર્થના દ્યોતક છે. ધર્મક્ષેત્ર અર્થે ધાર્મિકક્ષેત્ર અને ધર્માદુક્ષેત્ર એ રીતે ઉભય શબ્દપ્રયોગથી વ્યવહાર થતો આવ્યો છે અને તે વ્યવહાર સત્ય જ હોવાથી ધર્મગ્રન્થમાં ભેદ તે ઉભય શબ્દ પ્રયોગમાં ક્યાંય ભેદ દેવદ્રવ્યાદિ અનેક ધર્મક્ષેત્રો હોય છે. તે પ્રત્યેક ધર્મક્ષેત્રોની ઉચ્ચસ્તરીય અને નિમ્નસ્તરીય ભિન્ન ભિન્ન કક્ષાઓ હોય છે. તે કક્ષા પ્રમાણે શ્રી જિન આજ્ઞા અનુસાર ધાર્મિક કે ધર્માદા ક્ષેત્રનું તંત્રસંચાલન શ્રી શ્રમણપ્રધાન જૈન સંઘ પરંપરાથી કરતો આવ્યો છે.

અનંત પરમ તારક શ્રી જૈન શાસન કહો કે શ્રી જિનશાસન કહો એ ઉભય શબ્દપ્રયોગો એક જ અર્થના દ્યોતક છે. અનંત પરમ તારક શ્રી જિનશાસનને તો ધર્મક્ષેત્રને અને ધર્માદ કે ધર્માદા-ક્ષેત્રને ધાર્મિકક્ષેત્રરૂપે જ ગણેલ છે. તેને ભિન્નક્ષેત્રરૂપે કદાપિ ગણેલ નથી. દેવ ગુરુ અને ધર્મની ભક્તિ અર્થે ભક્તવર્ગ દ્વારા કરાતી ભક્તિ અને તે દેવ ગુરુ અને ધર્મ ક્ષેત્રોમાં અપાતું દ્રવ્ય ધર્મભાવનાથી અપાય છે, એ જ રીતે જીવદયા અને અનુકમ્પા આદિ ક્ષેત્રોમાં અપાતું દ્રવ્ય પણ ધર્મભાવનાથી જ અપાય છે. એટલે કોઈક વેળા ધર્મક્ષેત્ર કે ધાર્મિકક્ષેત્ર એ પ્રમાણે શબ્દપ્રયોગ કરવાપૂર્વક વ્યવહાર કર્યો હોય છે, તો કોઈક વેળાએ ધર્માદુક્ષેત્ર કે ધર્માદાક્ષેત્ર એ પ્રમાણે પ્રયોગ કરવાપૂર્વક વ્યવહાર કરેલ હોય છે. તો પણ શ્રી જૈનશાસન પરિવહન

કરાવવાનો પરંપરાથી ચાલ્યો આવતો અધિકાર પ્રાપ્ત પરમ પૂજ્યપાદ ધર્મગુરુ-ઓએ ક્યાંય નિષેધ કરેલ નથી, તેમ જ ધર્મક્ષેત્ર કે ધર્માદુક્ષેત્ર એ ઉભય ધર્મક્ષેત્રરૂપે હોવાથી ભિન્ન ક્ષેત્રો છે એવો ભેદ જણાવેલ નથી. કારણ કે ઉભય શબ્દપ્રયોગો એક ધાર્મિકક્ષેત્ર સ્વરૂપે જ હોવાથી.

શ્રી શ્રમણ પ્રધાન ચતુર્વિધ જૈનસંઘે સ્વોપાર્જિત દ્રવ્યથી આત્મકલ્યાણ અર્થે ધર્મભાવનાથી નિર્માણ કરાવેલ જિનાલયો આદિ ધાર્મિક સંપત્તિ ઉપર એકમાત્ર શ્રી જૈન સંઘનો જ ત્રિકાલાબાધિત અધિકાર છે, તે ત્રિકાલાબાધિત અધિકારને ભેદીચાલપૂર્વક બળાત્કારે દૂર કરીને ગર્ભિત રીતે સ્વઅધિકાર ન હોવા છતાં પોતાનો અધિકાર સ્થાપિત કરવાની મારાકાતિલ છલનાભરી કૂટ ચાલથી સત્તાના જોરે બળાત્કારે ટ્રસ્ટ એક્ટને અનુસરવું જ પડે તેવું અ-નિવાર્ય બનાવ્યું.

ટ્રસ્ટ એક્ટ વિનાના ધાર્મિક સંપત્તિના તંત્ર સંચાલનમાં એક રાતી પાઈનો ખર્ચ કે બોજો ન હતો, અને ઉપરાંત સહજભાવે ધાર્મિક સંપત્તિમાં અભિવૃદ્ધિ થતી હતી. ત્યારે આધુનિક ટ્રસ્ટ એક્ટ પદ્ધતિવાળું તંત્ર સંચાલન એટલે જિન આજ્ઞાની ઘોર હત્યા, અને પ્રતિ વર્ષે ધાર્મિક દ્રવ્યોનો હજારો લાક્ખો રૂપિયાનો ધૂમાડો થઈ રહ્યો છે એવું જાણવા સમજવા છતાં ધર્મદ્રવ્યના થતા ધૂમાડાને અટકાવી શકતા નથી. ધર્મદ્રવ્યોનો દુર્વ્યય-ધૂમાડો એટલે ઉત્કૃષ્ટથી અનન્તકાળ પર્યન્ત નરક નિગોદમાં અનંતયાતના દુ:ખ સહન કરતાં સડવું સબડવું પડે એવું ઘોર મહાપાપ છે.

ધાર્મિકક્ષેત્રે અને ધર્માદુક્ષેત્રે એ રીતે થતા શબ્દ વ્યવહારને જ્ઞાનીઓએ તો ધર્મક્ષેત્રરૂપે જ જણાવેલ છે, પણ ઉપકાર અને લાભની દૃષ્ટિએ ઉચ્ચસ્તરીય અને નિમ્નસ્તરીય ધર્મક્ષેત્રના આકાશ પાતાળ જેટલું મહત્તમ અંતર હોવાથી નિમ્નસ્તરીય ધર્મક્ષેત્રનાં

દ્રવ્યનો ઉચ્ચસ્તરીય ધર્મક્ષેત્રમાં વિનિયોગ કરી શકાય, પણ ઉચ્ચ સ્તરીય ધર્મક્ષેત્રના વિનિયોગ કરી શકાય, પણ ઉચ્ચસ્તરીય વિનિયોગ ન કરી શકાય. એ પ્રકારની અનેકવિધ વિશદ સમજો શ્રી સંઘને મળતી રહે, તે શુભ આશયથી લગભગ આઠસો વર્ષ પહેલાં પ. પૂ. તપાગચ્છીય આ. શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મહારાજે રચેલ "શ્રી શ્રાદ્ધવિધિ" ગ્રંથ અને વિ. સં. ૧૭૭૪માં પ. પૂ. તપાગચ્છીય ઉપાધ્યાય શ્રી લાવણ્યવિજયજી મહારાજે રચેલ "દ્રવ્યસપ્તતિકા" આદિ ધર્મગ્રંથોમાં જણાવેલ નિયમો અનુસારે જ ધાર્મિક તંત્રનું સંચાલન કરવું પરમતમ હિતાવહ છે.

જીવદયાક્ષેત્રના દ્રવ્યનો સુવિનિયોગ માત્ર તિર્યંચ જીવોની એટલે કીડી-મકોડા-પશુ-પક્ષી-બળદ-ગાય-ભેંસ-કૂતરા આદિ મૂક જીવોની સુરક્ષા તેમજ ઘાસચારો અને રોટલા આદિ ખવરાવવા માટે કરવાનો હોય છે. જીવદયાનું દ્રવ્ય અનુકમ્પ્ય માનવજાતિને પણ ન અપાય.

અનુકમ્પાક્ષેત્રનું દ્રવ્ય માત્ર દુઃખી-અપંગ-અને રોગાદિથી ઘેરાયેલા તેમ જ મત્સાદિની હત્યા, અને પશુઓ આદિનો વધ ન કરતા હોય, અથવા હવે પછી માછલા આદિ ન પકડવાની, અને પશુવધ ન કરવાની આજીવન માટે પ્રતિજ્ઞા કરે, તો તેવા દુઃખી માનવોને સહાયતા કરવા માટે આપી શકાય. અનુકમ્પાક્ષેત્રીય-દ્રવ્ય કીડી-મંકોડા, પશુ-પક્ષી કે બળદ-ગાય-ભેંસ આદિ અર્થે ન વપરાય. એટલા જ માટે શાસ્ત્રકારે જીવદયા અને અનુકમ્પા એ બે ભિન્ન ક્ષેત્રો જણાવ્યા છે.

સમસ્ત જીવસૃષ્ટિનું મૂળભૂત સ્થાન એટલે વિશ્વમાં સહુથી નિમ્નમાં નિમ્ન સ્તરીય સ્થાનને સર્વજ્ઞ ભગવંતો અસાંવ્યવહારિક સૂક્ષ્મનિગોદરૂપે જણાવેલ છે. તે સ્થાનમાં રહેલ જીવસૃષ્ટિને વિશ્વમાં આકરામાં આકરું જે વ્યક્ત દુઃખ હોય, તેના કરતાં પણ અનંતાનંત

ગણું દુઃખ અનાદિ-અનંતકાળથી આ ક્ષણ પર્યંત સહન કરવાનું ચાલુ જ છે. આ વિશ્વ ઉપર દેખાતા માનવ પશુપક્ષી કીડી મંકોડા આદિ જીવો એ પણ અસાંવ્યહારિકસૂક્ષ્મનિગોદમાં અનંત અનંત દુઃખ સહન કરીને આવેલ છે, એવી પરમ દુઃખી અવસ્થામાંથી આપણી મુક્તિ થઈ, અને માનવ જેવી ઉત્તમ જાતિમાં આપણો જન્મ થયો. બુદ્ધિ મળી. સાથે હિતાહિત અને લાભાલાભનો વિચાર કરવાની શક્તિ મળી પાપકર્મરૂપ અધર્મથી અધોગતિ થાય છે, માટે પાપકર્મને અવશ્યમેવ છોડવું જ જોઈએ, અને ધર્મ આરાધનાથી જીવ પુણ્યાનુબંધિપુણ્યના પરમ અધિકારી થાય છે, માટે જીવે તન મન અને ધનથી ધર્મ આરાધનામાં અવશ્યમેવ જોડાવવું જ જોઈએ, એવી સાચી સમજપૂર્વકની હિતશિક્ષા દેવ ગુરુ ધર્મથી જ સદાય પ્રાપ્ત થતી હોવાથી જીવાત્મા પાપને સર્વથા ત્યજીને પ્રબળતમ શ્રદ્ધાથી દેવ ગુરુ ધર્મને પૂર્ણ પરાકાષ્ઠાએ ભજી લે, તો આત્મા અચૂક પરમાત્મા બને, એ વાત નિઃશંક અને નિર્વિવાદ છે. ભૂતકાળમાં અનંતાનંત જીવાત્માઓ પરમાત્મા બન્યા છે. વર્ત્તમાનકાળમાં બને છે, અને ભવિષ્યકાળમાં અનંતાનંત જીવાત્માઓ પરમાત્મા બનશે (થશે). એ સર્વસ્વ અનંત ઉપકાર અનંતાનંત પરમ તારક શ્રી જિનેન્દ્ર પરમાત્માનો, અને પરમાત્માના પરમતારક સદુપદેશથી પ્રગટેલ ધર્મસત્તાનો જ છે. એ વિના અન્ય કોઈ પણ વ્યક્તિનો નથી. એટલાં જ માટે અનાદિ અનંતકાળથી વિશ્વમાં સર્વોપરિ પરમ ઉચ્ચત્તમ સ્થાને વિરાજમાન રહેવાનો ત્રિકાલાબાધિત અવિચ્છિન્ન અધિકાર છે એકમાત્ર પરમાત્માને અને ધર્મસત્તાને જ. એટલાં જ માટે પરમાત્મા અને ધર્મસત્તા અનાદિ-અનંતકાળથી સર્વતંત્ર સ્વતંત્ર છે. પરમાત્મા અને ધર્મસત્તા એ ઉભય ઉપર કોઈ પણ કાળે કોઈ પણ સંયોગમાં રાજ્યાદિ કોઈનું યે આધિપત્ય કે પ્રતિબંધ હોઈ શકે જ નહિ. અનંત ઉપકારીના અનંત ઉપકારથી અનુગૃહીત એવા માનવો

અનંત ઉપકારી ઉપર આધિપત્ય સ્થાપિત કરવાની અનધિકાર બાલિશકુચેષ્ટા કરે, તો એના જેવી મહાભયંકર કૃતઘ્નતા અન્ય કઈ હોઈ શકે ?

ટ્રસ્ટ એક્ટ ધારો કરવામાં બીજું કારણ એ આપે છે, કે વેદને અનુસરનારા વૈદિકો અને સનાતની ભક્તો આશ્રમાધિપતિઓ-મહાધીશો-મંડલેશ્વરો-શંકરાચાર્યો-તાપસો-યોગીઓ-ગૌસ્વામીઓ-સન્તો-મહંતો અને બાવાજીઓ આદિ ધર્મગુરુઓ પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને સનાતનાદિ ભક્તવર્ગ ધર્મગુરુઓ સમક્ષ પ્રતિવર્ષે લાખ્ખો ક્રોડો રૂપિયા ધરે છે. તેને ધર્મગુરુઓ શું કરે છે ? તેની કંઈ નોંધ રખાતી નથી, ટ્રસ્ટ એક્ટ કરવાથી ધરાયેલદ્રવ્યની નોંધ રહે. ખોટી રીતે વેડફાતું દ્રવ્ય બંધ થાય.

ધર્મગુરુઓ સમક્ષ ભક્તો દ્વારા ભક્તિથી ધરવાની પ્રણાલિકા આજ કાલની નથી. પરંતુ એકકોટાનુકોટિસાગરોપમ એટલે અસંખ્યાનું અસંખ્યતાનુઅસંખ્યાતકોટાનુકોટિ વર્ષ જેટલા ચિરકાળથી ચાલી આવતી પ્રણાલિકા છે. એટલા ચિરકાળમાં કોઈ પણ વ્યક્તિને વેડફાઈ જવા ગુરુ સમક્ષ ધરાતું દ્રવ્ય જેવું ન લાગ્યું, અને તમને તે કયું અપૂર્વત્ લાધ્યું કે, તમે જાણી શક્યા કે ખોટી રીતે વેડફાઈ જતું દ્રવ્ય બંધ થાય ? એવો નિર્ણય તમે કોના આધારે કર્યો ?

એકકોટાનુકોટિસાગરોપમ જેટલાં ચિરકાળથી ભક્તો દ્વારા ધન ધરાતું આવ્યું તો યે કોઈને ધર્મદ્રવ્ય વેડફાઈ રહ્યું છે એમ ન લાગ્યું. અને તમને ભારતમાં આવ્યાને લગભગ ત્રણસો વર્ષ થયાં, અને તમને ધર્મદ્રવ્યનો દુર્વ્યય અને ભક્ષણ થતું જણાયું. ? કે પછી ભારતીય ધર્મસત્તા અને ધર્મસંપત્તિ ઉપર ગર્ભિતપણે તમારો અધિકાર સ્થાપન કરીને ધર્મદ્રવ્ય અને ધર્મસ્થાનો આંચકી લેવાનું અક્ષમ્ય કૌભાંડ છે. ? મને તો અક્ષમ્ય કાતિલ કૌભાંડ જ લાગે છે.

ઓ મહામાયાવી અને અસત્યશિરોમણિ વિદેશી શ્વેતપાશ્ચાત્યો ! તમે ટ્રસ્ટ એક્ટ ધારો કરવામાં કારણ જણાવ્યું હતું. ધર્મદ્રવ્યનો દુરુપયોગ ન થાય, દુર્વ્યય ન થાય, વેડફાઈ ન જાય, ખવાઈ ન જાય કે ભક્ષણ ન થાય એટલા માટે ટ્રસ્ટ એક્ટ ધારો કર્યો છે. એ સોએ સો ટકા અક્ષમ્ય મહાપાપમય ખોટું પગલું જ ભર્યું છે.

ઓ મહાદંભી વિદેશીઓ ! હું તમને પૂછું છું, કે તમોએ માનેલા તમારા ધર્મગુરુ પોપ જ્યાં રહે છે. તે વેટીકનના ક્ષેત્રફળમાં એટલે ભૂમિવિસ્તારમાં (ઉપર) એક માત્ર તમારા ધર્મગુરુ પોપનું જ આધિપત્ય કે સામ્રાજ્ય હોઈ શકે. પોપ વિના અન્ય કોઈનું યે આધિપત્ય કે સામ્રાજ્ય હોવું સંભવે જ નહિ. એવી તમારી સજ્જડ માન્યતા છે, અને પોપ પાસે પ્રતિવર્ષે કેટલાયે ક્રોડો અને અબજો રૂપિયા આવતા હશે, તો પણ પોપ તે ધનને શું કરે છે ? તે જાણવા માટે કોઈ પણ વ્યક્તિ પોપને પૂછી ન શકે. તે ધનનું પોપે જે કરવું હોય તે કરવા માટે સર્વતંત્ર સ્વતંત્ર હોય છે. એવી તમારી સજ્જડ માન્યતા છે.

ઓ વિદેશી શ્વેત પાશ્ચાત્યો ! તમારા ધર્મગુરુ પોપની પરંપરા તો માત્ર બે હજાર વર્ષ અંદરની જ હોવા છતાં તમારા ધર્મગુરુ પોપ સર્વતંત્ર સ્વતંત્ર હોઈ શકે, તો પછી એક કોટાનુકોટિ સાગરોપમ જેટલા ચિરકાળથી ચાલી આવતી પરંપરા ધરાવનાર પરમ તારક ધર્મસત્તા અને પ. પૂ. ધર્મગુરુઓ સર્વતંત્ર જ હોય તેમાં કયું આશ્ચર્ય છે ?

સમસ્ત જીવસૃષ્ટિ ઉપર દેવ-ગુરુ ધર્મનો અનંત ઉપકાર સાંબેલાની ધારે વર્ષતા પુષ્કરાવર્ત્ત મહામેઘની જેમ નિરંતર વર્ષી રહેલ હોવાથી દેવગુરુ ધર્મ તો અનાદિ અનંતકાળથી સર્વતંત્ર સ્વતંત્ર જ છે. એ અનંત તારકોના અનંત ઉપકારથી આપણે સહુ માનવ

જેવો ઉત્તમ ભવ પામ્યા. તે અનંત ઋણથી આંશિક પણ મુક્ત થવા માટે દેવગુરુ ધર્મ પ્રત્યે અતૂટ અનંત શ્રદ્ધા પૂર્વક શક્ય તેટલી વિશેષ આરાધના કરવી જોઈએ. તે તો દૂર રહી પણ તે અનંત તારકો ઉપર પોતાનું આધિપત્ય સ્થાપન કરવાની અનધિકાર બાલિશકુચેષ્ટા પરમ કૃતઘ્ન વિદેશી શ્વેત પાશ્ચાત્યો વિના અન્ય કોણ કરી શકે ? કોઈ જ ન કરી શકે. એવી ઘોર કૃતઘ્નતા તો એક માત્ર વિદેશી શ્વેત પાશ્ચાત્યો જ કરી શકે, એવું અક્ષમ્ય ઘોર મહાપાપ કરવા અન્ય કોઈ જ ઉત્સાહિત ન થાય.

ઓ વિદેશી શ્વેત પાશ્ચાત્યો ! પરમ તારક ધમરસત્તાના પ્રાણ હરે તેવા જીવલેણ ટ્રસ્ટ એક્ટના ધારાનો તમારાથી જન્મ નો'તો થયો, ત્યાં સુધી જે જે ગામ નગરોના જિનાલયો-પૌષધશાળાઓ-ઉપાશ્રયો-જ્ઞાનભંડારો આદિ ધર્મસ્થાનોની સ્થાવર જંગમ સંપત્તિનું જિનાજ્ઞા અનુસાર સુચારુરૂપે તંત્ર સંચાલન થતું રહે. તે ગામ નગરના શ્રી સંઘો પોતાના શ્રી સંઘમાંથી ધર્મ પ્રત્યે પરમ અકાટ્ય શ્રદ્ધા ધરાવનાર, વિનય-વિવેક-સદાચાર-પરોપકાર-કરુણા-નમ્રતા-સરળતા-સહિષ્ણુતા-દાક્ષિણ્યતા-પાપ ભીરુતા-ઉદારતા-ધાર્મિક ક્રિયા રુચિ આદિ સદ્‌ગુણો ધરાવનાર, ધર્મ કાર્યોમાં ઉદારતા પૂર્વક લાભ લઈ શકે તેવા સુસ્થિતિ-સંપન્ન અને શ્રી જિન આજ્ઞા અનુસાર અતિઝીણવટથી ધાર્મિકતંત્ર સંચાલન કરી શકે, તેવી તલસ્પર્શી ઊંડી કોઠા સૂઝ ધરાવનાર તેમજ પ્રસંગની ગંભીરતાને સમજીને તે રીતે વર્તન કરનાર એવા અનેક સુસજ્જન-પુણ્યવંત સુશ્રાવકોમાંથી ધાર્મિકતંત્ર સંચાલન કરવા માટે, એક-બે સાધર્મિક શ્રેષ્ઠિવર્યોને શ્રીસંઘ ધર્મક્ષેત્રનું તંત્ર સંચાલન કરવાનું ભળાવતા હતા.

શ્રી સંઘનો આદેશ બહુમાનપૂર્વક શિરોમાન્ય કરીને ધર્મક્ષેત્રીય તંત્ર સંચાલન સંભાળનાર પુણ્યવંત સુશ્રાવક સાધર્મિકો ઊભા થઈને બદ્ધાંજલિ નતમસ્તકે પરમ સબહુમાન વિનતિરૂપે નિવેદન કરતા

હતા, કે પૂજ્ય શ્રી સંઘે અમારા ઉપર પરમ અનુગ્રહ કરીને અમે પુણ્યાનુબંધિપુણ્યના પરમ અધિકારી થઈએ તેવું પરમ પુષ્ટાલંબનરૂપ ધર્મક્ષેત્રનું સુચારુરૂપે તંત્ર સંચાલન કરવાની ઊજળી તક અમને આપીને પૂજ્ય શ્રી સંઘે અમારા ઉપર આકાશથી પણ અસીમ, મહા-ઉપકાર કરેલ છે, તદર્થે અમો પૂજ્ય શ્રી સંઘના સદાયના ઋણી-આભારિત અને અનુગૃહીત છીએ અને રહીશું. અનંતાનંત પરમ ઉપકારક પરમતારક પરમાત્માને પૂજ્ય શ્રી સંઘને તેમજ શાસન સુરક્ષક દેવોને પરમ વિનમ્રભાવે ત્રિવિધ ત્રિવિધ અભ્યર્થના કરીએ છીએ, કે પુણ્યોદયે પ્રાપ્ત થયેલ તન મન અને ધનની શક્તિ પહોંચે ત્યાં સુધી પૂજ્ય શ્રી સંઘના આદેશથી શ્રી જિન આજ્ઞા અનુસાર ઉપયોગપૂર્વક ધાર્મિકતંત્રસંચાલન કરવામાં નિષ્કામભાવે સદાય પ્રવૃત્તિશીલ રહીયે. પૂજ્ય શ્રી સંઘ પણ અમને બળ આપે એવી અભ્યર્થના. અનંત પરમ તારક શ્રી જિન આજ્ઞાથી વિપરીત વિચારાયું કે બોલાયું હોય, તો ત્રિવિધ ત્રિવિધ મિચ્છામિ દુક્કડં દેવાપૂર્વક પૂજ્ય શ્રી સંઘને બદ્ધાંજલિ નતમસ્તકે વંદન નમસ્કાર કરીને બેસી જઈએ છીએ.

ધાર્મિકતંત્ર સંચાલન સંભાળનાર સાધર્મિક સુશ્રાવકો પોતાની શારીરિક શક્તિ પહોંચે ત્યાં સુધી એટલે લગભગ ૭૫ થી ૮૦ વર્ષની વય અવસ્થા પર્યન્ત પરમ બહુમાનપૂર્વકની સેવા ભક્તિથી સ્વજાતનો શક્ય તેટલો ભોગ આપીને શ્રી જિનાલય, પૌષધશાળા જ્ઞાનભંડાર પ્રમુખ ધાર્મિકક્ષેત્રોનું શ્રી જિનાજ્ઞા અનુસાર અતિઝીણવટભર્યા ઉપયોગપૂર્વક પરમ અનુમોદનીય ધાર્મિકતંત્ર સંચાલન કરતા હતા. અતિઝીણવટભર્યા ધાર્મિકતંત્રસંચાલનની રજે રજની નોંધ અર્થે રોજમેળ અને ખાતાવહી પણ સ્વયં લખતા હતા. અથવા પોતાની પેઢીનું નામું લખનાર મહેતાજી પાસે લખાવતા હતા. પોતાની પેઢીનો રોજમેળ ખાતાવહી આદિ સાથે ધર્મક્ષેત્રનો રોજમેળ-

ખાતાવહી આદિ સાથે જ લઈ આવતા. તેનો ખર્ચ પણ ભક્તિથી તંત્રસંચાલકો સ્વયં ભોગવી લેતા હતા. જેના કારણે ધાર્મિકક્ષેત્રને સંચાલન અર્થે એક રાતી પાઈનો યે ખર્ચ કરવો પડતો ન હતો.

સુસજ્જન તંત્રસંચાલકોના ૩૦ થી ૩૫ વર્ષના તંત્ર સંચાલન કાળમાં શ્રી સંઘમાંથી પરમ સુશ્રદ્ધાશીલ-દાનગુણને વરેલા ધર્મિષ્ઠ સાધર્મિકો પરમ ઉદારભાવે ભક્તિ ભાવનાથી લાભ લેવા અર્થે સોનું રૂપુ, ઝર ઝવેરાત, તાંબું, પિત્તળ, કાસું આદિ, ધાતુઓના ભાજનો, ગૃહો હાટ હવેલી તેમ જ ખેતરો આદિ તંત્રસંચાલકોને સંભળાવતા હતા. તે સર્વસ્વની તે જ દિવસે ધાર્મિક તંત્ર સંચાલનના રોજમેળમાં તંત્રસંચાલકો ઉલ્લેખ કરીને નોંધ રાખતા હતા. એ રીતનું અણિશુદ્ધ ધાર્મિક તંત્ર સંચાલન કરતાં ૩૦ થી ૩૫ વર્ષ, કે તેથી પણ અધિક વર્ષો વ્યતીત થતાં અતિવૃદ્ધાવસ્થાના કારણે શારીરિક શક્તિ બળ સાવક્ષીણ થવાથી તંત્ર સંચાલક કાર્યકરો પૂજ્ય શ્રી સંઘને પરમ વિનમ્રભાવે બદ્ધાંજલિ નતમસ્તકે વિજ્ઞપ્તિપૂર્વક નિવેદન કરતા કે અતિવૃદ્ધાવસ્થાના કારણે શારીરિક શક્તિ સાવક્ષીણ થવાથી ધાર્મિકતંત્ર સંચાલન કરવા જેટલો સમર્થ રહ્યો નથી. માટે પૂજ્ય શ્રી સંઘ અમારા ઉપર અનુગૃહ કરીને અમને સંભળાવેલ ધાર્મિક તંત્રસંચાલન વર્ષોથી અમે અમારાં ક્ષયોપશમ પ્રમાણે કરતાં આવ્યા છીએ. તેમાં શ્રી જિન આજ્ઞાથી વિપરીત જાણે અજાણે અમારાથી કોઈ દોષ સેવાયો તો નથી ને ? અમારાથી થયેલ ધાર્મિકતંત્ર સંચાલનનું સૂક્ષ્મ રીતે અન્વેષણ કરવા કૃપા કરે અમારાથી દોષ સેવાયેલ હોય, એવું પૂજ્ય શ્રી સંઘને લાગે, તો પૂજ્ય શ્રી સંઘ અમારા ઉપર અનુગૃહ કરીને અમને જાણ કરે, તેટલી રકમ પૂજ્ય શ્રી સંઘને સબહુમાન અર્પણ કરીએ અને અમારી આત્મશુદ્ધિ કરીએ. જેથી ભવ ભવાંતરમાં-અશુભકર્મની આકરી શિક્ષા ભોગવવી ન પડે.

તંત્ર સંચાલકોની વિજ્ઞપ્તિથી પૂજ્ય શ્રી સંઘ રોજમેળ અને ખાતાવહીનું અવલોકન કરતાં, કલ્પી ન શકાય, તેટલી બધી ધર્મદ્રવ્યની થયેલ અભિવૃદ્ધિ જોઈને પૂજ્ય શ્રી સંઘ પરમ પ્રસન્નતા અનુભવતો હતો. પૂજ્ય શ્રી સંઘો તંત્રસંચાલકોના અણિશુદ્ધ તંત્ર સંચાલનથી પ્રમુદિત થઈને તેમનું ત્રિવિધ ત્રિવિધ ભૂરિશઃ અનુમોદન કરતક હતા.

તંત્ર સંચાલકો પૂજ્ય શ્રી સંઘને પરમ વિનમ્રભાવે વિજ્ઞપ્તિ કરતા કે તંત્રસંચાલનમાંથી અમારે જે દિવસે નિવૃત થવાનું હોય, તે શુભ દિવસે પરમાત્માની પૂજા ભણાવવાપૂર્વક પૂજ્ય શ્રી સંઘનું સાધર્મિકવાત્સલ્યનો લાભ પૂ. શ્રી સંઘ અમને આપે. તંત્ર સંચાલકોની વિનયપૂર્ણ વિજ્ઞપ્તિથી પૂજ્ય શ્રી સંઘ પ્રસન્નતાપૂર્વક પરમાત્માની પૂજા ભણાવવાનો અને સાધર્મિકવાત્સલ્યનો લાભ લેવા માટે અનુમતિ આપતા હતા. નિવૃત થવાના શુભદિવસે પરમાત્માની પૂજાભણાવવાપૂર્વક સાધર્મિકવાત્સલ્યનો અપૂર્વલાભ લઈને પૂજ્ય શ્રી સંઘની સાક્ષિએ અજાણપણે ક્ષતિ થઈ હોય તદર્થે મિચ્છામિ દુક્કડં દઈને આત્મશુદ્ધિ અર્થે ૫૦૦-૧૦૦૦ રૂપિયા જેવી અતિમાતબર રકમ ધાર્મિકક્ષેત્રમાં પૂજ્ય શ્રી સંઘને અર્પણ કરતા હતાં. તે પ્રસંગે પૂજ્ય શ્રી સંઘના નેત્રોમાંથી દડદડ આંસુ દડતા હતા. પૂજ્ય શ્રી સંઘના અગ્રેસરો નિવૃત્ત થનાર તંત્રસંચાલકોની સેવા ભક્તિની અનુમોદનારૂપે તંત્રસંચાલનની ત્રિવિધ ત્રિવિધ ભૂરિશઃ અનુમોદના કરીને તંત્રસંચાલકોના ભાલપ્રદેશે કેશર કુમકુમનું જ્યોત આકારનું તિલક કરીને ભાલપ્રદેશે અને મસ્તકે અક્ષતથી વધાવીને શ્રી સંઘના અગ્રેસર સુશ્રાવકો સ્વદ્રવ્યથી લાવેલ શાલ દુશાલા સ્વીકારવા અત્યાગ્રહ કરતા હતા. તો પણ તંત્રસંચાલકો સ્વીકારવા સમ્મત થતા ન હતા. ત્યારે શ્રી સંઘ દુશાલા સ્વીકારવા આદેશ

કરતા, એટલે નિરુપાયે શ્રી સંઘના આદેશને શિરોમાન્ય કરીને તંત્ર સંચાલકો દુઃખિત હૈયે દુશાલા સ્વીકારીને દુશાલાના મૂલ્યથી અધિક રકમ શ્રી સંઘને અર્પણ કરતા હતા.

પરમ પિતામહ પ્રથમ તીર્થંકર શ્રી આદીશ્વરજી પરમાત્માથી પ્રારંભીને ચરમ તીર્થપતિ શ્રી મહાવીરસ્વામીજી પરમાત્મા પર્યન્તનાં એકકોટાનુકોટિ સાગરોપમ એટલે અસંખ્યકોટાનુકોટિવર્ષ જેટલાં અતિચિરકાળમાં શ્રી જૈનશાસનના ધર્મક્ષેત્રોનું તંત્ર સંચાલન ઉપર્યુક્ત પરમ સમર્પિત અને નિષ્કામભાવે ચાલ્યું આવ્યું હતું. સેવાભક્તિથી સાવ બિનખર્ચાળ રીતે થતું અને એ જ રીતે શ્રી મહાવીરસ્વામીજી પરમાત્માથી પ્રારંભીને જીવલેણ ખંજર જેવો ટ્રસ્ટ એક્ટ ધારો ન હતો. ત્યાં સુધી એટલે લગભગ ૨૪૭૫ (ચોવીશસો પંચોતેર) વર્ષ પર્યન્ત ધર્મક્ષેત્રનું તંત્ર સંચાલન શ્રી જિન આજ્ઞા અનુસાર અણિશુદ્ધ રીતે થતું આવ્યું હતું. એ કોટીનું અણિશુદ્ધ અખંડ તંત્રસંચાલનમાં ધર્મક્ષેત્રને ધાર્મિક દ્રવ્યમાંથી એક રાતી પાઈનો યે ખર્ચ કરવો પડતો ન હતો.

ઓ કાળમીંઢ વિદેશી શ્વેતપાશ્ચાત્યો ! હું તમને પૂછું છું કે સાવ બિન ખર્ચાળ જિન આજ્ઞા અનુસારે થતા અણિશુદ્ધ અખંડ ધાર્મિક તંત્રસંચાલનમાં તમને કયો અને કઈ રીતે ધર્મદ્રવ્યનો દુર્વ્યય થતો દેખાણો ? કઈ રીતને ધર્મદ્રવ્યનો દુરુપયોગ દેખાણો ? કઈ રીતે ધર્મદ્રવ્ય વેડફાતું દેખાણું ? અને કઈ રીતે ધર્મદ્રવ્યનું ભક્ષણ થતું દેખાણું ? તેની સાધાર સત્ય સ્પષ્ટતા કરો. સાધાર સત્ય સ્પષ્ટતા નહિ કરો, તો હું સો એ સો ટકા સ્વીકારી લઈશ, કે ધર્મસત્તાના ઉદરમાં મહાકાતિલ ધારદાર ટ્રસ્ટ એક્ટનામુનું જીવલેણ ખંજર ભોંકીને ધર્મસત્તાને મરણતોલ ફટકો મારીને ધર્મસત્તાના થાય તેટલા ભૂંડા હાલ કરીને ગર્ભિત રીતે ધાર્મિક સ્થાવર-જંગમ સંપત્તિ અમારી જ છે. તેવું સિદ્ધ કરવા માટે એક એકથી ચઢિયાતો કૂટ છળ

પ્રપંચભરી પાપલીલાઓ હોંશે હોંશે આચરીને પ્રસન્નતા અનુભવવી એ જ તમારા કાળો કલંકિત મુદ્રાલેખ ને ?

તેજોદ્વેષની ભડભડતી ભઠ્ઠીમાં શેકાતા અને સર્વવિનાશક લોભના વરવા વાઘાઓ ધારણ કરીને સમસ્ત વિશ્વ ઉપર પોતાનું આધિપત્ય સ્થાપવા કાતિલ ભાવનાવાળા ઓ વિદેશી શ્વેતકૌભાંડીઓ ! તમારા વિવેકચક્ષુઓને મહાસ્વાર્થમય અવિવેકનો અભેદ્ય અંધાપો આવવાથી પરમ સુસજ્જન સુજ્ઞ પુણ્યવંતો તમને સત્ય સમજાવવા, સત્યના દર્શન કરાવવા, અને સત્ય સ્વીકારાવવા ગમે તેટલાં સુપ્રયાસો ગમે તેટલી વાર કરે, તો પણ વિવેકચક્ષુને અવિવેકનો અભેદ્ય અંધાપો હોવાથી. સત્ય સમજાય નહીં,- સત્યના દર્શન થાય નહીં. તો પછી સત્યને સ્વીકારવાની તો વાત જ ક્યાં રહી. ? ધર્મસત્તાના ઉદરમાં ખંજર હુલાવવું અને ધર્મદ્રવ્યને હડપ કરવું. એ જ તમારી ધર્મદ્રવ્ય-રક્ષણની વાતોને ?

ઓ મહાકૂટ વિદેશી શ્વેતપાશ્ચાત્યો ! તમે લગભગ વૈક્રમીય સંવત્સરના કાળમાં શતકના અંતભાગમાં, કે સત્તરમા શતકના પ્રારંભ કાળમ વિદેશથી ભારતમાં આવ્યા. ત્યારે તો તમે દેવ જેવા દયાળુ-સદાચારસમ્પન્ન-બદ્ધવચનપ્રતિપાલક-સુન્યાયી આર્ય ભારતીય રાજા-મહારાજઓ સમક્ષ અને પરમ સુકુલીન-સદાચાર સંપન્ન-સુસજ્જન મહાજન પ્રધાન-વાણિજ્યનીતિ નિયમોના સુપ્રતિપાલક શ્રેષ્ઠિવર્યો સમક્ષ એવું નિવેદન કર્યું હતું, કે અમે વાણિજ્ય વ્યવસાય કરવા ભારતમાં આવ્યા છીએ. એવી તમારી મહાદંભપૂર્ણ સાવ ખોટી ઉપજાવ કાઢેલી વાતોને સત્યરૂપે સ્વીકારીને તમારી સાથે આર્યભારતીય સુસજ્જન શ્રેષ્ઠિવર્યોએ વાણિજ્ય વ્યવસાય ચાલુ કર્યો. કાળક્રમે તમારામાં વિશ્વાસ મૂકીને આર્યભારતીય સુસજ્જન શ્રેષ્ઠિવર્યોએ લાકખો અને ક્રોડો સુવર્ણમુદ્રાઓનું તમને ધીરાણ કર્યું.

વર્ષો વીતતા ગયા તેમ તેમ ધીરાણ પણ ખૂબ વિસ્તરતું ગયું. એ વાતને આજે ચારસોથી સાડાચારસો વર્ષ થવા આવ્યા આજ દિન સુધી પાછું આપ્યું નથી. ઓ શ્વેતપાશ્ચાત્યો ! તમે સાહુકારના બેટા હો તો તમને ધીરાણ કરેલી મૂળ રકમ જે હોય તે, અને ચારસો સાડા ચારસો વર્ષ પર્યન્તનું માસે માસનું વ્યાજનું વ્યાજ આજ દિન પર્યંત ગણીને જેટલું હજારો કે લાકખો ટન સોનું થતું હોય, તે સોનું રકમ ધીરનાર શ્રેષ્ઠિવર્યોના જે કોઈ ઉત્તરાધિકારી (વારસદાર) હોય, તેમને વહેલામાં વહેલી તકે અર્પણ કરીને ઋણમુક્ત થાઓ. ધીરાણ કરનારના ઉત્તરાધિકારી ન હોય, તો ધીરાણ કરનાર જે ધર્મ પાળતા હતા, તે ધર્મક્ષેત્રમાં અર્પણ કરીને ઋણમુક્ત થાઓ. અને પછી કોઈક હૈયા-ફૂટો મળે, તો તેને સમજાવજો કે ટ્રસ્ટ એક્ટથી ધર્મદ્રવ્યનું રક્ષણ થાય છે. બાકી તલસ્પર્શી ઊંડી કોઠાસૂઝ ધરાવનાર સુસજ્જન સુજ્ઞો તો ધડ દઈને કહી જ દેશે, કે ટ્રસ્ટ એક્ટ એ ધર્મદ્રવ્યરક્ષક તો નથી જ, પણ મહારાક્ષસ ધર્મ દ્રવ્યભક્ષક અવશ્યમેવ છે.

ઓ શ્વેતપાશ્ચાત્યો ! તમે પરમ સુસજ્જન આર્યભારતીય શ્રેષ્ઠિવર્યોના શતકોના શતકના દેવાદાર હતા હતા'ને હતા જ. જવાહરલાલ નહેરૂ ભારતના વડાપ્રધાન હતા, ત્યારે નહેરૂ સરકાર દ્વારા સાવ ખોટી રીતે કંઈ પણ આપ્યા વિના તમે તમારું દેવું માફ કરાવ્યું. ભારત સરકારને શો અધિકાર છે ? કે કોઈની લેણી નીકળતી રકમ અને તેનું આજદિન પર્યંતનું થતું વ્યાજ સહિતની રકમ માફ કરી શકે ? ભારત સરકારે નાણધીરનાર આર્યભારતીય શ્રેષ્ઠિવર્યોનું વિદેશી શ્વેતપાશ્ચાત્યો પાસે લેણું નીકળતું ઋણ માફ કરવાનું અક્ષમ્ય દુઃસાહસ કરીને આર્યભારતીય શ્રેષ્ઠિવર્યોનો અક્ષમ્ય ઘોર અપરાધ કરેલ છે.

ઓ વિદેશી શ્વેતપાશ્ચાત્યો ! તમે ભલે માનતા હો કે ભારત સરકારે અમારું દેવું માફ કર્યું. એટલામાત્રથી તમે ઋણમુક્ત થયાનું માનતા હો તો એ તમારી ભયંકર ભૂલ છે. ન્યાયની દૃષ્ટિએ અને સર્વજ્ઞભગવંતની દૃષ્ટિએ તો તમે એટલા બધા ભયંકર દેવાદાર છો, કે ભવ ભવાન્તરમાં આર્યભારતીય શ્રેષ્ઠિવર્યોનું ઋણ ચૂકવતાં તમારો ડૂચો નીકળી જશે.

ઓ વિદેશી શ્વેતપાશ્ચાત્યો ! તમારો ભૂંડો ભૂતકાળ, અને પડદા પાછળની તમારી અતિગંદી રમતો જોતાં આર્યભારતીયો પ્રત્યે તમારું વલણ સદાને માટે ભયંકર કટ્ટર મહાશત્રુ જેવું રહ્યું છે. સુસજ્જન આર્યભારતીયોને બેફામ રીતે લૂંટાય તેટલા લૂંટવામાં, આનુવંશિક પરંપરાગત વાણિજ્ય વ્યવસાયમાં ભયંકર ભંગાણ પાડીને આર્થિક સ્થિતિએ થાય એટલા પારાવાર ખુવાર કરવામાં, ધર્મથી અને સદાચાર આદિ અનેક સુસંસ્કારોથી થાય તેટલાં ભ્રષ્ટ અને સંસ્કારહીન કરવામાં, અને સદાચાર આદિ અનેકાનેક ગણનાતીત સુમધુર સુસંસ્કારોની સુવાસિત સરવાણીઓ જેમના એકે એક રુંવાટાથી ઊભરાતી હતી. એવું સુકુલીન પરમ પવિત્ર ભારતીય આર્ય સન્નારીધનથી આર્યભારત અને આર્યભારતીયો પરમ ગૌરવવંતી સમૃદ્ધિ અને ઉન્નતિના શિખરે મહાલતા હતા. એટલા જ માટે વર્ત્તમાન દૃશ્ય વિશ્વમાં આર્ય ભારતની ગણના સર્વોપરિ હતી. ધનને સદાચાર આદિ સુસંસ્કારોથી સર્વથા નષ્ટ ભ્રષ્ટ કરવામાં અંશમાત્ર ઊણપ કે કચાસ રાખી છે ખરી ? ઓ વિદેશી શ્વેતપાશ્ચાત્યો ! પડદા પાછળની તમારી ગણનાતીત ગંદી રમતો એટલું તો અવશ્યમેવ સિદ્ધ કરી આપે છે, તમે ધર્મના ધ્વંસક છો, પાપના પોષક છો, સત્ય-શિયળ-શ્રદ્ધા-સદાચાર સહિષ્ણુતા સમતા આદિ અનેક ગુણોને વરેલા સુસજ્જનોના સંહારક છો. સદ્‌ગુણોનો સદાય સંહાર થતો રહે, તે માટે ટેલીવિઝન આદિ જેવા અનેક

પાપના સાધનો ઘરે ઘરમાં ગોઠવાતા જાય તે માટે યોજનાબદ્ધ રીતે તમારું આયોજન ચાલુ જ છે. તોપણ તમારા નિષ્ઠૂર-કાળમીંઢ પાપ હૈયે અંશ માત્ર રંજ-દુઃખ કે આઘાત તો નથી, પણ ઉપરથી તમારું હૈયું આનંદ અનુભવી રહ્યું છે. એ કંઈ નાની સૂની આશ્ચર્યકારક ઘટના નથી. વિશ્વમાં જેનો જોટો ન જડે એવા અતિમૂલ્યવાન્ પરમ ભાવવાહિની અજોડ શિલ્પકળાથી સુરમ્ય પરમાત્માના જિનબિંબો, દેવ દેવીઓની ભવ્ય મૂર્તિઓ અને અન્ય સાર સાર અગણિત વસ્તુઓ જહાજોના જહાજ ભરીને લઈ ગયા. એ જ તમારી પાપલીલાઓ સિદ્ધ કરી આપે છે. કે તમે આર્યભારત અને આર્યભારતીયોને કટ્ટર શત્રુઓ જ છો, અને આજે પણ તમારું વલણ તો એ જ છે. આર્યભારતીયો દ્વારા નિર્મિત થયેલ વસ્તુઓ ઉત્તમ લાગી. અને આર્ય ભારતીયોદ્વારા આચરણ કરાતા સદ્‌ગુણો તમને આકરા લાગ્યા. એટલે જ તમે એ સદ્‌ગુણો ન આચર્યાં, જો તમારાથી પણ એ સદ્‌ગુણો આચરાયો હોત, આચરણ કરાયું હોત, તો તમે પણ આર્યભારતીયો જેવા પરમ સુસજ્જન થયા હોત. પરમ તારક પરમાત્માના સદુપદેશરૂપ શ્રી જૈનગમો તમે લઈ ગયા. પણ એ જૈનગમોમાં ઉપદેશેલ સુધર્મ-સત્ય-સદાચારાદિ સદ્‌ગુણોનું આચરણ કરીને સુસંસ્કારિત થવાનું કદિ યે ન સ્વીકાર્યું. કારણકે સદ્‌ગુણોથી સુસંસ્કારિત થવાથી, તો સ્વાર્થ-દંભ-ક્રૂર કપટ-છળ-પ્રપંચ-પ્રતારણા-અસત્યવાદ-લોભ-ઈર્ષ્યા-અસૂયા અનાચાર અને તેજોદ્વેષ, આદિ અગણિત મહાપાપમય અનિષ્ટ આચરણને સર્વથા તિલાંજલિ આપવી પડે. સ્વપ્નમાં પણ એક ક્ષણ માટે ય પાપાચરણને છોડવાની તમારી તત્પરતા નથી એટલે ધર્મદ્રવ્ય ભક્ષણ થઈ રહ્યું છે એવી સાવ કપોળકલ્પિત જૂઠી વાત ઊભી કરીને લોકો ભરમાવવા માટે વહેતી મૂકીને જણાવ્યું કે ધર્મદ્રવ્યનું સુપેર રીતે રક્ષણ હતું રહે, તે માટે ટ્રસ્ટ એકટ નામનો ધારો કરેલ છે.

તમોએ ઉપજાવી કાઢેલ સાવ કપોલ કલ્પિત જૂઠ્ઠી વાતમાં કોઈ પણ સુજ્ઞ સજ્જન તો શ્રદ્ધા ન જ કરે. તમે તો ધર્મના કટ્ટર મહાશત્રુ અને ધર્મદ્રવ્યના પરમ ભક્ષક, અને તમને તે ધર્મદ્રવ્યના રક્ષણનું હેત ક્યાંથી ઊભરાણું ? હાં હું તમને એટલું અવશ્ય કહી શકું, કે ધર્મસત્તાને સર્વનાશ કરવાનું અને સર્વસ્વ ધર્મદ્રવ્યને ભક્ષણ કરવાનું અક્ષમ્ય મહાપાપમય હેત તમારા કાળમીંઢ હૈયે ઊભરાયેલું જ રહે છે.

ટ્રસ્ટ એક્ટ ધર્મદ્રવ્યના રક્ષણ માટે છે જ નહિ; પણ ધર્મસત્તાના સર્વનાશ માટે અને ધર્મદ્રવ્યનું સિફતપૂર્વક ભક્ષણ કરવા માટે જ છે. વિદેશી શ્વેતપશ્ચાત્યો દ્વારા ધર્મસત્તાના ઉદરમાં ક્રૂરતાપૂર્વક બળાત્કારે ભોંકાયેલ ટ્રસ્ટ એક્ટ ખંજર દૂર થવું જ જોઇએ.

અનંત પરમ તારક શ્રી જિનાજ્ઞા ઘાતક-વિરાધક અને ધર્મદ્રવ્યભક્ષક-વિનાશક મહારાક્ષસ જેવો ટ્રસ્ટ એક્ટ, અને તેના ધારદાર ખંજર જેવા શ્રી જિન આજ્ઞાથી વિપરીત કુનિયમો તે કુનિયમો પ્રમાણે ધાર્મિકતંત્રનું સંચાલન કરવું કોઇ રીતે મનને નથી ગમતું હાવા છતાં રાજસત્તાની ધાકથી અનિચ્છાએ કુનિયમો પ્રમાણે ધર્મક્ષેત્રોનું તંત્રસંચાલન કરવું પડે છે. એ રીતે ધર્મક્ષેત્રનું તંત્રસંચાલન કરવાનું ચાલુ રાખવાથી ધર્મક્ષેત્રના સાધારણ ક્ષેત્રને જૈન વ્યવહાર સાધારણ ખાતું કહે છે. એ સાધારણ ધાર્મિકક્ષેત્રને ધર્મદ્રવ્યના દુર્વ્યયનો કમ્મરતોડ અસહ્ય અને અક્ષમ્ય બોજો પ્રતિદિન સહન કરવો પડે છે. આમે સાધારણખાતામાં આવક ઓછી હોય છે.અને એમાં યે ટ્રસ્ટ એક્ટના અક્ષમ્ય મહાપાપે સાધારણખાતા ઉપર પડતા અસહ્ય બોજાએ દેવદ્રવ્યરૂપ સ્વપ્નદ્રવ્યની ઉપજમાંથી કોઇક સ્થળના પૂજ્ય શ્રી સંઘોના કાર્યકર્તાઓએ સ્વપ્નદ્રવ્યની ઉપજમાંથી બાર આની દેવદ્રવ્યમાં અને ચાર આની સાધારણમાં જમે કરવાની કુપ્રથા ચાલુ કરી. કોઇક પૂજ્ય શ્રી સંઘના

કાર્યકર્તાઓએ સ્વપ્ન દ્રવ્યમાંથી દશઆનાની દેવદ્રવ્યમાં અને છ આની દ્રવ્ય સાધારણ ખાતામાં લેવાની કુપ્રથા ચાલુ કરી. સ્વપ્નની ઉપજમાંથી બાર આની અને દશ આની જેવી માતબર રકમ દેવદ્રવ્યમાં જમે લો છો. એજ સિદ્ધ કરી આપે છે, કે સ્વપ્નની ઉપજ દેવદ્રવ્ય છે. સ્વપ્નની બોલી (ચઢાવા)થી થતી ઉપજની રકમ (દ્રવ્ય) ને સાધારણ ખાતે જમે લેવી એ શ્રી જિનાજ્ઞાનો ઉઘાડો ઘાત છે. કોઈ પણ કુપ્રથાનો પ્રારંભ કરવામાં પરિશ્રમ કરવો પડતો નથી. કુપ્રથાના અનુકરણ કરનારા અનેક મળશે. અને તેમ કુપ્રથાની પરંપરા ચાલશે. અને સાથો સાથ શ્રી જિનાજ્ઞાનો ઘાત પણ થતો રહેશે. કુપ્રથાનો પ્રારંભ થયા પછી તેનો અંત આણવો અતિદુષ્કર હોય છે. માટે કુપ્રથાનો પ્રારંભ મૂર્ચ્છિત કે સ્વપ્ન અવસ્થામાં પણ ન થવા દેવો. એ જ જીવમાત્ર માટે પરમ હિતાવહ છે.

તીર્થો મહાતીર્થો તેમજ પ્રત્યેક ગામ નગરના જીર્ણ થયેલ જિનાલયોના ઉદ્ધાર અર્થે અને આવશ્યક અનુસાર નૂતન જિનાલયોના નિર્માણ થતા રહે, તે માટે પ્રચુરમાત્રામાં દેવદ્રવ્યની અભિવૃદ્ધિ થતી રહેવી પરમ અ-નિવાર્ય છે.

એવી પરમ ઉદાત્ત શુભ આશયથી શ્રી જિનશાસનના પરમ હિતચિંતક પરમ પૂજ્ય પાદ તારક ગુરુવર્યોએ દેવદ્રવ્યની અભિવૃદ્ધિ અર્થે આપેલ સદુપદેશથી પૂજ્ય શ્રી સંઘમાં શ્રી તીર્થંકર પરમાત્માના અચિન્ત્ય પ્રભાવે રાજમાતાજીએ જોયેલ મહાતેજસ્વી ચૌદ મહાસ્વપ્નના ચઢાવાની બોલીનો મંગળ પ્રારંભ કરાવેલ. તે સમયથી સ્વપ્નની બોલીથી થતી ઉપજ (આવક) દેવદ્રવ્ય ખાતે જમા થતી આવેલ છે. એ સુપ્રણાલિકા દેવદ્રવ્યની અભિવૃદ્ધિના શુભ આશય ચાલુ (પ્રારંભ) કરાવેલ હોવાથી એ સુપ્રણાલિકાનું જે કોઈ પૂ.શ્રી સંઘે અનુસરણ કર્યું હોય, કે કરે તેમણે આશયનો અનુસરવું પરમ અનિવાર્ય છે. અર્થાત્ સ્વપ્નના ચઢાવાથી જે કંઈ ઉપજ થાય, તે

સર્વસ્થ દેવદ્રવ્ય ખાતે જમે લેવી જોઈએ. તો જ જે ઉદ્દેશ કે આશયથી સુપ્રણાલિકાનો મંગળ પ્રારંભ જેમણે કરાવ્યો હોય તેમનો વિશ્વાસ સંપાદન કર્યો ગણાય. આશય કે ઉદ્દેશથી વિરુદ્ધ કે વિપરીત વર્તન કરો, તો સુપ્રણાલિકાનો મંગળ પ્રારંભ કરાવનારનો વિશ્વાસઘાત કર્યો ગણાય.

દેવદ્રવ્યની અભિવૃદ્ધિ અર્થે પ્રારંભ કરાવેલ સુપ્રણાલિકા આજ કાલની નથી. એ સુપ્રણાલિકા શતકોના શતકથી ચાલી આવતી પ્રાચીન સુપ્રણાલિકા છે. એ સુપ્રણાલિકાનો ઉદ્‌ભવ જે ઉદ્દેશથી થયો હોય, તે ઉદ્દેશથી વિપરીત નિમ્નસ્તરીય ઉદ્દેશ માટે એટલે સાધારણ ખર્ચની પૂર્તિ માટે દેવદ્રવ્યને સાધારણ ખાતે જમે લેવું, અને તે દેવદ્રવ્યને સાધારણદ્રવ્યથી કરાતાં કાર્યો માટે ઉપયોગ કરવો. તે તો શ્રી જિન આજ્ઞાથી સર્વથા નિષિદ્ધ છે. કારણકે ઉચ્ચસ્તરીય ધર્મક્ષેત્રનું દ્રવ્ય નિમ્નસ્તરીય ધર્મક્ષેત્રમાં લઈ શકાતું નથી. એવી શ્રી જિન આજ્ઞા છે. તો પછી નિમ્નસ્તરીય ધર્મક્ષેત્રના કાર્યોમાં ઉપયોગ કરવાની તો વાત જ ક્યાં રહી ?

અશઠ એટલે નિર્દંભ સરળ મનવાળા નિર્દોષ મહાપુરુષોથી અર્થાત્ પરમ પૂજ્યપાદ સુવિહિત આચાર્ય મહારાજાદિ તારક ગુરુવર્યદિ મહાપુરુષોથી આચરણ કરાયેલ નિર્દોષ આચરણા એટલે અનંત પરમ તારક શ્રી જિનાગમો, તેમ જ શ્રી જિનાગમોને અનુસરતા ધર્મશાસ્ત્રોની મર્યાદાનો, શ્રી જિનશાસનની શૈલી-પદ્ધતિને અનુસરતા દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવનો, શ્રી જિનશાસનના અનુયાયી જૈનોની યોગ્યતાના બલાબલનો અને ભદ્ર પરિણામની કક્ષા આદિ ઉચિત મર્યાદાઓનું શું પરિણામ હોઈ શકે ? તેનો મનમાં ચોક્કસ નિર્ણય કરીને શ્રી જિનશાસનની આરાધના પ્રભાવના આદિની અભિવૃદ્ધિ થતી રહે, તે રીતે અશઠ પૂજ્ય પુરુષોથી આચરણ કરાયેલને નિર્દોષ આચરણા કહેવાય. એ પ્રકારની

આચરણા એ પરમ તારક જિન આજ્ઞા જ છે. એટલાં જ માટે પક્ષપાત આવેશ કે દુરાગ્રહ વિનાનાં મધ્યસ્થ અને ગીતાર્થ એટલે શ્રી તીર્થંકર કહે છે. અને તેનો ભાવ એટલે ગીતાર્થતા. અર્થાત્ મર્મજ્ઞતા. એવી ગીતાર્થતાને વરેલા મધ્યસ્થ મહાપુરુષો નૂતન પ્રવર્તાવેલ નિર્દોષ આચરણાનો નિષેધ તો નથી કરતાં, પરંતુ ઉપરથી તે આચરણાને માન્ય રાખે છે. (માન્યતા આપે છે.)

શ્રી ઠાણાંગ સૂત્રમાં જણાવ્યું છે, કે

સૂત્ર (શ્રી જિનાગમ) ચૂર્ણી - નિર્યુક્તિ - ભાષ્ય - વૃત્તિ - પરમ્પરા અને અનુભવ એ સાતને શાસ્ત્રોના અંગો કહેલ હોવાથી આ સાતથી સત્ય અર્થની પ્રાપ્તિ થાય છે.

તીર્થ મહાતીર્થાદિના જીર્ણોદ્ધાર અને આવશ્યકતા અનુસાર નૂતન જિનાલયોના નિર્માણના શુભ ઉદ્દેશથી દેવદ્રવ્યાદિ ધાર્મિક દ્રવ્યની અભિવૃદ્ધિ અર્થે પ.પૂ. ગુરુવર્યોના સદુપદેશથી શ્રી સંઘને દર્શનાદિ કરાવવા માટે સ્વપ્નના ચઢાવાની બોલીનો મંગળ પ્રારંભ કરાવેલ. તે સમયથી આજ દિન પર્યન્ત શતકોના શતકો વ્યતીત થયા. એટલા દીર્ઘકાળથી ચાલી આવતી સુવિહિત સુપ્રણાલિકા છે પરંપરા છે. શતકોના શતક જેટલાં દીર્ઘકાળમાં દેવદ્રવ્યની અભિવૃદ્ધિના શુભ આશયથી સ્વપ્નના ચઢાવવાની બોલીથી લાખો ક્રોડો પુણ્યવન્તો પુણ્યાનુબંધિપુણ્યના પરમ અધિકારી બન્યા. શ્રી જિનશાસનની અજોડ પ્રભાવના થતી રહી. અનેક તીર્થો મહાતીર્થોના જિનાલયોના જીર્ણોદ્ધાર થતાં રહ્યા. અનેક સ્થળે નૂતન જિનાલયં નિર્માણ થતાં રહ્યા. એનાં અનેક પરમ અનુમોદનીય શુભ તારક લાભો શ્રી જિનાશાસનને અનાયાસે પ્રાપ્ય થતાં રહ્યાં છે. એટલાં ચિરકાળથી ચાલી આવતી સુપ્રણાલિકાથી સુપરંપરાથી શ્રી જિનશાસનેને લાભાનુલાભ જ થયા છે. એ સુપ્રણાલિકાથી શ્રીજિનશાસનને

લઘુત્તમ પણ દોષ લાગેલ નથી. એવી સુપ્રણાલિકા તારક જિન આજ્ઞા જ હોવાથી ચિરકાળની પરંપરાથી ચાલી આવતી એ સુપ્રણાલિકાનો શ્રી તીર્થંકર પરમાત્મા પણ નિષેધ કરતા નથી. અને ઉદ્દેશથી વિપરીત પરિવર્તન કરવા ઉપદેશ પણ કરતા નથી.

ઉપર્યુક્ત બે શાસ્ત્રીય સાક્ષિપાઠોના આધારે ઉદ્દેશાનુસાર સ્વપ્નના ચઢાવવાની બોલીનું દ્રવ્ય દેવદ્રવ્ય જ છે. ઉદ્દેશથી વિરુદ્ધ દેવદ્રવ્ય વિના અન્ય કોઈ પણ ધર્મક્ષેત્રમાં લઈ શકાય જ નહિ. અર્થાત્ દેવદ્રવ્ય વિના અન્ય કોઈ પણ ધર્મક્ષેત્રમાં ન જ વપરાય.

## દેવદ્રવ્યાદિ ભક્ષણ કે ઉપેક્ષાદિનું મહાઅનિષ્ટફળ દ્યોતક શ્રીદ્રવ્યસપ્તિકાગ્રન્થની સાર્થ ગાથાઓ

**भवखे इ जो उविक्खेइ जिणदव्वं तु सावओ ।**
**पन्नाहीणो भवे जीवो लिप्पइ पावकम्मुणा ॥१३॥**

જે શ્રાવક દેવદ્રવ્યનું ભક્ષણ કરે, અથવા દેવદ્રવ્યની ઉપેક્ષા કરે અર્થાત્ કોઈની પાસે દેવદ્રવ્યાદિની રકમ લેણી નીકળતી હોય, અને જિનાલયના તન્ત્ર સંચાલક ઉપેક્ષા કરીને તે દ્રવ્યની ઉઘરાણી ન કરે, અથવા સામાન્ય આર્થિક સ્થિતિવાળા અયોગ્ય લાગતા વળગતા સગાસમ્બન્ધિ કે મિત્રમંડળને દેવદ્રવ્યાદિ ધાર્મિકદ્રવ્ય આભૂષણાદિ રાખ્યા વિના એમને એમ અંગ ઉપર ધીરે, તો તે પ્રજ્ઞાહીન જીવ પાપકર્મથી લેપાય છે. શ્રી દ્રવ્યસપ્તિકા ગાથા (૧૩)

**चेइयदव्वं साधारणं च जो दूहइ मोहियमइओ,**
**धम्मं च सो न जाणेइ अहवा बद्धाउ ओ नरए ॥१४॥**

જે મૂઢ જીવ ચૈત્યદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય અને સાધારણદ્રવ્યને દોહે છે. અર્થાત્ તે તે ધાર્મિકદ્રવ્યનું વ્યાજ આદિ ઉત્પન્ન કરેલ દ્રવ્ય જે તે

ખાતે જમે ન કરાવતાં, તે વ્યાજનું દ્રવ્ય સ્વયં રાખે, અથવા દેવદ્રવ્યાદિને ઓછું વ્યાજ આપીને વિશેષ વ્યાજ ઉપજાવે, અથવા ધાર્મિક ખાતાના ગૃહ હાટ હવેલી કે માલ ભરવાની વખાર આદિનું જે તે સમયે જે મૂલ્ય અંકાતું હોય, તે મૂલ્યાંકન પ્રમાણે તેનું માસિક વ્યાજ જેટલું ભાડું ન આપતાં,ધર્મક્ષેત્રને ઓછું ભાડું આપવાથી તેટલા અંશે ધાર્મિકદ્રવ્યને દોહ્યું ગણાય. ધાર્મિકદ્રવ્યનું દોહન કરનાર આત્મા ક્યાં તો ધર્મને જાણતો નથી, અથવા તો એણે નરકનું આયુષ્ય બાંધેલ હોવું જોઈએ. (૧૪)

**आयाणं जो भंजेइ, पडिवन्नधणं न देइ देवस्स ।**
**गरहंतं चोविक्खइ, सो वि हु परिभमइ संसारे ॥१५॥**

જે દેવદ્રવ્યની આવકને ભાંગે, ટીપ આદિમાં લખાવેલ, ચઢાવાદિમાં બોલેલા, કે અન્ય કોઈ રીતે અર્પણ કરવા વચનબદ્ધ થયેલ દ્રવ્ય ન આપે, ત્યારે દેવ-દ્રવ્યાદિક ધાર્મિકદ્રવ્યની ઉઘરાણી કરવાથી અર્પણ કરવા વચનબદ્ધ થયેલ દેવાદાર કલેશ-કંકાસ અને નિંદા કરે, એ ભયથી ધાર્મિકદ્રવ્યની ઉઘરાણી કરવામાં ઉપેક્ષા કરે તો કાર્યકર્ત્તા પણ સંસારમાં પરિભ્રમણ કરે છે. (૧૫)

**चेइयदव्वविण्णासे तद्दव्वविणासणे दुविहभेए ।**
**साहू उविक्खमाणो अणंतसंसारिओ होइ ॥१६॥**

ચૈત્ય એટલે દેવદ્રવ્યનો વિનાશ કરે, અને દેવદ્રવ્યથી ખરીદીને લાવેલ પત્થર, ઈંટ, ચૂનો, રેતી કાષ્ટાદિનો નાશ કરે, અથવા સોમપુરા-કડિયા-સુથાર-લુહાર કે ભૃત્યાદિ કર્મચારીઓ પારિશ્રમિક વેતન લઈને લીધેલ વેતનના પ્રમાણમાં જેટલું કાર્ય ન કરે, તેની ઉપેક્ષા પંચમહાવ્રતધારી મુનિવર કરે, તો તે મુનિવર પણ અનંત સંસારી થાય. (૧૬)

પરમ પૂજ્યપાદ તપાગચ્છીય આચાર્યપ્રવરશ્રી રત્નશેખરસૂરીશ્વરજી મ. શ્રી શ્રાદ્ધવિધિગ્રન્થમાં આ ગાથાની વૃત્તિમાં જણાવે છે, કે

અર્થ - અહિંયા ''અપિ'' શબ્દના અધ્યાહારથી શ્રાવક તો દૂર રહો, (અર્થાત્ શ્રાવક તો અનન્તસંસારી થાય) પણ સર્વસાવદ્યયોગનો સર્વથા ત્યાગની પ્રતિજ્ઞા કરીને સર્વ પાપથી વિરમેલ એવા પંચમહાવ્રતધારક મુનિવર પણ દેવદ્રવ્યના ભક્ષણ કે દેવદ્રવ્યના થતા દુરુપયોગ સમયે ઔદાસીન્ય એટલે ઉપેક્ષા સેવે, તો તેને પણ તીર્થંકરાદિ પરમતારક પુરુષોએ અનન્તસંસારી કહ્યા છે.

**देवाइदव्वणासे, दंसणमोहं च बंधए मूढो ।**
**उम्मग्गदेसगो वा, जिणमुणिसंघाइसतुव्व ॥२६॥**

**અર્થ** દેવદ્રવ્યાદિ ધર્મદ્રવ્યનો વિનાશ કરે તે મહામૂઢ પાપાત્મા ઉન્માર્ગ ઉપદેશકની જેમ અથવા શ્રી જિનેન્દ્રપરમાત્માના મુનિવરના કે શ્રી શ્રમણપ્રધાન ચતુર્વિધ જૈન સંઘ પ્રમુખના શત્રુની જેમ દર્શન-મોહનીયકર્મ બાંધે છે. (૨૬)

**चेइअदव्वविणासे इसिघाए पवयणस्स उड्डाहे ।**
**संजइ चउत्थभंगे, मूलग्गीबोहिलाभस्स ॥२७॥**

દેવદ્રવ્યનો વિનાશ કરવાથી ઋષિમુનિનો ઘાત કરવાથી, શ્રી જિનશાસનની અપભ્રાજના, નિન્દા, અવહેલના કરવાથી અને સાધ્વીજીના ચતુર્થવ્રતનો ભંગ કરવાથી તે આત્માના બોધિલાભના અર્થાત્ સમ્યક્ત્વ ગુણના મૂળમાં આગ અગ્નિ ચાંપે છે. (૨૭)

**तित्थयर पवयण सुअं' आयरिअं गणहरं महड्डिअं ।**
**आसायंतो बहुसो, अणंतसंसारिओ होइ ॥२८॥**

તીર્થંકર પરમાત્માની, પ્રવચનની અર્થાત્ શ્રી જિનશાસનની પૂજ્ય આચાર્ય મહારાજની, પૂજ્ય ગણધર મહારાજની અથવા

ગણસમુદાયના ધારકની, કે મહર્દ્ધિકની વારંવાર આશાતના કરનાર મહામૂઢ પાપાત્મા અનંત સંસારી થાય છે.

જ્ઞાનથી રહિત અને પાશ્ચાત્ય કુસંસ્કૃતિના કાતિલ કુસંસ્કારોથી કલુષિત કાળા કાળજાવાળા કાર્યકર્તાઓનું પણ એ જ માનવું હોય છે, કે પૂજ્ય ગુરુમહારાજાઓના સદુપદેશ વિના જિનાલય પૌષધશાળા આદિ ધાર્મિક સ્થાનો નિર્માણ થવા દુષ્કર છે. તે માટે પૂજ્ય ગુરુમહારાજાઓએ ઉપદેશ આપવો જ જોઈએ. શ્રી અંજનશલાકા પ્રતિષ્ઠા આદિ મહોત્સવો પણ પૂજ્ય ગુરુમહારાજાઓના ઉપદેશ અને તેઓશ્રીની ઉપસ્થિતિ વિના શકય જ નથી. સાહેબજી આ બધા કાર્યોનું આયોજન આપની આજ્ઞા પ્રમાણે જ થશે. અને જ્યાં શ્રી જિનેન્દ્ર પરમાત્માની પ્રતિષ્ઠા થઈ. ધ્વજા ફરકી, લાકખો રૂપિયા કાર્યકર્ત્તાઓ પાસે આવ્યા પછી કાર્યકરો અશાસ્ત્રીય-મનસ્વી રીતે દેવદ્રવ્યાદિ ધાર્મિક દ્રવ્યનો દુરુપયોગ કરવા પ્રવૃત્તિ કે હીલચાલ કરે, તે સમયે પૂજ્યપાદ ગુરુમહારાજ જિનાજ્ઞા અનુસારી સદુપદેશ દઈને દેવદ્રવ્યાદિ ધર્મદ્રવ્યની થતી અક્ષમ્ય હાનિ અટકાવવા માટે તેમ જ ધર્મદ્રવ્યનો દુરુપયોગ થવાની મહાઅનર્થકારી સર્જાતી કુપ્રણાલિકાને બંધ કરાવવા પૂ. શ્રી સંઘને સજાગ કરીને દેવદ્રવ્યાદિનું રક્ષણ કરાવે, ત્યારે એ જ કાર્યકરો બોલે છે, કે તંત્રસંચાલન અને દ્રવ્યનો ઉપયોગ કઈ રીતે કરવો ? એ તો અમારો વિષય છે. સાધુ થઈને વહિવટ અને પૈસાની બાબતમાં માથું મારે એ સાધુને શોભે ' એ સાધુનું કર્ત્તવ્ય છે ? ભૂષણ છે ? એ તો મહાદૂષણ છે. તંત્ર સંચાલન અને પૈસાની બાબતમાં સાધુ મહારાજથી માથું મરાય જ નહિ. એવું બોલનાર શ્રી જિનશાસનના કટ્ટર શત્રુઓ જિનાલયાદિ નિર્માણ અને દેવદ્રવ્યાદિની ઉપજ તેમ જ, વૃદ્ધિ થાય, તે માટે સાધુ મહારાજે ઉપદેશ આપવો જ જોઈએ. એવું કયા મોઢે બોલતાં હશે ? ભૂષણ દૂષણ અને તંત્ર સંચાલન દેવદ્રવ્યાદિના ઉપયોગમાં સાધુ મહારાજથી

માથું મરાય જ નહિ એવું બોલતાં એમને લજ્જા કે શરમ કેમ નહિ આવતી હોય ? અને એમનું મોઢું કેમ ગંધાતુ નહિ હોય ? એમને કયું વિશિષ્ટજ્ઞાન થયું છે. કે કયા શાસ્ત્રધારે બોલતા હશે ? કે સાધુ મહારાજથી માથું મરાય જ નહિ. એવું બોલનારા તેનો શાસ્ત્રપાઠ આપશે ખરા ? શ્રી નમસ્કાર મહામંત્ર કે ખમાસમણ જેવા તારક જીવનસૂત્રો ય શુદ્ધ નહિ આવડતા હોય, તો પણ વહીવટ અને દ્રવ્યનો ઉપયોગ કઈ રીતે કરવો ? એ તો અમારો વિષય છે. એવું કયા મુખે અને કયા શાસ્ત્રના આધારથી બોલતા હશે ? તમને અધિકાર આપ્યો છે કોણે ? જિજ્ઞાસા અનુસાર તંત્ર સંચાલન કરવા માટે તમને કયા શાસ્ત્રનો બોધ છે ? (૨૮)

અશાસ્ત્રીય મનસ્વી રીતે ધાર્મિક તંત્ર સંચાલન કરનાર શ્રી જિનશાસનના કટ્ટર શત્રુઓને અને દેવદ્રવ્યાદિના કરાતા દુરુપયોગના પ્રસંગે તેને રોકવા માટે પૂ. શ્રી સંઘને સદુપદેશ ન દેતાં એમ વિચારે કે પાપ કરશે એ ભરશે ! મારે એમાં શા માટે પડવું ? એમ વિચારીને પ્રવચનલબ્ધિમન્ત શક્તિસમ્પન્ન હોવા છતાં ધર્મધ્વંસના પ્રસંગે મુનિવર મૌન રહે, તો દૂષણ છે, એટલું જ નહિ પણ મહાદૂષણ છે. અને શાસ્ત્રીય રીતે ધાર્મિક તંત્ર સંચાલન માટે તેમજ દેવદ્રવ્યાદિના રક્ષણ માટે સદુપદેશ આપીને શ્રી સંઘને જાગૃત કરે, તો તે ભૂષણ મહાભૂષણ છે. મનસ્વી રીતનું અંધેર તંત્ર સંચાલન અને દેવદ્રવ્યાદિનો દુરુપયોગ કરાતો હોય, એવા મહાઅધર્મના પ્રસંગે પ્રવચનલબ્ધિવાળા શક્તિસમ્પન્ન મુનિવરે માથું મારવું જ જોઈએ. તેવા પ્રસંગે શક્તિસમ્પન્ન મુનિવર મૌન સેવે તો તે મુનિવર પ્રાયશ્ચિતના અધિકારી ગણાય. આ રહ્યા તેના શાસ્ત્ર પાઠો.

## શ્રી જિનધર્મ-શાસનરક્ષાના શાસ્ત્રીય સાક્ષી પાઠો

**धर्मध्वंसे क्रियालोपे, स्वसिद्धान्तार्थविप्लवे ।**
**अपृष्ठेनापि वक्तव्यं शक्तेन तन्निषेधितुम् ॥**

પ.પૂ. આ.શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ. જણાવે છે કે ધર્મનો ધ્વંસ થતો હોય, ક્રિયાઓનો લોપ થતો હોય, કે અનન્ત પરમતારક શ્રી જિનાગમ સિદ્ધાન્તોના અર્થોનો વિપ્લવ અર્થાત્ અપલાપ (નાશ) થતો હોય, તેવા અનિષ્ટ પ્રસંગે કોઈ ન પૂછે, તો પણ તે મહા અધર્મનો નિષેધ કરવા માટે શક્તિસમ્પન્ન મુનિવરે અવશ્ય સદુપદેશ દેવો જ જોઈએ, એ રીતે જણાવીને પરમ પૂજ્યપાદ કલિકાલસર્વજ્ઞ આચાર્ય પ્રવર શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ પણ એજ વાતનું સમર્થન કર્યું છે.

શ્રી ઉપાસક દશાંગસૂત્રમાં **'गुरुनिग्गहेणं'** અર્થાત્ મોટી આપત્તિઓનો પ્રસંગ ઊભો થાય. ત્યારે પ.પૂજ્યપાદ તારક ગુરુવર્યોની આજ્ઞાથી કરેલ પચ્ચક્ખાણથી ભિન્ન રીતે, એટલે સ્વીકારેલ પ્રતિજ્ઞાથી વિપરીત વર્તન કરવા છતાં, પણ પ્રતિજ્ઞાનો ભંગ ગણાતો નથી. અર્થાત્ દોષ લાગતો નથી.

**'चैत्यादि-रक्षार्थं प्रत्यनीक निग्रहेण प्रतिपन्न-नियमभङ्गो न भवति'** ।

શ્રી જૈનશાસનના કટ્ટર મહાશત્રુઓએ નિગ્રહ કરેલ જિનાલયાદિના રક્ષણ માટે અંગીકાર કરેલ વ્રતથી વિપરીતપણે કરવું પડે, તો પણ વ્રત નિયમનો ભંગ થતો નથી.

## શ્રી આવશ્યકજી સૂત્રના પ્રત્યાખ્યાન અધ્યયનમાં પણ જણાવે છે કે-

**'महत्तरागारेणं'** એ આગારથી કરેલ પચ્ચ્ક્ખાણનો અર્થાત્ અંગીકાર કરેલ પ્રતિજ્ઞાનો ભંગ થાય, તેવું આચરણ પણ

પ.પૂજ્યપાદ તારક ગુરુવર્યમહારાજની આજ્ઞાથી કરે, તો પણ પચ્ચૂકખાણ ભંગ ગણાતો નથી. આ આગારથી મહત્વના કારણે પ્રત્યાખ્યાનમાં યતના હોય છે. એથી સ્પષ્ટ થાય છ, કે મહત્વના કારણ વિના તો આ પ્રત્યાખ્યાનમાં છું જ.

## શ્રી પણ્ણવણાજી સૂત્રના ભાષાપદમાં જણાવ્યું છે કે...

**'उवउत्तो चत्तारि भासज्जायं भासमाणो आराहगो भवइ'**

ઉપયોગપૂર્વક ચારેય પ્રકારની ભાષા બોલનાર પણ આરાધક હોય છે. તેની વૃત્તિમાં નીચે પ્રમાણે જણાવ્યું છે.

**'जिनशासनोड्डाहादि–निरासार्थमसत्यामपि भाषां भाषमाण आराधको भवति ।'**

અર્થ–શ્રી જિનેન્દ્રશાસનનો ઉડ્ડાહ આદિ દૂર કરવા માટે અસત્યભાષા બોલનાર પણ આરાધક કહેવાય છે. શ્રી શ્રૂતવ્યવહારમાં જેનો નિષેધ કરેલ છે. એવું કાર્ય પણ શ્રી જિનેન્દ્ર પરમાત્માની આજ્ઞાને અનુસરીને કરે, તો તે કાર્ય પણ તે પુણ્યવન્ત માટે કર્મની મહાનિર્જરાનું કારણ અવશ્ય થાય છે.

શ્રી જિનશાસનની અને પૂજ્ય તારક ગુરુવર્યોની પરમ સુરક્ષા કાજે મહાઉગ્રતપસ્વી મહામુનીશ્વર શ્રી વિષ્ણુકુમારજી મહારાજે શ્રી જિનશાસનનો પરમતેજોદ્વેષી, ઘોર મહાપાપાત્મા દુરાગ્રહી નમુચિના મસ્તક ઉપર પગ મૂક્યો. જેના કારણે નમુચિ પાતાળમાં ઉતરી ગયો. તેનું શરીર સાવ કચુંબર જેવું થઈ ગયું. અનિચ્છાએ પણ નમુચિને મૃત્યુ ભેટીને સાતમી નરકમાં જવું પડ્યું.

પરમપૂજ્યપાદ શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણજી મહારાજ વિરચિત ''શ્રી ધ્યાનશતક''ની વૃત્તિમાં પરમપૂજ્યપાદ આચાર્ય

શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે સ્પષ્ટ જણાવ્યું છે, કે દેવદ્રવ્યાદિ ધાર્મિકદ્રવ્યના રક્ષણ માટે કરવા પડતા પ્રયાસોમાં આર્તધ્યાન નથી. એથી ગર્ભિત રીતે સ્પષ્ટ થાય છે, કે એ ધર્મધ્યાન જ છે.

ગર્દભિલ્લરાજાના અન્તઃપુરમાંથી સાધ્વીજી શ્રી સરસ્વતીશ્રીજીની મુક્તિ કરાવવા માટે પરમપૂજ્યપાદ આચાર્ય શ્રી કાલકસૂરીશ્વરજી મહારાજ સાહેબે સિન્ધ દેશના રાજાની સેનાનું આધિપત્ય સ્વીકારીને ઉજ્જયની નગરીને ઘેરીને ૧૦૮ લક્ષ્યવેધી યોદ્ધાઓમાં અગ્રેસર રહીને ગર્દભિલ્લરાજા ગર્દભીવિદ્યા ગણિને ભૂંકવા મુખ પહોળું કરતાની સાથે જ પ્રથમ તીર પરમપૂજ્યપાદ આચાર્ય શ્રી કાલકસૂરીશ્વરજી મહારાજ સાહેબજીએ છોડયું, અને અન્ય યોદ્ધાઓથી તીરો મારીને ગર્દભિલ્લ રાજાનો વધ થયો. હવે વિચારો પંચમહાવ્રતધારક, જિનેન્દ્રશાસનના પરમપ્રભાવક ત્રીજાપદે વિરાજમાન આચાર્ય મહારાજે માત્ર એક સાધ્વીજી મહારાજની સુરક્ષા માટે સાગર જેવું વિશાળ સૈન્ય, હજારો લાકખો હાથી, ઘોડા, એમને માટે પ્રતિદિન તળાવ અને સરોવરોના સરોવર જેટલું કાચું પાણી, ભોજન માટે અનન્તા જીવોની વિરાધના અને ગર્દભિલ્લના મુખમાં જાણી સમજીને તીર માર્યું. તથાપિ શાસ્ત્રોએ તો એમનું ચારિત્ર નિષ્કલંક જ વર્ણવ્યું છે.

જૈનો પ્રતિદિન પ્રભુભક્તિ અર્થે માળીઓને અધિક મૂલ્ય આપીને તેમની પાસેથી ઉત્તમ જાતિના સુગંધી પુષ્પો ખરીદી લેતા હોવાથી બૌદ્ધોને ઉત્તમ જાતિના પુષ્પો ન મળવાને કારણે બૌદ્ધોએ રાજાને ફરિયાદ કરી. રાજા બૌદ્ધ ધર્મી હોવાથી જૈનોને પુષ્પો ન આપવા માટે રાજાએ આરામિકો (માળીઓ)ને પ્રતિબંધ કર્યો. પરમ પૂજ્યપાદ જંગમ યુગપ્રધાન દશપૂર્વધર બહુશ્રુત શ્રી વજસ્વામીજીની તારકનિશ્રામાં પૂજ્ય શ્રી સંઘ ઉપસ્થિત થઈને પરમપૂજ્યપાદશ્રીને

સંયમયાત્રા નિર્વહન અંગે સુખશાતા પૃચ્છાપૂર્વક વિધિવત્ વંદન કરીને બદ્ધાંજલિ નતમસ્તકે પરમ વિનમ્રભાવે વિજ્ઞપ્તિ કરી, કે 'સર્વપર્વશિરોમણિ પર્વાધિરાજરાજેશ્વર શ્રી પર્યુષણા મહાપર્વ એટલે શ્રી સાંવત્સારિક મહાપર્વ જેવા પરમ આરાધ્ય દિને રાજાના પ્રતિબંધથી પુષ્પો મળવાની શક્યતા નથી. પુષ્પો વિના પરમાત્માની પુષ્પ પૂજા અને પ્રભુજીની ભવ્યાતિભવ્ય અંગ રચના શી રીતે કરવી ? ભવ્યાતિભવ્ય અંગરચના વિના પરમાત્માના દર્શનાર્થે પધારનાર પૂજ્ય સકળ શ્રી સંઘના ભાવોની અભિવૃદ્ધિ શી રીતે થશે ? ભાવોની અભિવૃદ્ધિ વિના પૂ. શ્રી સંઘ અશુભકર્મની મહાનિર્જરાનો, અને પુણ્યાનુબંધિપુણ્યનો પરમ સુઅધિકારી શી રીતે થશે ? એ પ્રકારની પૂ. શ્રી સંઘની વિનમ્ર વિજ્ઞપ્તિથી પરમ પૂજ્યપાદ બહુશ્રુત દશપૂર્વધરશ્રી વજ્રસ્વામીજી ગગનગામિની વિદ્યાના પ્રચંડ બળથી માહેશ્વરી નગરીમાં પધાર્યા. ત્યાં હુતાશનદેવ નામના ઉદ્યાનમાં દશપૂર્વધરશ્રીના સંસારી પિતાશ્રી ધનગિરિજીનો મિત્ર તાંડવ નામનો માળી રહેતો હતો. તેના ઉદ્યાનમાંથી પ્રતિદિન ૨૦ (વીશ) લાખ પુષ્પો ઉતરતા હતા. માળીને ૨૦ લાખ પુષ્પો ઉતારીને એકત્રિત કરવાનું જણાવીને દશપૂર્વધર બહુશ્રુત હિમવંત પર્વત ઉપર શ્રી મહાલક્ષ્મીજીના આવાસ સ્થાને પધાર્યા. ત્યાં શ્રી લક્ષ્મીદેવીજી પાસેથી પરમસુગંધી મહાપદ્મકમળ નામના પુષ્પો તિર્યગ્ જૃમ્ભક દેવે વિકર્વેલ વિમાનમાં મહા પદ્મ નામના કમળપુષ્પો મુકાવીને એ જ વિમાનમાં દશપૂર્વધર બહુશ્રુત બેસીને તાંડવ માળીને ત્યાં આવ્યા. તેની પાસેથી ૨૦ (વીશ) લાખ સુગંધી પુષ્પો વિમાનમાં મુકાવીને વિમાનમાં બેસીને બૌદ્ધ રાજાની નગરીની સમીપમાં આવીને મહોત્સવપૂર્વક નગર પ્રવેશ કરીને પરમ શ્રેષ્ઠ સુગંધી મહાપદ્મ કમળ પુષ્પો અને વીશ લાખ અન્ય સુગંધી પુષ્પો

પૂજ્ય શ્રી સંઘને અર્પણ કર્યા. પૂજ્ય શ્રી સંઘે પુષ્પ પૂજા અને ભવ્યાતિભવ્ય અંગરચનાના અપૂર્વ લાભથી ભવ્ય આત્માઓ અતીવ પ્રભાવિત થયા.

બૌદ્ધ રાજા પણ દશપૂર્વધરશ્રીના અચિન્ત્ય પરમ પ્રભાવથી અતીવ પ્રભાવિત થયા. શ્રી જિનેન્દ્રપરમાત્માની ભક્તિમાં પરમ આનંદવિભોર જૈનોને જોઈને બૌદ્ધ રાજાનું હૈયું શ્રી જિનશાસન પ્રત્યે આકર્ષિત થયું. બૌદ્ધ રાજા જૈન ધર્મ અંગીકાર કરીને શ્રી જિનશાસનની અતીવ પ્રભાવના કરી.

શ્રી જિનશાસનની અવહેલના-આશાતના થતી હોય, તેને ટાળવા માટે આપણે સહુ શ્રી સુનક્ષત્ર અને શ્રી સર્વાનુભૂતિ મુનીશ્વરની જેમ પ્રાણોની આહુતિ આપવી પડે, તો પ્રાણોની આહુતિ આપીને પણ શ્રી જિનશાસનની અવહેલના ટાળવાપૂર્વક શ્રી જિનશાસનની પરમ સુરક્ષા-આરાધના અને પ્રભાવના આદિના તારક કાર્યો કરવામાં આપણા સહુનું એકાંતે પરમતમ હિત સમાયેલ હોવાથી તારક કાર્યોમાં સદૈવ તત્પર રહેવું પરમતમ અ-નિવાર્ય છે.

ઉક્ત દ્રષ્ટાન્તોમાં શ્રી જિનશાસનના પરમ પ્રભાવક યુગપ્રધાન જેવા તારક મહાપુરુષો હોવા છતાં નમુચિ-ગર્દભીલ્લ જેવા પંચેન્દ્રિય મનુષ્યોનો ઘાત, ૨૦ (વીશ) લાખ સચિત્ત પુષ્પો તોડાવીને લાવ્યા. એ બધી દેખાતી પ્રત્યક્ષ સ્વરૂપ હિંસાવાળી સાવદ્ય પ્રવૃત્તિ હોવા છતાં પણ શાસ્ત્રાકાર મહારાજાઓએ એ બધી જ સ્વરૂપ હિંસાવાળી પ્રવૃત્તિઓને સાવદ્ય એટલે વિરાધકભાવવાળી ન જણાવતાં જિનશાસનના સુરક્ષા-આરાધના અને પ્રભાવના અર્થે આપવાદિક માર્ગે દેખાતી સાવદ્ય પ્રવૃત્તિ વિના અન્ય કોઈ ઉપાય ન હોવાથી પૂજ્ય તારક મહાપુરુષોનો તિરસ્કાર કે ધિક્કર ન કરતાં. એ પૂજ્ય તારક મહાપુરુષોને શ્રી જિનશાસનના અજોડ મહાપ્રભાવકરૂપે

શાસ્ત્રકાર મહાપુરુષોએ તેમનું ભૂરિશઃ અનુમોદન જ કર્યું છે. એ વાત કોઈ રીતે ભૂલાઈ ન જવી જોઈએ.

**શ્રી સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય જ છે, તે અંગેના અભિપ્રાયો**

પૂજ્ય શ્રી શ્રમણપ્રધાન વિજયદેવસૂર શ્વેતાંબર જિનેન્દ્ર (મૂર્તિ) પૂજક તપગચ્છ જૈન સંઘ તો ચૌદ મહાસ્વપ્નની બોલીના દ્રવ્યને દેવદ્રવ્ય જ માને છે. પણ ખરતરગચ્છ અને કાશીવાળા આ. શ્રી. વિજયધર્મસૂરિજી મ. પણ સ્વપ્નની બોલીના દ્રવ્યને દેવદ્રવ્ય માનતા હતા. તે વાત ખરતરગચ્છીય મુનિ શ્રી મણિસાગરજી મહારાજે લખેલ ''દેવદ્રવ્યનિર્ણય'' પુસ્તક ઉપરથી સિદ્ધ થાય છે તે પુસ્તકમાં આ. શ્રી વિજયધર્મસૂરિજી મ. કાશીવાળાનો નિમ્ન લિખિત અભિપ્રાય પણ છે ''દેવદ્રવ્યનિર્ણય'' પ્રથમ વિભાગ પત્રાંક ૧૧માં જણાવેલ છે.

શ્રી નવા શહરથી લિ. ધર્મવિજયાદિ સાધુ સાતના શ્રી પાલનપુર તત્ર દેવાદિ ભક્તિમાન મગનલાલ કક્કલ દોશી યોગ્ય ધર્મલાભ વાંચશો. તમારો પત્ર મળ્યો છે. ઘી સંબંધી પ્રશ્ન જાણ્યા, પ્રતિક્રમણ સંબંધી તથા સૂત્ર સંબંધી બોલી થાય, તે જ્ઞાન ખાતામાં લેવી વ્યાજબી છે. સુપન સંબંધી ઘીની ઉપજનો સ્વપ્નો બનાવવાં પારણું બનાવવું વિગેરેમાં ખરચ કરવો વ્યાજબી છે. બાકીનાં પૈસા દેવદ્રવ્યમાં લેવાની રીત પ્રાયઃ સર્વ ઠેકાણે માલુમ પડે છે. ઉપધાનમાં જે ઉપજ થાય. તે જ્ઞાન ખાતે તથા કેટલીક નાણ વગેરેની ઉપજ દેવદ્રવ્યમાં જાય છે. વિશેષ તમારે ત્યાં મહારાજ શ્રી હંસવિજયજી મહારાજ વિરાજમાન છે. તેઓશ્રીને પૂછશો. એક ગામનો સંઘ કલ્પના કરે તે ચાલી શકે નહિ. પૂ. સાધુ સાધ્વી, શ્રાવક, શ્રાવિકા મળી ચતુર્વિધ સંઘ જે કરવા ધારે તે કરી શકે. આજકાલ સાધારણ ખાતામાં વિશેષ પઈસો ન હોવાથી કેટલાક ગામમાં સ્વપ્ન વિગેરેની ઉપજ સાધારણ ખાતે લેવાની યોજના કરે છે. પરન્તુ મારા ધાર્યા પ્રમાણે તે ઠીક નથી. દેવદર્શન કરતાં યાદ કરશો.

જૈન પત્ર પાના નં. ૫૪૨નો ઉતારો તા. ૩-૧૦-૧૯૨૦ પ્રમાણે વડોદરામાં ઠરાવ–

વડોદરામાં શ્રી પર્યુષણપર્વમાં દેવદ્રવ્ય સમ્બન્ધી શ્રી મહેસાણા સંઘ તરફથી આવેલ જાહેર વિનંતીને અંગે પ્રશ્ન થતાં, પન્યાસ શ્રી મોહનવિજયજી એ દેવદ્રવ્ય શાસ્ત્રાધાર આગમોક્ત છે. એ વિશે શાસ્ત્રપાઠોથી બે કલાક વ્યાખ્યાન આપી, એ મૂળ રિવાજને કાયમ રાખવા સૂચવ્યું હતું તેથી દેવદ્રવ્યની આવકના અંગે ચાલતા આવતા રિવાજો શાસ્ત્રાધારે હોવાથી અસ્ખલિતપણે કાયમ રાખવા, અને દેવદ્રવ્ય સંબંધી દેવ નિમિત્તે બોલાતી ઉપજ એ દેવદ્રવ્ય છે. તેથી તેમાં ફેરફાર કરવો નહિ. તેમ ઈતરને ભલામણ કરવાનો ઠરાવ થયો હતો. તેમ જ છાણીમાં રહેલ તેઓશ્રીના શિષ્ય મુનિ શ્રી પ્રતાપવિજયજીના નેતૃત્વ નીચે તેવો જ ઠરાવ થયો હતો.

## પૂ. આત્મારામજી મ. સા.નો અભિપ્રાય

અમૃતસરના અમરસિંહ સ્થાનકવાસી સાધુએ ૧૦૦ પ્રશ્નો પૂછેલાં છે. તેના જવાબો પૂ. આત્મારામજીએ આપેલાં છે, અને તેમનાં શિષ્ય લક્ષ્મી વિ. એ સંગ્રહ કરેલ છે. પૂ. આ. શ્રી વલ્લભસૂરિજીએ ઢુંઢક હિતશિક્ષા પુસ્તકમાં પાના ૮૩ ઉપર પ્રગટ કરેલ છે. તેમાં પ્રશ્ન નવમામાં પૂછયું છે કે, તમો સુપન ઉતારો છો, લીલામ કરો છો, તે શા માટે ? તેના જવાબમાં પૂ. આત્મારામજી મ.એ જણાવ્યું છે કે શાસનની શોભા માટે, અને દેવદ્રવ્યની વૃદ્ધિ માટે સુપન અમે ઊતારીએ છીએ.

મુ. હંસવિજયજીને પાલનપુરના સંઘે આઠ પ્રશ્નો પૂછેલા, તેનાં ઉત્તર આપતાં ત્રીજા પ્રશ્નમાં પૂછયું છે. કે સુપનાની ઘીની ઉપજ શેમા વપરાય ? જવાબ-આ બાબતના અક્ષરો કોઈ પુસ્તકમાં મારા જોવામાં આવ્યા નથી. પણ 'સેનપ્રશ્ન' અને 'હીરપ્રશ્ન' નામના

શાસ્ત્રમાં ઉપધાનમાળા પહેરવાની ઘીની ઉપજ દેવદ્રવ્યમાં ગણેલી છે, તે શાસ્ત્રનાં આધારે કહી શકું, કે સુપનાની ઉપજ દેવદ્રવ્ય તરીકે ગણવી.

આ બાબતમાં મારા એકલાનો જ એવો અભિપ્રાય છે, એમ ન સમજવું આચાર્ય શ્રી કમલસૂરિજી મ. તથા ઉપાધ્યાય શ્રી વીરવિજયજી મ. તથા પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મ. વિ. મહાત્માઓનો પણ તેવો જ અભિપ્રાય છે, કે સુપનાની ઉપજ દેવદ્રવ્ય તરીકે ગણવી.

સુપને ઉતારણે. ઘી ચડાના, ફિર લિલામ કરના, ઔર દો તીન રૂપૈયે મણ બેચના, સો કયા ભગવાનકા ઘી કૌડા હૈ ? સો લિખો.

## પ. પૂ. શ્રી આત્મારામજી મ.નો ઉત્તર

સ્વપ્ન ઉતારણે, ઘી બોલના ઇત્યાદિક ધર્મકી પ્રભાવના ઔર જિન દ્રવ્યકી વૃદ્ધિકા હેતુ હૈ, ધર્મકી પ્રભાવના કરનેસે પ્રાણી તીર્થંકર ગૌત્ર બાંધતા હૈ. યહ કથન 'શ્રી જ્ઞાતા સૂત્ર' મેં હૈ, ઔર જિન દ્રવ્ય વૃદ્ધિ કરનેવાલા ભી તીર્થંકર ગૌત્ર બાંધતા હૈ. યહ કથન ''શ્રી સંબોધસિત્તરી'' શાસ્ત્રમેં હૈ ઔર ઘી કે બોલને વાસ્તે જો ઘી લીખા હૈ તિસકા ઉત્તર તુમારે 'આચારાંગાદિ' શાસ્ત્ર ભગવાનકી વાણી દો વા ચ્યાર રૂપૈયે કયોં વિકતી હૈ ? ઐસે ઘી કા ભી મોલ પડતા હૈ.

**શ્રી સુખસાગર ગુરુગીતા** પાના નં. ૯૧ માંથી

લેખક **પ. પૂ.** આ. **શ્રી બુદ્ધિસાગરજીસૂરીશ્વરજી** મહારાજ

પ. પૂ. ગુરુદેવ **શ્રી રવિસાગરજી મહારાજ**નું વીરમગામ ક્ષેત્ર ગણાય છે. હાલ જે ઉપાશ્રય છે, તે **શ્રી રવિસાગરજી મહારાજ**ના ઉપદેશથી લગભગ સં. ૧૯૩૨માં શ્રાવકોએ બનાવ્યો છે. વ્યાપાર ઉપર લાગો ઘાલીને દેરાસરના સુખડ કેસરનાં ખાતાની ઉપજમાં

વધારો કરવાનો ઉપદેશ શ્રી રવિસાગરજી મ. આપ્યો હતો. અને તેમનાં પ્રતાપથી વ્યાપાર પર જૈન મહાજને લાગં. ઘાલીને જે રીવાજ પાડયો છે, તે આદ્યપર્યંત ચાલે છે. વીરમગામનાં સં. ૧૯૧૦ થી ૧૯૪૦ સુધીમાં લગભગ જે જે સારા ધર્મ સુધારાઓ થયા, તે શ્રી રવિસાગરજી મહારાજના ઉપદેશથી થયા છે. ચૂલા પર ચંદરવા બાંધવા, પાણી ગાળીને વાપરવું, અને દેરાસરોની આશાતનાનો ત્યાગ વિ. નો ઉપદેશ આપીને શ્રી રવિસાગરજી મહારાજે વીરમગામના જૈનો પર ઘણો ઉપકાર કર્યો છે.

**સાગર સામાધાન** ભાગ. ૧ પ્રશ્ન ૨૯૮

સ્વપ્નાની ઉપજને તેનું ઘી દેવદ્રવ્ય ખાતામાં લઈ જવાની શરૂઆત અમુક વખતથી જ થઈ છે. ફેરફાર કેમ ન થઈ શકે ? સમાધાન-અર્હત્-પરમાત્માની માતાએ સ્વપ્નાં દેખ્યા હતાં, એટલે વસ્તુતઃ તેની સર્વ ઉપજ દેવદ્રવ્યમાં જ જવ. જોઈએ. અર્થાત્ દેવાધિદેવને ઉદ્દેશીને જ આ ઉપજ છે. ધ્યાનમાં રાખવું કે ચ્યવન, જન્મ, દીક્ષા એ કલ્યાણકો પણ શ્રી અરિહંત ભગવાનના જ છે. ઇન્દ્રાદિકો એ શ્રી જિનેશ્વર ભગવાનની સ્તુતિ પણ ગર્ભાવતારથી જ કરી છે. ચૌદ સ્વપ્નનું દર્શન પણ અર્હદ્ ભગવાન કુખે આવે ત્યારે જ તેઓની માતાને થાય છે. ત્રણ જગતમાં અજવાળું પણ તે ત્રણેય કલ્યાણકોમાં થાય છે. માટે ધર્મિષ્ઠોએ ભગવાન્ ગર્ભાવસ્થાથી જ ગણવાના છે.

## આગમ જ્યોત

**આગમ જ્યોત ચતુર્થવર્ષ પત્રાંક ૫૧ થી ૫૫ સુધીનું અતરણ.**

આ સ્થાને જો કે ચાલુ અધિકારને સીધો સંબંધ નથી, પણ પૂજા અને પૂજક બંનેનો સંબંધ હોવાથી ધ્યાન રાખવાની જરૂર છે. કે

ભગવાન્ જિનેશ્વર મહારાજાઓ તે જ સમયે મહિમાની અપેક્ષાએ દેવલોકમાંથી આવે કે નરકમાંથી નીકળે, તે જ સમયે તીર્થંકર નામકર્મને પ્રદેશોદયથી ભોગવવાવાળા હોઈ તીર્થંકર તરીકે ગણાય છે.

જો કે સામાન્ય રીતે તો તીર્થંકર નામકર્મનો અબાધાકાળ અંતમુહૂર્ત છે, અને તેથી અંત ક્રોડાક્રોડ સાગરોપમ પૂર્વે પણ બંધાયું હોય, તેવાં તીર્થંકર નામકર્મને પણ અંતમુહૂર્ત ગયા પછી જરૂર કવચિત ઉદય થાય, એમ શાસ્ત્રકારો સ્પષ્ટ અક્ષરોમાં કહે છે. તો પછી તે પાછલા ત્રીજા ભવમાં આવેલા જિનેશ્વરોને જિન નામકર્મ નિકાચિત કર્યે ને તીર્થંકરના ભવમાં આવેલા જિનેશ્વરોને જિનનાકર્મનો પ્રદેશોદય ચાલુ હોઈ ભગવાન્ તરીકે ગર્ભાવસ્થાથી ગણાય તેમાં કોઈપણ જાતનું આશ્ચર્ય નથી.

અવધિજ્ઞાન અભ્યંતર તીર્થંકરો હોવાથી કેવળજ્ઞાન પહેલાં પણ તીર્થંકરપણું.

ધ્યાન રાખવું કે શાસ્ત્રકારો સ્થાન સ્થાન પર તીર્થંકર મહારાજને અવધિજ્ઞાન વગરના ન હોઈ એમ જે જણાવે છે, તે છદ્માસ્થાવસ્થામાં પણ તીર્થંકરપણું માનવાથી જ બને કેમ કે કેવળજ્ઞાન પામ્યા પછી મુખ્યતાએ તો મતિજ્ઞાનાદિ ચારજ્ઞાનોમાંથી એકે પણ જ્ઞાન રહેતું નથી. તેથી જ છદ્મસ્થાવસ્થામાં સૂત્રકારો સ્પષ્ટ અક્ષરોમાં જણાવે છે, કે **'ણટ્ઠમ્મિ ઉ છાઉમત્થિએ ણાણે'** અર્થાત્ કેવળજ્ઞાન ઉત્પન્ન થવાની સાથે છાદ્મસ્થિક એવા મતિ. શ્રુત, અવધિ અને મનઃપર્યવ એ ચાર જ્ઞાન નષ્ટ થયેલા હોય છે. અર્થાત્ કેવળિપણાની વખતે જ સર્વથા તીર્થંકરપણું હોય છે. એમ માનીએ તો તીર્થંકરો અવધિની અભ્યંતર જ હોય છે. એવું જણાવનાર શાસ્ત્ર વાકયોનો સખત વિરોધ થાય.

## ગર્ભથી તીર્થંકરપણું માને તો જ જિનેશ્વરોનાં પાંચ કલ્યાણકો

વળી શ્રી તીર્થંકર ભગવાનનાં ગર્ભ, જન્મ, અને દીક્ષા યાવત્ કેવળજ્ઞાનના બનાવો ને જિનેશ્વર ભગવાનનાં કલ્યાણક તરીકે પણ માની શકાય નહિ. કેમ કે-દેશનાની વખતે જ એકાંતે તીર્થંકર નામકર્મનો ઉદય હોય, એવું માનવા દેવદ્રવ્યને દફડાવવાની દાનતવાળાઓ જે પ્રેરે છે. તે ગર્ભ જન્મ દીક્ષા અને કેવલની ઉત્પતિ વખતે નથી. એટલે તેઓના મતે તો એ તીર્થંકરપણામાં કોઈપણ કલ્યાણક બનતું હોય, તો તે કોઈક પ્રકારે મોક્ષ કલ્યાણક જ હોઈ શકે પણ ગર્ભાદિકથી કલ્યાણકો, તો તીર્થંકરના ગણાય જ નહિ. તે દેવદ્રવ્ય તફડાવનારાઓની દ્રષ્ટિએ જોઈએ તો મોક્ષ કલ્યાણક પણ તીર્થંકરોનું બને નહિ. કેમકે મોક્ષ થાય છે. અયોગીપણામાં, અને તે અયોગીપણામાં, ધર્મ દેશનાદિક રૂપી જિન કર્મનું ફળ નથી. જિન કર્મનો ક્ષય થયા પછી મોક્ષ થાય છે. અર્થાત્ તીર્થંકરનાં પાંચે કલ્યાણક છે, એમ માનનારાઓએ ગર્ભથી જ તીર્થંકરપણું માનવું જોઈએ. અને તેથી જ ગર્ભ વખતે શ્રી શકેન્દ્ર મહારાજાનું આસન ચલાયમાન થાય છે. તેથી તે ઇન્દ્રમહારાજા તીર્થંકર મહારાજા ગર્ભમાં આવ્યા જાણીને તેમને તીર્થંકર બુદ્ધિથી નમસ્કાર કરે છે.

## ગર્ભથી જ શાસ્ત્રકારોએ માનેલું તીર્થંકરપણું

મહારાજાઓ પણ ચોકખા શબ્દ જણાવે છે કે, "**જં રયણિ વક્કમંઇ કુચ્છિંસિ અરિહા**" જે રાત્રિએ મહાયશ ધારણ કરનારા ભગવાન્ અરિહંતો માતાની કુક્ષિમાં આવે તે વખતે સર્વ તીર્થંકરની માતાઓ (ગજ વૃષભાદિક ચૌદ સ્વપ્નો) દેખે છે. શ્રુત કેવલી

ભગવાન શ્રી ભદ્રબાહુસ્વામીજી પર્યુષણાકલ્પ સરખા અતિશય આદરણીય સૂત્રમાં આવું સ્પષ્ટપણે લખીને તીર્થંકર મહારાજાપણું કુક્ષિમાં આવે ત્યારથી જ છે. એમ સ્પષ્ટ અક્ષરોમાં જણાવે છે.

ભગવાનની માતાનાં ચૌદ સ્વપ્નોનો અનોખો ચળકાટ વળી ગજ, વૃષભ આદિક ચૌદ સ્વપ્નો સામાન્ય એટલે ઝાંખાં તો ચક્રવર્તીની માતા પણ દેખે છે, પણ અત્યન્ત તેજવાળા ગજ, વૃષભ આદિ ચૌદ સ્વપ્નો તો કેવળ તીર્થંકર પરમાત્માનાની માતાજ દેખે છે. એ હકીકત વિચારનારને પણ ગર્ભથી જ તીર્થંકરરૂપણું છે, એમ માનવામાં કોઈપણ જાતની અડચણ આવશે નહિ. વળી દરેક તીર્થંકર ભગવાનનો મેરુ પર્વત ઉપર જ જન્માભિષેક કરવામાં આવે છે, તે પણ તીર્થંકરપણાના પ્રભાવના અંગે જ છે. માટે સ્વપ્નોની બોલીની રકમ દેવદ્રવ્ય ગણવામાં આવી છે.

એક વાત ધ્યાન રાખવાની છે, કે કેટલાક દેવદ્રવ્યને તફડાવી સ્વપ્નાની બોલીની ઘીની ઉપજ, તેના પૈસા પોતાના છાપા છૂપી વિગેરેના પરચુરણ ખર્ચમાં લઈ જવા માટે તે દેવદ્રવ્ય નથી, અને તેથી તે ઉપજ દેવદ્રવ્યમાં નહિ લઈ જતાં બીજે લઈ જવી એવો બકવાદ ચલાવે છે, તેને અંગે શાસ્ત્રાનુસાર શ્રદ્ધાવાળાઓ તો સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે જો ચૌદ સ્વપ્નો વિગેરેનું ઘી બોલાય છે તે પ્રથમ તો તે તીર્થંકરપણાની સ્થિતિનું અનુકરણ છે, અને તે ગજ વૃષભાદિ સ્વપ્નો તીર્થંકરને ઉદ્દેશીને જ થયેલી બોલી છે. શ્રી કલ્પસૂત્ર વાચનાની મુખ્યતા રાખીએ, તો તે ક્વચિત્ જ્ઞાનદ્રવ્ય ગણાય એમ કોઈક કહી શકે, પણ તે અવસ્થામાં તીર્થંકરપણું નથી એમ તો, કોઈપણ શ્રદ્ધાળુ કહી શકે જ નહિ. ઐન્દ્રી આદિ માળાને સ્થાને સ્વપ્નો છે, તેથી દેવદ્રવ્ય ગણાય.

વળી શાસ્ત્રાનુસારીઓ પણ એ સાથે કહે છે, કે સ્વપ્નાની બોલીની પ્રવૃત્તિ મુખ્યતાએ દેવદ્રવ્યની વૃદ્ધિને માટે જ છે. ઐન્દ્રી

આદિ માળાનો પ્રસંગ નિયમિત ન હોવાને લીધે, તેને સ્થાને કરેલી જણાય છે, કેમ કે પર્યૂષણાની અષ્ટાહિનકાના વ્યાખ્યાનમાં પણ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે,કે દેવદ્રવ્યની વૃદ્ધિને માટે ઐન્દ્રી આદિ માળાની પ્રવૃત્તિ બંધ થઈ. ત્યારે આ સ્વપ્નાદિ બોલીની પ્રવૃત્તિ દેવદ્રવ્યની વૃદ્ધિ માટે પ્રવર્તેલી છે. કેમ કે દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી એ તો જિનેશ્વર મહારાજના ઉપાસકોનું પરમ કર્તવ્ય જ છે.

## અન્ય ક્ષેત્રોની વૃદ્ધિની અપેક્ષા

જો કે આ કહેવાનો ભાવાર્થ એ નથી, કે સંઘાદિક ક્ષેત્રોને જાળવવાની વધારવાની કે પોષવાની જરૂર નથી, કેમ કે તે સંઘાદિક ક્ષેત્રો પણ મોક્ષાર્થી જીવોને આરાધવા લાયક જ છે, પણ દેવદ્રવ્યની આવકને ધક્કો મારવો કે જે ધક્કો શાસ્ત્રકારોના કહેવા પ્રમાણે તે ધક્કો મારનારને દુર્લભબોધિ કરવા પૂર્વક સંસારમાં રખડાવનારને થાય છે. તે કોઈપણ પ્રકારે ઉચિત નથી. એટલે તત્વ દૃષ્ટિએ જે મનુષ્યને સાત ક્ષેત્રમાંથી જે પણ ક્ષેત્ર પોષવાનો વિચાર થાય, તેનું તે યથેચ્છ રીતે પોષણ કરી શકે છે, પણ સાતે ક્ષેત્રમાં ઉત્તમ અને જેમાં સાતે ક્ષેત્રોનું દ્રવ્ય વાપરી પણ શકાય એવા દેવદ્રવ્ય અંગે ધક્કો મારવો પલટો કરવો કે તેની આવક બંધ કરવી એ કોઈપણ પ્રકારે શ્રદ્ધા સંપન્નોને તો સૂઝે જ નહિ.

## વ્યાજભક્ષણના દોષથી બચો અને બચાવો

દેવદ્રવ્યની વૃદ્ધિ : આખાયે સંઘમાં પરિણામની વૃદ્ધિ કરનાર દેવદ્રવ્યની વૃદ્ધિ છે. આથી તે અત્યંત આવશ્યક કર્તવ્ય તરીકે છે. ઈન્દ્રમાળા કે બીજીમાળાની ઉછામણીથી દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી જોઈએ.

શ્રી રૈવતાચલજી ઉપર શ્વેતામ્બર અને દિગમ્બરનો તીર્થ અંગે વિવાદ થયો. તે વખતે વૃદ્ધોએ કહ્યું કે, બોલી બોલતાં તેમાં જે વધે તેનું

આ તીર્થ. નિર્ણય પણ બોલી ના આધારે થયો. બોલીનો રિવાજ કેવો તે વખતે પ્રબળ હતો તે અત્ર વિચારો આ સમયે સાધુ પેથડશાહે ૫૬ ઘડી સુવર્ણ બોલી ઈન્દ્રમાળા પહેરી. ઘડી સોનું એટલે દશ શેર સોનું. તે સમયે તેઓએ ચાર ઘડી સોનું તો યાચકોને આપ્યું હતું.

એક વાત ખ્યાલમાં રાખજો, કે પહેલા દેવદ્રવ્યની બોલી બોલતાં તેના નાણા તૂરત આપી દેતા. બેંકમાં પણ નાણાં મૂકાય તેની સાથે તૂરત વ્યાજ શરૂ થાય છે. પેથડશાહ છપ્પન ઘડી સોનું આપવું જોઈએ તે માટે તૂરત ઉંટડી સાંઢણી દોડાવી એ સોનું આવે નહિ, અને દેવાય નહિ, ત્યાં સુધી અન્ન પાણી લેવાં નહિ. એવો સંકલ્પ કર્યો હતો. આથી છઠ્ઠ થયો. બીજે દિવસે જ્યારે બે ઘડી દિવસ બાકી રહ્યો, ત્યારે સોનું આવ્યું. સૂર્યાસ્તની બે ઘડી પહેલાં પાણી પીવાય નહિ. રાજ્યના મંત્રી હતા. કહો કેવી શ્રદ્ધા ! આ બધા નામો શાસ્ત્રનાં પાને ખોટા નથી ચઢયા. શાસ્ત્રનો વિધિ છે, કે બોલવું તે તૂરત ચૂકવી દેવું. આ માટે નામે ચઢાવવું પડે, નોકર રાખવા, ઉઘરાણીઓ કરવી પડે છે, તે રીત વ્યાજબી નથી. તૂરત તે નાણું ન આપે તો વ્યાજ ભક્ષણનો દોષ લાગે છે. તે સમજો ! બોલાય છે કે પડતી કેમ આવી ? પણ તમારાથી દરેક કાર્યોમાં પુણ્ય પાપનો વિચાર કેટલો કરાય છે તે વિચારાતું નથી.

**અનિત્યાનિ શરીરાણિ, વિભવો નૈવ શાશ્વત : ।**
**નિત્યં સન્નિહિતો મૃત્યુઃ , કર્તવ્યો ધર્મ સંગ્રહઃ ॥**

શરીર અનિત્ય છે. વૈભવ શાશ્વત નથી. મૃત્યુ મસ્તક ઉપર ગડગડાટ કરતું ગર્જના કરી રહેલ છે. માટે ભવ્યાત્માઓ ! ધર્મનો સંગ્રહ કરો. અર્થાત્ ધર્મારાધનામાં ખૂબ ખૂબ ઉદ્યમશીલ બનો ! આયુષ્યનો એક ક્ષણનો વિશ્વાસ નથી. કઈ પળે આયુષ્યનો અંત આવી જાય, અને દેવદ્રવ્યાદિની બોલીનું દ્રવ્ય જમે કરાવવાનું રહી

જાય. ઘરનાં બીજા કોઈને ખબર નહિ હોય કે, દેવદ્રવ્યની બોલી, બોલી આવ્યા છીએ. એટલે દેવદ્રવ્યનો દેવાદાર રહે. તંત્રસંચાલકો ઉઘરાણી કરે તો, ઘરવાળાં જણાવે કે અમને ખબર નથી, સાથે દેવદ્રવ્યની બોલી બોલી આવ્યો છું. એવી કોઇ વાતચીત અમારી સાથે થઇ નથી. એટલે દેવદ્રવ્યની રકમ રહી જાય.

ધર્માદા નાણાં ચૂકવતાં વિલંબ કરીએ અને પરિસ્થિતિ પલટાય તો, પણ દેવાદાર રહી જવાય. માટે બોલી બોલાએ તે જ સમયે દ્રવ્ય ભરી દેવું જોઇએ.

## આગમોદ્ધારક પર્વ વ્યાખ્યાન સંગ્રહપત્રક ૬૪, ૬૫
## સાગર સમાધાન
## સમાધાનકાર - પ. પૂ. આગમોદ્ધારક
## આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ પ્રશ્ન ૨૯૭

ઉપધાનમાં પ્રવેશ અને સમાપ્તિ અવસરે માળની બોલતી ઘીની ઉપજ જ્ઞાન ખાતામાં નહિ લઇ જતાં દેવદ્રવ્યમાં કેમ લઇ જવાય છે ?

સમાધાન :- ઉપધાન એ જ્ઞાનખાતાનું અનુષ્ઠાન છે, અને તેથી જ્ઞાનખાતામાં તે ઉપજ લઇ શકે, એમ કદાચ માનતા હો, પણ ઉપધાનમાં પ્રવેશથી માંડીને માળ પહેરવા સુધીની ક્રિયા સમવસણરૂપ નંદિ આગળ થાય છે. ક્રિયાઓ પ્રભુ સન્મુખ થતી હોવાથી તે ઉપજ દ્રવ્યમાં લઇ જવી જોઇએ.

ભાવનગર (હાલ શ્રી કલકત્તા) નિવાસી શ્રી સવાઈલાલ કેશવલાલ શાહ જે. પી. પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટની શ્રી સ્વપ્ન દ્રવ્ય અને પારણાં દ્રવ્ય અંગેની માન્યતા.

# સ્વપ્ન દ્રવ્ય પારણાનું દ્રવ્ય દેવદ્રવ્ય જ છે.

આ વાત સમજવા માટે કલ્યાણકોને સમજવા જરૂરી છે. ચોર્યાશી લાખજીવાયોનિમાં મનુષ્ય અને તે પણ કર્મભૂમિના મનુષ્યો પૈકી શ્રી તીર્થંકર હોય છે.

શ્રી જિનશાસનમાં શ્રી તીર્થંકરદેવની ભક્તિ એટલી બધી નિકાચિત હોય છે, કે તેમનાં જ પાંચે પ્રસંગોએ (શ્રી ચ્યવન, જન્મ-દિક્ષા-કેવળ-મોક્ષ) ચૌદ રજ્જુલોકનાં દરેક જીવોને એકી સાથે શાતા ઉપજે છે. તદ્ભવે મોક્ષે જનાર અન્ય ચૌદ લિંગના જીવોના તથા શ્રી ગણધર ભગવંત પ્રમુખનાં પ્રસંગોએ આ પાંચે કલ્યાણકોમાંથી એક પણ કલ્યાણક થતું નથી. માટે પંદર લિંગ પૈકી શ્રી તીર્થંકર એક જ લિંગ એવું છે, કે જેના મહામંગળકારી પાંચ કલ્યાણકો એક જ ભવમાં થાય છે, અને તે મહામંગળકારી શુભ પ્રસંગે ચૌદ રજ્જુલોકનાં સર્વે જીવોને સાતા ઉપજે છે. એ કલ્યાણકોની મહત્તાને આભારી છે.

ચોર્યાશી લાખ જીવયોનિમાં એક જ શ્રી તીર્થંકર પરમાત્માના શ્રી ચ્યવન સમયે જ શ્રી તીર્થંકરના માતાજી ચૌદ મહાસ્વપ્નો જુવે છે. બીજા પુરુષો એટલે ચક્રવર્તિ આદિની માતા આ ચૌદ સ્વપ્નો જુએ છે, પણ ઝાંખા જૂવે છે. તદ્ભવે મોક્ષે જનાર અન્ય ચૌદ લિંગોના જીવોની માતાઓ સ્વપ્નો જોતી નથી.

કલ્યાણકો પાંચ જ છે. ચારે નહિ, અને છ એ નહિ ચ્યવન કલ્યાણકને શ્રી જૈનશાસનમાં મતાન્તર વિના 'કલ્યાણક' જ કહ્યું છે.

તો શ્રી ચ્યવન કલ્યાણક સૂચિત સ્વપ્ન નિમિત્તે થનાર બોલીની રકમ શ્રી તીર્થંકર ભગવન્ત નિમિત્તે જ છે, એટલે તે દ્રવ્ય (રકમ) દેવદ્રવ્ય જ છે.

શ્રી પંચતીર્થજીમાં શ્રી જિનેશ્વરદેવનાં પાંચ પ્રતિમાજી મહારાજ હોય છે. તથા શ્રી ઈન્દ્રમહારાજ, શ્રી શાશનદેવી દ્વારપાળ આદિ દેવોની મૂર્તિ પણ હોય છે, પરંતુ કહેવાય શું ? શ્રી તીર્થંકર દેવના પ્રતિમાજી, એટલે તે નિમિત્તનું દ્રવ્ય દેવ દ્રવ્ય જ ગણાય.. નહિ કે શ્રી ઈન્દ્રમહારાજનું કે દેવદેવીઓનું.

દરેક સ્થળે જઈએ ત્યારે પ્રથમ નાયક મુખ્ય માણસને પુષ્ટ કરવા પડે. તે હોય તો, હજૂરિયા તૈયાર થાય.

તેવી રીતે જ્યારે આપની પાસે ધન હોય, ત્યારે વિશિષ્ટ નાયક શ્રી તીર્થંકર દેવોનાં જિનાલયોને જ પુષ્ટ કરવા પડે.

શક્ય છે, કે શ્રી ભારતવર્ષના અમુક શ્રી જિનાલયોમાં દેવદ્રવ્યનો વધારો હશે, પરંતુ શ્રી ભારતવર્ષનાં જ સમસ્ત જિનચૈત્યો લઈએ, તો તે સમસ્ત શ્રી ચૈત્યોને જિનાલયોને વ્યવસ્થિત રાખવા પૂરતું પણ દ્રવ્ય શ્રી જિનચૈત્યો પાસે નથી જ.

જ્યારે પુણ્યાનુબન્ધિપુણ્યનું જ કાર્ય જ કરવું છે. તો પછી સર્વોત્તમ વિશિષ્ટમાં વિશિષ્ટ પુણ્યાનુબન્ધિપુણ્યનું કાર્ય કેમ ના કરીએ ? એ રીતે સ્હેજે મન લલચાય છે, અને એ અસ્થાને ન જ ગણાય. પૂર્ણિમાના ચંદ્રદર્શને સમુદ્રના મોજા (વેલા) ખૂબ ખૂબ ઉછળે છે. તદ્‌વત પુણ્યશાળી ભવ્યાત્માની ભાવના સદાયે એવી જ હોય છે, કે પુણ્યાનુબન્ધિપુણ્યકાર્યને જ સાકાર બનાવવારૂપ શ્રી જિનમંદિરજી નિર્માણ કરવા કરાવવા માટે જ અમારુ મન છે. એટલે જ શ્રી જિનમૂર્તિ અને શ્રી જિનમંદિરજી નિર્માણમાં ધનનો સદ્‌વ્યય થાય એ જ પરમ હિતાવત છે.

વ્યવહારબુદ્ધિથી વિચારીએ તો એક રૂપિયા જેવી નહિવૃત રકમનું ફળ પણ અધિકાધિક મેળવવા જ મન લલચાય, તો પછી સેંકડો હજારો રૂપિયા જેવી માતબર રકમ વાપરીને લાભ લેવાના

પુણ્ય પ્રસંગે અતિવિશિષ્ટ ફળદાયી દેવદ્રવ્યની વૃદ્ધિમાં જ વાપરવા મન થાય તે સ્વાભાવિક જ છે.

શ્રી ભારતવર્ષમાં જન્મેલ હોવા છતાં આધુનિક પાશ્ચાત્ય કુસંસ્કારોને લીધે ત્રિકલાબાધિત કર્મસિદ્ધાંતના અટલ નિયમને ભૂલેલા આપણા ભાઈઓ સાધર્મિક ફંડની વાતો કરે છે. પણ તે વાતો સમજ્યા વિનાની છે. અનન્તરાયકર્મના ઉદયે જે પુણ્યવન્તને લક્ષ્મીનો યોગ ન થયો હોય, તેનું ઉપાદાન અર્થાત્ મૂળ કારણ તો, ગત કોઈપણ ભવમાં મોહ અને અજ્ઞાનવશ બાંધેલ અશુભકર્મ છે. તેવા સીદાતાઓને માત્ર ધન આપવાથી દરિદ્રતાનું મૂળ કારણ અશુભકર્મ દૂર નહિ કરી શકો. તે જીવો તેમના અશુભ કર્મથી દુઃખી થઈ રહ્યા છે. એવું વિચારીને તે જીવોનો તિરસ્કાર કરવો એ પણ કોઈ રીતે ઉચિત નથી. પરન્તુ માત્ર ધન આપવાથી અશુભકર્મ નહિ ટળે. ધન સાથે ધર્મ પહેલો આપવો પડશે.

લગભગ સો વર્ષનું અલ્પ આયુષ્ય હાલના માનવીનું, તેમાં રાજકીય આદિ કારણોસર મનુષ્યોની આર્થિક સ્થિતિ દિન પ્રતિદિન ઘસાતી ગઈ.

આ સરકીય પ્રપંચનો પ્રચંડ તૂત (સ્ટંટ) રૂપ ઊંધો પ્રવાહ અવસર્પિણીકાળના પંચમઆરારૂપ કલિકાળના પ્રભાવને આભારી છે. પરન્તુ પૂજ્યતમ શ્રી જિનાગમો તો ઉત્સર્પિણી અવસર્પિણીરૂપ એક કાળચક્ર એવા અનન્ત કાળચક્રે એક પુદ્ગળપરાવર્તન થાય એવા અનન્તાનન્ત પુદ્ગળ પરાવર્તનકાળની વાતો કહે છે. ત્યાં સો વર્ષની અત્યલ્પ આર્થિક સ્થિતિનું કોઈ મૂલ્ય નથી. એટલે સો વર્ષની આર્થિક સ્થિતિ સુધારવા જશો, ત્યાં સો વર્ષ તો નહિ સુધરે, પણ ભાવિ અનન્તં કાળ બગડી જશે. મહાદુઃખી થવું પડશે. તેનો વિચાર કર્યો ? ક્યારેક ક્યાંક એકત્રિત થઈએ તો સૌથી મોટા કાર્યનો ઉકેલ

થાય. પૂજ્ય સકળ શ્રી જૈન સંઘ પર્વાધિરાજ શ્રી પર્યુષણા મહાપર્વની મહામંગળ આરાધનાના શુભ પ્રસંગે અને ભાદરવા શુદિ ૧ને દિને પરમ તારક ચરમ તીર્થપતિ દેવાધિદેવ શ્રી મહાવીરસ્વામીજીના જન્મવાંચનના સમયે મોટાભાગે (પૂજ્ય સકળ શ્રી જૈન સંઘ) ઉપસ્થિત થાય છે. ત્યારે સૌથી મોટું કાર્યરૂપ દેવદ્રવ્યના ઉકેલ માટે જ વાતો થાય, અને તે જ ધનની ઉપજ કરવાની હોય

શ્રી તીર્થંકર દેવ ''શ્રી ચ્યવનથી જ'' ત્રણજ્ઞાન સહિત અને જન્મથી જ ચાર અતિશયોથી યુક્ત હોય છે. માટે શ્રી ચ્યવનકલ્યાણક સમયના સ્વપ્ના તથા ઘોડીયા પારણાનું દ્રવ્ય દેવદ્રવ્ય જ ગણાય.

શ્રી ભારતવર્ષનો પૂજ્ય સકળ. શ્રી જૈન સંઘ ભાદરવા શુદિ ૧ ના શુભ દિને સ્વ સ્થાનમાં ઉપાશ્રયોમાં ઉપસ્થિત થાય છે. પરસ્પર સૌ સાથે સંબંધ બાંધે છે. તો ઉત્કૃષ્ટો જ સંબંધ બાંધવો, તે હિસાબે પણ સ્વપ્ન ઘોડીયા પારણાની ઉપજ દેવદ્રવ્ય જ છે.

## જામનગર નિવાસી શ્રી અમૃતલાલ કાલીદાસ દોશીની માન્યતા

ટ્રસ્ટીઓ દેવદ્રવ્ય વિષે નીચે પ્રમાણે માન્યતા ધરાવે છે :

૧. ભંડારની ઉપજ.

૨. બોલીઓ જેવી કે સ્વપ્નાની, વરઘોડાની ઉપધાનની માળની, તીર્થમાળની આરતી મંગળદીવાની, પ્રક્ષાલ, વિલેપન પૂજન વિ.

૩. નાણ, રથ, આંગી, વિગેરેમાં જિન મૂર્તિસ્થાપન કરવાનાં નકરાની.

૪. પ્રભુભક્તિ માટે અર્પણ કરેલી ચીજ વસ્તુઓ અગર તેવી રકમો.

૫. પ્રતિષ્ઠિા, જિનભક્તિ, સ્નાત્ર મહોત્સવ, અંજનશલાકા વિગેરેની બોલીઓ.

૬. દેરાસરની જગ્યાની રકમ, તથા દેવદ્રવ્ય ઉપર જે વ્યાજ આવે તેની રકમ.

ઉપર્યુક્ત વ્યાખ્યામાં જે જે બાબતોનો જેમાં સમાવેશ કરવામાં આવ્યો છે, તે તે બાબતોની આવક અગર ઉપજનો હવાલો દેવદ્રવ્ય ખાતે જમા કરવાનો (નાખવો) જોઈએ.

દેવદ્રવ્યનો ઉપયોગઃ– દેવદ્રવ્યને જિનમૂર્તિ અને જિનમંદિર સિવાયના કાર્યમાં વાપરવું નહિ. અર્થાત્ તેનો ઉપયોગ નીચે દર્શાવેલ કાર્યોમાં થઈ શકે :

૧. પ્રભુને આભૂષણ, ટીકા, એટલે રત્નજડિત તિલક આદિ ચક્ષુ, લેપ, આંગી વિગેરે કરાવવા.
૨. દેરાસરનો જીર્ણોદ્ધાર તથા રંગરોગાન વિગેરે કરાવવા.
૩. નવીન દેરાસર બંધાવવું, તથા બીજા દહેરાસરોને મદદ કરવી.
૪. ધ્વજ, કળશ, ઈંડુ ચઢાવવું.
૫. દહેરાસર અને તેના દ્રવ્યની વ્યવસ્થા અંગે કરવેરા* તથા વિમાનું પ્રિમિયમ વિ. આપવું.

## સાધારણ દ્રવ્ય

અને ટ્રસ્ટીઓ સાધારણ દ્રવ્ય અંગેની નીચેની માન્યતા દર્શાવે છે.

**વ્યાખ્યા** :– દેરાસર અંગેનું ખર્ચ, કે જે દેવદ્રવ્યનાં ખાતામાં નાખી ન શકાય તેને માટે ઉપાશ્રયમાં કે બહાર ઊભું કરાતું ફંડ કે ભંડોળ કે કોઈપણ સાધારણ ખાતાની આવક અગર ઉપજ હોય અગર થાય. તેનો નીચે દર્શાવેલ કાર્યો માટે ઉપયોગ કરવો જોઈએ.

---

* ધર્મક્ષેત્રે કોઈ પણ સંયોગે કરવેરો ભરવાનો હોય જ નહિ, પરંતુ ધર્મદ્રવ્યને હડપ કરવાની બ્રિટિશરોની કાતિલ કુટતાના મહાપાપે ધર્મદ્રવ્યમાંથી કર ભરવાનું અનિવાર્ય બનાવ્યું. એટલે દુઃખિત હૈયે કર ભરવો પડે છે.

૭. કેસર, સુખડ, બાદલું વગેરે પ્રભુપૂજાના દ્રવ્યો ખરીદવાનું પૂજા કરનાર કે દર્શન કરવા આવનાર લલાટે તિલક કરે, કે પૂજા માટે કેસર, ચંદનનો ખર્ચ, તા ન્હાવાનો કે હાથ પગ ધોવાનો, પાણીનો, તા લૂછવાના કપડા, તથા પગ લુછણીયું વગેરેનો ખર્ચ કરે તે દેવદ્રવ્યમાંથી કરવાનો નથી. અંગલુંછણાં, વાળાકૂંચી, કળશ, કુંડી આદિ વાસણો ધૂપદાની, ફાણસ વગેરે ખરીદવાનું.

૯. ધૂપ દીપ માટે ઘીની બરણી, ઈલેકટ્રીક રોશની વગેરે અંગેની ચીજ વસ્તુઓ ખરીદવાનું કે ફીટીંગ કરાવવાનું કે ટેલીફોન અંગેનું કોઈપણ ખર્ચ કરવાનું.

૧૦. ધોતીયા, ખેસ, કામળિયા તથા બહેનોના પૂજાનાં વસ્ત્રો ખરીદવાનું.

૧૧. દેરાસરના કાર્ય માટે પૂજારી, ઘાટી, મહેતાજી વિ. નોકરોને પગાર આપવાનું.

૧૨. પખાળ અંગે પાણી દૂધ વગેરે લાવવાનું અને ન્હવણ વગેરે પધરાવવાનું.

આ પ્રમાણે દેવદ્રવ્ય અંગેની પ્રથમ છ કલમનું ખર્ચ દેવદ્રવ્યમાંથી કરવું જોઈએ. અને સાધારણ દ્રવ્યના ઉપયોગ અંગેનું સાતથી બાર કલમોનું ખર્ચ સાધારણ પ્રમાણે કરવું જોઈએ.

## શ્રી શિવ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘની સભા

નેત્રાદિ પાંચે ઇન્દ્રિયોના અજોડ સંયમી પરમ પૂજ્યપાદ પ્રશાંતમૂર્તિ પરમ તારક ગુરુદેવેશ આચાર્ય પ્રવર શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબજીની પુણ્ય ઉપસ્થિતિમાં શ્રી વીર સંવત્ ૨૪૯૫, વિક્રમ સંવત્ ૨૦૨૫ના ભાદરવા વદિ ૧ને

ગુરુવારે રાત્રે શ્રી શિવ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘના ઉપાશ્રયે એક સભા મળી હતી.

તે સભામાં સુશ્રાવક શ્રી વૃજલાલ સુન્દરજી શેઠ. શ્રી હરસુખલાલ ઓધવજી શાહ, શ્રી ચિમનલાલ ટોકરસિભાઈ શાહ, શ્રી પ્રાણલાલ રામચંદ શાહ, શ્રી માણેકલાલ ઝવેરચંદ વસા, શ્રી રમણિકલાલ સેકસરીઆ, શ્રી બાબુલાલ પોપટલાલ શાહ વિજાપુરવાળા, શ્રી છબીલદાસભાઈ તથા શ્રી ઉત્તમલાલ ચુનીલાલ શાહ અદિ ત્રીશેક ભાગ્યશાળિઓ ઉપસ્થિત રહ્યા હતા.

પરમ પૂજ્યપાદ આચાર્ય પ્રવરશ્રીજીએ સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય જ છે. તે અંગે શાસ્ત્રીય પ્રમાણોથી, તેમ જ પૂર્વાચાર્યોના અને વર્તમાનકાલીન પૂજ્યપાદ આચાર્ય મહારાજ આદિના અભિપ્રાયો આપીને ખૂબ મક્કમતાથી સમજાવેલ.

શ્રી પ્રાણલાલ રામચંદ શાહ તે સમયે શ્રી ગોડીજી પાર્શ્વનાથ જિનમન્દિર પેઢી પાયધુની મુંબઈના મેનેજીંગ ટ્રસ્ટી હતા. તેમને મેં પૂછેલ કે શ્રી ગોડીજી મહારાજના ઉપાશ્રયે બોલાતી સ્વપ્નદ્રવ્યની બોલીની શી વ્યવસ્થા છે ?

ત્યારે પ્રાણલાલભાઈએ જણાવ્યું, કે સ્વપ્નદ્રવ્યની ઉપજમાંથી લગભગ સાત આઠ હજાર જેટલી રકમ જ દેરાસરજીના સાધારણખાતે લેવામાં આવે છે. તે રકમનો ઉપયોગ પૂજારી અને જિનમંદિરના ચોકીદારના પગારમાં જ કરીએ છીએ.

મેં પૂછયું કે શ્રી ગોડીજી મહારાજની પેઢીનો વાર્ષિક ખર્ચ કેટલો ? ત્યારે પ્રાણલાલભાઈએ જણાવ્યું, કે શ્રી ગોડીજી મહારાજની પેઢીનો વાર્ષિક ખર્ચ એક લાખ રૂપિયાનો. મેં પૂછયું બીજા ખર્ચની શી વ્યવસ્થા છે ? ત્યારે પ્રાણલાલભાઈએ જણાવ્યું, કે મકાનોના ભાડા આદિની વાર્ષિક આવક લગભગ રૂપિયા નેવુ હજાર (૯૦૦૦૦)ની છે.

ત્યારે મેં જણાવ્યું કે રૂપિયા આઠ થી દશ હજાર જેવી રકમ માટે ભારતવર્ષના શ્રી જૈન સંઘો શ્રી ગોડીજી મહારાજની પેઢીનો ખોટો વાદ લે, તેવી અનિષ્ટ તક શ્રી ગોડીજી મહારાજની પેઢીએ શા માટે આપવી ? ત્યારે પ્રાણલાલભાઈએ જણાવ્યું, કે એ વાત તો અમને પણ ખૂંચે છે. સુધારો માંગે છે. ઘણીવાર બીજા કાર્યકરો સાથે વિચાર વિનિમય પણ કરેલ, પરન્તુ ઉકેલ (નિર્ણય) કરી શક્યા નથી.

ત્યાર પછી મેં પૂછયું, કે શ્રી ગોડીજીમાં કેસર, શ્રીખંડ, (સુખડ ચન્દન) બરાસ, દૂધ, ઘી, ધૂપ દીપ આદિ માટે શી વ્યવસ્થા છે ?

ત્યારે પ્રાણલાલભાઈએ જણાવ્યું, કે એ બધી વસ્તુની વ્યવસ્થા શુદ્ધ સાધારણ ખાતાના દ્રવ્યથી જ કરવામાં આવે છે. મેં જણાવ્યું કે એ રીતે હોય, તો ખૂબ ખૂબ અનુમોદનીય.

શ્રી ગોડીજી મહારાજની પેઢીનું નામ વટાવીને અર્થાત્ આગળ ધરીને શ્રી સ્વપ્ન બોલીના દ્રવ્યમાંથી અમુક ટકા નિઃશંકપણે સાધારણ ખાતે લઈ જવા માટે દુરાગ્રહ સેવનારાઓને પ્રાણલાલભાઈની આ સ્પષ્ટતા સબૂર કહે છે, રક્ત દીપક અને લાલ ઝંડી ધરે છે. કાં ભાઈ ! શીદને આટલા બધા ઉતાવળા થાઓ છો ? ગોડીજીનું નામ સસ્તું ભાળી ગયા લાગો છો ! ઊભા રહો શોચો વિચારો ! શ્રી ગોડીજી મહારાજની પેઢી સાધારણનાં કાર્યોમાં સ્વપ્નદ્રવ્યનો ઉપયોગ કરતી જ નથી ગોડીજી મહારાજની પેઢી તો માત્ર પૂજારીના અને દેરસરજીની ચોકીયાતના પગારમાં જ ઉપયોગ કરે છે. ત્યારે તમારે તો શ્રી ગોડીજી મહારાજનું નામ વટાવીને ઉપાશ્રય આદિના ચાલુ સાધારણ ખાતે લઈ જવાનું દુસ્સાહસપૂર્વકનું મહાપાપ

કરવું છે. પ્રાણલાલભાઈની સ્પષ્ટતા ગર્ભિત રીતે કાનમાં ઘણુ બધું કહી જાય છે.

એકાન્તે પરમહિતબુદ્ધિથી શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન પેઢીના કાર્યકરોને હું પરમ વિનમ્ર સૂચન કરું છું. કે તમો 'જૈન' 'કલ્યાણ' 'સુઘોષા' અને 'શ્રી મહાવીરશાસન' આદિ પ્રગટ થતાં સાપ્તાહિક પાક્ષિક કે માસિકોમાં નિમ્નલિખિત નિવેદન આપો જેથી શ્રી ગોડીજીનું નામ આગળ ધરીને દેવદ્રવ્યભક્ષણ મહાપાપના અવિહિત માર્ગે જતાં અટકશે, અને તમો દેવદ્રવ્ય રક્ષણ કરવામાં માર્ગદૃષ્ટા થવાથી પુણ્યાનુબન્ધિપુણ્યના અપૂર્વલાભના અધિકારી થશો.

## પરમ પૂજ્ય શ્રી શ્રમણપ્રધાન ચતુર્વિધ જૈન સંઘ પ્રતિ પરમ વિનમ્ર નિવેદન

અમે 'શ્રી ગોડીજી પાર્શ્વનાથજી જૈન પેઢી પાયધુની મુંબઈ'ના કાર્યકર્તાઓ પરમ પૂજ્ય શ્રી શ્રમણ પ્રધાન ચતુર્વિધ જૈન સંઘને સહર્ષ પરમ વિનમ્ર નિવેદન કરીએ છીએ, કે શ્રી ગોડીજી જૈન ઉપાશ્રયમાં સ્વપ્નબોલીની થતી ઉપજનો મહદંશ તો દેવદ્રવ્ય ખાતે જમે લઈએ છીએ, અમુક રકમ સાધારણ ખાતે જમે લઈએ છીએ તે તે રકમનો ઉપયોગ માત્ર જિનાલયના કર્મચારી પૂજારી, ચોકીયાત આદિને અપાતા માસિક વેતનમાં (પગારમાં) કરીએ છીએ. અન્ય કોઈ ખાતામાં તે દ્રવ્યનો ઉપયોગ કરતા જ નથી. પૂજ્ય શ્રી સકળ જૈન સંઘ તેની ખાસ નોંધ લે. એવી શ્રી સંઘને અમારી વિનમ્ર અભ્યર્થના.

## મહાન અજ્ઞતાનો એક વિશેષ પરિચય

ધર્મધ્વંસક, પાપપોષક અને આર્યસંસ્કૃતિના ધોરી મૂળમાં ધગધગતા અગનગોળા મૂકનાર શ્વેત પાશ્ચાત્યોના કુસંસ્કારના

મહામોહપથી વિવેક ભ્રષ્ટ થઈ જવાના કારણે હિતાહિત, લાભાલાભ, સારાસાર કે કર્ત્તવ્યાકર્ત્તવ્યનો અંશમાત્ર વિચાર કર્યા વિના, માત્ર વિદેશી શ્વેત પાશ્ચાત્યોના અન્ધ અનુકરણની આંધળી દોટથી આજે ભારતવર્ષમાં છીંકબગાસાની જેમ વાતવાતમાં ઉદ્ઘાટન અને માન-સન્માન સમારોહનો રાફડો ફાટયો છે. નિકટના ભવિષ્યમાં તો એ રાફડાને નાથવો દુષ્કર પ્રાયઃ જણાય છે. રાફડાના મહાપાપે આર્ય સંસ્કૃતિના પાયા હચમચી જવાથી આર્ય સંસ્કૃતિ ડોલવા લાગી અને કલ્પી ન શકાય તેવા ભૂંડા બેહાલમાંથી આર્ય સંસ્કૃતિ પસાર થઈ રહી છે. તેના કારણે પરમ સુકુલીન સુસજ્જન આર્યમહાજનો અને અન્ય આર્ય ભારતીયો અનેકવિધ અસહ્ય રીબામણો ભોગવી રહ્યા છે.

વિદેશી શ્વેત પાશ્ચાત્યોના કૂટભેજામાં એક વાત તો ચોક્કસપણે અટળ વિશ્વાસપૂર્વક વસેલી જ છે, કે જ્યાં સુધી જગતમાં પરમ આર્યતા સભર શૂક્ષ્મતમ પરમ વિશુદ્ધ આચારપ્રધાન જૈન સંસ્કૃતિ પ્રાણવતી એટલે જીવતી હશે, ત્યાં સુધી ઇસાઇ ધર્મ વિશ્વધર્મ નહિ થઇ શકે. ઈસાઈ ધર્મને વિશ્વધર્મ બનાવવા માટે આર્યમહાજનો અને પરમ ઉચ્ચતમ આર્યતા સભર પરમ સુવિશુદ્ધ આચારમય જૈનધર્મ સંસ્કૃતિનો અતિત્વરાએ સર્વતોમુખી વિ-નિપાત કરવો જ જોઈશે. તો જ આપણા પગરણ મંડાય અને ઈસાઈ ધર્મના મૂળ ભારતમાં ઊંડા ઉતારવામાં સફળ થઈ શકાય. એવી મેલી મુરાદ હૈયામાં ધરબીને ભારતમાં આવેલ તમે શ્વેત પાશ્ચાત્યો અને તમારો જાત ભાઈ લોર્ડ મેકોલોએ કાતિલ કુસંસ્કારજન્ય પાશ્ચાત્ય કુશિક્ષણનું બીજારોપણ કરીને ભાડુતી ઊભા કરેલ પરીક્ષકો દ્વારા પરીક્ષા લેવાનો દંભપૂર્ણ ફટાટોપ ઊભો કરીને પ્રતિશતે જુજ ગુણવાળાને ઉત્તીર્ણ ગણવામાં આવશે. પણ એ ઉત્તીર્ણ થયેલ સાવ સામાન્ય કક્ષાનો ગણાશે. ૪૫ ગુણવાળા સાવ સામાન્ય કક્ષા કરતા કંઈક વિશેષ ગણાશે. ૪૬ થી

૫૫ ગુણવાળા કંઈક અંશ કરતાં વિશેષ ગણનાપાત્ર ગણાશે. ૬૬ થી ૭૫ ગુણવાળા પ્રથમ કક્ષાના ઉત્તીર્ણ ગણાશે. ૭૬ થી ૮૫ ગુણવાળા પ્રથમ કક્ષાથી વિશેષ ઉત્તીર્ણ ગણાશે. અને ૮૬ થી ૯૦-૯૫ કે તેથી પણ અધિક ગુણવાળા પ્રથમ કક્ષાથી વિશેષત્તર ઉત્તીર્ણ ગણાશે. એ કક્ષાના ઉત્તીર્ણકોને રાજ્યના અમુક મહત્ત્વના સ્થાનો પર મોટર બંગલો ઉદ્યાન નોકર-ચાકર-સેવક-માળી આદિ અનેકવિધ સુવિધાઓપૂર્વક માસિક હજારો રૂપિયાના વેતનથી નિયુક્ત કરવામાં આવશે. એ પ્રકારના બ્રિટિશરોના ઘોષિત કરાયેલ પ્રલોભનોથી આકર્ષાયેલ માતા પિતાઓ હરખ પદુડા થઈને પોતાના સુસંસ્કારી સંતાનોને કુસંસ્કારજન્ય કુશિક્ષણ લેવાનું ચાલું કરાવ્યું. અને આજે તો બાલ્યકાળથી જ કોન્વેન્ટ સ્કૂલોમાં પ્રવેશ મેળવવા માટે માતા પિતાઓ દ્વારા આજીજી અને કાકલુદીઓ કરવા પૂર્વક હજારો અને લાખો રૂપિયા ડોનેશનરૂપે આપવા છતાં યે કોન્વેન્ટ સ્કૂલોમાં પ્રવેશ મેળવવો દુર્લભ બન્યો છે.

આજે તો વિદેશી પાશ્ચાત્ય કુશિક્ષણનું એવું ઘેલું લાગ્યું છે, કે પુત્ર, પુત્રીઓ બી.એ., એમ.એ., બી.કોમ., એમ.કોમ., એમ.બી.બી.એસ., એફ.આર.સી.એસ., એમ.ડી., એલએલ.બી., સી.એ., આઈ.સી.એસ., આદિ જેવી પરીક્ષામાં ૮૦-૮૧ થી ૯૦ આસપાસના ગુણાંકે ઉત્તીર્ણ થાય તો માતા પિતા અને ભાવિ પતિ પત્નીના હૈયે હર્ષ માયો સમાતો નથી. અને ઉપરથી તેનું ભયંકર ગૌરવ લે છે. દૈનિક સામયિકોમાં ઉત્તીર્ણકોના ચિત્રો પ્રગટ કરીને નીચે ઉલ્લેખ કરે છે, કે અમારા પરિવારનું....અમારી જ્ઞાતિનું....અમારા કુળનું....અમારા સમાજનું ગૌરવ છે, કે ફલાણાભાઈ આટલા ગુણાંકે ઉત્તીર્ણ થયા છે. આ છે પાશ્ચાત્ય જડવાદ કુશિક્ષણના કુરંગે રંગાયેલા આધુનિક ભારતીયોની રીત ભાત.

ત્યારે પૂર્વકાલીન જૈન માતાના પરમ સુવિનીત તેમ જ પરમ આજ્ઞાંકિત સુપુત્ર શ્રી આર્યરક્ષિતજી ચૌદ વિદ્યાના પારગામી મહાપંડિત થઈને સ્વનગરમાં આવે છે, ત્યારે રાજરાજેશ્વર મહારાજાધિરાજશ્રીએ ગજરાજની અંબાડીએ વિરાજિત કરીને આડંબરપૂર્વક નગરપ્રવેશ કરાવ્યો. પ્રવેશ યાત્રાની રાજસભાએ પૂર્ણાહુતિ થઈ. મહારાજાધિરાજ શ્રી રાજસિંહાસને વિરાજમાન થયા. મહારાજધિરાજશ્રીના સંકેતથી મંત્રીશ્વરજીએ પંડિતરાજશ્રીને યોગ્ય રચાવેલ આસન ઉપર વિરાજમાન થવા આદેશ કર્યો. પંડિતરાજશ્રીએ આસને શોભાવ્યું. મહારાજાધિરાજશ્રીની આજ્ઞાથી પંડિતરાજશ્રીએ રાજાનું અને પ્રજાનું કર્ત્તવ્ય શું હોય ? અને એ કર્ત્તવ્યતાનું પાલન કઈ રીતે કરવું ? જેથી રાજા અને પ્રજા ઉભય વચ્ચે ક્ષીર અને નીર જેવો સુમેળભર્યો મીઠો મધુરો સંબંધ સદૈવ જળવાયેલ રહે. એ વિષય ઉપર અતિમાર્મિક તલસ્પર્શી બોધક અને વેધક વક્તવ્યપૂર્ણ કર્યું. રાજાધિરાજશ્રીએ અને પ્રજાજનોએ અતીવ પ્રસન્નતા અનુભવી. રાજાધિરાજશ્રીએ મહાપંડિતરાજને ''રાજગુરુ''ના માનનીય પદથી વિભૂષિત કર્યા. તો પણ રાજસભામાં માતાજી ન હોવાના કારણે પંડિતરાજને જોઈએ તેવી પ્રસન્નતા ન પ્રગટી. રાજાધિરાજશ્રીએ અને પ્રજાજનોએ અનેકવિધ અમૂલ્ય વસ્તુઓથી પંડિતરાજને ભારો ભાર સત્કાર્યા. સન્માન્યા. રાજસભા વિસર્જન થતાં રાજાધિરાજાશ્રીને અને મંત્રીશ્વરજીને નમસ્કાર કરીને રાજાધિરાજશ્રીની અનુમતિ મળ્યાથી પંડિતરાજશ્રી સ્વગૃહે આવીને સામાયિક લઈને બેઠેલ માતાજીના ચરણોની સમીપમાં મસ્તક મૂકીને નમસ્કાર કરે છે. તો પણ આર્યતાસભર જૈન ધર્મના પરમ ઊંડા સુસંસ્કારને વરેલા જૈન માતાજી પ્રસન્ન થતા નથી. પરન્તુ ઉપરથી ખેદ અનુભવે છે. શ્રી આર્યરક્ષિતજી પૂછે છે, કે માતાજી આપના આશીર્વાદથી આજે તો આનન્દના પ્રસંગે ખેદ શેના કાજે ? બેટા તું જે ભણી આવ્યો છે, તે

તો મહદંશે દુર્ગતિમાં લઈ જનારી હોય છે. તું દુર્ગતિમાં જાય, અને હું આનન્દ અનુભવું એવી હું ડાકણ માતા નથી. હું જૈન માતા છું. એટલે મને ખેદ જ થાય ને ! બેટા તું જે ભણી આવ્યો, તે તો માત્ર પેટ અને પટારા ભરવાની કળા સંપાદન કરી આવ્યો છે એ કળાથી તારી જૈન માતા પ્રસન્નતા અનુભવે ખરી ? કદિયે નહિ. પંડિતરાજ શ્રી આર્યરક્ષિતજીએ પૂછયું માતાજી આપને પ્રસન્નતા કઈ રીતે અને ક્યારે થાય ' બેટા તું દૃષ્ટિવાદ ભણી આવે ત્યારે, તો માતાજી હું દૃષ્ટિવાદ ભણવા જાઉં. મને દૃષ્ટિવાદ કોણ ભણાવશે ? માતાજીએ કહ્યું બેટા તારા પૂ. મામા શ્રી તોસિલાચાર્યજી ગુરુમહારાજ છે, તેઓશ્રી ભણાવશે. માતાજી સમજતા હતા. કે જૈન દીક્ષા અંગીકાર કર્યા વિના શ્રી દૃષ્ટિવાદ ભણી શકાય જ નહિ. એટલે જૈન માતાજીએ જાણી સમજીને ઇચ્છાપૂર્વક દીક્ષા લેવા માટે પંડિતરાજશ્રી આર્યરક્ષિતજી જેવા મહાસમર્થ પુત્રને પૂ. તોસિલાચાર્યજી મહારાજ પાસે મોકલાવ્યા હતા.

ત્યારે આધુનિક જૈન માતા પિતા પોતાના સંતાનો પ્રાયઃ સજ્જનમાંથી દુર્જન, સન્તમાંથી શઠ, અને આર્યમાંથી અનાર્ય જેવો થઈને આવે, તો યે નકારી શકાય તેમ નથી. તથાપિ આધુનિક જૈન માતા-પિતા પ્રસન્નતા અનુભવે છે. એટલું જ નહિ, પણ પાશ્ચાત્યોના અન્ધ અનુકરણના પ્રવાહમાં તણાઈને માતા-પિતા ઉત્તીર્ણ થયેલ પુત્રના માનમાં સન્માનના સમારંભો યોજે. સન્માન પ્રસંગની અત્યાકર્ષક મોંઘીદાટ પત્રિકા મુદ્રિત કરાવીને તેનું વિતરણ કરે, તે પત્રિકાના શિર્ષકમાં લખ્યું હોય છે, કે ''સમાજની શાન અને જ્ઞાતિનું ગૌરવ ' એટલાથી સન્તોષ ન થાય, એટલે પત્રિકાનું લખાણ ગૌરવભેર જિનાલય આદિ ધાર્મિક સ્થાનોના પટ્ટક (બોર્ડ) ઉપર લખવા માટે શ્રી સંઘના કાર્યકર્ત્તાઓને પ્રેરણા કરે. કાર્યકર્ત્તાઓ ધર્મના મર્મને સમજેલ હોય, તો નિષેધ કરે, કે આ લખાણ ધાર્મિક સ્થાનોના

પટ્ટક ઉપર ન લખાય. ત્યારે કાર્યકર્ત્તાઓને તું તા જેવા તુચ્છ શબ્દોથી અપમાન કરવા પૂર્વક કલેશ કરીને પણ બળાત્કારે લખાવે છે. કેટલાક સ્થળે એવા પ્રસંગો જૈન ઉપાશ્રય પૌષધશાળા આયંબિલ ભવન આદિ જેવા ધાર્મિક સ્થાનોમાં પણ નિઃશંકપણે યોજે છે. આધુનિક કેળવણીના પાઠયપુસ્તકોનું વિતરણ પણ એ જ ધાર્મિક સ્થાનોમાંથી કરે છે.

કેટલાક વેપારીઓ પોતાના વેપાર ધન્ધા આદિના વિજ્ઞાપન (જાહેરાત) માટે પોતાના નામના પંચાંગ કે કેલેન્ડરો કઢાવીને જિનાલય, ઉપાશ્રય, આયંબિલ ભવન આદિ ધાર્મિક સ્થાનોમાં મૂકવાનું યે ચૂકતા નથી. જ્યાં મોટી સંખ્યામાં લોકોની અવર જવર થતી હોય, તેવા ધર્મસ્થાનોમાં પોતાના નામના બે ત્રણ પંચાંગ કે કેલેન્ડરો ભિન્ન ભિન્ન સ્થળે ન મૂકે. ત્યાં સુધી ભાઈસાહેબને ઓડકાર ન આવે.

આ બધી જ પ્રવૃત્તિઓ મહાઅજ્ઞાનમૂલક, અશુભ કર્મ બંધાવનાર અશાસ્ત્રીય પ્રવૃત્તિઓ હોવાથી ધાર્મિક સ્થાનોમાં તેનું આયોજન કરવાથી દેવદ્રવ્યભક્ષણનો, ધર્મધ્વંસનો, પાપપુષ્ટિનો અને આર્યસંસ્કૃતિના સર્વનાશનો મહાદોષ અનાયાસે લાગે છે. માટે એ સર્વ અશુભ પ્રવૃત્તિઓ સર્વથા બંધ થવી જ જોઈએ. એમાં જ આપણા સર્વસ્વનું પરમ હિત કલ્યાણ અને મોક્ષ છે. એ વાત ત્રણકાળમાં કદાપિ ભૂલવા જેવી નથી.

તીવ્ર પાપનો ઉદય થાય તેવી મહાપાપમય અનિષ્ટ પ્રવૃત્તિઓથી પરમ આશીર્વાદરૂપ આર્યસંસ્કૃતિની કેવી ભયંકર કરમી દુર્દશા, કદર્થના, વિડંબના અને રીબામણભર્યા ભૂંડા હાલ થઈ રહ્યા છે. તેની પ્રતીતિ તો વર્તમાનકાળે વાત વાતમાં ડગલેને પગલે થઈ રહેલ માનવ-હત્યાઓ, લૂંટફાટો, ચોરીઓ, જારીઓ નિર્લજ્જ બળાત્કારો

અપહરણો અને સત્તાની સાઠમારી અંગે અનેક અનિષ્ટ આચરણો આદિ અનેક અનિષ્ટ અભદ્ર તત્ત્વોના આચરણરૂપ ખેલાતો ફાગ (પ્રત્યક્ષ પ્રતીતે) કરાવે, તેવો આપણ સહુનો જાત અનુભવ છે. શુદ્ધ અંતઃકરણથી આપણે સહુ અનંત કરુણા સાગર પરમાત્માને પ્રાર્થના કરીએ, કે આપના અચિન્ત્ય અનંત પરમ પ્રભાવે વિશ્વમાંથી અનિષ્ટ તત્ત્વોનો સર્વથા અભાવ થાઓ, અને ધર્મમહાલયની આધારશિલા આર્ય સંસ્કૃતિ સોળે કળાએ સદાય સર્વત્ર વિકસેલી રહો. જેના કારણે જીવાત્માઓથી ધર્મમહાલયનું ચણતરકાર્ય સદાય થતું જ રહે.

## શ્રી ગુરુદ્રવ્ય અને તેનો વિનિયોગ

પરમ પૃજ્યપાદ સાધુ સાધ્વીજી મહારાજને પ્રતિલાભેલ (વહોરાવેલ) આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર આદિ ગુરુદ્રવ્ય હોવાથી, પ્રતિમાવાહક જેવા પરમ ઉચ્ચ કક્ષાના શ્રાવકે પણ તે વસ્તુઓનો ઉપયોગ કરવો યોગ્ય (ઉચિત) નથી. અર્થાત્ તે વસ્તુઓ ગૃહસ્થથી ન જ વપરાય

પરન્તુ જ્ઞાન ધ્યાનાદિ ધર્મની અભિવૃદ્ધિ અર્થે મહદંશે શ્રાવકાદિને શ્રી સ્થાપનાચાર્યજી મહારાજ, જપમાલિકા (નવકારવાળી), પુસ્તકાદિ આપવાનો વ્યવહાર પૂજ્ય ગુરુ મહારાજાઓ કરે છે. કેમ કે, શ્રી સ્થાપનાચાર્ય મહારાજાદિ વસ્તુઓ અનિશ્રિત એટલે સ્વનિશ્રાકૃત ન કરેલ હોવાના કારણે જ્ઞાનોપકરણરૂપ હોવાથી પૂજ્ય ગુરુમહારાજ આપે, તો તેનો ઉપયોગ કરવાનો વ્યવહાર પ્રચલિત છે.

પરન્તુ સુવર્ણ, રૂપું (ચાંદી) આદિ ગુરુદ્રવ્ય હોય, તો તેનો વિ-નિયોગ શ્રી જિનમન્દિર આદિના જીર્ણોદ્ધારમાં નૂતન જિનમન્દિર નિર્માણમાં, સિંહાસન, સમવસરણ, ત્રિગડું, સ્નાત્રપૂજા આદિના ઉપકરણો, ભંડાર અને તોરણ આદિના નિર્માણમાં કરવો, એ જ શાસ્ત્રસિદ્ધ પરમ હિતાવહ સુવિહિત માર્ગ છે.

(૧) ગુરુપૂજન સમ્બન્ધી સુવર્ણ આદિ દ્રવ્ય ગુરુદ્રવ્ય કહેવાય ?

(૨) પૂર્વકાળમાં આ પ્રકારે ગુરુપૂજન કરવાનું વિધાન હતું ?

(૩) ગુરુપૂજનના દ્રવ્યનો ઉપયોગ કયાં થાય ?

જૈન મુનિવરોની ઉપધિ બે પ્રકારની હોય છે એક ઔઘિક ઉપધિ. અને બીજી ઔપગ્રહિક ઉપધિ હોય છે. તેમાં મુહપત્તિ રજોહરણ આદિ ઔઘિક ઉપધિ મુખ્ય કહેવાય. અને કારણે રાખવા પડતાં કેટલાંક ઉપકરણો (સાધનો) ઔપગ્રહિક અર્થાત્ સહાયક ઉપધિ કહેવાય. ''તક્રકૌણ્ડિન્ય ન્યાયે'' ભોજ્ય ભોજક સમ્બન્ધે ઔઘિક ઉપધિ ગુરુદ્રવ્ય ગણાય છે. સુવર્ણાદિ દ્રવ્ય મૂકીને કરેલ ગુરુ પૂજનનું દ્રવ્ય ભલે ઔઘિક ઉપધિ કે ઔપગ્રહિક ઉપધિ કોટીનું ગુરુદ્રવ્ય ન ગણાતું હોય, પરન્તુ પૂજ્યની પૂજાના સમ્બન્ધે તે સુવર્ણાદિક દ્રવ્ય ગુરુદ્રવ્ય જ ગણાય છે. જો એ રીતે સ્વીકારવામાં નહિ આવે તો, ''શ્રી શ્રાદ્ધજિતકલ્પ''ની વૃત્તિ સાથે વિરોધ આવશે.

''શ્રી પ્રશ્નોત્તર સમુચ્ચય'' ''શ્રી આચારપ્રદીપ'' ''શ્રી આચારદિનકર'' તથા ''શ્રી શ્રાદ્ધવિધિ'' આદિ ધર્મગ્રન્થોના આધારે ગુરુપૂજન સિદ્ધ થાય છે.

પૂજા સમ્બન્ધથી ગૌરવ યોગ્ય ઉચ્ચસ્થાનમાં ગુરુપૂજનના દ્રવ્યનો સદ્વ્યય કરવો, એવું વિધાન ''શ્રી દ્રવ્યસપ્તતિકા'' આદિ ધર્મગ્રન્થોમાં હોવાથી, શ્રી જિનેન્દ્ર પરમાત્માની અંગપૂજામાં ગુરુદ્રવ્યનો ઉપયોગ ન કરતાં, શ્રી જિનચૈત્યાદિ નિર્માણકાર્યમાં તેમજ શ્રી જિનચૈત્યાદિના જીર્ણોદ્ધાર આદિમાં જ સદ્વ્યય કરવો. એ શાસ્ત્રસિદ્ધ પરમ હિતવંતો સુવિહિત માર્ગ છે. ગુરુદ્રવ્યનો ઉપયોગ સદ્વ્યય ક્યાં કયાં કરી શકાય ? તેની સ્પષ્ટ સમજ ''ગુરુદ્રવ્ય અને તેનો સદ્વ્યય''ની વ્યાખ્યામાં જણાવેલ છે.

પૂજ્યપાદ ગુરુમહારાજ સમક્ષ આલેખેલ ગહુંળી તેના ઉપર ચઢાવેલ શ્રીફળ તેમજ સોનારૂપાદિની વસ્તુ કે નાણું પણ દેવદ્રવ્ય ખાતે લઈને તેનો ઉપયોગ જીર્ણોદ્ધારાદિમાં કરવો.

શ્રી જિનેન્દ્રશાસનના પરમપ્રભાવક પરમ પૂજ્યપાદ શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજે દૂરથી હાથ ઊંચો કરીને આશીર્વાદરૂપે ધર્મલાભ આપેલ શ્રી વીરવિક્રમ મહારાજા પરમ અહોભાવથી એક ક્રોડ સુવર્ણમુદ્રા પૂજ્ય ગુરુમહારાજ સમક્ષ ધરી હતી. પૂજ્યપાદશ્રીએ તે સુવર્ણમુદ્રા શ્રી જૈન સંઘને અર્પણ કરાવીને જિનાલયોના જીર્ણોદ્ધારમાં તેનો સદ્વ્યય કરાવ્યો.

શ્રી ધારા નગરીના શ્રી લઘુ ભોજરાજાએ પરમ પૂજ્યપાદ વાદી વેતાલ આચાર્ય પ્રવર શ્રી શાન્તિસૂરિજી મહારાજને બાર લાખ સાઠ હજાર (૧૨,૬૦,૦૦૦) દ્રવ્ય અર્પણ કર્યું. તેમાંથી ગુરુમહારાજે રૂપિયા બાર લાખ (૧૨,૦૦,૦૦૦) દ્રવ્યના સદ્વ્યયથી માળવા દેશમાં જિનચૈત્યો નિર્માણ કરાવ્યા. અને સાઠ હજાર (૬૦,૦૦૦) દ્રવ્યના સદ્વ્યયથી થિરાપદ્ર (થરાદ)માં શ્રી જિનચૈત્ય અને દેવકુલિકા આદિ કરાવ્યા.

શ્રી આમરાજાએ પરમપૂજ્યપાદ આચાર્ય પ્રવર શ્રી બપ્પભટ્ટસૂરીશ્વરજી મહારાજના ચરણોમાં લાખો સુવર્ણમુદ્રાઓ ધરી, પરમ પૂજ્યપાદ આચાર્ય પ્રવરશ્રીજીએ તે મુદ્રાઓનો શ્રી જિનેન્દ્રપ્રસાદ નિર્માણમાં અને જિનાલયોમાં જીર્ણોદ્ધારમાં સુવિ-નિયોગ કરાવ્યો.

પરમાર્હત શ્રી કુમારપાળ મહારાજા પ્રતિદિન પરમ પૂજ્યપાદ કલિકાલસર્વજ્ઞ આચાર્ય પ્રવર શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજની સુવર્ણકમળોથી પૂજા કરતા હતા. તેનો ઉલ્લેખ શ્રી કુમારપાળ પ્રબન્ધમા છે. શ્રી હીરપ્રશ્નમાં તેની સાક્ષી આપી છે.

श्री हीरप्रश्न अथ पुनः पण्डितकान्हर्षिगणिकृतप्रश्नास्तत्प्रति वचांसि च यथा.

પત્રાંક ૧૯ ની પ્રથમા પુંઠી

तथा–गुरुपूजासकं सुवर्णादिद्रव्यमुच्यते न वा ? तथा प्रागवे पूजा विधानमस्ति न वा ? तथा–कुत्र चैतदुपयोगि ? इति प्रसाद्यिमिति । प्रश्ना अत्रोत्तराणिगुरुपूजासत्कं सुवर्णादि गुरुद्रव्यं न भवति स्वनिश्रायामकृतत्वात्, स्वनिश्राकृतं च रजोहरणाद्यं गुरुद्रव्यमुच्यत इति ज्ञायते ।। १० ।।

तथा हेमाचार्याणां कुमारपालराजेन सुवर्णकमलैः पूजा कृतास्त्येतदक्षराणि कुमारपालप्रबन्धे सन्ति ।। ११ ।

तथा–''धर्मलाभ इति पोक्ते दुरादुच्छ्रितपाणये । सूरये सिद्धसेनाय ददौ कोटि नराधिपः ।।१।। इदं गाङ्गपूजारूपं द्रव्यं तदानीन्तनेन सङ्घेन जीर्णोद्धारे व्यापारितमिति तत्प्रबन्धादौ श्रूयते । अत्रार्थे बहुवकतव्यमस्ति कियल्लिख्यते इति प्रश्नत्रयप्रतिवचनानि ।। १२ ।।

अथ पण्डितवेलर्षिगणिकृत प्रश्नास्तत्प्रतिवचांसि च यथा

પત્રાંક ૨૨ ની દ્વિતીયા પુંઠી

तथा–नाणकपूजा गुरो क्वास्ति ? इति प्रश्नोत्तरम्- कुमारपालेन राज्ञा श्री हेमाचार्याणां पूजा सुवर्णकमलैः प्रत्यहं क्रियते स्म इति कुमारपालप्रबन्धादौ प्रौक्तमस्ति, तदनुसारेण नाणकपूजाऽपि साम्प्रतं क्रियमाणा दृश्यते, तेषामपि धातुमयत्वात् । तथाऽत्र वृद्ध-वादोऽपि । ''श्री सुमतिसाधुसूरीणां वारके माण्डवाचलदुर्गे मल्लिक श्री जाफरामिधानेन (श्रद्धादिसंसर्गाज्जैनधर्माभिमुखेन) सुवर्णटङ्ककैः गीतार्थानां पूजा कृता'' इति ।। ३ ।।

શ્રાદ્ધાદિસંસર્ગાત્ આદિ કૌંસમાના શબ્દો શ્રી દ્રવ્યસપ્તતિકા ગ્રન્થમાં છે.

પરમ પૂજ્યપાદ આચાર્ય પ્રવર શ્રી સુમતિસાધુસૂરીશ્વરજી મહારાજશ્રીના સમયે શ્રી માંડવગઢમાં શ્રાવકોના પરિચયથી જૈનધર્માભિમુખ અર્થાત્ જૈનધર્મ પ્રત્યે આદર પ્રીતિવાળા થવાથી શ્રી જાફર નામના મલ્લિક બાદશાહે સુવર્ણટંકો એટલે સુવર્ણમુદ્રાઓથી પરમ પૂજ્યપાદ ગીતાર્થ ગુરુમહારાજાઓની પૂજા કરી હતી.

પરમ પૂજ્યપાદ આચાર્ય શ્રી જીવદેવસૂરીશ્વરજી મહારાજની પૂજાને માટે પરમ અહોભાવથી શ્રી મલ્લ નામના શ્રેષ્ઠિવર્યે અર્ધલક્ષદ્રવ્ય અર્થાત્ પચાસ હજાર (૫૦૦૦૦) દ્રવ્ય આપ્યું. તે દ્રવ્યથી પરમ પૂજ્યપાદ આચાર્ય પ્રવરશ્રીએ શ્રી જિનેન્દ્રપ્રાસાદ આદિ કરાવ્યા હતા.

પરમ પૂજ્યપાદ આચાર્ય મહારાજ આદિ તારક ગુરુવર્યોના પવિત્ર સંયમબળથી આકર્ષાઈને અનેક રાજા મહારાજાઓ, યવન-બાદશાહો, અને શાહ સોદાગર શ્રેષ્ઠિવર્યોએ પ.પૂ. ગુરુવર્યોના પવિત્ર ચરણોમાં લાખો ક્રોડો સુવર્ણમુદ્રાઓ ધરીને અંગૂઠે વાસચૂર્ણથી ગુરુ પૂજન કરેલ. તે સર્વસ્વ સુવર્ણમુદ્રાદિ દ્રવ્ય પૂ. સાધુ સાધ્વીના વૈયાવચ્ચ ખાતામાં કે સાધારણ ખાતામાં ન અપાવતાં સર્વે ગુરુવર્યોએ તે ગુરુ પૂજનનું સર્વસ્વદ્રવ્ય જીર્ણ જિનાલયોના જીર્ણોદ્ધારમાં અને નૂતન જિનાલયોના નિર્માણમાં સુવિ-નિયોગ કરવા માટે સુશ્રાવકોએ સંભળાવેલ.

પ. પૂ. ગુરુવર્યોની અને સુવિહિત આચરણા પ્રમાણે અમારા સમુદાયના પ. પૂ. ગુરુવર્યોશ્રી પણ દેવદ્રવ્ય ખાતે લેવરાવે

છે. તે સુવિહિત આચરણા પ્રમાણે હું પણ દેવદ્રવ્ય ખાતે જ જમે લેવરાવું છું.

વર્તમાનમાં કેટલાંક ગુરુવર્યો પૂ. સાધુ-સાધ્વીના વૈયાવચ્ચ ખાતે લેવા જણાવે છે તે ઉચિત કે અનુચિત છે. તે અંગે કાંઈ પણ ચર્ચા સમીક્ષા કર્યા વિના હું નિમ્નસ્તરીય ધર્મક્ષેત્રનું દ્રવ્ય ઉચ્ચસ્તરીય ધર્મક્ષેત્રમાં સુ-વિ-નિયોગ થઈ શકે. એવી જિનાજ્ઞા હોવાથી અને જેમનું લાક્ખો ક્રોડો સુવર્ણમુદ્રાથી ગુરુપૂજન કરેલ તે તારક પ. પૂ. ગુરુવર્યોએ પણ જિનાલયોના જીર્ણોદ્ધાર આદિમાં જ સુવિનિયોગ કરવા કરાવવા અર્થે જ શ્રી સંઘને અર્પણ કરાવેલ હોવાથી ગુરુપૂજનનું દ્રવ્ય દેવદ્રવ્યરૂપે જ જમે લેવાની હું માન્યતા ધરાવું છું. એટલે ગુરુપૂજનનું દ્રવ્ય દેવદ્રવ્ય રૂપે લેવરાવવામાં મને દોષ લાગે તેમ નથી. પરંતુ ગુરુપૂજનનું દ્રવ્ય દેવદ્રવ્ય જ છે. એવું સર્વજ્ઞ ભગવંતોના જ્ઞાનમાં હોય, તો મોરારજી મીલની ચાદર ઓઢીને પોક મૂકવાનો વારો કોને આવશે ? તેનો નિર્ણય ગુરુપૂજનનું દ્રવ્ય પૂ. સાધુ-સાધ્વીના વૈયાવચ્ચ ખાતે લેવાની પ્રરૂપણા કરનાર પક્ષકારોએ સ્વયં કરી લેવો પરમ હિતાવહ લેખાશે.

❐ ❐ ❐

# દૃષ્ટાન્ત વિભાગ

## ॥શ્રી દેવદ્રવ્યાદિ ધાર્મિક દ્રવ્યની ઉઘરાણીમાં ઉપેક્ષા ॥

શ્રી મહેન્દ્રપુર નગરમાં શ્રી જિનાલયમાં ચન્દન કેશર પુષ્પ ધૂપ દીપ અક્ષત નૈવેદ્યાદિ માટે દેવદ્રવ્યની ઉઘરાણી તથા દેવદ્રવ્યાદિ ધાર્મિકદ્રવ્યની સાર સંભાળ માટે પૂજ્ય શ્રી સંઘે ચાર યોગ્ય શ્રાવકોની નિયુક્તિ કરીને ધાર્મિકક્ષેત્રનું તંત્ર સંચાલન તેમને સોંપેલ. પ્રારમ્ભમાં તો નિયુક્ત શ્રાવકોએ દેવદ્રવ્યાદિ ધાર્મિકદ્રવ્યની સાર સંભાળ ખૂબ સારી રીતે કરેલ. કેટલોક સમય વ્યતીત થયા પછી દેવદ્રવ્યાદિ ધાર્મિકદ્રવ્યની ઉઘરાણી કરતાં દેવાદારો કટુ શબ્દો સંભળાવતાં, નિયુક્ત શ્રાવકોને મનોદુઃખ થતાં કંટાળીને ઉઘરાણી આદિમાં ઉપેક્ષા કરવાથી તન્ત્ર સંચાલનમાં મન્દતા અને શિથિલતા આવી.

આકસ્મિક ભયથી દેશ છિન્નભિન્ન થવાથી વિપુલ દેવદ્રવ્ય નષ્ટ થયું. બળ અને શક્તિ હોવા છતાં, પ્રમાદથી શક્તિનો સદુપયોગ ન કરવાથી પાપની પરમ્પરા ચાલી. તેથી તે ચારે નિયુક્ત શ્રાવકો અસંખ્યભવો સુધી સંસારમાં ભટકયા.

દેવદ્રવ્યાદિ ધાર્મિકદ્રવ્ય તત્ક્ષણ આપવા સમર્થ ન હોય, તો આદેશ લેતા પહેલા પૂજ્ય શ્રી સંઘને નિવેદન કરવું જોઈએ. કે હું

૧૦ દિવસ ૧૫ દિવસ અથવા અમુક સમય મર્યાદામાં ધાર્મિકદ્રવ્ય અર્પણ કરીશ. તે સમય મર્યાદામાં દેવદ્રવ્યાદિ ધાર્મિકદ્રવ્ય શ્રી સંઘને અર્પણ કરી દેવું જોઈએ. સમય મર્યાદાનું ઉલ્લંઘન થઈ જાય. અને દૈવયોગે પરિસ્થિતિ પલટાય તો ''શ્રી ઋષભદત્ત'' શ્રાવકની જેમ દેવદ્રવ્યાદિના ઉપભોગનો મહાભયંકર અક્ષમ્ય દોષ લાગે.

॥ ઈતિ શ્રી દેવદ્રવ્યાદિ ધાર્મિકદ્રવ્યની ઉઘરાણીમાં ઉપેક્ષા ॥

## ॥ શ્રી ઋષભદત્ત શ્રાવકનું દૃષ્ટાંત ॥

શ્રી મહાપુર નગરમાં શ્રી ઋષભદત્ત નામે પરમ આદર્શ શ્રાવક હતા. પર્વ દિવસ શ્રી જિનેન્દ્ર પરમાત્માને ચઢાવવાનો નકરો (ખર્ચ) આપવાનું સ્વીકાર્યું હતું. અન્ય કાર્યમાં લાગી જતાં વિસ્મૃતિ થવાથી આંગીનો ખર્ચ આપવો રહી ગયો. કેટલાક દિવસ પછી પૂર્વના અશુભોદયે શેઠના ઘરે ચોરોએ ધાડ પાડી સર્વસ્વ લૂંટીને શેઠને ચોરોએ મારી નાખ્યા.

તે જ નગરમાં નિર્દય, દરિદ્ર અને અને કૃપણ પખાળના ઘરે શેઠનો જીવ પાડારૂપે જન્મ્યો. પાડો યુવાવસ્થાને પામતા રાતદિવસ પખાળનો ભાર વહન કરી ઊંચા ઊંચા ચઢાણ ચઢતાં પરોણાનો અસહ્ય માર અને તીર જેવી તીક્ષ્ણ આરના ગોદા ખાઈ ખાઈને લોહીલુહાણ બનીને ઘરે ઘર પાણી પહોંચાડવું પડતું હતું. તદુપરાન્ત ચિરકાળ પર્યન્ત ભૂખ તરસ આદિની મહાપીડા સહન કરવી પડતી હતી.

એક દિવસ નૂતન જિનાલયના નિર્માણ થતાં ગઢ માટે જળ પહોંચાડવા જતાં. શ્રી જિનેન્દ્ર પરમાત્માની પૂજા આદિના દર્શન થતાં પાડાને જાતિસ્મરણજ્ઞાન થયું, પાડો ત્યાંથી કોઈ રીતે જતો ન હતો. એક સમયે જ્ઞાનીભગવન્તના વચનથી પાડાનો પૂર્વભવ જાણીને પાડાના પૂર્વભવના પુત્રોએ પખાળીને ધન આપીને પાડાને છોડાવ્યો.

પુત્રોએ ઋણ કરતાં હજારગણું દ્રવ્ય દેવદ્રવ્યમાં અર્પણ કરી પાડાને દેવદ્રવ્યના ઋણથી મુક્ત કર્યો. પાડો અનશન કરી દેવગતિમાં ગયો. ત્યાંથી ચ્યવી મનુષ્યભવ પામીને ધર્મારાધન કરતાં આત્મકલ્યાણ સાધીને મોક્ષપદને પામ્યો.

॥ ઈતિ શ્રી ઋષભદત્ત શ્રાવકનું દૃષ્ટાન્ત ॥

## શ્રી દેવસેનની માતાનું દૃષ્ટાન્ત

ઈન્દ્રપુરમાં દેવસેન નામનો ઊંટવાળો તેનો પાડોશી હતો. પ્રતિદિન ધનસેનના ઘરેથી નીકળીને ઊંટડી દેવસેનને ત્યા આવે છે. ધનસેન મારીકૂટીને પોતાને ત્યાં પાછી લાવે, તો પણ ઊંટડી દેવસેનના ઘરે જઈને જ ઊભી રહે છે. દેવસેન અને ધનસેનને પરસ્પર સ્નેહ હોવાના કારણે, શ્રી દેવસેન શેઠે મૂલ્ય આપીને ઊંટડી ખરીદીને પોતાના ઘરે રાખી. કોઈ એક સમયે પૂજ્ય જ્ઞાની ભગવન્ત તે નગરમાં પધારે છે, શ્રી દેવસેન શેઠે ઊંટડી પ્રત્યેના સ્નેહનું કારણ પૂછયું, ભગવન્તે જણાવ્યું, કે આ ઊંટડી ગતભવના તમારા જન્મદાતા જનેતા માતા હતા. તેમણે ગતભવે એક દિવસ જિનેન્દ્ર પરમાત્મા સમક્ષ દીપક પ્રગટાવીને દીપકથી ઘરનાં કાર્યો કર્યાં અને ધૂપના અંગારાથી ચૂલો સળગાવ્યો હતો. તેટલાઅંશે પણ દેવદ્રવ્યના દોષથી બન્ધાયેલ અશુભકર્મના કારણે તમારા માતાજીને આ ભવમાં સાંઢણી (ઊંટડી) થવું પડયું. ઊંટડી પૂર્વભવના તમારા માતાજી હોવાના કારણે તમને તે સાંઢણી ઉપર સ્નેહ થયો છે. સાંઢણી યોગ્ય પ્રાયશ્ચિત કરી સદ્ગતિને પામી.

॥ ઈતિ દેવસેનની માતાનું દૃષ્ટાંત ॥

## સાગરશેઠનું દૃષ્ટાન્ત

શ્રી સાકેતપુરનગર (અયોધ્યા)માં પરમ શ્રદ્ધાળુ શક્તિ સમ્પન્ન સુશ્રાવક શ્રી સાગરશેઠને રહેતા હતા. સાગરશેઠને સજ્જન અને લબ્ધપ્રતિષ્ઠિત શ્રાવક સમજીને શ્રી સંઘે જિનચૈત્યના નાણાનો અધિકાર અર્થાત્ વહીવટ સાગરશેઠને સોંપ્યો. શ્રી સંઘે જણાવ્યું કે જિનાલયનું કાર્ય કરનાર શિલ્પી, સૂત્રધાર (સુથાર) કર્મચારી, મજૂર આદિને ભોજન અને માસિક વેતનાદિનું કાર્ય પણ તમારે જ સંભાળવાનું છે.

પૂર્વના અશુભોદયે શેઠ લોભવશ થઈને સૂત્રધારાદિને રોકડનાણું ન આપતાં, ચૈત્ય દ્રવ્યથી અન્ન, ઘી, ગોળ, તેલ, વસ્ત્રાદિ સમૂહમાં સસ્તા ભાવે લાવી, છૂટકમાં ચાલુ બજાર ભાવે અન્નાદિ આપીને તે વ્યવસાયમાં એક હજાર ૧૦૦૦ કાંકણીનો લાભ મેળવ્યો. એક કાંકણી એટલે એક રૂપિયાનો એંશી (૮૦)મો ભાગ એટલે એક રૂપિયાની એંશી (૮૦) કાંકણી. એ હિસાબે ૧૦૦૦ કાંકણીના સાડાબાર (૧૨ા) રૂપિયા થાય. લોભથી ઉપાર્જન કરેલ એ મહાપાપને આલોચ્યા વિના મરીને શેઠનો આત્મા સિન્ધુ નદીના કાંઠે સમ્પ્રદાગથલ પર્વત ઉપર જળ મનુષ્ય થયો.

જાત્યરત્નો લેવા માટે એ પ્રદેશથી સમદ્રમાં ઉતરતા મનુષ્યોને મગરમચ્છ આદિના થતા ઉપદ્રવોથી રક્ષણ મેળવવા માટે જળમનુષ્યની અંડગોળીઓ મુખમાં રાખે, તો ઉપદ્રવોથી રક્ષણ થાય છે. તે જળમનુષ્યની ગોળીઓ મેળવવા માટે સમુદ્ર કીનારે વજ્રમય મોટો ઘરટ્ટ એટલે અન્ન દળવાની ઘંટી કરતાં અતિકઠોર મોટી ઘંટીઓ મૂકીને તેમાં માંસ મદિરા આદિ મૂકે છે. માંસાદિ ખાવાની લાલચે જળમનુષ્ય તેમાં આવે છે. છ છ માસ પર્યંત મનુષ્યો

જળમનુષ્યને પીલે છે. મહાત્રાસ અને અસહ્ય વેદના ભોગવતાં રૌદ્રધ્યાને નરકનું આયુષ્ય બાંધી મરીને ત્રીજી નરકમાં ઉત્પન્ન થયો.

ત્રીજી નરકનું આયુષ્ય પૂર્ણ થતાં ત્યાંથી નીકળીને પાંચસો (૫૦૦) ધનુષના વિશાળ કાયાવાળો મહામત્સ્ય થયો. મલેચ્છ લોકોએ તે મત્સ્ય પકડીને તેના પ્રત્યેક અંગો છેદે છે. છેદન આદિની અસહ્ય પીડા સહન કરતાં રૌદ્રધ્યાને નરકનું આયુષ્ય બાંધી આયુષ્ય પૂર્ણ થતાં મરીને ચોથી નરકમાં ઉત્પન્ન થયો. એમ એક બે ભવના અન્તરે નરક ગતિ પામીને સાતે નરકમાં બબ્બેવાર ઉત્પન્ન થયો.

દેવદ્રવ્યથી એક હજાર (૧૦૦૦) કાંકણીનો લાભ મેળવવાથી સંલગ્ન કે અન્તરે શ્વાન, બિલાડી, ઉંદર, નોળીયો, સર્પ, ગિરોળી, ઘો, ભૂંડ, ભેંસ, પાડો,બળદ, બકરો, ઘેંટો, ઊંટ, ગદર્ભ, ખચ્ચર, ઘોડો, હાથી, હરણ, સસલો, શિયાળ, સાબર, મચ્છ, કાચબો, ભ્રમર, માખી, પતંગ,કીડાં, કીડી, જળો, છીપ, શંખ, વિષ્ટાના કૃમિ (કીડો) પૃથ્વીકાય તેઉકાય, વાઉકાય અને વનસ્પતિકાય આદિ પ્રત્યેક જીવયોનિમાં હજાર હજાર વાર ઉત્પન્ન થયો.એ રીતે સર્વ મળી લાકૃખો ભવ થયાં. પ્રાયઃ તે પ્રત્યેક ભવમાં શસ્ત્રઘાત આદિની મહાવ્યથા સહન કરીને મરણ પામ્યો.

આ રીતે અગણિતકાળ પર્યંત પરિભ્રમણ કરતાં સાડા બાર રૂપિયાનું લાગેલ વજ્ર જેવું મહાપાપ મહદંશે ક્ષીણ થતાં, વસંતપુરમાં શ્રી વસુદત્તની પત્ની વસુમતીની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયો. અલ્પ સમયમાં ધન આદિ સર્વસ્વ નાશ થયું. જન્મદિને જ પિતાનું મૃત્યુ થયું. જન્મથી પાંચમે વર્ષે માતાનું મૃત્યુ થયું. જનસમુદાયે (લોકોએ) નિષ્પુણ્યક નામ રાખ્યું, અતિરંક એવી દીન અવસ્થામાં મોટો થવા લાગ્યો. કેટલાંક સમય પછી તેના મામા નિષ્પુણ્યકને પોતાને ઘેર લઈ

ગયા. રાત્રિએ ચોરોએ મામાને ઘરે ધાડ પાડી. નિષ્પુણ્યક જ્યાં જાય તેના ઘરે ચોર અને અગ્નિ આદિના ઉપદ્રવો થવા લાગ્યા.

ત્યાંથી તામ્રલિપિ (તામિલ) નગરીમાં શ્રી જિનયંધર શેઠને ત્યાં જઈને રહ્યો. તેમને ત્યાં કેટલાંક દિવસ પછી ચોરોની ધાડ પડી. ત્યાંથી પણ કાઢી મૂકયો.

કેટલાંક સમય પછી શ્રી ધનાવહ શેઠ સાથે જહાજ (વહાણ) દ્વારા જળમાર્ગે અન્ય કોઈ દ્વીપમાં ગયો. પાછા વળતાં સમુદ્રમાં ઝંઝાવાતનો ઉપદ્રવ થતાં વહાણ ભાંગ્યું. પાટીયું હાથમાં આવવાથી સમુદ્ર કાંઠે આવ્યો. ગામના નાયકે (ઠાકોરે) આશરો આપ્યો. કેટલાંક દિવસ પછી ઠાકોરના ઘરે ધાડ પડી ને ઠાકોરને મારી નાંખ્યો. નિપુણ્યકને ઠાકોરપુત્ર સમજીને ચોરો પોતાની પલ્લીમાં લઈ ગયા. તે જ રાત્રિએ બીજા પલ્લીપતિ ચોરોએ નિષ્પુણ્યકવાળી પલ્લીનો વિનાશ કર્યો, નિષ્પુણ્યકને અતિદુર્ભાગી સમજીને ચોરોએ તેને કાઢી મૂકયો.

એ રીતે ચોરોનો ઉપદ્રવ. જળનો ઉપદ્રવ, અગ્નિનો ઉપદ્રવ તેમ જ સ્વ અને પરપક્ષ આદિના અનેક મહાઉપદ્રવોના કષ્ટો સહન કરતાં નવસો નવ્વાણું (૯૯૯) ભિન્ન ભિન્ન સ્થળે ભટકતાં મહાદુઃખ પામ્યો.

જંગલમાં પરિભ્રમણ કરતાં દિવ્ય પરચો ધરાવતા શ્રી શૈલક-યક્ષના મન્દિરમાં પહોંચ્યો. એકવીશ (૨૧) ઉપવાસથી ઉપાસના કરી યક્ષને પ્રત્યક્ષ કર્યો. યક્ષ બોલ્યો હે ભદ્ર ! મારા સમક્ષ નિત્ય સુવર્ણ પીંછાવાળો મયૂર નૃત્ય કરશે. નૃત્ય કરતાં તેનાં ખરી પડેલા પીંછા તારે લઈ લેવાં. પ્રતિદિન પીંછા લેતાં નવસો (૯૦૦) પીંછા એકત્રીત થયા. સો (૧૦૦) પીંછા હજી બાકી છે. એ સો પીંછા કયારે ખરશે ? અને એ લેવા માટે મારે કેટલા દિવસ સુધી આ

જંગલમાં રહેવું પડશે. એના કરતા નૃત્ય કરતાં આ મયૂરના બધા જ પીંછા એકી સાથે ખેંચી લઉં. એવો દુર્ભાવ પૂર્વના પાપોદયે જાગ્યો (પ્રગટયો) એક જ મૂઠીમાં પીંછા પકડીને આંચકો મારી ખેંચવા જાય છે. તેટલામાં દેવ્ય મયૂર કાગડો થઈને ઊડી ગયો. એકત્રિત કરેલ ૯૦૦ પીંછા પણ હરાઈ ગયા. અતિઆક્રન્દ કરવા લાગ્યો. સ્વજાતને ધિક્કારવા લાગ્યો. અવિચારી મહામૂર્ખ એવા મેં આ શું કર્યું ? આ રીતે નિરાશ થયેલ જંગલમાં ભટકવા લાગ્યો. પરમ પૂજ્યપાદ જ્ઞાનિમુનિવરના દર્શન થયાં. નમસ્કાર કરીને પોતાના તીવ્ર અશુભોદયનું કારણ પૂછયું.

પરમ પૂજ્યપાદ જ્ઞાની ગુરુમહારાજે જ્ઞાનબળે નિષ્પુણ્યકનું વજ્ર જેવું મહાપાપકર્મ જાણી એ દીન દુઃખી આત્મા ઉપર અસીમ કરુણા કરીને જણાવ્યું કે, આજથી લાકખો ભવ પૂર્વે દેવદ્રવ્યની રકમથી માત્ર સાડાબાર રૂપિયા જેવી નજીવી રકમનો લાભ મેળવીને તે રકમ દેવદ્રવ્ય ખાતે ન આપતાં લોભવશ તમે રાખી લીધી. તે વજ્રપાપની આકરી શિક્ષારૂપે શ્રી સાગરશેઠના ભવથી પ્રારંભીને નિષ્પુણ્યક પર્યન્તમાં સાતે, નરક, તિર્યંચ આદિના લાકખો ભવોમાં કલ્પનાતીત અસહ્ય અગણિત મહાદુઃખોની પરંપરા સહન કરતાં કરતાં દેવદ્રવ્યના સાડા બાર રૂપિયાનું મહદંશનું મહાપાપ તો ક્ષીણ થયેલ. એ મહાપાપનો કંઈક અંશ શેષ રહી ગયેલી. તે મહાપાપની શિક્ષારૂપે આ નિષ્પુણ્યકના ભવમાં તમે એક એકથી ચઢીયાતા કેવાં અસહ્ય મહાદુઃખો અને કષ્ટો સહન કર્યા ? તે તો તમારો સ્વયં પ્રત્યક્ષ જાત અનુભવ છે. શેષ રહી ગયેલ મહાપાપનું નિષ્પુણ્યકે પૂજ્યપાદ ગુરુમહારાજ પાસે પ્રાયશ્ચિત માગ્યું. પૂજ્યપાદ ગુરુમહારાજે જણાવ્યું કે ભક્ષણ કરેલ દ્રવ્ય કરતાં અધિક દ્રવ્ય દેવદ્રવ્યમાં આપવું જોઈએ પૂજ્યપાદ ગુરુમહારાજના શ્રી મુખે અભિગ્રહ કરે છે. કે જ્યાં સુધી હજારગણું દેવદ્રવ્યમાં ન આપું, ત્યાં સુધી માત્ર નિર્વાહ માટે અન્ન.

વસ્ત્ર પૂરતા ધનથી વિશેષ ધન સ્વજાત માટે ઉપયોગમાં ન લેવું. એ પ્રમાણે નિયમ કર્યો. પછી જે જે વ્યવસાય, વેપાર, ધંધો કરે છે. તેમાં તેને લાભ થવા લાગ્યો. કેટલાક દિવસોમાં રૂપિયા સાડાબાર (૧૨૫૦૦) દેવદ્રવ્યમાં અર્પણ કરીને ઋણમુક્ત થયા. પછી તો તે પુણ્યવાન મહાસમૃદ્ધશાળી થઈને પોતાના દેશમાં જાય છે. ત્યાં ભવ્ય જિનાલય નિર્માણ કરાવે છે. પોતે નિર્માણ કરાવેલ અને પ્રાચીન જિનાલયોમાં, તેમ જ જ્ઞાનાદિક્ષેત્રમાં સર્વશક્તિથી ભક્તિ કરે છે. અત્યુલ્લાસથી પૂજા પ્રભાવના આદિ કરવા કરાવવાપૂર્વક દેવદ્રવ્યનું રક્ષાણ, તેમ જ અભિવૃદ્ધિ કરવાથી ''તીર્થંકર નામકર્મ'' બંધાઈને નિકાચિત થયુ. યોગ્ય અવસરે દીક્ષા અંગીકાર કરી ગીતાર્થ થયા. અન્તિમ સમયે સંલેખના કરી સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને શ્રી મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર થઈને મોક્ષમાં ગયા.

॥ ઇતિ શ્રી સાગર શેઠ કથાનકમ્ ॥

## શ્રી અન્ધકવૃષ્ણિ રાજાની કથા

શ્રી ભરતક્ષેત્રના સૂર્યપુર (સૌરીપુરી)માં શ્રી અન્ધકવૃષ્ણિ રાજા રાજ્ય કરતા હતા. એક દિવસ સૂર્યપુર નિકટ ઉદ્યાનમાં શ્રી સુપ્રતિષ્ઠ કેવળજ્ઞાની ભગવન્ત સમવસર્યા છે. ઉદ્યાનપાલકે કેવળજ્ઞાની ભગવન્ત પધાર્યાની રાજાને વધાઇ આપી. રાજા મહોત્સવપૂર્વક ઉદ્યાનમાં જઇ કેવળજ્ઞાની ભગવન્તને વિધિવત્ વન્દન કરી ધર્મદેશના શ્રવણ કરવા બેઠા, ધર્મદેશના પૂર્ણ થતાં રાજાએ પોતાના પૂર્વભવનું ચરિત્ર પૂછયું. કેવળજ્ઞાની ભગવન્ત નીચે પ્રમાણે શ્રી અન્ધકવૃષ્ણિ રાજાનું પૂર્વભવનું ચરિત્ર જણાવે છે.

શ્રી ભરતક્ષેત્રની અયોધ્યા નગરીમાં શ્રી અનન્તવીર્ય રાજા રાજ્ય કરતા હતા. તે નગરમાં શ્રી સુરેન્દ્રદત્ત વણિક્ શ્રાવક રહેતા હતા.

તેઓ સમ્યક્ત્વ-ગુણયુક્ત હતા. પ્રતિદિન દશ દિનાર (સુવર્ણ મુદ્રા)થી, અષ્ટમી દિને વીશ (૨૦) સુવર્ણ મુદ્રાથી, ચતુર્દશીદિને ચાલીશ (૪૦) સુવર્ણમુદ્રાથી અને અઠ્ઠાઇ આદિ મહાપર્વોમાં તેથી પણ અધિક સુવર્ણમુદ્રાથી શ્રી જિનેન્દ્રપરમાત્માની પૂજા કરતા હતા. દાન, શીલ આદિ ગુણોથી વિભૂષિત હતા. સર્વત્ર ધર્મનિષ્ઠ અને પરમ પ્રતિષ્ઠિતરૂપે ખ્યાતનામ થયા હતા.

કોઇ એક સમયે શ્રી સુરેન્દ્રદત્ત શેઠે બાર વર્ષ પર્યંત ચાલે તેટલું વિપુલ ધન શ્રી જિનેન્દ્ર પરમાત્માની ભક્તિમાં વાપરવા માટે શેઠના બ્રાહ્મણમિત્ર રુદ્રદત્તને સહર્ષ અર્પણ કરીને દેશાન્તર ગયા, દ્યુત (જુગાર) આદિના વ્યસનોથી અંગત ઉપયોગમાં તે સર્વસ્વ સુવર્ણમુદ્રઓ બ્રાહ્મણે વાપરીને ચોરોની પલ્લીમાં ભળી ગયો.

કોઇ એક દિવસે રુદ્રદત્ત ગાયોનું ધણ ચોરીને લઇ જતો હતો. ગાયો છોડાવવા માટે કોટવાળે ફેંકેલ બાણોથી રુદ્રદત્ત ભયંકર રીતે ઘવાયો. કાળ કરીને તીવ્ર અશુભકર્મના ઉદયે સંવેધે કરીને અર્થાત્ બીજા ભવમા સાતમી નરકમાં ગયો. ત્રીજો ભવ મત્સ્યનો, ચોથો ભવ છઠ્ઠી નરકનો, પાંચમો ભવ સિંહનો છઠ્ઠો ભવ પાંચમી નરકનો, સાતમો ભવ સર્પનો, આઠમો ભવ ચોથી નરકનો, નવમો ભવ વ્યાઘ્ર (વાઘ)નો, દશમો ભવ ત્રીજી નરકનો, અગિયારમો ભવ ગરુડાદિનો, બારમો ભવ બીજી નરકનો, તેરમો ભવ ભૂજપરિસર્પનો, ચૌદમો ભવ પહેલી નરકનો, પંદરમો ભવ મનુષ્યનો. ત્યાર પછી ચિરકાળ પર્યંત ત્રસ અને સ્થાવર યોનિઓમાં ભમ્યો.

ત્યાર પછી શ્રી કુરુક્ષેત્રના ગજપુર નગરમાં કપિલ બ્રાહ્મણની અનુદ્ધરા નામની પત્નીના ગર્ભમાં આવ્યો, તે જ ક્ષણે પિતાનું મૃત્યુ થયું. જન્મ થતા જ માતાનું મૃત્યુ થયું. લોકોએ તેનું ગૌતમ નામ રાખ્યું. માસીબાએ મહાકષ્ટે તેને મોટો કર્યો. માગી ભીખ પણ ન

મળવાથી યુવાવસ્થા પ્રાપ્ત થતાં તો તેનું શરીર અતિદુર્બળ હાડપીંજર જેવું કૃશ થઈ ગયું.

એક દિવસ પરમ પૂજ્યપાદ શ્રી સમુદ્રસેન નામના મહામુનીશ્વરને ભક્તજન શ્રાવકો અત્યાગ્રહથી આહાર પાણી વસ્ત્રાદિથી અનેક પ્રકારે સત્કારતા હતા. આ દૃશ્ય જોઈને ગૌતમે પૂજ્યપાદશ્રીની પુણ્ય ઉપસ્થિતિમાં તેઓશ્રીના વરદ શુભ હસ્તે દીક્ષા અંગીકાર કરી, અનુક્રમે શાસ્ત્રના પારગામી થઈને, ભાવથી પણ સાધુ થયા. પૂજ્યપાદ ગુરુમહારાજે આચાર્યપદથી વિભૂષિત કર્યા.

પરમ પૂજ્યપાદ શ્રી સમુદ્રસેન મહામુનીશ્વર કાળધર્મ પામી મધ્યમ ગ્રૈવેયક દેવલોકમાં અહમિન્દ્રદેવ થયા. પૂજ્યપાદ શ્રી ગૌતમસૂરિજી મહારાજ ઉગ્રતપના બળથી મધ્યમ ગ્રૈવેયક દેવલોકમાં દેવ થયા. ત્યાંથી ચ્યવીને તમે યદુવંશમાં અન્ધકવૃષ્ણિ નામે રાજા થયા છો. આ ભવમાં જ ચારિત્ર અંગીકાર કરી આત્મકલ્યાણ સાધી મોક્ષપદને પામશો.

**રુદ્રદત્ત બ્રાહ્મણના ભવોનું સંવેધ યંત્ર**

| ભવ | |
|---|---|
| પહેલો | મનુષ્યનો |
| બીજો | સાતમી નારકીનો |
| ત્રીજો | મત્સ્યનો |
| ચોથો | છઠ્ઠી નારકીનો |
| પાંચમો | સિંહનો |
| છઠ્ઠો | પાંચમી નારકીનો |
| સાતમો | સર્પનો |
| આઠમો | ચોથી નારકીનો |
| નવમો | વાઘનો |

| | |
|---|---|
| દશમો | ત્રીજી નારકીનો |
| અગિયારમો | ગરુડ આદિનો |
| બારમો | બીજી નારકીનો |
| તેરમો | ભુજ પરિસર્પનો |
| ચૌદમો | પહેલી નારકીનો |
| પંદરમો | મનુષ્યનો. |

॥ ઈતિ શ્રી અન્ધકવૃષ્ણિ કથાનકમ્ ॥

## શ્રી ચન્દ્રકુમાર કથાનકમ્

શ્રી કુશસ્થ નગરમાં શ્રી પ્રતાપસિંહ રાજા અને સૂર્યવતી રાણીને ચન્દ્રકુમાર નામનો સુપુત્ર હતો. તે રાજકુમાર શ્રી જિનેન્દ્ર પરમાત્માનો પરમ ભક્ત. વિવેકી, સુજ્ઞ, સદાચારી ન્યાયપ્રિય, દાનાદિધર્મમાં સદાતત્પર રહેતાં અને દોગુન્દક દેવની જેમ શ્રી ચન્દ્રકળા આદિ રાજરમણીઓ સાથે વિષય સુખ ભોગવતાં તેમનો કાળ પસાર થતો હતો.

એક સમય પોતાના ભાગ્યની પરીક્ષા કરવા માટે પ્રતાપસિંહ રાજાની આજ્ઞા લીધા વિના જ ભિન્ન ભિન્ન સ્થળોમાં પર્યટન કરતાં વનમાં શ્રી મદનસુંદરી સાથે લગ્ન કરી સિદ્ધપુર નગરે પહોંચે છે. તે નગરમાં શ્રી ઋષભદેવજી પરમાત્માના જિનાલયમાં પ્રભુજીના દર્શન કરવા જાય છે. ત્યાં નિસ્તેજ મુખવાળા, ક્ષીણ સન્તાનવાળા, સૂઝ વિનાના અર્થાત્ તોછડા અને નિર્ધન એવા ત્યાંના નાગરિકોને જોઈને શ્રી ચન્દ્રકુમારે સ્વબુદ્ધિથી દેવદ્રવ્ય વિનાશની શંકા થતાં, તે નગરનું સ્વરૂપ જાણવા માટે પૂજારી આદિને પૂછતાં તેમણે જણાવ્યું કે–

હે પુણ્યવન્ત ! અમુક વર્ષ પૂર્વે આ નગરમાં ચતુર્મુખ શ્રી ઋષભદેવજી પરમાત્માની યાત્રા કરવા ચારે દિશાઓથી આવેલ સંઘ

અને યાત્રિકોએ દેવદ્રવ્યના ભંડારમાં ખૂબ ધન પૂર્યું. સંઘ ગયા પછી નાગરિકો એકત્રિત થઇને ધન વહેંચી લીધું. ગૃહ આદિમાં અવિધિએ વાપરીને ચેપી રોગની જેમ સમસ્ત નગરને દેવદ્રવ્યભક્ષણના મહાપાપથી અભડાવીને અપવિત્ર કર્યું. તે મહાપાપથી સમસ્ત નગર શોભા રહિત નિસ્તેજ, નિર્ધન, દુર્ભાગી, અવ્યવસાયી અને તુચ્છતા આદિ દોષથી દૂષિત થયું છે.

પૂજારી આદિએ જણાવ્યું તમારા મનમાં દેવદ્રવ્યભક્ષણ અંગેનુ, થયેલ અનુમાન, નિઃશંક અને અક્ષરશઃ સત્ય હોવાથી પ્રશંસનીય છે એ પ્રમાણે સાંભળીને કરુણાવન્ત શ્રી ચન્દ્રકુમાર મુખ્ય રાજમાર્ગ ચૌટામાં આવીને અનુકમ્પા ધારણ કરીને નગરના વૃદ્ધ પુરુષોને દેવદ્રવ્ય ભક્ષણના મહાપાપનું સ્વરૂપ સમજાવતા જણાવ્યું કે,

**भक्खणे देवदव्वस्स, परत्थी गमणे ण य ।**
**सत्तमं णरयं जंति, सत्तवाराओ गोयमा ॥**

**અર્થ :** દેવદ્રવ્યનું ભક્ષણ કરવાથી અને પરસ્ત્રીને ભોગવવાથી હે ગૌતમ ! પાપ કરનાર સાતવાર સાતમી નરકમાં ઉત્પન્ન થાય છે.

શ્રી ચન્દ્રકેવળી ચરિત્રમાં જણાવ્યું છે, કે જે ઘરમાં દેવદ્રવ્ય આદિ ધાર્મિક દ્રવ્યના વિનાશની શંકા હોય, તો પણ તેના ઘરનો અગ્નિ (ઈંધણ લાકડા) આદિ સામાન્ય વસ્તુ પણ શ્રાવક પ્રમુખે ન લેવાં જોઈએ. વિશેષ માટે તો કહેવું જ શું ? આમ હોવા છતાં પણ કુટુમ્બ આદિના અત્યાગ્રહથી દેવદ્રવ્યભક્ષકને ઘરે જમવું પડે, તો આપણી આત્મશુદ્ધિ માટે દેવદ્રવ્યભક્ષકનું જેટલું ભોજન કર્યું હોય, તેના કરતાં ય કંઈક અધિક રકમ દેવદ્રવ્ય ખાતે જમે કરાવવી, એમ કરવાથી અતિચાર દોષ પણ ન લાગે.

દેવદ્રવ્યભક્ષણના મહાપાપથી મોક્ષ મેળવવા માટે ઉત્સાહપૂર્વક પ્રયાસો કરવા તમારે સહુએ ક્ષણાર્ધના વિલમ્બવિના કટિબદ્ધ થવું

જોઈએ. શ્રી ચન્દ્રકુમારની એકાન્ત પરમ હિતકર યોગ્ય સૂચનાથી નાગરિકો પાપથી ભયભીત થતાં દેવદ્રવ્યથી ઉપાર્જન કરેલ સર્વસ્વ ધન તેમ જ મૂળદેવદ્રવ્ય ચૈત્યમાં અર્પણ કર્યું. શેષ રહેલ ઋણ અર્પણ કરવાની ભાવનાથી પૂર્વનું ઋણ અર્પણ કરવા પૂર્વક સારો વેપાર ધન્ધો કરવા લાગ્યા, અને અનુક્રમે આ લોક અને પરલોકમાં સુખી થયા. અને કટલાકે ઉપેક્ષા કરી દેવદ્રવ્યભક્ષણનું ઋણ ન ચૂકવ્યું તેઓ બહુ દુઃખી દુઃખી થયા.

શ્રી ચન્દ્રકુમાર પણ દૂષિત આહારાદિદીથી*દુષ્ટ નગરનો ત્યાગ કરીને પત્નીઓ સાથે અન્યત્ર જઈને ભોજન કર્યું. કાળક્રમે અનેક રાજ્યોના સુખ ભોગવી, ધર્મની ઉત્કટ આરાધના કરતાં આત્મકલ્યાણ સાધી મોક્ષપદને પામ્યા.

॥ ઈતિ ચન્દ્રકુમાર કથાનકમ્ ॥

શ્રી પ્રશ્નોત્તર સમુચ્ચના ચોથા પ્રકાશમાં પરમ પૂજ્યપાદ હીરવિજયસૂરીશ્વરજી મારાજ જણાવે છે કે-

**तथः देवद्रव्यभक्षक गृहे जेमनाय गन्तुं कल्पते न वा इति । गमने वा तज्जेमन–निष्क्रय–देवगृहे भोक्तुमुचितं न वा ? इति**

**अत्र मुख्यवृत्त्या तदगृहे भोक्तुं नैव कल्पते, यदि कदाचित परवशतया जेमनाय याति, तथापि मनसि सशूकत्वं रक्षति, न तु निःशूको भवति । जेमन निष्क्रयद्रव्यस्य देवगृहे माचने तु विरोधो भवति, तदाश्रित्य दक्षत्वं विलोक्यते, यथा अग्रे अनर्थवृद्धि र्न भवति तथा प्रवर्तते ।**

અર્થ : દેવદ્રવ્યભક્ષકના ઘરે જમવા જવું કલ્પે, કે નહિ ? થવા દેવદ્રવ્યભક્ષકના દ્રવ્યથી નિર્મિત ભોજન કરવું કલ્પે કે નહિ ? મુખ્યવૃત્તિએ તો દેવવદ્રવ્યભક્ષકના ઘરે જમવા જવું ન જ કલ્પે.

કદાચ પરવશપણે દેવદ્રવ્યના ભક્ષકના ઘરે જમવા જવું પડે, તો પણ મનમાં ભારો ભાર દુઃખ હોવું જોઈએ. નિષ્ઠુરપણું તો ન જ હોવું જોઈએ. જમણમાં જેટલું દ્રવ્ય વપરાયું હોય તેટલું દ્રવ્ય જિનાલયમાં મૂકવાથી વિરોધ થાય. તેવા સમયે કુશલતાપૂર્વક વર્તવું જેથી અનર્થની વૃદ્ધિ ન થાય. અન્ય કોઈને જાણ ન થાય, તે રીતે જમવામાં જેટલું દ્રવ્ય વપરાયું હોય, તેના કરતાં પણ વિશેષદ્રવ્ય પરમાત્માના ભંડારમાં પૂરી દેવું. જેથી જમનારની શુદ્ધિ થઈ જાય.

**जिणदव्वरिणं जो धरइ तस्स गेहम्मि जो जिमइ स्‌ड्ढो ।**

**पावेणं परिलिंपइ, गेह्णंतो वि हु जइ भिक्खे ॥**

અર્થ : દેવદ્રવ્યનું ઋણ જે ધારણ કરે અર્થાત્ જે દેવદ્રવ્યનો ઋણી-દેવાદાર હોય, તેના ઘરે જે શ્રાવક જમે, તો તે શ્રાવક પાપકર્મથી લેવાય છે. મનિવર ભિક્ષા ગ્રહણ કરે. તો તે મનિવર પણ પાપકર્મથી લેપાય છે.

પરમ પૂજ્યપાદ ગીતાર્થ ગુરુમહારાજ જણાવે છે, કે શાસ્ત્ર આજ્ઞા અનુસાર અને લોક વ્યવહાર અનુસાર જ્ય સુધી પરિવાર સહિત શ્રાવક દેવદ્રવ્યાદિક ધાર્મિકદ્રવ્યનો ઋણી અર્થાત્ દેવાદાર હોય, ત્યાં સુધી તે ઋણી શ્રાવકનો ધનધાન્યાદિ સર્વપરિગ્રહ દેવદ્રવ્યાદિકથી મિશ્રિત હોવાથી તે સર્વપરિગ્રહ દેવઆદિકનો ગણાય.

પરમ પૂજ્યપાદ આચાર્ય શ્રી ધનેશ્વરસૂરીશ્વરજી મહારાજકૃત શ્રી શત્રુંજય માહાત્મ્યના પંચમસર્ગમાં નિમ્નલિખિત ૬૨૫માં કાવ્યથી પણ ઉપર્યુક્ત વાતનું સમર્થન થાય છે.

**यथाऽन्ने विषसंसर्गो, दुग्धे काञ्चिक–स्‌ड्गमः ।**

**तथात्मनो धनेनोच्चैः संसर्गो गुरुसम्पदः ॥ ६२५ ॥**

**અર્થ** : જેમ ભોજન વિષામિશ્રિત થાય, દૂધ છાશ ખટાશરૂપ મેળવણ મિશ્રિત થાય એ પ્રકારે પોતાના ધનની સાથે ગુરુસમ્પદ એટલે ઉચ્ચક્ષેત્રીય દેવદ્રવ્યાદિ ધાર્મિક સમ્પત્તિનો સંસર્ગ સમજવો. અર્થાત્ વિષમિશ્રિત ભોજન કરવાથી મૃત્યુ થાય, છાશના સંસર્ગથી દૂધ ફાટી જાય, તેમ અનાભોગે એટલે અજાણપણે પણ દેવદ્રવ્યાદિ ધાર્મિક સમ્પત્તિના ભક્ષણથી ભવો ભવ માટે આપણું પુણ્ય ફાટી જાય, અને ભવો ભવ ભયંકર દુઃખી દુઃખી થવું પડે.

**देवद्रव्य गुरुद्रव्यं, दहेदासप्त कुलम् ।**

**अङ्गालमिव तत् स्प्रष्टुं युज्यते न हि धीमताम् ॥१८॥**

અર્થઃ- દેવદ્રવ્ય અને ગુરુદ્રવ્ય સાત કુળ એટલે સાત પેઢી સુધી બાળે છે. માટે બુદ્ધિશાળિ પુરુષોએ ધગધગતા અંગારાની જેમ તેને એટલે દેવદ્રવ્યાદિને સ્પર્શ કરવો પણ યોગ્ય નથી, એ પ્રમાણે શ્રી શત્રુંજય માહાત્મ્યમાં જણાવ્યું છે.

કોઈક વિશેષ સાવદ્ય પ્રવૃત્તિ પણ કૂપના દૃષ્ટાન્તની જેમ કરવાની દર્શાવેલી છે, તે સાવદ્યપ્રવૃત્તિ માત્ર શ્રી જિનેન્દ્રપૂજાના અંગભૂત જળ પુષ્પાદિ લાવવા ચૂંટવા આદિ પૂરતી જ ઈષ્ટ ગણી છે, એમ ન સમજતાં વ્યવસાય વેપાર આદિની કોઈક સાવદ્ય પ્રવૃત્તિ પણ કોઈક જીવ વિશેષની અપેક્ષાએ અથવા કોઈક વિશેષ ઘટના એટલે પ્રસંગ વિશેષના પક્ષાપાતરૂપે પાપના ક્ષય માટે, અને ગુણરૂપ બીજનો લાભ પ્રાપ્ત કરવા માટે ઈષ્ટ છે. આવશ્યક છે. એમ શ્રી સંકાશશ્રાવકની શાક્ષિપૂર્વકના નિમ્ન લિખિત કાવ્યમાં જણાવ્યું છે.

**सङ्काशादि-वदिष्यते गुणनिधि र्धर्माथमृताञ्जनम् ।**

**शुद्धालम्बन-पक्षपात-निरत : कुर्वन्नुपेत्यापि हि ॥५७॥**

**(श्री प्रतिमाशतके)**

અર્થ : શ્રી સંકાશ પ્રમુખ શ્રાવકની જેમ કોઈક ગુણવાન્ પુરુષ શુદ્ધ આલમ્બનનો પક્ષપાત રાખીને ઈચ્છાપૂર્વક ધર્મને માટે ધન લક્ષ્મી ઉપાર્જન કરે, તો તેને પણ અપેક્ષાએ યોગ્ય ગણેલ છે.

શ્રી ગન્ધિલાવતી નગરીમાં શ્રી સંકાશ નામના શ્રાવક હતા: તેઓ સ્વાભાવિક રીતે જ સંસાર ઉપર વૈરાગ્ય ધરાવતા હતા. શાસ્ત્રોક્ત ધર્મશ્રદ્ધાપૂર્વક આચાર અને શુદ્ધ વ્યવહાર પાળતા હતા.

શ્રી અયોધ્યા નગરી પાસે શ્રી શકેન્દ્ર મહારાજે સ્થાપેલ "શ્રી શક્રાવતાર ચૈત્ય નામનું અતિપ્રાચીન મહાતીર્થ હતું. તે જિનચૈત્યમાં પૂજા, સેવા અને તે મહાતીર્થની શુદ્ધમને અર્થાત્ ઉત્તમભાવથી સારસંભાળ કરતા હતા.

કોઈક સમયે કોઈક ગૃહકાર્યની વ્યગ્રતા આદિથી શ્રી સંકાશ શ્રાવક શ્રી જિનચૈત્યના દ્રવ્યનો ઉપભોગ કરતા થઈ ગયા. પ્રમાદવશ દેવદ્રવ્યભક્ષણના મહાપાપરૂપ દુષ્કર્મની આલોચના પ્રતિક્રમણ કર્યા વિના મરણ પામ્યા, ચિરકાળ પર્યંત મહાકલિષ્ટ દુઃખોની પરમ્પરા ભોગવતાં સંખ્યાતા દુર્ભવોમાં ભમ્યા.

શ્રી તગરા નગરીમાં સંકાશ શ્રાવક શ્રેષ્ઠિપુત્રરૂપે જન્મ્યા. પરન્તુ દેવ-દ્રવ્યભક્ષણનું પૂર્વનું મહાકલિષ્ટ પાપકર્મ અવશેષ રહી જવાથી, ધન સમ્પત્તિ ચાલી ગઈ, અને દરિદ્રતા આવી. જેથી મનમાં અત્યન્ત ખેદ થવા લાગ્યો.

કોઈક સમયે શ્રી કેવળજ્ઞાનિ ભગવન્તનો પરમ સુયોગ થતાં તેઓશ્રીને પૂછયું, કે મારે લક્ષ્મીનો અતિગાઢ વિયોગ કેમ થયો ? ત્યારે શ્રી કેવળજ્ઞાની ભગવન્તે શ્રી સંકાશ શ્રાવકના ભવમાં પ્રમાદવશ કરેલ દેવદ્રવ્યભક્ષણથી મહાકલિષ્ટ દુઃખમય થયેલ ભવની પરમ્પરાનું વર્ણન કર્યું, અને આ ભવમાં પણ એ જ મહાપાપકર્મના કટુવિપાકરૂપે લક્ષ્મીનો અન્તરાય થવાથી દરિદ્રતા આવી છે. આ સાંભળીને તેને બોધિબીજ અને વૈરાગ્યની પ્રાપ્તિ થઈ.

ભગવન્ ! આ સ્થિતિમાં હવે મારે શું કરવું ઉચિત છે ? ત્યારે શ્રી કેવળજ્ઞાની ભગવન્તે જણાવ્યું, કે ચૈત્યદ્રવ્ય એટલે દેવદ્રવ્યની અભિવૃદ્ધિ કરવી. ચૈત્યદ્રવ્યની અભિવૃદ્ધિ કરવાથી તમને પણ ઋદ્ધિ પ્રાપ્ત થશે. એ પ્રમાણે સાંભળીને પરમ ઉલ્લસિતભાવે અભિગ્રહ કરે છે, કે મને જે કંઇ ધન મળશે. તેમાંથી માત્ર ભોજન અને વસ્ત્ર પૂરતું જ ધન મારા ઉપયોગમાં લઇશ, અને શેષ સર્વસ્વ ધન-ચૈત્યદ્રવ્યનું જ સમજવું. એ પ્રમાણે યાવજજીવનો મહાઅભિગ્રહ પ્રાયશ્ચિતરૂપે ધારણ કર્યો.

મહાઅભિગ્રહ કરવાથી શુભ ભાવની પ્રવૃત્તિથી એટલે ચૈત્યદ્રવ્યની અતીવ અભિવૃદ્ધિ કરવાની શુભ ભાવનાથી, અને ઉત્તમકોટીના ઉલ્લસિત શુભ આશયો જાગૃત થવાથી, લાભાન્તરાયકર્મનો ક્ષયોપશમ થયો. પ્રભુતતર સમ્પત્તિ પ્રાપ્ત થવાથી અભિગ્રહમાં અર્થાત્ કરેલ પ્રતિજ્ઞામાં વિશેષ નિશ્ચલતા દૃઢતા આવી. તેથી સ્વપ્ન અવસ્થામાં પણ અંગીકાર કરેલ નિયમથી અધિક ધન વાપરવાની અભિલાષા ન થઇ. તેથી ધનની થયેલ અભિવૃદ્ધિથી તે જ નગરમાં શ્રી જિનચૈત્ય નિર્માણ કરાવવા માટે સદા આભોગ-પરિશુદ્ધિ એટલે સદા શાસ્ત્ર આજ્ઞા અનુસાર શ્રી જિનચૈત્ય નિર્માણ કરવાનો વિચાર, અર્થાત્ સર્વપ્રથમ ચારે બાજુથી ભૂમિ આદિનું સંશોધન કરવું. અથવા શ્રી જિનચૈત્ય નિર્માણમાં દેખરેખ માટે સદા ત્યાં બેસવાથી ભોગરિશુદ્ધિ અર્થાત્ આશાતાનાના વર્જનરૂપ શ્રી જિનચૈત્યની ભક્તિ થાય છે.

શ્રી જિનચૈત્ય નિર્માણ અને આશાતના આદિ વર્જનનો વિશેષ અધિકાર સૂરિપુરંદર આચાર્ય પ્રવર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજકૃત શ્રી પંચાશકજી તથા શ્રી ષોડશકજી આદિ ગ્રન્થોથી જાણવો.

એ પ્રકારે અર્થાત્ શ્રી જિન આજ્ઞા અનુસાર શ્રી સંકાશ શ્રાવકનો

આત્મા અભિવર્ધિત વિશેષ પ્રકારના ઉત્તમ અધ્યવસાયથી એટલે ઉદ્વર્તનાદિ કરણોથી પુણ્યપ્રકૃતિમાં ઉપચય એટલે અતીવ અભિવૃદ્ધિ, અને અપવર્તનાદિ કરણોથી પાપ પ્રકૃત્તિમાં અપચય એટલે અતીવ હ્રાસ થવાથી સર્વત્ર અર્થાત્ સર્વધર્મકાર્યોમાં અવિરોધિભાવનો ત્યાગ કરવાપૂર્વક શ્રુત અને ચારિત્રરૂપ વિશુદ્ધ ધર્મની આરાધના કરતા અસ્ખલિત આરાધક થયા. કાળક્રમે સર્વકર્મનં અન્ત કરવારૂપ આત્મકલ્યાણ સાધી મોક્ષપદને પામ્યા.

અન્યત્ર જણાવ્યું છે કે શ્રી સંકાશ શ્રાવકે પ્રમાદવશ શ્રી જિનચૈત્યદ્રવ્યનું ભક્ષણ કર્યું હતું તે મહાપાપથી લાભાન્તરાય આદિ કલિષ્ટ કર્મો બાંધી ચિરકાળ પર્યંત સંસાર અટવીમાં પ્રરિભ્રમણ કરતાં અનન્તકાળે માનવભવ પામ્યા હતા. તથાપિ દેવદ્રવ્ય-ભક્ષણના મહાપાપ-કર્મથી સર્વથા મોક્ષ ન થવાના કારણે મહાદુઃખી દુઃખી થતા હતા.

કોઈક સમયે શ્રી તીર્થંકર પરમાત્માના શ્રીમુખથી પોતાના પૂર્વભવોનું સર્વવૃન્તાત શ્રવણ કરીને, શ્રી તીર્થંકર ભગવન્તના સદુપદેશથી દુર્ગતિના કારણભૂત દુષ્કર્મોના ક્ષય માટે "હું જે ધન ઉપાર્જન કરીશ તેમાંથી આહાર અને વસ્ત્ર પૂરતું જ ધન મારા માટે ઉપયોગમાં લઈશ. તે વિના અન્ય સર્વસ્વ ધન સમ્પત્તિ જિનમન્દિર આદિ દેવદ્રવ્યમાં જ વાપરીશ." એ રીતે અભિગ્રહ કર્યો. અને તે પ્રમાણે શુદ્ધ વર્તન કરતાં કાળક્રમે આત્મકલ્યાણ સાધી મોક્ષ-પદને પામ્યા શ્રી સંકાશ શ્રાવકના પ્રથમ ઉલ્લેખમાં સંખ્યાતા દુર્ભવો પામ્યાનું જણાવ્યા છે, અને બીજા ઉલ્લેખમાં અનન્તકાળે માવન ભવ પામ્યા અર્થાત્ અનન્તકાળમાં અનન્તભવો થયા ગણાય.

**"तत्त्वं जिनो वेत्ति"**

॥ ઇતિ શ્રી સંકાશ શ્રાવક દૃષ્ટાન્ત ॥

## શ્રી દેવદ્રવ્ય ગુરુદ્રવ્યભક્ષક મહાકાળનું દૃષ્ટાન્ત

ગઈ ઉત્સર્પિણીના ચોથા આરામાં અનન્તાનન્ત પરમ ઉપકારક પરમતારક દેવાધિદેવ શ્રી સમ્પ્રતિ જિનેન્દ્ર પરમાત્માના સમયમાં શ્રીપુર નગરમાં ''શ્રી શાન્તન'' નામે રાજા રાજ્ય કરતા હતા. તેમની સુશીલા નામની રાણીથી અનુક્રમે યોગ્ય સમયે '';નીલ, મહાનીલ, કાળ અને મહાકાળ'' એ નામના ચાર પુત્રો થયા.

નીલના જન્મ સમયે રોગના ઉપદ્રવથી હસ્તિસેનાનો વિનાશ થયો. મહાનીલના જન્મ સમયે અશ્વસેનાનો વિનાશ થયો, કાળના જન્મ સમયે અગ્નિ આદિના ઉપદ્રવથી સર્વઋદ્ધિનો વિનાશ થયો, અને મહાકાળના જન્મ સમયે કેટલાક સમય પછી શત્રુઓ મળીને શ્રી શાન્તન રાજાનું રાજ્ય લઈ લીધું.

રાજ્યભ્રષ્ટ શ્રી શાન્તન રાજા સુશીલા રાણી અને પુત્રોને સાથે લઈને ભટકતાં ભટકતાં સુરાષ્ટ્રદેશમાં શ્રી શત્રુંજયી નદીના સમીપમાં પર્વત ઉપર સ્થિરવાસ કરીને રહેતાં ચિરકાળ વ્યતીત થયો. ત્યારે નીલ આદિ પુત્રો આખેટક એટલે શિકાર આદિ વ્યસનોમાં ઉદ્યત રહેતા હતાં, દુષ્ટ-કુષ્ટ આદિ રોગોથી પીડાવા લાગ્યા. તે કારણે દુઃખાતુર અર્થાત દુઃખથી ભયભીત (વિહ્વળ) થયેલ શ્રી શાન્તન રાજા ઝમ્પાપાત કરીને મરવા માટે પર્વત ઉપર ચઢયા. ત્યાં શ્રી સમ્પ્રતિ જિનેન્દ્ર પરમાત્માનું જિનચૈત્ય જોઈને આગામી ભવનું ભાતું મેળવવા માટે અનન્ત પરમતારક શ્રી જિન આગમોક્ત વિધિએ શ્રી સમ્પ્રતિ જિનેન્દ્ર પરમાત્માની પૂજા કરી. તે અવસરે ત્યાં આવેલ શ્રી ધરણેન્દ્ર દેવે શ્રી શાન્તનરાજાની પૂજાવિધિનું કૌશલ્ય એટલે નિપુણતાને જોઈને, વિસ્મય પામ્યા, રાજા પૂજા કરીને શ્રી

જિનચૈત્યથી બહાર આવ્યા. ત્યારે તેમને પૂછતાં રાજાએ ઝમ્પાપાત સુધીનું પોતાનું સર્વ વૃત્તાત જણાવ્યું. શ્રી ધરણેન્દ્ર મહારાજએ બાળમૃત્યુ નિવારીને તેમેના રાજપુત્રોના પૂર્વભવનું સમસ્ત વર્ણન રાજાને નિમ્નોક્ત રીતે જણાવે છે.

નીલ રાજપુત્રના જીવે ચોરના ભવમાં તીર્થયાત્રાએ જતાં શ્રી સંઘને લૂંટીને પૂજ્ય સાધુ મહારાજનો ઘાત કર્યો હતો. મહાનીલ રાજપુત્રના જીવે ક્ષત્રિય જાતિના ભવમાં સ્વસ્ત્રીની હત્યા કરી હતી. કાળ રાજપુત્રના જીવે વણિક્ જાતિના ભવમાં તત્ત્વની નિન્દા કરી હતી, અને મહાકાળના જીવે બ્રાહ્મણ જાતિના ભવમાં દેવદ્રવ્ય અને ગુરુદ્રવ્યની ચોરી કરી હતી. તે મહાપાપકર્મથી દુર્ગતિમાં બહુ ભવો ભમીને અકામ નિર્જરાથી કિંચિત પાપકર્મ ક્ષય થતાં, અનુક્રમે તે ચારે જીવાત્માઓ તમારા પુત્રો થયા. શેષ પાપકર્મના ઉદયથી આ અનિષ્ટ ફળ પામ્યા છો. પુત્રો સહિત તમો આ મહાતીર્થની સેવા કરો. સ્નાનાદિથી પવિત્ર થઈને પ્રતિદિન શ્રી જિનેન્દ્ર પરમાત્માની વિધિવત્ પૂજા કરવા પૂર્વક પિંડસ્થ આદિ ધ્યાન પરાયણ થાઓ. સુસાધુઓને યથાશક્તિ ભક્તિથી પ્રતિલાભો, અર્થાત્ એષણીય શુદ્ધ આહાર પાણી આદિ વહોરવાની ભક્તિ કરો.

એ પ્રમાણે દેવ ગુરુ અને ધર્મરૂપ તત્ત્વત્રયીની આરાધના કરવાથી દુષ્ટ પાપકર્મો ક્ષય થતાં છ માસના અન્તે પુનઃ રાજ્ય પ્રાપ્ત થશે. તે સમયે સાધર્મિકપણાથી હું સહાય કરીશ. આ પ્રમાણે કહીને ધરણેન્દ્ર મહારાજ સ્વસ્થાને ગયા. રાજાએ પણ તે જ રીતે ધર્મ આરાધના કરતાં રાજ્ય મેળવીને અનુક્રમે શ્રી સંકાશ શ્રાવકની જેમ આત્મકલ્યાણ સાધી મોક્ષપદને પામ્યા.

॥ ઇતિ શ્રી દેવદ્રવ્ય ગુરદ્રવ્યભક્ષક મહાકાળનું દ્રષ્ટાન્ત ॥

## શ્રી જિનચૈત્યાદિની વસ્તુઓનો અલ્પ ન કરો આપવા ઉપર શ્રીમતી લક્ષ્મીવતીનું દૃષ્ટાન્ત

ધન આદિથી મહાસમૃદ્ધશાલિની, મહાત્વકાંક્ષિણી, ધર્મનિષ્ઠા શ્રીમતી લક્ષ્મીવતી નામે શ્રાવિકા હતી. તે શ્રાવિકા શ્રી જિનચૈત્યાદિની વસ્તુઓનો અલ્પ નકરો આપી મહાઆડંબરથી ઉદ્યાપન આદિ અનેકવિધ ધર્મકાર્યો સ્વયં કરતી, અને અન્ય દ્વારા કરાવીને હું દેવદ્રવ્યની અભિવૃદ્ધિ તેમજ ધર્મની પ્રભાવના આદિ કરું કરાવું છું. એમ વિચારીને ધર્મ કર્યા કરાવ્યાનો આત્મસન્તોષ માનતી હતી. એ રીતે શ્રાવક ધર્મ પાળતાં બુદ્ધિપૂર્વકના અપરાધના દોષથી કાળધર્મ પામીને નીચ જાતિની દેવીપણે ઉત્પન્ન થઈ. દેવીનું આયુષ્યપૂર્ણ થતાં સ્વર્ગથી ચ્યવીને અપુત્રીયા ધનવાન શેઠને ત્યાં પુત્રીપણે ઉત્પન્ન થઈ, ગર્ભમાં આવ્યા પછી કેટલાક સમયે પરચક્રનું મોટું આક્રમણ આવવાથી સગર્ભા માતાનો સીમન્ત પ્રસંગ ન ઉજવાયો. પિતાએ મોટા આડંબરથી જન્મ ઉત્સવ, છઠ્ઠીના લેખનો જાગરિકા ઉત્સવ, નામ સ્થાપનાનો ઉત્સવ ઉજવવાના આયોજનો અતિવિશાળપાયા ઉપર યોજી રાખેલ હોવા છતાં, રાજા, મન્ત્રી આદિ મહાજનોના ઘરમાં શોક હોવાના કારણે ન ઉજવી શકયા. અતિહર્ષથી શેઠે કન્યાને સદા પહેરવા માટે રત્નજડિત સુવર્ણના અનેક પ્રકારના અતિસુન્દર આકાર અને ઘાટવાળા અલંકાર આભૂષણો કલા નૈપુણ્ય સુવર્ણકારો પાસે નિર્માણ કરાવ્યા છતાં, ચોર આદિના ભયના કારણે એકે ય દિવસ તે આભૂષણો પુત્રી અંગ ઉપર ધારણ ન કરી શકે. માબાપ તથા અન્યજનોને તે પુત્રી અતિપ્રિય અને માન્ય હોવા છતાં પૂર્વના અશુભકર્મના ઉદયથી ખાવા પીવા પહેરવા ઓઢવાની વસ્તુઓ પણ સાવ સામાન્ય જ મળતી હતી.

કન્યાના પિતા શેઠ વિચારે છે, કે કન્યાનો એક પણ મહોત્સવ હું ઉજવી શકયો નથી. માટે યૌવન વયને પામેલ અને પ્રાણથી પણ અધિક પ્રિય મારી પુત્રીનો લગ્નમહોત્સવ તો મહા આડંબરથી જ ઉજવવો છે. એમ વિચારી લગ્નની પૂર્વ તૈયારીઓ અત્યુત્સાહથી અને અતિવેગથી કરવા લાગ્યા. લગ્ન સમય અતિનિકટ આવ્યો, ત્યારે પુત્રીના માતાજીનું આકસ્મિક મૃત્યુ થવાથી, લગ્ન મહોત્સવ સદંતર બંધ રહ્યો પણ જાતિકૂળની મર્યાદા પ્રમાણે માત્ર વર-વધૂના હસ્તમેળાપથી લગ્નવિધિની પૂર્ણાહુતિ કરવી પડી.

પિયરપક્ષ અને શ્વસુરપક્ષ એમ ઉભયપક્ષ અતિધનાઢય હોવા છતાં, તેમ જ ઉભયપક્ષને કન્યા અતિપ્રિય હોવા છતાં, પૂર્વની જેમ અવનવા ભય, શોક, રોગ, આદિના કારણે પુત્રીને મનોનુકૂળ એટલે મનગનતા વિષયસુખ, તથા ઉત્સવ આદિના આનન્દનો યોગ પ્રાયઃ ન જ મળ્યો. એથી પુત્રી મનમાં અતીવ ઉદ્‌વિગ્ન થઈને સંવેગ પામી.

કોઈ એક દિવસે કેવળજ્ઞાની મહારાજ તે નગરમાં પધાર્યા. કેવળજ્ઞાનિ ભગવન્તને વન્દન નમસ્કાર કરીને પોતાના કોઈપણ પ્રસંગે એમ કેમ બને છે ? તેનું કારણ પૂછયું. ચારે કેવળજ્ઞાની મહારાજે જણાવ્યું. કે તમોએ આજથી ત્રીજા લક્ષ્મીલતીના ભવમાં અલ્પ નકરો. આપી શ્રી જિન મન્દિરજીની અનેક વસ્તુઓનો ઉપયોગ કરીને. મહા આડંબર બતાવ્યો હતો. તેથી તમારા આત્માએ જે દુષ્કર્મ ઉપાર્જન કર્યું, તેનું આ અનિષ્ટ ફળ છે.

કન્યાએ તે પાપકર્મનું કેવળજ્ઞાનિ ભગવન્ત પાસે પ્રાયશ્ચિત કરી, પછી દીક્ષા અંગીકાર કરીને શુદ્ધ સંયમનું પાલન કરતાં આત્મકલ્યાણ સાધી મોક્ષપદને પામ્યા.

॥ ઇતિ શ્રી લક્ષ્મીવતીનું દષ્ટાન્ત ॥

શ્રીમતી લક્ષ્મીવતીના દ્રષ્ટાન્ત ઉપરથી મને એક વિચાર સ્ફૂર્યો, કે શ્રી લક્ષ્મીવતીને આભૂષણ અલંકાર આદિ પહેરવામાં ચોર લૂંટારા આદિનો ભય હતો, તેવો કે તેથી પણ અસહ્ય ત્રાસજનક ભય આજે પણ ચોર લૂંટારાઓનો છે. અરે ! આજે તો ચીલઝપટની જેમ ધોળે દિવસે આભૂષણ અલંકાર આદિની ચોરી અને લૂંટ થવા લાગી છે. એ મહાત્રાસથી હજારો લાકખો રૂપિયાના આભૂષણો હોવા છતાં, નિત્ય પહેરી શકતા નથી. મારી પાસે આટલા રૂપિયાના આભૂષણો છે. એવો માત્ર આત્મસંતોષ માનવો રહ્યો. આજે તો તમારા આભૂષણો ય તમે તમારી પાસે રાખી શકતા નથી. તે પણ બેંકોના લોકરોમાં રાખવા પડે છે. લગ્ન આદિના પ્રસંગે પહેરવા હોય, તો બેંકમાં જઈ ત્યાંના ત્યાં પહેરી, પ્રસંગ પૂર્ણ થતાં તૂર્તજ બેંકમાં પહોંચી આભૂષણો લોકરમાં મૂકીને પછી બહેનો ઘેર આવે છે.

મુંબઈ, અમદાવાદ, વડોદરા, સૂરત આદિ જેવા મોટા નગરોમાં તો મહદંશે બહેનોએ પ્રતિદિન પહેરવા માટે તો, ખોટા આભૂષણો પહેરવાના ચાલુ કર્યા છે. પણ તેમાં ય સુરક્ષા કે સલામતી નથી. કારણ કે ચીલઝપટ કર્યા પછી ગૂંડાને ખબર પડે, કે આભૂષણ ખોટા છે. એટલે બીજે દિવસે ગૂંડો આવીને તે બહેનને મારપીટ કરીને તેની ખબર લઈ લે, અને જણાવે કે ખોટા આભૂષણો પહેરીને મારો દિવસ બગાડયો. મારી મહેનત માથે પડી, અને ઉપરથી ધમકી આપે. કે ખબરદાર છે, કે હવેથી ખોટા આભૂષણો પહેરીને બહાર નીકળી છે તો હવે ખોટા આભૂષણો પહેરવા જેવું યે ભાગ્ય રહ્યું નથી.

ઉપર્યુક્ત વર્તમાન પરિસ્થિતિ જોતાં એવું અનુમાન થાય છે કે, શ્રીમતી લક્ષ્મીવતીની જેમ, આ જીવોએ પણ પૂર્વના કોઈ ભવમાં શ્રી જિન ચૈત્યાદિ ધાર્મિક ક્ષેત્રની વસ્તુઓ અલ્પ નકરો આપીને સ્વયંના ધાર્મિક આદિ કાર્યમાં ઉપયોગ કરીને શ્રીમતી લક્ષ્મીવતીના જેવું

પાપકર્મ તો ઉપાર્જન નહિ કર્યું હોય ને ? મારું એ અનુમાન સત્ય છે, કે કેમ ? તેની સ્પષ્ટતા તો મારા અનન્તાનન્ત પરમ ઉપકારક પરમ તારક દેવાધિદેવ શ્રી સીમન્ધરસ્વામીજી પરમાત્મા કરી શકે.

## શ્રી જ્ઞાનદ્રવ્ય અને સાધારણદ્રવ્ય ભક્ષક કર્મસાર-પુણ્યસારનું દૃષ્ટાન્ત

શ્રી ભોગપુરમાં ચોવીશક્રોડ સોનૈયા (સુવર્ણમુદ્રા) ના અધિપતિ શ્રી ધનાવહ શેઠ રહેતા હતા. તેમને શ્રી ધનવતી નામના સુપત્ની હતા. તે સુપત્નીથી પુત્ર યુગલનો જન્મ થયો. મોટાનું નામ કર્મસાર અને નાનાનું નામ પુણ્યસાર સ્થાપ્યું. આઠમા વર્ષે વિદ્વાન્ ઉપાધ્યાય પાસે ભણવા મૂકયા. કર્મસાર મહાપ્રયત્ન કરવા છતાં એક પણ અક્ષર ન ભણી શકયો. પુણ્યસાર સુખપૂર્વક સર્વ વિદ્યાનો પારગામી થયો. યૌવન અવસ્થા પ્રાપ્ત થતાં, શ્રીમન્ત પિતાના પુત્રો હોવાથી ધનાઢય શ્રેષ્ઠિપુત્રીઓની સાથે મહોત્સવપૂર્વક લગ્ન થયાં. પિતાજી ધનાવહશેઠે બન્નેને બાર બાર ક્રોડ સોનૈયા વહેંચી આપ્યા.

સ્વજન કુટુમ્બિઓએ નિષેધ કરવા છતાં કર્મસાર કુબુદ્ધિથી જે વેપાર કરે, તેમાં ધનની હાનિ જ થાય. એ રીતે વેપાર કરતાં કરતાં થોડા સમયમાં પિતાજીએ આપેલ બારક્રોડ સોનૈયા ખોઈ નાખ્યા. અને શ્રી પુણ્યસારના બાર ક્રોડ સોનૈયા ચોરો ખાતર પાડીને લઈ ગયા. બન્ને ભાઈઓ નિર્ધન થવાથી કુટુમ્બિજનોએ તેમનો ત્યાગ કર્યો. અને તે બન્નેની પત્નીઓ પિયર ચાલી ગઈ.

લોકોથી તિરસ્કૃત અને અપમાનિત થવાથી લજ્જિત થઈને અન્ય દેશમાં જઈને ભિન્ન ભિન્ન શ્રીમન્તોના ઘરે રહ્યા. ત્યાં પણ કોઈ ઉપાય ન હોવાથી, ભૃત્યવૃત્તિથી એટલે દાસપણે જેના ઘરે કર્મસાર રહ્યો. તે શેઠ કૃપણ હોવાથી, નિયત કરેલ વેતન પણ કર્મસારને

આપતો નથી. અને વારંવાર છેતરે છે. એથી બહુ દિવસો વ્યતીત થવા છતાં, મોટોભાઈ કંઈ પણ ન મેળવી શકયો. નાનોભાઈ પુણ્યસારે કંઈક ધન મેળવ્યું. અને પ્રયત્નથી સાચવ્યું, પણ તેનું ધન ધૂર્ત અપહરણ કરી ગયો. એ પ્રમાણે ભિન્ન ભિન્ન સ્થળે ભૃત્યવૃત્તિ, ધાતુવાદ, ખાણ ખોદાવવી રસાયણ શોધવું, રોહણાચલ પર્વત ઉપર જવું, યન્ત્ર મન્ત્રની સાધના કરવી. અને રુદન્તી વેલડી લેવા આદિમાં અગ્યારવાર મહાપ્રયત્નો કરવા છતાં, પણ કુબુદ્ધિના કારણે ન્યાયથી વિપરીતપણે વર્તવાથી મોટોભાઈ કયાંયથી ધન તો ન મેળવ્યું પરન્તુ પ્રત્યેક સ્થળે દુઃખોના ડુંગરો જ સહન કરવા પડયા. નાનાભાઈ એ કાંઈક ધન મેળવ્યું, તો પ્રમાદ આદિથી અગ્યાર વાર ગુમાવ્યું.

પછી બન્ને ભાઈઓ ઉદ્‌વિગ્ન થઈને એટલે કંટાળીને વહાણ દ્વારા રત્નદ્વીપમાં ગયા. મરણ પર્યંત બેસવાનો નિર્ણય કરીને પરચો આપનાર રત્નદ્વીપની દેવી આગળ બેઠા. આઠમે ઉપવાસે ''તમારું ભાગ્ય નથી'' એ પ્રમાણે કહીને દેવી અદ્રશ્ય થયા. તે સાંભળીને કર્મસાર ઊભો થયો. પુણ્યસારે તો એકવીશ (૨૧) ઉપવાસ કરીને દેવી પાસેથી ચિન્તામણિ રત્ન મેળવ્યું. કર્મસાર પશ્ચાત્તાપ કરવા લાગ્યો. ત્યારે પુણ્યસારે કહ્યું કે ભ્રાતઃ ! ખેદ મા કરો. આ ચિન્તામણિરત્નથી તમારું પણ ઇચ્છિત પૂર્ણ થશે. તેથી બન્ને ભાઈઓ પ્રમુદિત થયા.

અનુક્રમે વહાણમાં આરૂઢ થઈને જતા હતા. રાત્રે પૂર્ણિમાના ચન્દ્રનો ઉદય થયો, ત્યારે મોટાભાઈએ કહ્યું, કે હે ભ્રાતઃ ! ચિન્તામણિરત્ન બહાર કાઢ, જોઈએ રત્નનું તેજ અધિક છે, કે ચન્દ્રનું ? ત્યારે દૌર્ભાગ્યથી પ્રેરાયેલ નાનાભાઈએ પણ રત્ન હાથમાં રાખીને ક્ષણવાર રત્નને અને ક્ષણવાર ચન્દ્રને જોવા જતાં. રત્ન

સમુદ્રમાં પડી ગયું. તેથી દુઃખી થયેલ બન્ને ભાઈઓ પોતાના નગરમાં આવીને જ્ઞાની ગુરુ મહારાજને પોતાના પૂર્વભવો વિષે પૂછયું, ત્યારે જ્ઞાની મહારાજ તેમના પૂર્વભવોનું વર્ણન કરે છે.

શ્રી ચન્દ્રપુરમાં પરમ શ્રાવક જિનદત્ત અને જિનદાસ નામના બે શેઠ રહેતા હતા. એક દિવસ તે નગરમાં શ્રાવકો મળીને તે બન્ને શેઠને ઉત્તમ ગૃહસ્થ સમજીને અનુક્રમે એકને જ્ઞાનદ્રવ્ય બીજાને સાધારણદ્રવ્ય સાચવવા માટે સોંપ્યું.

એક દિવસે જિનદત્તે અતિસૂક્ષ્મ દૃષ્ટિએ અન્વેષણ કરી ચોક્કસાઈપૂર્વક પોતાના ચોપડામાં નામું લખનાર મહેતાજીને માસિક વેતનરૂપે આપવાના નિયત કરેલ દ્રમકો આપવા માટે જિનદત્ત પાસે અન્ય ધન ન હોવાથી, ચોપડામાં નામું લખાવવું એ પણ જ્ઞાનનું જ કાર્ય છે. એમ વિચારીને શ્રી સંઘે સંભળાવેલ જ્ઞાનદ્રવ્યમાંથી બાર દ્રમક એટલે બારદામ કે બારદમડી નાણું નામું લખનારને આપ્યું. અને જિનદાસે વિચાર્યું કે સાધારણદ્રવ્ય તો સાત ક્ષેત્રના માટે જ હોવાથી શ્રાવકોને પણ આપવું યોગ્ય છે. એમ વિચારીને પોતાની પાસે અન્ય ધન ન હોવાથી શ્રી સંઘે સંભળાવેલ સાધારણ દ્રવ્યમાંથી બાર દ્રમક સ્વગૃહના ગાઢ પ્રયોજને અર્થાત્ પોતાના વિશિષ્ટ કાર્ય પ્રસંગે વાપર્યા હતાં.

તે પાપકર્મના યોગે ત્યાંથી મરીને બન્ને શ્રાવકો પહેલી નરકમાં ગયા. ત્યાંથી મરીને દેવદ્રવ્યભક્ષક શ્રી સાગરશેઠની જેમ એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચપણે બાર હજારવાર ભૂયસ્તર, અર્થાત્ અતીવ ભયંકર મહાદુઃખો અનુભવીને મહદંશનું પાપ ક્ષીણ થયા પછી, તમો બન્ને અહિંયા ભાઈઓ રૂપે જન્મ્યા છો. પૂર્વના પાપકર્મના કંઈક અંશના યોગે આ ભવમાં પણ બાર બાર ક્રોડ સોનૈયા ગુમાવ્યા.

એ પ્રમાણે સર્વજ્ઞ મહારાજના શ્રીમુખથી પોતાના પૂર્વભવો જાણીને તે બન્ને ભાઈઓએ શ્રાવકધર્મ સ્વીકારીને પ્રાયશ્ચિત કર્યું, કે વેપાર આદિમાં જે દ્રવ્ય મળશે તેમાંથી હજાર હજાર ગણું દ્રવ્ય જ્ઞાનક્ષેત્રમાં અને સાધારણ ક્ષેત્રમાં અર્પણ કરવું. એ દેવું અપાયા પછી જે ધન મળે તે ધનને જ સ્વનિશ્રિત કરવું, અર્થાત્ પોતાનું કરવું એવો નિયમ ગ્રહણ કર્યો.

તે કારણથી પૂર્વનું અશુભ કર્મ ક્ષય થવાથી વેપારાદિમાં પ્રચૂર ધન ઉપાર્જન થતાં તેમાંથી હજાર હજાર ગણું દ્રવ્ય જ્ઞાન અને સાધારણ ક્ષેત્રમાં અર્પણ કરીને અનુક્રમે પૂર્વવત્ બાર બાર ક્રોડ સોનૈયાના અધિપતિ થયા.

. ત્યાર પછી તે બન્ને સુશ્રાવક ભાઈઓ જ્ઞાનદ્રવ્ય અને સાધારણ દ્રવ્યની સુચારુરૂપે સુરક્ષા અને ચઢાવા આદિથી અભિવૃદ્ધિ કરવા પૂર્વક શ્રાવકધર્મની આરાધના કરતાં, દીક્ષા અંગીકાર કરી, આત્મકલ્યાણ સાધી મોક્ષપદને પામ્યા.

॥ ઈતિ જ્ઞાનદ્રવ્ય સાધારણ દ્રવ્ય ભક્ષકનું દૃષ્ટાન્ત ॥

## સુવર્ણરુચિનું દૃષ્ટાન્ત

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં સુરાષ્ટ્ર (સોરઠ) દેશને વિષે રત્નસંચયા નામની નગરી છે. તેમાં એક નાહર નામનો સાર્થવાહ રહેતો હતો, તેને સુવર્ણશિખા નામની સ્ત્રીથી ઉત્પન્ન થયેલો અને ઉત્કૃષ્ટ અર્હત્નો ભક્ત સુવર્ણરુચિ નામે પુત્ર હતો. તે એક દિવસે ઘણા માણસો સહિત સાર્થ લઈને સિંધુસૌર નગરમાં ગયો. ત્યાં સિંધુસૌવીર નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં સુવર્ણરુચિ વેપાર કરવા લાગ્યો. તેમાં તેને ઘણો લાભ થયો. તે જ નગરમાં તેને રત્નાવહ નામના સાર્થવાહ સાથે પ્રીતિ થઈ હતી. એક દિવસ

સુવર્ણરુચિ રત્નાવહને ઘેર ગયો. ત્યાં તેણે ધર્મકથા કરતાં વીતરાગ દેવ, સુગુરુ અને સદ્ધર્મનું યથાર્થ સ્વરૂપનું વર્ણન કર્યું તે સાંભળીને રત્નાવહ સાર્થવાહ પોતાના કુટુંબ સહિત અર્હતનો પરમ ભક્ત થયો. પછી તેણે પોતાની પુત્રી રત્નાવતીને મોટા ઉત્સવ પૂર્વક સુવર્ણરુચિ સાથે પરણાવી. સુવર્ણરુચિ તેની સાથે ભોગવિલાસ કરતાં અનેક ધર્મકાર્યો કરવા લાગ્યો. જિનચૈત્યોમાં મહાપૂજાઓ કરાવતો, દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય તથા સાધારણ દ્રવ્યની સારસંભાળ પણ જાતે જ રાખતો, તથા જીર્ણ ચૈત્યોના ઉદ્ધાર કરાવતો હતો. આ સર્વ જોઈને એક વખત તેના સસરા સાર્થવાહે કહ્યું કે–''હે ભદ્ર ! પારકા જિનાલયોનો જીર્ણોદ્ધાર કરવાથી શું ફળ ? માટે પોતાનું દ્રવ્ય ખરચીને નવું જિનાલય કેમ કરાવતા નથી ?'' તે સાંભળીને સુવર્ણરુચિ બોલ્યા–''હે પૂજ્ય ! જેણે સારી રીતે જિનેશ્વર ભાષિત ધર્મનું તત્ત્વ જાણ્યું હોય, તેને પોતાનું જિનાલય અને પારકું જિનાલય શું છે ? પરમાર્થ જાણનારા સમક્તિવંત પ્રાણીઓ શાસ્ત્ર વિધિ પૂર્વક બનેલાં જિન ચૈત્યોને વિષે સમાન આદર રાખે છે. નહી તો ભેદદષ્ટિ રાખવાથી મિથ્યાત્વ પ્રાપ્ત થાય છે. કહ્યું છે કે–

**पाएण णंतदेउल जिणपडिमा कारिआउ जीवेण ।**
**असमंजसवित्तीए न य सिद्धो दंसणलवो वि ॥१॥**

ભાવાર્થ : પ્રાયઃ જીવે અસમંજસવૃત્તિથી એટલે જિનાજ્ઞાથી નિરપેક્ષપણે અનંત દેવળ-પ્રતિમાઓ કરાવી, તો પણ તેને દર્શનનો (સમ્યકૃત્વનો) એક લેશ પણ સિદ્ધ થયો નહીં, અર્થાત્ જીવાત્મા અંશમાત્ર સમ્યકૃત્વ ન પામ્યો.

માટે નવાં કરતાં જૂનાં જિનાલયોની સારસંભાળ, ખર્ચ આદિ અભેદ દષ્ટિએ કરવાથી સારો લાભ થાય છે. પણ મારું તારું કરવાથી

વીતરાગની આજ્ઞાનો ભંગ થાય છે. વળી કહ્યું છે કે–

**एगो सुगुरू एगावि सावगा चेइयाणि विविहाणि ।**
**तत्थ य जं जिणदव्वं परस्परं तं न विच्चंति ॥२॥**

ભાવાર્થ : મિથ્યામતિવાળા બાહ્યાડંબરી એવા એકમાત્ર પોતાને સુગુરુ કહેવરાવનારા અને એ જ કક્ષાના ગૃહસ્થો પોતાની જાતને શ્રાવક કહેવરાવનારા મિથ્યાડંબરીઓ અન્ય ધર્મિજનોથી અન્યત્ર નિર્મિત થયેલ વિવિધ જિનચૈત્યો એટલે જિનાલયો અને જિન પ્રતિમાજીઓ ભિન્ન હોવા છતાં, ઉપકારની દૃષ્ટિએ સમાન હોવા છતાં, તે મિથ્યાડંબરીઓ તે સ્વરૂપે ન સ્વીકારીને તે તારક જિનાલયોના નિર્માણ અને જીર્ણોદ્ધાર આદિમાં સુ-વિનિયોગ કરતા નથી, કારણ કે સ્વજાતને સુગુરુ માનવા મનાવવાની ક્ષુલ્લકવૃત્તિવાળા ગુરુઓની એવી માન્યતા હોય છે, કે શ્રી જિન આજ્ઞા અનુસારી સમ્યક્ હિતશિક્ષા આપીશ, તો ભક્ત શ્રાવકો અમારો ત્યાગ કરીને અન્ય સુગુરુઓને ગુરુ માનીને તેમનો પક્ષ સ્વીકારશે. એ ભયથી યેનકેન પ્રકારેણ પોતાના ભક્ત શ્રાવકોને પોતાના પક્ષમાં જકડી રાખવા માટે ઉત્સૂત્ર પ્રરૂપણા કરીને અન્ય નગરોના પૂ. શ્રી સંઘોના તેજોદ્વેષી બનાવે છે. તેના કારણે સ્વઅધિકારમાં રહેલ શ્રીસંઘનું જિનદ્રવ્ય (દેવદ્રવ્ય) અન્ય જિનાલયોના જીર્ણોદ્ધાર આદિમાં વાપરવું પરમ અનિવાર્ય હોવા છતાં અર્પણ કરતા નથી, એ નર્યું મિથ્યાત્વ છે.

એ પ્રકારના પુરુષો કેવા કહેવાય ? તે કહે છે–

**ते न गुरु नो सड्ढा न पूइओ होइ ते हिं जिननाहो ।**
**मूढाणं मोहठिई सा नज्जइ समयनिउणेहिं ॥१॥**

ભાવાર્થ : તે ગુરુ નથી. કારણ કે કદાગ્રહી ગૃહસ્થોની

ઇચ્છાનુસારી જિન આજ્ઞા નિરપેક્ષ મિથ્યા પ્રલાપ કરનાર હોવાથી તે ઉત્સૂત્રભાષક ધર્મગુરુ ન કહેવાય અને સ્વેચ્છાનુસાર જિન આજ્ઞા નિરપેક્ષ મિથ્યા પ્રલાપ કરાવનાર ગૃહસ્થ શ્રાવક ન કહેવાય. કદાગ્રહીઓ દ્વારા જિનેશ્વરદેવની કરાયેલ પૂજા એ પૂજા હોતી નથી, મૂઢાત્માઓની એ મોહસ્થિતિ છે, એમ શાસ્ત્રોના નિપુણજ્ઞે એ જણાવ્યું છે.

## યથાર્થ ઉપદેશકનું સ્વરૂપ

**जीअं काउण पणं तुरमणिदत्तस्स कालिअज्जेण ।**
**जीविय सरीरं चत्तं न य ऊणियमहम्मगंजुत्तं ।।१।।**

ભાવાર્થ : જીવિત રહેવાની અપેક્ષા રાખ્યા વિના અર્થાત્ મૃત્યુનો પણ ભય રાખ્યા વિના જીવ અને શરીર અર્પણ કરવા વચનબદ્ધ થઈને પ.પૂ.આચાર્ય શ્રી કાલકસૂરિજી મહારાજ સાહેબે તુરમણિ નગરના ઉન્મત્ત અને ઉદ્ધત દત્તરાજાની સમક્ષ અસમ્જસ વચન ન બોલતાં જે સત્ય હતું, તે નિઃસંકોચપણે જણાવી દીધું. એવા સદ્‌ગુણોપેત ગુરુઓ જ સુગુરુઓ કહેવાય. સર્વ વ્રતોનું મૂળ સમ્યક્ત્વ જ છે.

**सम्यक्त्व मूलानि पञ्चाणुव्रतानि गुणास्त्रयः ।**
**शिक्षाव्रतानि चत्वारि, व्रतानि गृहमेधिनाम् ।।२।।**

અર્થ : "ગૃહસ્થોને પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એ બારે વ્રતો સમ્યક્ત્વપૂર્વક જ હોય છે. સ્વ-પરનો ભેદ રાખીને પૂજા કરનારનું ચિત્ત મમત્વાદિના કારણે કુંતલદેવીની જેમ સંકલેશ સહિત જ હોય છે. કહ્યું છે કે–

**तवसुत्तविणयपूया न संकिलिठस्स हुंति ताणाइं ।**
**खवमागमपि विणयरया कुंतलदेवी उदाहरणं ।।१।।**

ભાવાર્થ : સંકલીષ્ટ ચિત્તવાળાનું તપ, શ્રુત, વિનય અને પૂજા રક્ષણ કરવા સમર્થ થતાં નથી. કુંતલદેવી તેના ઉદાહરણરૂપે છે. વિનયયુક્ત હોવા છતાં મમત્વાદિકના કારણે તેને ફળ પ્રાપ્ત ન થયું. સંકલેશ ચિત્તવાળાને જન્મ, જરા, મરણ આદિ વિપત્તિઓ જ પ્રાપ્ત થાય છે. કહ્યું છે કે–

**चित्तरत्नमसंक्लिष्टमांतरं धनमुच्यते ।**
**यस्य तन्मुषितं दोषैस्तस्य शिष्टा विपत्तयः ॥१॥**

ભાવાર્થ કલેશ રહિત ચિત્તરૂપી રત્નને અંતરંગ ધન કહ્યું છે. તે ચિત્તરત્ન જે આત્માઓનું દોષોથી ચોરાયું છે, તેને વિપત્તિઓ જ બાકી રહે છે. તેથી વિધિપૂર્વકના ચૈત્યોને વિષે પણ સ્વપર આદિ ભેદના ઉપદેશ કરનારા તથા પોતાનું સામર્થ્ય હોવા છતાં, પણ ભેદ દૃષ્ટિવાળા ગુરુઓ શ્રાવકોને યથાર્થ ઉપદેશ ન કરતાં "આપણે શા માટે કોઈને ખોટું લગાડવું જોઈએ ? જે કરશે, તે ભોગવશે." ઈત્યાદિ વિચારીને ઉપેક્ષા કરનારા ગુરુઓ ગુરુ કહેવાય નહીં. તેવા ભેદ દૃષ્ટિવાળા શ્રાવકો પણ સાચા શ્રાવકો કહેવાય નહીં. તેવા શ્રાવકોએ જિનપૂજા કરી એમ ન કહેવાય. પણ તે સર્વ મૂઢ લોકોની મોહની જ સ્થિતિ છે. ઈત્યાદિ પ્રથમ કહી ગયા, તે સંક્ષેપમાં પ્રગટ કરતાં કહે છે કે–

**सो न गुरू जुगपवरो जस्स य वयणंमि वट्टए भेओ ।**
**चेइयभवणसड्ढगाणं साहारणदव्वमाईणं ॥१॥**

ભાવાર્થ : **सो०** એટલે પૂર્વોક્ત કદાગ્રહી ગૃહસ્થોની ઈચ્છા-અનુસાર જિન-આજ્ઞા નિરપેક્ષ મિથ્યા પ્રલાપક (ઉત્સૂત્રભાષક) વેષવિડમ્બક ગુરુઓ વર્તમાનકાળે પ્રવર્ત્તતા સુવિહિત ગુરુ**વર્યો** જેવા ઉત્તમ ગુરુઓ નથી. કારણ કે તેઓના વચનમાં ચૈત્યભવન, **શ્રાવક** અને સાધારણ દ્રવ્યાદિમાં મારા-તારાપણાનો ભેદ રહેલો છે.

તેવા ગુરુઓ ચૈત્ય, ચૈત્યનો ઉદ્ધાર અને જિનેશ્વરની પૂજા સંબંધી એવી કુટિલતાથી ઉપદેશ આપે છે કે જેથી શ્રાવકોના હૃદયમાં સ્વ-પરનો ભેદ વસે છે. તેઓ પોતાના માનેલ શ્રાવકોને એવું કહે છે. તમે આરતી, મંગળ દીવો આદિ કરવાનો અધિકાર પામી શકતા નથી. માટે તમારું પોતાનું ચૈત્ય કરાવો કે જેથી સર્વ રીતે તમારું પ્રધાનપણું થાય.'' વળી સાધર્મિક વાત્સલ્ય કરવાને તત્પર થયેલા શ્રાવકોને એવો ઉપદેશ કરે કે–''પોતાના પક્ષનો આશ્રય કરનારાને જ સાધર્મિક તરીકે માનવા, પણ પરપક્ષને માનનારા ગુણવાનને પણ સાધર્મિક ગણવા નહીં.'' ઈત્યાદિ ભેદ બુદ્ધિથી ઉપદેશ કરે છે. પરંતુ ''વીતરાગની આજ્ઞા માનનારા અને પંચ પરમેષ્ઠિ મંત્ર (નવકાર)નું વિધિ પૂર્વક સ્મરણ કરનારા સર્વને સાધર્મિક ભાઈઓ જ જાણવા જોઈએ'' એવો ઉપદેશ કરતા નથી. વળી ''આ સાધારણ દ્રવ્ય અમારા શ્રાવકોએ મૂક્યું છે, માટે અમારી ઈચ્છાનુસાર તેનો વ્યય થશે.'' એવી રીતે ભેદ પમાડનાર ગુરુ સંકલેશના હેતુ હોવાથી આરાધવા યોગ્ય નથી.'' ઈત્યાદિ યુક્તિપૂર્વક પોતાના સસરાને સારી રીતે સમજાવીને સુવર્ણરુચિએ જણાવ્યું કે–''નવું જિનાલય કરાવ્યા કરતાં પણ જીર્ણોદ્ધાર કરાવવાથી તેનું મોટું ફળ સિદ્ધાંતમાં કહ્યું છે. માટે જીર્ણોદ્ધાર કરાવ્યા પછી હું નૂતન જિનપ્રાસાદ પણ કરાવીશ.''

એ રીતે કેટલોક કાળ ગયા પછી સુવર્ણરુચિએ અતિ ઊંચા તોરણવાળો એક જિન પ્રાસાદ કરાવીને તેની પ્રતિષ્ઠા કરવાનો પણ લાભ લીધેલ. તે જોઈને તે નગરના રાજા સુવર્ણરુચિ ઉપર ઘણા પ્રસન્ન થયા. અને પોતાની દાનશાળામાંથી અમુક દ્રવ્ય પરમાત્માની પૂજા માટે પ્રતિવર્ષે અર્પણ કરવા વચનબદ્ધ થયા. ત્યાર પછી કેટલાક કાળે ધનનંદી નામનો ગૃહસ્થ તે રાજાની દાનશાળાનો અધિકારી થયો. તેણે રાજાએ અર્પણ કરવા વચનબદ્ધ થયેલ દેવદાય આપવું બંધ કર્યું. તે અવસરે સુવર્ણરુચિ કોઈક કાર્ય પ્રસંગે પોતાના દેશમાં

માતાપિતાને મળવા માટે ગયેલ. ત્યાં તેમને ઘણો સમય વ્યતીત થયો. તેથી અહીં નગરના બીજા શ્રાવકોએ મળીને રત્નાકર શ્રેષ્ઠીને કહ્યું કે "હે ભદ્ર ! તમારા જમાઈએ કરાવેલા જિનાલયમાં રાજાએ પૂજા માટે અર્પણ કરવા જે ધન કલ્પ્યું હતું, તે દ્રવ્ય ધનનંદી આપતો નથી. તો પણ તમે તેની કેમ ઉપેક્ષા કરો છો ?" ત્યારે સાર્થવાહે કહ્યું કે–"અમારે દાનશાળાના અધિકારી સાથે વેપાર સંબંધી ઘણું કામ પડે છે, માટે તેની સાથે વૈર કરવું મને રુચતું નથી." ત્યાર પછી કેટલાક દિવસે સુવર્ણરુચિ પોતાના દેશમાંથી તે નગરમાં આવ્યા. તેમણે તે વૃત્તાંત જાણીને પોતાના સસરાને કહ્યું–"દેવદાયના લોપ કરનાર ધનનંદીની તમે આજ સુધી કેમ ઉપેક્ષા કરી ?" સાર્થવાહે ઉત્તર આપ્યો કે–"હે ભદ્ર ! ધનનંદી અતિદુષ્ટ અને ચાડિયો છે, અને હાલમાં તો તે રાજાનો પ્રિયપાત્ર બન્યો છે, માટે તેની સાથે વૈર કરવાથી મોટા અનર્થમાં આવવું પડે. તેથી તમારે પણ કાંઈ કહેવું નહીં. વળી હે વત્સ ! મુક્તિ પદ પામેલા તીર્થંકરોને દ્રવ્યની કઈ આવશ્યકતા છે ? તે તો વીતરાગ છે, માટે મહોત્સવ આદિ કરવાનું કાંઈ પ્રયોજન નથી." તે સાંભળીને સુવર્ણરુચિએ કહ્યું કે–"હે તાત ! અનર્થના ભયથી દેવદ્રવ્યના લોપ કરનાર ધનનંદીની ઉપેક્ષા કરીએ, તો શક્તિ છતાં દેવદ્રવ્યના વિનાશની ઉપેક્ષા કરવાથી આપણને ભયંકર અનર્થભરી પરંપરા પ્રાપ્ત થાય, માટે આ તમારું કથન સર્વથા અયોગ્ય છે. તે ધનનંદી દ્વેષને લીધે જે કરવું હોય તે કરે, પરંતુ હું તો મારી શક્તિ પ્રમાણે પ્રયાસ કરીને દેવદાય વાળીશ. અને આજ સુધીનું ચઢેલું દ્રવ્ય પણ લઈશ." એ પ્રમાણે કહીને સુવર્ણરુચિ રાજા પાસે ગયા. અને કહ્યું કે–"હે સ્વામિન્ ! મેં કરાવેલા જિન પ્રાસાદની પૂજા માટે આપે દાનશાળામાંથી જે દાય (કર) કરી આપવાનો નક્કી કરી આપ્યો છે, તે ધનનંદીએ તોડી નાખ્યો છે" તે સાંભળીને રાજા ધનનંદી ઉપર અતિ કોપાયમાન થયા. તેને પકડાવીને કેદમાં નાખ્યો. પછી જેટલા

વર્ષનું જેટલું દ્રવ્ય ચઢ્યું હતું તેથી બમણું દ્રવ્ય તે ધનનંદી પાસેથી લઈને સુવર્ણરુચિએ તેને બંધનથી મુક્ત કરાવ્યો ત્યાર પછી ધનનંદી સુવર્ણરુચિ ઉપર દ્વેષ કરતાં કેટલાક કાળે મરણ પામીને નરકમાં ઉત્પન્ન થયો.

સુવર્ણરુચિ તે નગરમાં આવેલા સર્વ જિનાલયોની સારસંભાળ રાખતા હતા. કેટલેક કાળે શ્રી સુવર્ણરુચિની સુપત્ની રત્નાવલીની કુક્ષિથી પુત્રનો જન્મ થયો. તેનું નામ અર્હદ્દત્ત રાખ્યું. કાળક્રમે તે યુવાવસ્થા પામ્યો તો પણ દેવગુરુને વંદન પણ કરતા ન હતો. તો પછી ધર્મક્રિયા તો કરે જ શેનો ? પોતાનો કુલાચાર છોડી કુસંગ કરવા લાગ્યો. અસત્ય બોલતો, પ્રાણી હિંસા કરતો, પર ધનની ચોરી કરતો, સાધારણ દ્રવ્ય ખાઈ જતો, અને દેવ દ્રવ્યનો નાશ કરતો. તથા તેવા દ્રવ્યથી જુગાર રમવા લાગ્યો તેથી લોકો તેને અનર્થચોર નામથી બોલાવવા લાગ્યા. પુત્રનાં કુકર્મોથી ત્રાસ પામેલ સુવર્ણરુચિએ પોતાની પત્નીને કહ્યું કે ''હે પ્રિયે ! આપણો આ પુત્ર સાધારણ દ્રવ્ય તથા દેવદ્રવ્યને પણ છોડતો નથી. તેને કોઈ પણ પ્રકારે શિખામણ લાગતી નથી, તેથી હવે તો તેને રાજાનો પક્ષ ગ્રહણ કરીને કાઢી મૂકું છું.'' આ વાત પુત્રના સ્નેહમાં મોહ પામેલી રત્નાવતીએ કબૂલ કરી નહીં. સુવર્ણરુચિએ ફરીથી કહ્યું- ''હે પ્રિયે ! આ પુત્રનું ઉગ્ર પાપ મારાથી જોઈ શકાતું નથી. તેથી હું ચારિત્ર લઈશ.'' પછી સુવર્ણરુચિએ સર્વ જિનાલયોનું દેવદ્રવ્ય, જ્ઞાન દ્રવ્ય અને સાધારણ દ્રવ્ય સારા શ્રાવકોને સારસંભાળ માટે સોંપ્યું, અને કહ્યું કે- ''હે ભદ્ર જનો ! આજથી મારા પુત્રને આ દેવાદિ દ્રવ્ય તમે સોંપશો નહીં. તેમ જ તે પોતે દેવાદિ દ્રવ્યનો અધિકારી થવા ઇચ્છે તો પણ અધિકાર આપશો નહીં.'' તે પ્રમાણે તે શ્રાવકોએ પણ અંગીકાર કર્યું. એક દિવસ પુત્રના સ્નેહથી વ્યાકુળ ચિત્તવાળી રત્નાવતીએ શ્રાવકોને કહ્યું કે–''મારા પુત્રને તમે અતિશય તાડન-તર્જન કરશો નહીં. કેમ કે જો તે જિનદ્રવ્યાદિકની સારસંભાળ

કરવાની ચિંતામાં પડશે, તો કોઈક વખત પણ સન્માર્ગમાં પ્રવર્તશે. પણ તેને સર્વથા બહાર કરશો, તો તે કેવળ ધર્મ રહિત જ થવાનો. જો કદાપિ તે દેવદ્રવ્યાદિનો વિનાશ કરે તો તમારે તેને શાંત વચનથી સદુપદેશ આપવો, પણ કેવળ ધિક્કારી કાઢવો નહીં. કદાચિત્ તે થોડાક દેવદ્રવ્યાદિકનો વિનાશ કરે, તો કાંઈક ઉપેક્ષા કરવી. કેમ કે તેના પિતાએ પોતાના હાથથી જ ઉપાર્જન કરેલું ધન દેવાલય તથા જ્ઞાનાદિ કાર્યમાં આપ્યું છે. તે સર્વ ધન લોકવ્યવહારથી પુત્રનું જ કહેવાય. માટે તેના પિતાના પુણ્યથી પણ આ [1]વરાક પુત્ર જિનદ્રવ્ય ભક્ષણ કરવાના પાપથી છૂટશે.'' ઈત્યાદિ કહીને રત્નાવતીએ સુવર્ણરુચિ સાથે ચારિત્ર ગ્રહણ કર્યું. બન્ને જણા ચિરકાળ સુધી નિરતિચાર ચારિત્ર પાળીને આયુ પૂર્ણ થયે કાળ કરી પાંચમા દેવલોકમાં મહર્દ્ધિક દેવતા થયા. **इति प्रथमो भवः ।**

દેવાયુઃ પૂર્ણ થતાં આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં અમરતિલક નામે નગરમાં શ્રી અમરસેન નામે રાજા રાજ્ય કરતો હતો. તેને ચંદ્રશિખા નામની રાણીની કુક્ષીએ સુવર્ણરુચિનો જીવ દેવલોકમાંથી ચ્યવીને ઉત્પન્ન થયો. તે પુત્રનો જન્મ થતાં જ તેને કોઈ એક દેવતાએ હરણ કરીને મહા અરણ્યમાં મૂક્યો; તે દેવતાએ વિચાર્યું કે- ''મારે બાળહત્યા શા માટે કરવી જોઈએ ? હવે તે પોતે જ મરી જશે.'' એમ વિચારીને તે દેવ સ્વસ્થાને ગયો. તે જ સમયે પોતાના પૂર્વ ભવના દેવદ્રવ્ય રક્ષણના પુણ્ય પ્રભાવથી ત્યાં બીજો દેવતા આવ્યો. તેણે તે બાળક લઈને વિરાટ દેશમાં આવેલા સુદર્શનપુરના રાજા રત્નચૂડની પુત્ર રહિત ભાર્યા મદનચૂડાને આપ્યો. તે રાણીએ દેવતાનો આપેલો ધારીને તેનું સારી રીતે પાલનપોષણ કર્યું અને તેનું સુરસિંહ નામ પાડ્યું. અનુક્રમે તે કુમાર વૃદ્ધિ પામી બહોંતેર કળામાં કુશળ અને ભુજબળથી અતિ શૂરવીર યુવાન થયો.

---

૧. રાંક.

એક દિવસ નગરના મહાજનોએ રાજસભામાં આવીને રાજાને કહ્યું કે- " હે સ્વામિન્ ! આપણા નગરમાં કોઈ એક રણસિંહ નામનો ચોર છે, તે વિદ્યાસિદ્ધ હોવાથી અદૃશ્ય રીતે આવીને નગરનું ધન ચોરી જાય છે, તેને કોઈ પકડી શકતું નથી." મહાજનોની વાત સાંભળીને રાજા સભા સમક્ષ જોઈને બોલ્યા કે- "રણસિંહ ચોરને પકડી લાવે તેવો કોઈ શૂરવીર આ સભામાં છે ?" તે સાંભળીને સર્વ સુભટો નીચા મુખવાળા થઈ ગયા ત્યારે સુરસિંહ રાજકુમાર પ્રતિજ્ઞા કરીને બોલ્યો કે- "આજથી સાત દિવસમાં હું તે ચોરને શોધી લાવું છું, નહીં તો મારે અગ્નિમાં પ્રવેશ કરવો." એમ કહી રાજાની આજ્ઞાથી રાજકુમાર રાત્રિના સમયે ગામમાં ચોતરફ ફરવા લાગ્યો. તેમ કરતાં છ દિવસ વ્યતીત થયા, પણ તે ચોરનો પત્તો લાગ્યો નહીં. સાતમે દિવસે કુમાર સ્મશાનમાં ગયો. ત્યાં કોઈ એક મહાપ્રભાવશાળી યક્ષ રહેતો હતો. તેને કુમારે કહ્યું કે- "હે યક્ષદેવ ! રણસિંહ ચોરને બતાવો નહીં તો તમારી સમક્ષ હું મારું મસ્તક છેદીશ." એમ કહીને કુમારે ખડ્ગ કાઢી પોતાનું મસ્તક છેદવા માંડ્યું, તેવામાં તે યક્ષદેવ પ્રસન્ન થઈને બોલ્યા કે- "હે વત્સ ! આ મારી દેવકુલિકની પાછળ બાવન હાથના વિસ્તારવાળી એક શિલા છે. તેની નીચે ભોંયરામાં તે ચોર રહે છે. પરંતુ તે દેવ-દાનવોથી પણ પરાભવ પામે તેવો નથી. તે હમેશાં રાત્રે ચોરી કરે છે, અને દિવસે તે શિલાને પોતાના જ હાથથી ઉઠાવીને નીચેના ભોંયરામાં રહે છે." તે સાંભળીને પ્રસન્ન થયેલો કુમાર પોતાના હાથથી જ તે શિલા દૂર કરી ભોંયરામાં પ્રવેશ કર્યો. ત્યાં એક મનોહર લાવણ્યયુક્ત સ્વરૂપવતી કન્યા તેના જોવામાં આવી. તે કન્યાએ કુમારને જોઈને સંભ્રમ ઊભી થઈને તેને બેસવા માટે આસન આપ્યું. પછી કન્યાએ જણાવ્યું કે યમરાજને પણ વટલાવે તેવો મહાદુષ્ટ અને મહાક્રૂર મારો ભાઈ અહીંયાં રહે છે.

તમે ત્વરાએ બહાર જાઓ.'' કુમારે કહ્યું કે- '' હું તેને જ પકડવા આવ્યો છું.'' ત્યારે તે કન્યા બોલી કે- ''જો એમ છે, તો મારા ભાઈને પ્રથમ કોઈ નિમિત્તિયાએ કહ્યું હતું, કે તારી બહેનને જે પરણશે તે તને મારશે. માટે તમે મને તત્કાળ પરણો.'' તે સાંભળીને કુમારે તેની સાથે ગાંધર્વ લગ્ન કર્યાં. પછી કુમારે કહ્યું કે- ''હે પ્રિયે ! તારા ભાઈ સાથે યુદ્ધ કરતાં મને કાંઈપણ અડચણ થાય, તો તારે મારા પિતાની સમીપે જઈને સર્વ વૃત્તાંત કહેવું'' તેવામાં તે રણસિંહ ચોર ત્યાં આવ્યો. તેની સાથે કુમાર યુદ્ધ કરવા લાગ્યો. યુદ્ધ કરતાં પ્રાતઃકાળ થયો. તેવામાં તે ચોરે કુમારને ઉપાડી આકાશમાર્ગમાં દૂર ફેંક્યો. ત્યાર પછી તે સુંદરીએ જઈને સર્વ વૃત્તાંત રાજાને નિવેદન કર્યું. તે સાંભળી રાજા હર્ષ તથા શોકમાં મગ્ન થયો. તે સુંદરીએ સર્વ ચોરીનું ધન રાજાને સોંપ્યું.

એક દિવસ તે નગરના ઉપવનમાં કોઈક કેવળજ્ઞાની સમવસર્યા. રાજા તથા રાણી પરિવાર સહિત કેવળજ્ઞાની ભગવંતને વંદન કરવા ગયાં. ત્યાં ધર્મદેશના સાંભળીને રાજાએ જ્ઞાની ભગવંતને પૂછ્યું કે- ''હે ભગવન્ ! ચોરની સાથે લડતા કુમારનું શું થયું ? તે કુમાર જીવે છે કે નહીં ? તે કૃપા કરીને કહો.'' ત્યારે જ્ઞાની ભગવંતે કહ્યું કે– ''હે રાજન્ ! ચોરે કુમારને ઉછાળીને આકાશમાં નાખ્યો, તે સમયે કુમારે દૃઢ મૂઠીથી ચોરને એવો માર્યો, કે જે ચોર મૂર્છિત થઈને ભૂમિ ઉપર પડ્યો. મૂર્છા ઊતરતાં ચોર બોલ્યો, કે તું મારી પાસેથી પાઠ કરવા માત્રથી જ સિદ્ધ થાય તેવી આકાશગામિની વિદ્યા ગ્રહણ કર.'' ત્યારે કુમારે અંજલિબદ્ધ નત મસ્તકે વિનયપૂર્વક ચોર પાસેથી વિદ્યા ગ્રહણ કરી. પછી ચોર બોલ્યો કે-મને પ્રથમ કોઈ નિમિત્તિયાએ કહ્યું હતું કે તારી બહેન રત્નસુંદરીનો જે પતિ થશે, તે તારો પરાજય કરશે.- તે આજે સત્ય થયું. હે કુમાર ! તમારા પ્રહારથી મારું શરીર જર્જરિત થયું છે, તેથી મને વૈરાગ્ય પ્રાપ્ત થયેલ છે. ''હું ચારિત્ર ગ્રહણ કરીશ.'' એમ કહી તે ચોરે તે જ

વનમાં રહેલ મુનિ પાસે દીક્ષા ગ્રહણ કરી. કુમાર મુનિને વંદના કરીને આકાશમાર્ગે પાછો વળ્યો. માર્ગમાં જતાં અરણ્યમાં તેણે એક ઉત્તુંગ સુવર્ણમય પ્રાસાદ જોયો. તેથી નીચે ઊતરીને પ્રાસાદમાં પ્રવેશ કરીને શ્રી ઋષભદેવ પરમાત્માની પ્રતિમાને તે વંદન કરતો હતો. તેટલામાં "**अहो निर्वीरमुर्वीतलम्**" " અહો ! પૃથ્વી પર કોઈ વીર પુરુષ નથી." એવો કરુણામય દીર્ઘ ધ્વનિ તેણે સાંભળ્યો. કુમાર ચૈત્ય બહાર આવીને જુએ છે, તો પાસે એક વૃક્ષ નીચે પુષ્પની માળાને ધારણ કરનારી પરમ લાવણ્યોપેત રૂપવતી બાળા હતી. તેને જોઈને કુમારે વિચાર્યું કે આ સ્ત્રીનો જ કરુણાભર્યો શબ્દ હશે. તેવામાં કુમારે યોગીને આવતો જોયો. તે યોગીએ પોતાના કંઠમાં ખોપરીની માળા પહેરેલી હતી. હાથમાં કપાલ રાખ્યું હતું, અને તેનું શરીર અતિભયંકર રૌદ્ર ભાસતું હતું, તેનું નામ યમકિંકર હતું. તે યોગી વૃક્ષ નીચે આવીને મંડળ કરીને તેમાં ધ્યાન સહિત બેઠો. અને પાસે અગ્નિનો કુંડ કરીને તેમાં હોમ કરવા લાગ્યો. પછી તે ઊભો થઈને રુદન કરતી કન્યાના કેશ ઝાલીને બોલ્યો કે " હે સુંદરી ! તારો કહેલ અવધિ પૂર્ણ થયો, માટે મારી સાથે લગ્ન કર." તે બાળા બોલી કે- "ઉભય લોકને વિરુદ્ધ એવું વચન કેમ બોલે છે ? હું સુરસિંલકુમાર વિના અન્ય કોઈને વાંછતી નથી; " તે સાંભળીને ક્રોધ પામેલ યોગી તે બાળાને તાડન કરવા લાગ્યો. એટલે કુમાર ત્યાં આવી પહોંચ્યો, અને યોગીને દૂર કર્યો. ત્યારે યોગી બોલ્યો કે- "હે વીર પુરુષ ! આ અસત્ય બોલનારી સ્ત્રીનો પક્ષપાત તમે કેમ કરો છો ? સાંભળો, પ્રથમ હું સર્વ વાંછિત પૂર્ણ કરનાર મંત્ર સિદ્ધ કરવા માટે સર્વ લક્ષણથી સંપૂર્ણ અંગવાળી આ સ્ત્રીને તેની સખી સહિત અહીં લાવ્યો હતો. પરંતુ તેના પર મને રાગ થવાથી મેં તેને કહ્યું કે- "હે સુંદરી ! તું મને સ્વામીરૂપે અંગીકાર કરે, તો આ મરણના કષ્ટથી તને મુક્ત કરું." તે સાંભળીને તેણીએ જૂઠું હાસ્ય કરીને કહ્યું કે "તમારી ઇચ્છા કોણ ન કરે ? પરંતુ મારે એક માસ પર્યન્ત

કામદેવની પૂજાનો અભિગ્રહ છે. ત્યારપછી હું પાણિગ્રહણ કરી શકીશ.'' એમ કહીને તે ફરીથી બોલી કે- ''મને આકાશગામિની વિદ્યા આપ, કે જેથી હું આકાશમાર્ગે આ વનમાં આવીને નિરંતર કામદેવની પૂજા કરું.'' ત્યારે મેં પણ સરળ ભાવથી તેને માત્ર પાઠ કરવા માત્રથી સિદ્ધ થાય તેવી આકાશગામિની વિદ્યા આપી. તેથી તે નિરંતર અહીં આવીને પૂજા કરે છે. આજે તેનો અવધિ પૂર્ણ થયો છે, તો પણ મારું અંગીકાર કરેલું વચન સ્વીકાર કરતી નથી. તેથી તેને હું શિક્ષા આપું છું. તો તમારે આવી અસત્યવાદી સ્ત્રીનો પક્ષપાત કરવો યોગ્ય નથી.'' એમ કહીને તે યોગી તેણીને મારવા લાગ્યો, તે જોઈ કુમારને દયા આવવાથી તેણે યોગી સાથે યુદ્ધ કર્યું. અને તેને દૂર ભગાડ્યો પછી પ્રસન્ન ચિત્તવાળી તે સ્ત્રીએ કુમારને કહ્યું કે- '' હે સુરસિંહકુમાર ! હું ઘણા કાળથી તમારી વાંચ્છા કરું છું. માટે મારું પાણિ ગ્રહણ કરો.'' કુમારે કહ્યું કે- '' તું કોણ છે ? અને સુરસિંહને તું શી રીતે ઓળખે છે ?'' તે બોલી કે પ્રથમ મારું પાણિ ગ્રહણ કરો, પછીથી સર્વ વૃત્તાંત કહીશ. વિલંબ કરવાથી લગ્નનું શુભ મુહૂર્ત્ત વ્યતીત થઈ જશે. કુમારે તેની સાથે ગાંધર્વવિધિએ લગ્ન કર્યાં. પછી નવદંપતી પરસ્પર એકબીજાનું વૃત્તાંત પૂછે છે, તેટલામાં કોઈએ અદૃશ્યપણાથી તે કુમારનું અપહરણ કર્યું. અને તેને ગંગા તથા સમુદ્રના સંગમ પાસેના નગરમાં મૂક્યો. કુમારે નગરમાં પ્રવેશ કર્યો. પરંતુ સર્વ નગર શૂન્ય હતું, કોઈ પણ પ્રાણી દૃષ્ટિએ પડ્યું નહીં. ચાલતાં ચાલતાં કુમાર રાજમહેલ પાસે આવ્યો. મહેલ ઉપર ચઢવાનો પ્રારંભ કર્યો. ચાર માળ ચઢ્યો, ત્યારે ત્યાં એક પલંગ ઉપર ભયાનક સિંહ બેઠેલો તેણે જોયો. કુમાર ભયરહિત તેની પાસે ગયો. તેવામાં તે સિંહે પોતાના મુખમાંથી રૂપ પરાવર્તન કરનારી ગોળી કાઢી લીધી તો તે સિંહ મનોહરરૂપ લાવણ્ય યુક્ત કન્યા થઈ ગઈ. તે જોઈ કુમારે પૂછ્યું– ''આ શું ?'' ત્યારે કન્યા બોલી કે- ''હે કુમાર ! આ કથા મોટી છે,

તે તમે સાંભળો–આ જયસુંદર નામનું નગર છે. અહીં જયવલ્લભ નામે રાજા હતા, તેની હું લીલાવતી નામની પુત્રી છું. એક વેળાએ આ નગરમાં એક રાક્ષસ આવ્યો. તેણે ક્રોધથી સર્વ નગર ઉજ્જડ કર્યું. મારા પિતાશ્રી પરિવાર સહિત ત્યાંથી અન્યત્ર ચાલ્યા ગયા. મને પકડીને તેણે અહીં રાખી છે. કોઈ પણ પ્રકારના મોહથી મને તે રાક્ષસ પુત્રીની જેમ પાળે છે, તેનું કારણ હું જાણતી નથી. રાક્ષસ અહીંથી જાય છે, ત્યારે મને રૂપ પરાવર્તન કરવાની ગોળી આપે છે. તેથી હું રૂપ બદલીને નિર્ભયપણે રહું છું.'' આ પ્રમાણે વાત કરે છે, તેટલામાં તે રાક્ષસ ભયંકર અટ્ટહાસ્ય કરતો આવ્યો. કુમારને જોઈ તેની સાથે યુદ્ધ કરવા લાગ્યો. કુમારે તેનો પરાજય કરી પોતાનો સેવક બનાવ્યો. પછી કુમારે તેને નગર ઉજ્જડ કરવાનું કારણ પૂછ્યું, એટલે રાક્ષસ બોલ્યો કે ''હે વીર ! વૈતાઢ્યગિરિ ઉપર મહોત્સવ નામના પુરમાં ગગનમંડળ રાજા રાજ્ય કરતો હતો. તેને ગગનપતિ નામનો પુત્ર હતો. તે પુત્ર જન્મથીજ અનેક રોગવાળો હતો. અનુક્રમે તે કુષ્ટ (કોઢ)ના વ્યાધિથી પીડાવા લાગ્યો. તેથી તે કુમાર વિદેશ ગયો, ત્યાં તે નીરોગી થયો. પછી કોઈ વિદ્યાધર ઉપાધ્યાયની પાસે જઈને તેણે આગ્રહ તથા વિનયપૂર્વક ગગનગામિની વિદ્યા ગ્રહણ કરી. તે વિદ્યા સિદ્ધ થતાં પૂર્વના પાપકર્મના ઉદયથી વિદ્યાદેવી તેના પર રુષ્ટમાન થઈ, અને તેને વૈતાઢ્ય પર્વત ઉપરથી નીચે ભરતક્ષેત્રની ભૂમિ પર નાંખ્યો. ત્યાં પણ તે વ્યાધિગ્રસ્ત થયો. અનેક ઉપચાર કરતાં સો વર્ષે તે વ્યાધિમુક્ત થયો તે ગગનગતિ અન્યત્ર જઈને ધન ઉપાર્જન કર્યું. તે નગરમાં અતિ રૂપલાવણ્યવતી રતિસેના નામની વેશ્યા રહેતી હતી. તેની સાથે ગગનગતિનો પરિચય થયો. નિઃશંકપણે વિષય સેવન કરવા લાગ્યો. તે જ નગરના રાજપુત્રને પણ રતિસેના અતિ પ્રિય હોવાથી રતિસેના અને લલિતગતિના દેહસંબંધની જાણ થતાં રાજપુત્રે ગગનગતિને ત્યાંથી કાઢી મૂક્યો. અનેક દેશ નગરોમાં ભિક્ષાવૃત્તિથી પરિભ્રમણ કરવા

લાગ્યો. પણ સંપૂર્ણ ભિક્ષા મળતી ન હતી. એ રીતે કેટલોક કાળ વ્યતીત થયો, ત્યારે કોઈક જાણકાર પાસેથી નિધાનકલ્પ, અર્થાત્ નિધિ ઓળખવાની વિદ્યા શીખ્યો. પછી ફરતાં ફરતાં એક બીલીના વૃક્ષનો પ્રરોહ (વૃક્ષ) જોઈને તેણે વિચાર્યું કે- ''બીલી તથા ખાખરાનું વૃક્ષ જ્યાં ઊગ્યું હોય, ત્યાં અવશ્ય ધનનું નિધાન હોવું જોઈએ'' એમ વિચારી તે બીલીના મૂળમાં ખોદવા લાગ્યો. તો એક રત્નનું નિધાન નીકળ્યું. તે નિધાન પોતે લેવા જાય છે, તેટલામાં ''હે નિઃપુણ્યક ! તારા ઉપર નિધિના સ્વામી કોપ પામ્યા છે.'' એ પ્રમાણે આકાશવાણી થઈ અને આક્રોશ કરતા એક યક્ષ પ્રગટ થઈને, તેને મુદ્ગરથી ખૂબ કૂટ્યો. તેને વનદેવીએ અનુકંપાથી સાજો કર્યો. ત્યાંથી ગગનગતિ કોઈ એક ગામમાં ગયો. તે ગામની પાસે નદી હતી. તે નદી પર એક દિવસ ગગનગતિ ફરતો હતો. તેવામાં પૂરથી પડી ગયેલ ભેખડ કાંઠામાંથી ધનનું નિધાન નીકળ્યું. તે નિધાનને લેતાં રાજપુરુષોએ તેને જોયો. અને તેને પકડીને તે સર્વસ્વ નિધાન પડાવી લીધું. તેને ધમકાવીને પૂછ્યું કે બીજું નિધાન ક્યાં સંતાડ્યું છે ? તે કાઢીને આપ. તેં કહ્યું કે હું જાણતો નથી. એટલે રાજસેવકોએ તેને ભયંકર માર મારીને કાઢી મૂક્યો. એક દિવસ કાપાલિક નામના યોગીએ તેને તુંબડું આપીને રસકૂપિકામાં ઉતાર્યો. તેમાંથી રસનું તુંબડું ભરીને તે દોરડાવતી બહાર નીકળ્યો. બન્ને જણા એક નિકુંજમાં રહ્યા. યોગી પ્રતારણા કરીને રસનું તુંબડું લઈ ભાગી ગયો. ગગનગતિ પાછળ ગયો, અને તેને મળીને અર્ધો રસ તેની પાસેથી લીધો. તે લઈને ગગનગતિ વનમાં જઈને સુવર્ણ કરવા લાગ્યો. તેવામાં વનદેવીએ નિઃપુણ્યકને નિર્ભત્સના કરીને સુવર્ણ તથા રસ લઈને અતિમાર માર્યો. ત્યાંથી ગગનગતિ ગામોગામ અટન કરીને ભિક્ષા માગવા લાગ્યો. પરંતુ ઉદર પૂર્તિ થતી નહોતી. ફરતાં ફરતાં તે ગગનગતિ આ જયસુંદર નગરમાં આવ્યો. અહીં

મનોનંદ નામના મહા પ્રભાવક યક્ષના આયતનમાં ગયો. અને એક માસ સુધી યક્ષનું આરાધન કરવા માટે ઉપવાસ કર્યા ત્યારે યક્ષરાજ પ્રત્યક્ષ થઈને બોલ્યો કે- '' અરે ! અહીં કેમ બેઠો છે હે નિર્ભાગ્ય ! અહીંથી ચાલ્યો જા. તારા પ્રારબ્ધમાં ઉદરનિર્વાહ જેટલું પણ અન્ન નથી.'' તે સાંભળીને પણ ગગનગતિ ત્યાંથી ઊઠ્યો નહીં, ત્યારે યક્ષ કોપાયમાન થયો. પછી તે યક્ષના કિંકરોએ કોઈ સ્થળેથી એક આભરણનો કરંડિયો લાવીને તેને આપ્યો એટલે તે ગગનગતિ પ્રસન્ન થયો. તે લઈને ગગનગતિ જતો હતો, તેવામ. નગરના કોઈ ગૃહસ્થને ઘેર ખાતર પાડીને ચોરો ધન લઈ નાશી ગયા હતા, તેની પાછળ રાજાના સિપાઈઓ શોધ કરવા નીકળ્યા. તેમણે ગગનગતિને આભરણના કરંડિયા સહિત પકડીને રાજા પાસે લઈ ગયા. રાજાએ તેને શૂળી પર ચઢાવવાનો હુકમ કર્યો. તેથી તેને સેવકોએ શૂળી પર ચઢાવ્યો. ત્યાં તું અતિતૃષાથી પીડાવા લાગ્યો, પણ કોઈએ તેને પાણી આપ્યું નહીં. તેવામાં કોઈ ડોશીએ તને પાણી પાયું, પછી તે ગગનગતિ મરીને રાક્ષસ થયો. હે કુમાર ! તે જ રાક્ષસ હું છું, કે તે ડોશીએ મને પાણી પાયું હતું. તેથી રાજાએ તેને દેશમાંથી કાઢી મૂકી. તેને માર્ગમાં જતાં સર્પ કરડ્યો. તેથી તે મરણ પામીને આ જ નગરના રાજાની લીલાવતી નામે પુત્રી થઈ છે, પછી એક દિવસ હું આ નગરમાં આવ્યો અને અવધિજ્ઞાનનો પ્રયોગ કરીને મેં મારા પૂર્વભવનું સર્વ વૃત્તાંત જાણ્યું, તેથી મેં ક્રોધ કરીને આ સર્વ નગર ઉજ્જડ કર્યું છે. અને પૂર્વભવની ઉપકાર કરનારી આ લીલાવતીને સ્નેહપૂર્વક મેં પુત્રી રૂપે રાખી છે. હવે તે યુવાવસ્થાને પામી છે, એમ જાણીને મેં અવધિજ્ઞાનથી જોયું તો તું તેનો ભર્તા જણાયો તેથી તે વનમાંથી મેં તને અહીં આણ્યો છે. માટે તું તેનું પાણિ ગ્રહણ કર.'' એમ કહીને તે રાક્ષસે મોટા ઉત્સવપૂર્વક નગર વસાવ્યું. કુમાર તેને પરણ્યો ને તે નગરનો રાજા થયો.

એક દિવસ મધ્ય રાત્રિને સમયે કુમારે વાજિંત્ર સહિત સંગીતનો ધ્વનિ સાંભળ્યો. તે જોવાના કૌતુકથી તે રાજકુમાર ગુટિકા મુખમાં રાખીને રૂપનું પરિવર્તન કરીને ત્યાં ગયો. તો વનમાં રહેલા જિનપ્રાસાદમાં વિદ્યાધરોને નૃત્ય-સંગીત કરતા જોયા. કુમારે પણ ગુપ્ત રીતે રહી સર્વસ્વ જોયું, સંગીત થઈ રહ્યા પછી સર્વ વિદ્યાધરો પોત- પોતાને સ્થાને ગયા. પછી કુમાર પણ ચૈત્ય બહાર નીકળ્યો, એટલામાં કોઈ સ્ત્રીનો દુઃખી આક્રંદ તેના સાંભળવામાં આવ્યો. તેથી તે ત્યાં ગયો તો કોઈ એક વિદ્યાધરથી કેશ પકડીને માર મરાતી એક કન્યા દીઠી. તેથી દયાને લીધે કુમારે વિદ્યાધરને હાંકી કાઢ્યો, ત્યારે વિદ્યાધર તેની સાથે યુદ્ધ કરવા લાગ્યો, તેમાં કુમારે તેનો પરાજય કરી તેને સેવક બનાવ્યો. પછી કુમારે વૃત્તાંત પૂછ્યું. ત્યારે વિદ્યાધર બોલ્યો કે- ''હે કુમાર, હું વૈતાઢ્ય પર્વત ઉપર તમાલપુરનો રાજા હેમાર્જુન નામનો વિદ્યાધરનો પતિ છું. એક દિવસ મેં સાધુ પાસેથી સમ્યક્ત્વ મૂળ શ્રાવકના બાર વ્રત ગ્રહણ કર્યાં હતા. કાળે કરીને શ્રાવકપણું મૂકીને હું વિષયલંપટ થયો. એક દિવસ મેં એક વનમાં આ સ્ત્રીને તેની સખી સાથે જોઈ. તેના પર મારી પ્રીતિ થઈ તેથી મેં તેને અહીં આણીને નમ્ર વાક્યોથી મારી સાથે પરણવા કહ્યું. પરંતુ તે તેણીએ અંગીકાર કર્યું નહીં. અને કહેવા લાગી કે ''સુરસિંહ પતિ વિના પ્રાણાંતે પણ હું બીજો પતિ કરીશ નહીં. તેથી મેં તેને નિરંતર ક્રોધથી પાંચસો ફટકા મારવા માંડ્યા. તેને આજ છ માસ થયા, તો પણ મારું વચન અંગીકાર,કરતી નથી. તેથી આજે પણ તેને હું મારતો હતો. તેવામાં તેં આવીને મારો પરાજય કરી તેને બચાવી છે. હે મહાનુભાવ ! તેં આજે મારું માન ઉતારી મને પ્રતિબોધ પમાડ્યો છે. પૂર્વે મેં કોઈ નિમિત્તિયાને પૂછ્યું હતું કે- ''મારે પુત્ર નથી, તો મારા રાજ્યનો સ્વામી કોણ થશે ?'' તે નૈમિત્તિકે જણાવ્યું હતું કે- ''આજ સુધી તું કોઈથી પરાજય પામ્યો નથી. તને જે પરાભવ પમાડશે. તે સુરસિંહકુમાર તારા

રાજ્યનો સ્વામી થશે'' તો હે કુમાર ! આજે તે વાક્ય સત્ય થયું. પરંતુ તે નિમિત્તિયાએ તમારું રૂપ લાવણ્ય અતીવ સુંદર જણાવ્યું હતું. અને તું તો કદરૂપો દેખાય છે. માટે તારું ખરું રૂપ પ્રગટ કરી વિદ્યાધરનું રાજ્ય ગ્રહણ કર.'' તે સાંભળીને કુમારે પોતાનું મૂળ રૂપ પ્રગટ કર્યું તે જોઈ વિદ્યાધર હર્ષિત થયો. તે કન્યા પણ કુમારને ઓળખીને હર્ષથી બોલી કે- ''હે સ્વામિન્ ! મનોનંદન નગરના જયમંગળ રાજાની વિદ્યુત્પ્રભા નામની હું પુત્રી છું. મને કુળદેવીએ જણાવ્યું હતું, કે–''તારો પતિ સુરસિંહ થશે.'' તેથી હું તમારા ઉપર પ્રીતિપૂર્વક આસક્ત થઈને રહી હતી. તેવામાં યોગીએ અનુરક્ત થઈને તે વનમાં મને આણી હતી. તેના મારથી બચાવીને તમોએ મારું પાણિગ્રહણ કર્યું હતું તે સમયથી તમે અદૃશ્ય થયા હતા. ત્યારપછી આ વિદ્યાધરે મને અહીં લાવી. અહી પણ તમે જ મને છોડાવી.'' ત્યારપછી તે વિદ્યાધરે કુમારને રોહેણી પ્રમુખ વિદ્યાઓ આપી. પૂર્વ પુણ્યના પ્રભાવથી કુમાર તે સર્વસ્વ વિદ્યાઓ એક દિવસમાં સિદ્ધ કરી. પછી વિદ્યાના પ્રભાવથી વિમાન બનાવીને વિદ્યુત્પ્રભા સહિત કુમાર હેમાર્જુનની સાથે વૈતાઢ્ય પર્વત ઉપર ગયો. ત્યાં હેમાર્જુને કુમારને રાજ્ય સોંપી પોતે દીક્ષા ગ્રહણ કરી. કુમાર વિદ્યાધરની દક્ષિણ શ્રેણીનો રાજા થયો અને વિદ્યાધરોની એક હજાર કન્યાઓને પરણ્યો અને લીલાવતીને પણ ત્યાં જ લઈ ગયો છે. હે નરચૂડ રાજા ! સર્વ વિદ્યાધરોથી સેવાતો તે કુમાર લીલાવતી અને વિદ્યુત્પ્રભા આદિ સ્ત્રીઓ સહિત આજે જ તમને મળવા માટે આકાશમાર્ગને સાંકડો કરતો અહીં આવશે.'' એ રીતે ગુરુ મહારાજ કહે છે. તેટલામાં કુમાર આકાશમાર્ગે પરિવાર સહિત ત્યાં આવ્યો. કુમાર સપરિવાર પ્રથમ ગુરુ મહારાજને વિધિવત્ વંદન કરીને પછી માતાપિતાને નમ્યો. પછી રાણીએ ગુરુમહારાજને પૂછ્યું કે- ''હે પૂજ્ય ! આ કુમારને મેં જન્મ આપ્યો નથી, પણ દેવીએ મને આપ્યો છે. તો આ કોનો પુત્ર છે ?'' પૂ. ગુરુમહારાજ બોલ્યા કે-

''હે ભદ્રે ! અંબરતિલકપુરમાં અમરસેન રાજાની રાણી ચંદ્રશિખાએ આ કુમારનો જન્મ આપ્યો છે. તેનો જન્મ થતાં જ પૂર્વભવના વૈરી યક્ષે હરણ કરીને તેને વનમાં મૂક્યો હતો. પરંતુ તરત જ તેના મિત્ર દેવતાએ લઈને તને આપ્યો હતો.'' તે સાંભળીને તે કુમારને રાજ્ય આપીને રાજાએ રાણી સહિત ચારિત્ર ગ્રહણ કર્યું. તે સુદર્શનપુરમાં સુરસિંહ રાજા થયો.

પછી એક દિવસે વિદ્યાધરોથી સેવાતો સુરસિંહ પોતાના મૂળ પિતાને મળવા માટે અંબરતિલકપુરમાં ગયો. રાજા-રાણી આદિ સર્વ લોકો તેનું વૃત્તાંત જાણી હર્ષ પામ્યા. એક દિવસ અમરસેન રાજાએ કેવળજ્ઞાનીને પૂછ્યું કે- ''હે પૂજ્ય ! મારા પુત્ર સુરસિંહે પૂર્વ ભવમાં શું પુણ્ય કર્યું હતું ? કે જેથી ભૂચર (પૃથ્વી પર ચાલનાર) હોવા છતાં તે વિદ્યાધરનો ચક્રવર્તી થયો.'' ત્યારે પૂ. ગુરુમહારાજે સુરસિંહને સુવર્ણરુચિના ભવથી પ્રારંભીને સર્વ વૃત્તાંત કહ્યું– ''હે રાજન્ ! દેવાદિના દ્રવ્યની વિધિપૂર્વક સારસંભાળ કરવાથી આ ભવમાં સર્વ સંપત્તિનો ભોક્તા થયો છે, અને દાનશાળાના અધિકારી ધનનંદીએ દેવદાય તોડી નાખ્યો હતો. તેથી તે જ ભવમાં સોળ મહારોગની અસહ્ય વેદના ઘણાં વર્ષ સુધી ભોગવીને અંતે મરીને પહેલી નરકમાં ગયો. ત્યાં નરકની મહાવેદનાઓ ભોગવીને ત્યાંથી નીકળી હાથી થયો. તેને બીજા હાથીએ માર્યો. ત્યાંથી તે ચાંડાળ થયો. જન્મથીજ તે રોગી હોવાથી માતાપિતાને હર્ષ આપતો નહોતો. એક દિવસ તે અગ્નિથી બળી મુઓ. તે ફરીથી પહેલી નરકમાં ગયો. ત્યાંથી નીકળી તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થયો. ત્યાંથી પાછો પહેલી નરકમાં ગયો. ત્યાંથી નીકળી મત્સ્ય થયો. પુનઃ મત્સ્યનો ભવ કરી બે વાર બીજી નરકે ગયો. ત્યાંથી હાથી થઈને પાછો પહેલી નરકે ગયો. ત્યાંથી નીકળી મહિષ (પાડો) થયો. એમ પ્રત્યેક સ્થાને મહાવેદના ભોગવી. કોઈક ભવે વિષથી, કોઈક ભવે શસ્ત્રથી,

કોઈક ભવે સિંહાદિકથી મરણ પામ્યો. ત્યાર પછી અકામ નિર્જરાના બળથી હાલમાં તે રત્નપ્રિય નામે યક્ષ થયો. તે યક્ષે તત્કાળ જન્મેલ સુરસિંહનું અપહરણ કરીને વનમાં મૂક્યો. રાજકુમાર સ્વયં મરી જશે, માટે શા માટે બાળહત્યા કરવી ? એમ વિચારીને યક્ષ સ્વસ્થાને ગયો. નવજાત રાજકુમારની પૂર્વભવની રત્નવતી સંયમધર્મની આરાધનાથી દેવતા થયેલ, રાજકુમાર પાસે આવીને પૂર્વના અનુરાગથી તમને ઉપાડીને સુદર્શનપુરના રત્નચૂડ રાજાની રાણી નરચૂલા કે જે પૂર્વભવની પોતાની માતા થાય, તેને સોંપ્યો. પેલો ધનનંદી યક્ષના ભવ પછી પણ અનંતા ભવ સંસારમાં ભટકશે અને દેવદ્રવ્યના વિનાશના પાપથી અનેક વાર સાતે નરકમાં જશે.'' આ પ્રમાણે પૂ.ગુરુમહારાજના મુખથી વર્ણન સાંભળીને પછી વિદ્યુત્પ્રભાએ પ. ગુરુમહારાજને પૂછ્યું કે-'' હે ભગવન્ ! કયા કર્મથી મેં હેમાર્જુન વિદ્યાધરના હાથથી નિરંતર છ માસ સુધી પાંચસો ફટકાની વેદના ભોગવી ?'' ત્યારે પૂ. ગુરુમહારાજે કહ્યું કે- '' હે ભદ્રે ! તું પૂર્વભવમાં સુવર્ણરુચિની સ્ત્રી રત્નવતી હતી. તે અવસરે તારો પુત્ર અનર્થચૂડ મહાપાપી અને દેવાદિ દ્રવ્યનો ભક્ષણ કરનાર હતો. સુવર્ણરુચિ ખેદ પામીને દીક્ષા લેવા તૈયાર થયો. ત્યારે તેણે બીજા શ્રાવકોને કહ્યું હતું કે આ મારા પુત્રને દેવાદિ દ્રવ્યમાં સર્વથા અધિકારી ન કરવો. કેમ કે તે અયોગ્ય છે. તે અવસરે પુત્રના સ્નેહથી મોહિત થયેલી તે બુદ્ધિના અપરાધના દોષથી ગુપ્ત રીતે શ્રાવકોને કહ્યું હતું કે- '' આ મારા પુત્રને દેવાદિ દ્રવ્યના અધિકારમાં સર્વથા ત્યાગ કરશો નહીં, પણ તેને શિક્ષા આપજો. કેમ કે સર્વથા બહાર કરવાથી તે અધર્મ જ પામશે.'' ઇત્યાદિ કહેવાથી શ્રાવકોએ તેને કાંઈક અધિકાર સોંપ્યો હતો. પરંતુ તેણે ઘણા દેવદ્રવ્યનો નાશ કર્યો. તેથી શ્રાવકોએ ધર્મસ્થાનેથી સર્વથા કાઢી મૂક્યો. ત્યાંથી નીકળી તે ચોરી કરવા લાગ્યો. ચોરી કરતાં તેને એક

દિવસ કોટવાલે જોયો, તેથી પકડીને કારાગૃહમાં નાંખ્યો. પછી કાન, નાક, હાથ આદિ છેદીને તેને કાઢી મૂક્યો. તેની અતિવેદના ભોગવી મરણ પામીને ત્રીજી નરકમાં ગયો. ત્યાંથી નીકળી શ્રીપુરમાં શ્રેષ્ઠીનો પુત્ર થયો. ત્યાં પણ હજાર વર્ષ સુધી નિરંતર સોળ રોગની પીડા ભોગવીને બીજી નરકે ગયો. ત્યાંથી નીકળી મત્સ્યનો ભવ પામી પહેલી નરકે ગયો. ત્યાંથી મનુષ્ય ભવ પામી બાળ તપ (અજ્ઞાન તપ) કરીને ગગનગતિ નામનો વિદ્યાધર થયો. તેની કથા પ્રથમ કહી છે. છેવટે હાલમાં તે રાક્ષસ થયો છે. જેણે સૂરસિંહ કુમારને આ લીલાવતી આપી છે, હજુ પણ તે અનંત સંસાર ભ્રમણ કરશે. પ્રત્યેક નરકમાં સાત સાતવાર જશે. તે અનર્થચૂડની મા રત્નવતીએ સુવર્ણરુચિ સાથે ચારિત્ર ગ્રહણ કર્યું. અને બુદ્ધિના અપરાધરૂપ દોષના વશથી દેવદ્રવ્યની ઉપેક્ષાએ કરીને પાપ ઉપાર્જન કર્યું હતું, તો પણ ચારિત્ર પાળવા લાગી. એક વખત પૂ. ગુરુના મુખથી તેણીએ ''દેવાદિ દ્રવ્યની ઉપેક્ષા કરનારને દુરન્ત પાપનો વિપાક થાય છે.'' એમ સાંભળીને ભયભીત થયેલી તેણે પૂ. ગુરુમહારાજ પાસે સમ્યક્ અધ્યવસાયથી આલોચના લઈને સો વાર છ માસી તપ કર્યું. વળી આલોયણ એટલે પ્રથમ પૂ ગુરુમહારાજ પાસે પાપ પ્રકાશ કર્યું. પછી પોતાના આત્માની સાક્ષીએ તે પાપની નિંદા કરી, અને પછી સર્વ સભા સમક્ષ તે પાપને ગર્હિત એટલે નિભ્રંછન કર્યું. ત્યાંથી તે કાળ કરીને પાંચમા દેવલોકમાં ગઈ. ત્યાંથી ચ્યવીને તું વિદ્યુત્પ્રભા થઈ છે. તે પૂર્વેનું કર્મ કાંઈક બાકી રહેવાથી આ ભવમાં પણ છ માસ સુધી વિદ્યાધરના ફટકાનો માર સહન કર્યો છે.''

ત્યારપછી ચંદ્રશિખા રાણીએ પૂ. ગુરુમહારાજને પૂછ્યું કે- ''હે ભગવન્ ! મને પુત્ર વિયોગનું દુઃખ કેમ થયું ?'' પૂ. ગુરુમહારાજ બોલ્યા–''હે ભદ્રે ! તેં રત્નાવહ સાર્થવાહના ભવમાં સામર્થ્ય છતાં પણ દેવદ્રવ્યનું ઋણ નહીં આપનાર ધનનંદીની ભયના

કારણે ઉપેક્ષા કરી હતી. અને આપણે તેની સાથે વૈર શા માટે કરવું ? જે કરશે તે ભોગવશે.'' એમ વિચારીને ધનનંદીને કંઈ પણ ન કહ્યું. ત્યાંથી મરણ પામીને તે શ્રાવક ધર્મના પ્રભાવથી પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થયો. ત્યાંથી ઘણા તિર્યંચના ભવોમાં ભટકીને દરિદ્રી મનુષ્ય ભવમાં ઉત્પન્ન થયો. સર્વ સ્થાને શસ્ત્રાદિકની અતિતીવ્ર પીડા ભોગવી હતી. પછી પહેલી નરકે ગયો. ત્યાંથી નીકળીને મંગળપુરમાં રથચૂડ નામે રાજા થયો. તે અવસરે રત્નવતીનો જીવ પાંચમા દેવલોકમાં હતો. તે દેવે કોઈ કેવળીને પૂછ્યું કે- ''હે ભગવન્ ! મારો પિતા રત્નાવહ સાર્થવાહ ક્યાં છે ?'' તેને કેવળીએ ઉત્તર આપ્યો કે–''હાલમાં રથચૂડ નામે રાજા થયો છે તે અતિમિથ્યાત્વી છે અને ગલતકુષ્ટાદિન રોગોથી અતિપીડા પામે છે.'' ફરીથી રત્નવતી દેવે કેવળીને પૂછ્યું કે- ''કયા કર્મથી આવી પીડા પ્રાપ્ત થઈ છે ?'' કેવળીએ કહ્યું કે- ''દેવદ્રવ્યની ઉપેક્ષાના પાપથી તેવી પીડા થઈ છે.'' ત્યારપછી તે રત્નવતી દેવે ત્યાં જઈને રથચૂડ રાજાને પ્રતિબોધ કર્યો એટલે તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. પછી રથચૂડ રાજાએ સર્વ સંગનો ત્યાગ કરીને પાપની આલોચના કરી અને હજાર વર્ષ સુધી ચારિત્ર પાળીને દેવતા થયો. ત્યાંથી આવીને તું ચંદ્રશિખા થઈ છે. તેમાંનું કાંઈક કર્મ બાકી રહેવાથી પુત્રના વિયોગનું દુઃખ પામી.''

પૂ. કેવળજ્ઞાની ગુરુમહારાજના શ્રીમુખથી સર્વ વૃત્તાંત જાણીને અમરસેન રાજાએ વૈરાગ્ય પામીને સુરસિંહ કુમારને રાજ્ય આપીને ચંદ્રશિખા રાણી સહિત દીક્ષા ગ્રહણ કરી. પછી સુરસિંહ સમસ્ત દક્ષિણ ભરતાર્ધનો રાજા થયો. તેને રત્નવતી, લીલાવતી, વિદ્યુત્પ્રભા આદિ ચાર હજાર રાણીઓ હતી. સાત હજાર મુકુટબદ્ધ રાજાઓ તથા સોળ હજાર બીજા રાજાઓ તેની આજ્ઞામાં વર્તતા હતા. પચાસ વિદ્યાધર રાજાઓ તેને આધીન હતા તથા અડતાલીશ કરોડ પાયદલ,

અડતાલીશ ક્રોડ ગામ, સોળ હજાર પાટનગર રાજ્યધાની, છત્રીશ હજાર પટ્ટણ (ગામ વિશેષ), બેંતાલીશ લાખ હાથી ઘોડા અને રથનો તે સ્વામી હતો. આવા પ્રકારની પુણ્ય સમૃદ્ધિનો સિત્તેર હજાર વર્ષ સુધી ઉપભોગ કરીને પોતાના પુત્ર રત્નધ્વજને રાજ્ય અર્પણ કરીને પોતાની સ્ત્રીઓ સહિત પ્રવજ્યા ગ્રહણ કરીને પ્રથમ ગ્રૈવેયકમાં દેવ થયો. ત્યાંથી ચ્યવીને મહાવિદેહક્ષેત્રમાં મંગળાવતી વિજયની સુમંગળાપુરીમાં મંગળ નામના રાજાની જયમંગળા રાણીની કુક્ષિમાં ચૌદ સ્વપ્નથી સૂચિત રત્નજંઘ નામે પુત્ર થશે. તે અનુક્રમે છ ખંડ સાધીને તથા નવ નિધાન પ્રાપ્ત કરીને ચક્રવર્તી થશે. ત્યાં ઘણાં કાળ સુધી રાજ્ય કરીને દીક્ષા ગ્રહણ કરશે. ત્યાં તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં તેત્રીશ સાગરોપમના આયુષ્યવાળા દેવ થશે. ત્યાંથી ચ્યવીને પુષ્કરવરદ્વીપને વિષે પુષ્કલાવતી નામના વિજયમાં સુવર્ણનંદન નગરના ચંપકચૂડ રાજાની ત્રિજગત્તિલક નામની રાજરાણીની રત્નકુક્ષિમાં ચૌદ સ્વપ્નથી સૂચિત ભુવનભૂષણ નામે તીર્થંકર પુત્ર થશે, ત્રેસઠ લાખ પૂર્વ વર્ષ પર્યન્ત રાજ્ય કરીને, સાંવત્સરિક દાન આપીને, દીક્ષા ગ્રહણ કરીને, કેવળજ્ઞાન પામીને ધર્મતીર્થ પ્રવર્તાવીને અનંત આનંદમય મોક્ષસુખને પામશે.

## વરુણદેવનું દૃષ્ટાન્ત

**आयाणं जो भंजइ पडिपन्नधणं न देइ देवस्स ।**
**नस्संतं समुवेक्खइ सोवि हु परिभमइ संसारे ॥१॥**
**चेइअदव्वं साहारणं च जो दूहइ मोहिअमइओ ।**
**धम्मोवएसो न जाणइ अहवा वद्धाउओ नरए ॥२॥**

ભાવાર્થ : જે આત્મા જિનાજ્ઞાને ભાંગે છે, જે પિતાદિક પછવાડે અથવા પોતે જ પોતાના પુણ્ય નિમિત્તે ધર્મક્ષેત્રમાં અર્પણ કરવા અંગીકાર કરેલું દેવદ્રવ્ય આપતો નથી, તથા નાશ પામતા દેવદ્રવ્યની જે ઉપેક્ષા કરે છે, તે આત્મા સંસારમાં ઘણું પરિભ્રમણ કરે છે. (૧) જે મૂઢમતિ પાપાત્મા ચૈત્ય દ્રવ્ય તથા સાધારણ દ્રવ્યનું દોહન કરે છે, તે ધર્મોપદેશ જાણતો નથી, અથવા તેણે નારકનું આયુષ્ય બાંધ્યું છે એમ જાણવું. તદ્‌વિષયક દૃષ્ટાંત નીચે પ્રમાણે છે :

મણિમંદિર નામના નગરમાં સમૃદ્ધિવંત અને કીર્તિની ઈચ્છાવાળો એક વરુણદેવ નામે દુષ્ટ ચિત્તવાળો કૃપણ શ્રેષ્ઠી રહેતો હતો. તેને રતિતિલકા નામની શ્રાદ્ધધર્મ સંપન્ન સૌભાગ્યવતી ભાર્યા હતી. તે નગરમાં જિનેશ્વરદેવના સ્નાત્રાદિક મહોત્સવો વારંવાર ઉજવાતા હતા. કોઈ એક સમયે ધર્મભાવનાથી પરમ સુવાસિત સાધર્મિક શ્રાદ્ધરત્નો શ્રી જિનેન્દ્રપૂજા અર્થે, શ્રી જિનચૈત્ય અર્થે, શ્રી સમ્યક્‌શ્રુતજ્ઞાનની ભક્તિ અર્થે તેમ જ પ્રસંગોપાત્ત સપ્તક્ષેત્રીય ધાર્મિક કાર્યો થતાં રહે, તેવી ધાર્મિક શુભભાવનાથી સ્વોપાર્જિત દ્રવ્ય પૂ. શ્રી સંઘને અર્પણ કરતા હતા. શ્રી સંઘમાં હું મુખ્ય અગ્રેસર છું એમ પોતાની જાતને માનતો વરુણદેવ પરમાત્માના દર્શન કરવા જાઉં છું એવું. લોકોને દેખાડવાનો માત્ર ડોળ કરીને પ્રતિદિન જિનાલયે જતો હતો. પૂજ્ય ધર્મગુરુઓને વંદન કરતો હતો. પૂ. ગુરુમહારાજાઓના શ્રીમુખથી ધર્મોપદેશ સાંભળતો હતો. શ્રી જિનેન્દ્રપરમાત્માના સ્નાત્રાદિ મહોત્સવો કરાવતો હતો. પૂ. શ્રી સંઘ દ્વારા યોજાતા પ્રત્યેક ધર્મકાર્યમાં કંઈક દ્રવ્ય પૂ. શ્રી સંઘને અર્પણ કરીને લાભ નહિ પણ ભાગ લેતો હતો. એ બધું જ ધર્મભાવનાથી રહિત, માત્ર સ્વશ્લાઘા થતી રહે, તેટલા પૂરતું માત્ર ઔપચારિક હતું.

એક વેળાએ પૂ. શ્રી સંઘે દેવદ્રવ્યને, જ્ઞાનદ્રવ્યને અને સાધારણ દ્રવ્યને પરમ સમૃદ્ધ કરવાની ધાર્મિક શુભભાવનાથી શ્રાદ્ધરત્નો

સ્વેચ્છાએ સ્વોપાર્જિતધન શ્રી સંઘને અર્પણ કરવા માટે નોંધાવવા લાગ્યા. તે સમયે વરુણદેવે વિચાર્યું કે ક્રમાંકમાં સર્વપ્રથમ નામ મારું જ હોવું જોઈએ એવી નામની લાલસાથી વરુણદેવ રકમ નોંધાવતો હતો, પણ અર્પણ કરતો ન હતો; પણ ઉપરથી ઉઘરાણી કરનારને વરુણદેવ અપશબ્દોવાળી ગાળો સંભળાવતો હતો. એક દિવસે વરુણદેવની રતિતિલકા ભાર્યાએ કહ્યું–"સ્વામિન્ ! નોંધાવેલ દ્રવ્ય પૂ. શ્રી સંઘને કેમ અર્પણ કરતા નથી ?" ત્યારે વરુણદેવ બોલ્યો– "હે પ્રિયે ! અતિકષ્ટથી ઉપાર્જન કરેલ દ્રવ્ય એમ આપી દેવાતું હશે ?" "સ્વામિન્ ! આપવાની ભાવના ન હોય, તો પૂ. શ્રી સંઘમાં નોંધાવવું ન હતું. નોંધાવ્યા પછી તો આપવું જ જોઈએ. શાસ્ત્રોમાં જણાવ્યું છે કે લજ્જા કે કોઈના આગ્રહથી અર્પણ કરવા વચનબદ્ધ થયેલ દેવદ્રવ્ય જે આત્મા આપતો નથી, તે તિર્યંચ અને નરકમાં લાખો ભવ સુધી દુઃખ પામે છે."

**लज्जोवरोहओ वा पडिवज्जेउ न देइ देवधणं ।**
**जो सो तिरियनरएसु दुक्खलक्खाइं पावेइ ।।३।।**

ભાવાર્થ : લજ્જાથી કે કોઈના આગ્રહથી અંગીકાર કરેલું દેવદ્રવ્ય જે માણસ આપતો નથી, તે તિર્યંચ તથા નરકને વિષે લાખો ભવ પર્યન્ત દુઃખો પામે છે.

આ પ્રમાણે સાંભળીને વરુણદેવ બોલ્યો કે-"હે પ્રિયે ! મેં દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય કે સાધારણ દ્રવ્ય કાંઈ પણ ગ્રહણ કર્યું નથી, તેમ ખાધું પણ નથી. પરંતુ અગ્રેસર થઈને પ્રથમ નામ ભરાવવાથી તથા બીજાઓને પ્રેરણા કરવાથી ઊલટી દેવાદિદ્રવ્યની વૃદ્ધિ કરી છે. વળી ધર્મકાર્યમાં કાંઈ પણ બળાત્કાર ન હોય. મેં જેટલું દ્રવ્ય આપ્યું, તેટલું જ મને પુણ્ય મળો. વળી જીર્ણોદ્ધાર, સ્નાત્ર ઉત્સવ આદિ ધર્મ કાર્યો મેં ઘણાં કર્યાં છે, કરું છું, અને કરીશ પણ ખરો, તેથી દેવદ્રવ્યનું

પાપ દૂર થશે. તેવા પાપનો શો ભય રાખવો ?' તે સાંભળી રતિતિલકા બોલી કે-"હે પ્રિયતમ ! માસખમણ, તીર્થયાત્રા, ચૈત્યનિર્માણ, મહાદાન અને શીલાદિક અનેક પુણ્ય કર્મ કર્યાં હોય તો પણ દેવદ્રવ્યની એક ઈંટનો હજારમો ભાગ આપવો રહી ગયો હોય, તો કાજળથી ચિત્રની જેમ તે સર્વ કરેલાં પુણ્ય કર્મો નિષ્ફળ છે." ત્યારે બોલ્યો કે, "હે પ્રિયે ! જો તું દેવદ્રવ્ય નહિ આપવાથી આટલો ભય બતાવે છે, તો તું તારા અલંકારો વેચીને તે દ્રવ્ય કેમ આપતી નથી ? તું પણ ઘરની સ્વામિની છે." રતિતિલકા બોલી કે–"હે પ્રાણનાથ ! તે દેવદ્રવ્યનું ઋણ હું તો આભૂષણો વેચીને આપીશ, પરંતુ તમે દેવામાંથી શી રીતે છૂટશો ? બીજાએ કરેલું કર્મફળ બીજાને મળી શકતું નથી." ઈત્યાદિ અનેક પ્રકારે તેને સમજાવવા છતાં પણ તેણે સંપૂર્ણ દેવદ્રવ્ય ન આપ્યું તે ન જ આપ્યું. રતિતિલકાએ પોતાનાં આભૂષણો વેચીને પોતાના સ્વામીનું બાકી રહેલું સર્વસ્વ ઋણ આપી દીધું. ત્યારપછી કાળાન્તરે વરુણદેવ દેવદ્રવ્યનો દેવાદાર રહેવાથી મરીને પહેલી નરકે ગયો. ત્યાંથી નીકળીને તિર્યંચ ગતિમાં ગયો. એમ નરક તથા તિર્યંચમાં સાત સાત વાર જઈને અસંખ્યાતા ભવ સુધી સંસારમાં ભટક્યો પ્રત્યેક સ્થળે ક્ષુધા, તૃષા, શસ્ત્ર, અગ્નિ અને જળાદિકની મહાવ્યથા ભોગવીને મરણ પામતો હતો. ત્યાર પછી પાપ કાંઈક ઓછું થવાથી પુષ્કરવરદ્વીપમાં જિનેશ્વર નામના પુરના રાજા નરપાળનો સિંહકેતુ નામે પુત્ર થયો. તે પુત્ર યુવાવસ્થા પામતાં જ્વર, ભગંદર, જળોદર આદિ મહાવ્યાધિઓથી પીડાવા લાગ્યો, એવી આકરી વેદના સાઠ હજાર વર્ષ સુધી રહી. પછી રોગરહિત થયો. અનુક્રમે તે રાજા થયો. ત્યાંથી મરીને નરક અને સંસાર એ બેમાં ઘણા ભવ ભટક્યો. ત્યાં પણ દરેક ભવે શસ્ત્રાદિકની પીડા પામી છેવટે સુવર્ણપુરમાં નરચૂડ મંત્રીની સૌભાગ્યસુંદરી નામની ભાર્યાની કુક્ષિમાં પુત્રીરૂપે ઉત્પન્ન

થયો. તે મહાવેદનાઓ સહન કરતો બાર વર્ષ સુધી ગર્ભમાં જ રહ્યો. ત્યારપછી મહાકષ્ટે જન્મ પામ્યો, તે પુત્રીનું નામ તારુણ્યતિલકા રાખ્યું હતું. તે પુત્રી યુવાવસ્થા પામતાં તે જ ગામમાં મનોનંદન મંત્રીના પુત્ર મદનાવહ સાથે પરણાવી, પણ મદનાવહને તેણીની સાથે પ્રીતિ બંધાઈ નહીં. પછી કેટલેક કાળે મદનાવહ તે સ્ત્રીનો ત્યાગ કરીને ત્યાંથી નાશી ગયો. તારુણ્યતિલકાએ તેની ઘણી શોધ કરી, પણ પત્તો લાગ્યો નહીં. એટલે તે તેના પિતાને ઘરે દુઃખી અવસ્થામાં રહેવા લાગી. એક દિવસ ત્યાં શ્રી તીર્થંકર મહારાજ સમવસર્યા તેમને વાંદવા માટે તારુણ્યતિલકા પોતાની માતા સાથે ગઈ, ધર્મદિશના સાંભળીને પછી સૌભાગ્યસુંદરીએ પૂછ્યું, ''હે ભગવન્ ! મારી આ પુત્રીએ પૂર્વભવોમાં એવું તે કયું ઘોર મહાપાપ કર્યું છે કે જેના કારણે આ ભવમાં ભયંકર દુઃખી દુઃખી થઈ રહી છે.'' ભગવંતે જણાવ્યું કે ''આ તમારી પુત્રીના જીવે વરુણદેવના ભવમાં દેવદ્રવ્યાદિ ધર્મદ્રવ્યનું ઋણ પૂ. શ્રી સંઘને ન અર્પણ કરવાના કારણે નરક આદિનાં જે કષ્ટો અને દુઃખો સહન કરેલ તેની તુલનામાં તો આ દુઃખ કોઈ જ ગણનામાં નથી. આયુષ્યના અંત પર્યન્ત સર્વજ્ઞ ભગવંત વર્ણન કરે, તો પણ અંત ન આવે એટલાં દુઃખો સહન કરેલ છે.'' એમ કહીને ભગવાને વરુણદેવના ભવથી માંડીને સર્વ વૃત્તાંત કહીને પછી કહ્યું કે-''વરુણદેવની ભાર્યાએ પોતાના પતિનું દેવું આભૂષણ વેચીને આપ્યું, તે પુણ્યથી દેવલોકમાં ઉત્પન્ન થઈ. ત્યાંથી મનુષ્ય ભવમાં એવી રીતે દેવલોક અને મનુષ્યભવમાં સત્તર વાર ઉત્પન્ન થઈને અતિસુખી અવસ્થા પામી. છેવટે આ ભવે તું સૌભાગ્યસુંદરી થઈ છે. અને વરુણદેવનો જીવ તારી પુત્રી રૂપે થયો છે.'' તે સાંભળીને સૌભાગ્યદેવીને જાતિસ્મરણજ્ઞાન થયું. રાણીએ પરમાત્માને વિનંતિ કરી કે, હે ભગવન્ ! આપનું વચન અક્ષરશઃ સત્ય છે. મને જાતિસ્મરણજ્ઞાન થયું છે. તેના કારણે મને તો પૂર્ણ

શ્રદ્ધા પ્રગટી છે. પરંતુ મારી આ પાપી પુત્રીને આપનાં વચનો ઉપર પણ શ્રદ્ધા ન હોવાથી, તેને જાતિસ્મરણ જ્ઞાન ન થયું. હે ભગવન્ ! મારી આ પુત્રી મોક્ષ ક્યારે પામશે ? પરમાત્માએ જણાવ્યું કે તમારી આ પુત્રી પતિના વિયોગથી દુઃખી અવસ્થાએ આર્તધ્યાનપૂર્વક મૃત્યુ પામીને તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થશે. ત્યાર પછી સંસારમાં પરિભ્રમણ કરતાં કલ્પનાતીત અસહ્ય દુઃખો ગણનાતીત સંખ્યાએ સહન કરતાં અસંખ્ય કોટાનુકોટિ સાગરોપમ પ્રમાણ કાળ વ્યતીત થશે. ત્યાર પછી શ્રી મહાવિદેહ ક્ષેત્રમાં માનવભવ પામીને શ્રી જિનધર્મ અંગીકાર કરશે. ત્યાંથી દેવનો ભવ પામશે. દેવભવનું આયુષ્ય પૂર્ણ થતાં ત્યાંથી ચ્યવન થશે અને શ્રાવકકુળવાળા માનવભવમાં અવતરશે. તે ભવમાં શ્રી જિન આજ્ઞા અનુસાર ચરમસીમાંતે પરમ ઉત્કટ ધર્મની આરાધના કરતાં ક્ષપકશ્રેણીએ આરૂઢ થશે. કેવળજ્ઞાન પ્રગટ થશે. તે સમયથી શ્રી વરુણદેવનો આત્મા સર્વજ્ઞ ભગવંત કહેવાશે. તે સર્વજ્ઞ ભગવંત ધર્મદેશના રૂપે વરુણદેવના ભવથી પ્રારંભીને કેવળજ્ઞાન પ્રગટ થવા પર્યન્તના પોતાના સર્વ ભવોનું વર્ણન કરશે. તે પ્રકારની ધર્મદેશના શ્રવણથી અનેકાનેક પુણ્યવંત ભવ્ય આત્માઓ પ્રતિબોધ પામીને આત્મ-કલ્યાણના મંગળપથે આગળ ધપશે. એ રીતે ધર્મદેશનાના માધ્યમથી ધર્મ પમાડતાં અંત સમય નિકટ આવતાં સર્વજ્ઞ ભગવંત ચૌદમા ગુણસ્થાનકે આરૂઢ થશે. સહજભાવે શૈલેશીકરણ થશે. તેના કારણે સર્વકર્મનો અંત થશે અને તે જ સમયે મોક્ષ પદની પ્રાપ્તિ થશે.

શ્રી સર્વજ્ઞ ભગવંતના તારક શ્રીમુખે શ્રી વરુણદેવનું જીવન-ચરિત્ર સાંભળીને શ્રીમતી સૌભાગ્યસુંદરીએ સાંસારિક સર્વસંગનો ત્યાગ કરીને સર્વવિરતિ સંયમધર્મ અંગીકાર કર્યો. સંયમધર્મની પરમ ઉત્કૃષ્ટ આરાધનાના પરમતમ અચિન્ત્ય પ્રભાવે સર્વકર્મનો અંત કર્યો અને શ્રીમતી સૌભાગ્યસુંદરીનો નિર્મળ આત્મા મોક્ષપદને પામ્યો.

"एवं देवद्रव्यादि धर्मद्रव्यस्य ऋणोपरि श्री वरुणदेवस्य कथानकं ज्ञात्वा देवद्रव्यादि धर्मद्रव्यस्य ऋणार्पणे, श्री जिन-धर्माराधनायाः उपस्थिते-पुण्यप्रसङ्गे च आत्मार्थिभिः धर्मिजनैः क्षणार्धमपि मा प्रमदीतव्यम् एष एव परम-हितावहो मार्गः ॥

એ પ્રમાણે દેવદ્રવ્યાદિ ધર્મદ્રવ્યના ઋણ ઉપર શ્રી વરુણદેવનું દૃષ્ટાંત જાણીને દેવદ્રવ્યાદિ ધર્મદ્રવ્યનું ઋણ અર્પણ કરવામાં અને શ્રી જિનધર્મની આરાધના કરવાનો પુણ્ય પ્રસંગ ઉપસ્થિત થાય, ત્યારે આત્માર્થી જનં એ ક્ષણાર્ધ જેટલા અલ્પકાળનોય પ્રમાદ ન કરવો. અર્થાત્ ક્ષણાર્ધ જેટલા અલ્પકાળનો યે વિલંબ કર્યા વિના ધર્મદ્રવ્યનું ઋણ ચૂકવવામ અને ધર્મ આરાધનામાં ક્રિયાન્વિત થવું, એ જ પરમ હિતાવહ ઉપાય છે.

## દેવદ્રવ્યના અધિકારમાં
## શ્રી નાભાક રાજાનું ચરિત્ર

सौभाग्यारोग्यभाग्योत्तममहिममतिख्यातिकान्ति-
प्रतिष्ठातेजःशौर्योष्मसंपद्विनयनययशःसंततिप्रीतिमुख्याः ।
भावा यस्य प्रभावात्प्रतिपदमुदयं यांति सर्वे स्वभावाच्छ्री-
जीरापल्लिराजः
स भवतु भगवान् पार्श्वदेवो मुदे वः ॥१॥

ભાવાર્થ :- સૌભાગ્ય, આરોગ્યતા, ભાગ્ય, ઉત્તમ મહિમા, બુદ્ધિ, પ્રખ્યાતિ કાંતિ, પ્રતિષ્ઠા, તેજ, શૌર્ય, અધિક સંપત્તિ, વિનય, નીતિ, કીર્તિ સમૂહ તથા પ્રીતિ આદિ સર્વ ભાવો સ્વભાવથી જ જેના પ્રભાવથી પ્રતિક્ષણે ઉદય પામે છે, તે જીરાપલ્લીના સ્વામી શ્રી પાર્શ્વનાથ ભગવાન તમોને હર્ષ આપનાર થાઓ.

**श्रीवीरजिनमानम्य, सम्यङ्नाभाकभूपतेः ।**
**देवद्रव्याधिकारेऽद्‌चरितं कीर्तयिष्यते ॥२॥**

ભાવાર્થ :–શ્રી મહાવીરસ્વામીને નમસ્કાર કરીને ગ્રંથકર્તા દેવદ્રવ્યના અધિકાર ઉપર નાભાક રાજાનું સત્ ચરિત્ર કહીશ.

શ્રી નાભાક રાજાની કથા શ્રવણ કરવાથી તે જાંગુલી મંત્રની જેમ વિવેકી પુરુષોના લોભ રૂપી વિષ નાશ પામે છે. શ્રી નાભાક રાજાનું પવિત્ર ચરિત્ર પાન કરીને જેનું ચિત્ત પ્રસન્ન થયું છે, એવો પુણ્યવંત પનોતો આત્મા નિરંતર સંતોષથી સંતુષ્ટ થઈને સર્વ સંપત્તિ પામે છે. પૂર્વના આચાર્ય મહારાજે કહેલું, અને પુણ્યાર્થી પુરુષોને પ્રિય લાગે, તેવું આ નાભાક રાજાનું પવિત્ર ચરિત્ર વાંચી કોના ચિત્તમાં આશ્ચર્ય ન થાય ? અર્થાત્ સર્વસ્વના ચિત્તમાં આશ્ચર્ય થાય, તેમાં શંકાને સ્થાન નથી.

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં શ્રી પાર્શ્વનાથસ્વામી તથા શ્રી નેમિનાથસ્વામીના મધ્યકાળે (૧) શ્રીપતિ, (૨) બ્રહ્મા, (૩) જિષ્ણુ[1], તથા (૪) શ્રીપદથી સુશોભિત અને સ્વર્ગની નગરીને જિતનારું ક્ષિતિપ્રતિષ્ઠિત નામે નગર હતું. માત્ર એક જ નાગેન્દ્રના મસ્તક પર રહેલા રત્નથી શોભા ધારણ કરનારી ભોગવતી નામની નાગકુમારની નગરી હતી. આ નગરમાં સર્વ અંગે ધારણ કરેલા રત્નાભરણથી ભૂષિત થયેલા સેંકડો ભોગી રાજ વડે તિરસ્કાર પામીને રસાતલમાં ગઈ. તે નગરમાં સ્વરૂપ વડે ઈંદ્રના જેવા પાપ અને તાપ રહિત શ્રીમાન્ નાભાક નામે રાજા રાજ્ય કરતા હતા. પ્રથમ કામદેવ

---

૧. (૧) વિષ્ણુ, બીજા પક્ષમાં લક્ષ્મીવંત પુરુષો. (૨) બીજા પક્ષમાં બ્રહ્મચર્યવાળા પુરૂષો. (૩) ઈંદ્ર, બીજા પક્ષમાં વિજય પામનાર પુરુષો. (૪) કુબેર, બીજા પક્ષમાં દાન કરનાર પુરુષો. (૫) સર્પનો ઈંદ્ર, બીજા પક્ષમાં ભોગ કરનાર પુરુષો.

પોતાની રતિ અને પ્રીતિ નામની બે સ્ત્રીઓ સાથે ક્રીડા કરવાથી અનંગ (અંગ રહિત) થયો હતો. પરંતુ નાભાક રાજા તો હજારો સ્ત્રીઓ સાથે ક્રીડા કરીને પણ સર્વ અંગની સુંદરતાને પામ્યા હતા. તે રાજા એક દિવસ સભામાં આનંદિત ચિત્તે બેઠા હતા. તે સમય કોઈ એક શ્રેષ્ઠીએ આવીને રાજા પાસે ભેટણું ધરીને નમસ્કાર કર્યો. તેને જોઈને "તમે કોણ છો ? ક્યાંથી આવ્યા છો ? ક્યાં જવા નીકળ્યા છો ?" એ પ્રમાણે રાજાએ તેનેં પૂછ્યું, ત્યારે શ્રેષ્ઠી બોલ્યા–"હે રાજન્ ! સાંભળો હું ધનાઢ્ય નામનો શ્રેષ્ઠી વસંતપુરમાં નિવાસ કરું છું. અને શત્રુંજય મહાતીર્થની યાત્રા કરવા નીકળ્યો છું. આ નગર રસ્તામાં આવવાથી અત્ર આવ્યો છું." રાજાએ પૂછ્યું કે–"શત્રુંજય મહાતીર્થ શું છે ? અને તેની યાત્રા કરવાથી શું લાભ થાય ?" તે સાંભળીને મોટા ભાગ્યથી મળી શકે એવી સભામાં બેઠેલા પૌરાણિકો બોલ્યા કે-"હે રાજન્ ? પૂર્વે આ ભરતક્ષેત્રમાં શ્રીનાભિ નામે એક ઈક્ષ્વાકુ વંશી કુલકર થયા હતા. તેમને મરુદેવી નામે સુપત્ની હતાં. તેમની રત્નકુક્ષિથી શ્રીઋષભદેવ તીર્થંકર પરમાત્માનો જન્મ થયો હતો. તે સમયે કાળના પ્રભાવથી લોકો અસંખ્ય વર્ષથી ધર્મ તથા કર્મના માર્ગથી અજ્ઞાત હતા. તે સમયે શ્રી ઋષભધ્વજ પરમાત્માએ બન્ને માર્ગ પ્રકાશ કરીને અજ્ઞાનતા દૂર કરી. પ્રથમ શ્રી ઋષભદેવે લગ્ન કર્યા તેમને સો પુત્રો થયા. ઘણા કાળ સુધી રાજ્ય ઉપર રહીને પ્રજાને નીતિ માર્ગનો બોધ આપ્યો. એક વર્ષ ન્યૂન ત્યાંશી લાખપૂર્વ પૂર્ણ થતાં વાર્ષિકદાન દઈને સંયમ અંગીકાર કરીને ઉગ્રતપ કરીને એક હજાર વર્ષે કેવળજ્ઞાની થયા. ચૈત્યવૃક્ષને પ્રદક્ષિણા દઈને કહીને સમવસરણમાં વિરાજમાન થઈને દશ પ્રકારે યતિધર્મના સ્વરૂપને સમજાવતી ધર્મદેશના દઈને શ્રી શ્રીમણપ્રધાન ચતુર્વિધ જૈન સંઘની સ્થાપના કરી. અગણિત આત્માઓ ધર્મ આરાધનાથી આત્માને ભાવિત કરવા લાગ્યા. કોઈ એક વેળાએ શ્રી ઋષભદેવ પરમાત્મા

સૌરાષ્ટ્ર દેશના અલંકારરૂપ શત્રુંજયગિરિ ઉપર સમવસર્યા. ત્યાં રાયણના વૃક્ષ નીચે આશ્રય કર્યો પછી ભગવાને શ્રી પુંડરીક નામના મુખ્ય ગણધરની સન્મુખ જોઈને કહ્યું કે-''આ મહાતીર્થ અનાદિ અનંત કાળનું છે અને કાળના પ્રભાવથી સંકોચ તથા વિકાસ પામે છે. હાલમાં આ ગિરિ મૂળમાં પચાસ યોજન વિસ્તારવાળો છે, અને ઉપર દશ યોજન વિસ્તાર-વાળો છે, તથા આઠ યોજન ઊંચો છે. તે છેવટે સાત હાથનો થઈને ફરીથી તે જ પ્રમાણે વૃદ્ધિ પામશે. આ ગિરિના **"શત્રુંજય"**, **"વિમલાદ્રિ"** અને **"સિદ્ધક્ષેત્ર"** એ ત્રણ શાશ્વતા નામ છે, અને હવે પછીથી તમારી સિદ્ધિ અહીં થવાથી તેનું ''પુંડરીક'' એવું ચોથું નામ થશે. આ શત્રુંજય ગિરિનું સેવન કરવાથી પાપી પ્રાણીઓ પણ પાપથી મુક્ત થાય છે. ''પૃથ્વીના પ્રભાવથી માટી પણ સર્વથી ઉત્તમ રત્નપણાને પામે છે. તે રીતે જે ભવ્ય જીવો કોઈ પણ સમયે આ મહાતીર્થને શુદ્ધ ભાવે દૃષ્ટિપથ કરે છે, (જાુએ છે) તેઓને નરક તિર્યંચ ગતિ તો ક્યાંથી હોય ? પરંતુ મનુષ્ય તથા દેવગતિમાં પણ તેમનો જન્મ થતો નથી. અર્થાત્ મોક્ષ પ્રાપ્ત થાય છે.'' આ પ્રમાણે શ્રી આદીશ્વરજી પરમાત્માના શ્રીમુખે મહાતીર્થનું ફળ સાંભળીને શ્રીપુંડરીક આદિ સર્વ ગણધરો તે મહાતીર્થનું સેવન કરીને સમય આવતાં સિદ્ધિપદ પામ્યા. શ્રી ઋષભદેવ મોક્ષ પામ્યા પછી તેમના સુપુત્ર ભરત ચક્રવર્તીએ તે શત્રુંજયગિરિ ઉપર સુવર્ણનો પ્રાસાદ કરાવીને તેમાં શ્રી આદીશ્વરજી પરમાત્માની રત્નમય પ્રતિમા સ્થાપન કરી. જે પ્રાણી આ ગિરિનું નામ પોતાના હૃદયમાં શુદ્ધભાવે વહન કરે છે, તેને કોઈ પણ સમયે કલેશનો એક લેશ પણ સહન કરવો પડતો નથી, અને જે પ્રાણી આ તીર્થના માર્ગ ઉપર હર્ષથી ચાલે છે, તે કદાપિ સંસારમાં પડતો નથી. આ તીર્થ સમાન બીજું કોઇ શ્રેષ્ઠ તીર્થ નથી, આ સમાન બીજાું કોઇ અધિક વંદ્ય નથી, તેનાથી બીજાું કોઈ અધિક પૂજ્ય નથી, અને તેના કરતાં કોઇ પણ અધિક ધ્યાન કરવા લાયક નથી. આ તીર્થ વિષે અન્ય

[1]ગ્રંથોમાં પણ કહ્યું છે કે–

**पंचशदादौ किल मूलभूमेर्दशोर्ध्वभूमेरपि विस्तरोऽस्य ।**
**उच्चत्वमष्टैव तु योजनानि मानं वदंतीह जिनेश्वराः ॥**

ભાવાર્થ :- શત્રુંજય ગિરિનું માન પ્રથમ મૂળ ભૂમિમાં પચાસ યોજન વિસ્તારવાળું, ઉપરના ભૂમિતળ ઉપર દશ યોજન વિસ્તારવાળું અને આઠ યોજન ઊંચું એમ શ્રી જિનેશ્વરદેવોએ કહેલું છે.

**दृष्ट्वा शत्रुंजयं तीर्थं स्पृष्ट्वा रैवतकाचलम् ।**
**स्नात्वा गजपदे कुण्डे पुनर्जन्म न विद्यते ॥२॥**

ભાવાર્થ :-- શત્રુંજય તીર્થનું દર્શન કરવાથી, રૈવતક (ગિરનાર) પર્વતનો સ્પર્શ કરવાથી અને ગજપદકુંડમાં સ્નાન કરવાથી ફરી જન્મ થતો નથી.

**अष्टषष्टिषु तीर्थेषु यात्राया यत्फलं भवेत् ।**
**श्रीशत्रुंजयतीर्थेश–दर्शनादपि तत्फलम् ॥३॥**

ભાવાર્થ :-- અડસઠ તીર્થોમાં યાત્રા કરવાથી જે ફળ થાય છે, તેટલું ફળ શત્રુંજય તીર્થના દર્શન માત્રથી થાય છે.

માટે હે પૃથ્વીપતિ ! ભરતખંડની ભૂમિ તથા સર્વોત્તમ મનુષ્ય ભવ પામીને વિવેકી પુરુષોએ યુગાદિદેવની મહાયાત્રા કરીને લક્ષ્મીનું ઉપર કહ્યા પ્રમાણે ફળ મેળવવું જોઈએ.'' આ પ્રમાણે પૌરાણિકના મુખથી તીર્થનું અદ્ભુત માહાત્મ્ય સાંભળીને રાજાએ તે શ્રેષ્ઠીને રજા આપીને પોતાને જવા માટે મુહૂર્ત નક્કી કર્યું. પરંતુ મુહૂર્તનો દિવસ નજીક આવતાં રાજાને બ્રહ્મરંધ્રની વ્યથા થવાથી નિયત કરેલું મુહૂર્ત વ્યતીત થયું, તેથી રાજાએ પશ્ચાત્તાપ કરી બીજું મુહૂર્ત લીધું. તે પણ પોતાના મોટા કુમારને કાંઇ અકસ્માત્ વ્યાધિ

૧. ભાગવત, ૨. નાગપુરાણ, ૩. તીર્થમાલાસ્તવ.

થવાથી વ્યતીત થયું. એટલે ત્રીજું મુહૂર્ત લીધું. તે પણ પોતાની પટ્ટરાણીને વ્યાધિ થવાથી જતું રહ્યું, એટલે ચોથું મુહૂર્ત લીધું, પરંતુ પોતાના સૈન્યની શંકા વડે તે ચોથું મુહૂર્ત પણ જતું રહ્યું, ત્યારે રાજાએ અહો ? મારો આત્મા કેવો પાપી છે.'' એમ પોતાની નિંદા કરીને પાંચમું મુહૂર્ત લીધું. પણ શત્રુના સૈન્યના ભયથી જતું રહ્યું. આ પ્રમાણે યાત્રાને માટે નક્કી કરેલાં પાંચ મુહૂર્તો વ્યતીત થયાં, ત્યારે 'રાજા ચિંતાતુર થઈને એમ વિચારતા હતા, કે વારંવાર આ રીતે થવાનું કારણ શું ? એટલામાં તો વનપાલકે આવીને બદ્ધાંજલિ નતમસ્તકે વિનમ્ર વિનતિપૂર્વક શુભ વધામણા આપ્યા કે ચાર જ્ઞાનના ધારક શ્રી યુગંધરસૂરીશ્વરજી ગુરુમહારાજ ઉદ્યાનમાં પધાર્યા છે. શુભ વધામણા શ્રવણથી અતીવ પ્રમુદિત થયેલ રાજાધિરાજશ્રીએ અતિવિપુલ પ્રીતિદાન આપીને વનપાલકને વિદાય કર્યો. રાજાધિરાજ શ્રી મંત્રી આમાત્ય નગરશેઠ સેનાધિપતિ આદિ સપરિવાર ઉદ્યાનમાં જઈને પ.પૂજ્યપાદ ગુરુમહારાજને ભક્તિપૂર્વક વિધિવત્ વંદન કરીને ધર્મશ્રવણ કરવા બેઠા. ધર્મદેશના પૂર્ણ થયા પછી બદ્ધાંજલિ નતમસ્તકે વિનયપૂર્વક પૂછયું, કે તીર્થયાત્રામાં વારંવાર વિઘ્નો આવવાનું કારણ શું ?

એટલે પ.પૂ. ગુરુમહારાજશ્રીએ બદ્ધાંજલિ નતમસ્તકે શ્રી સીમન્ધરસ્વામીજી પરમાત્માને ભાવપૂર્વક વંદન નમસ્કાર કરીને રાજાધિરાજશ્રીને તીર્થયાત્રામાં વારંવાર વિઘ્નો આવવાનું કારણ શું ? એ પ્રમાણે મનથી પ્રશ્ન પૂછેલ, તેનો દેવાધિદેવશ્રીએ મનથી પ્રત્યુત્તર આપેલ. તે સર્વસ્વ વૃત્તાંત પ.પૂ. ગુરુમહારાજશ્રી મનઃપર્યવજ્ઞાનથી જાણીને રાજાધિરાજશ્રીને નીચે પ્રમાણે જણાવેલ :

''હે રાજન્ ! ગઈ ચોવીશીમાં એટલે આજથી ઓગણીશ-કોટાનુકોટિ સાગરોપમ જેટલા ચિરકાળ પહેલાં આ જમ્બૂદ્વીપના

ભરતક્ષેત્રમાં ચરમ શાસનપતિ શ્રી સંપ્રતિસ્વામીજી તીર્થંકર પરમાત્માના સમયમાં સમુદ્રકાંઠે વસેલ તામ્રલિપ્તી નામની નગરીમાં સમુદ્ર અને સિંહ નામના બે ભાઈઓ રહેતા હતા. મોટો ભાઈ સમુદ્ર નિર્મળ અને સરળ સ્વભાવનો પુણ્યશાળી હતો. ત્યારે નાનો ભાઈ સિંહ મોટા ભાઈથી સાવ વિપરીત એટલે મલિન દંભી અને પુણ્યહીન હતો. કોઈ એક દિવસે ઘરમાં થાંભલાનો ટેકો દેવા માટે બન્ને ભાઈઓ ઘરમાં ખાડો ખોદતા હતા તે ખાડામાંથી ચોવીશ હજાર સોનામહોરનો નિધિ અને સાથે એક પત્ર નીકળ્યો. તે પત્રમાં લખ્યું હતું કે -"આ દેવદ્રવ્યને નાગ ગોષ્ઠિકે નિધાન કર્યું છે, " તે વાંચીને મોટો ભાઈ બોલ્યો કે–"આ દ્રવ્ય આપણે શત્રુંજય તીર્થમાં જઈને નાગ ગોષ્ઠિકના નામથી તેના કલ્યાણ અર્થે વાપરીએ." તે સાંભળીને નાનો ભાઈ પોતાની સ્ત્રીની પ્રેરણાથી બોલ્યો કે– "મારી કન્યા વિવાહ કરવા જેવી થઈ ગઈ છે, પરંતુ ધન નહીં હોવાથી આટલા દિવસ સુધી તેનો વિવાહ કર્યો નથી. હવે આ ધન આપણને મળ્યું છે. માટે ઉત્સવપૂર્વક આ ધન ખરચીને તેનો વિવાહ કરીએ." તે સાંભળીને સમુદ્રે મનમાં વિચાર કર્યો કે– "આ મારો ભાઈ સ્વભાવથી જ દૃષ્ટ બુદ્ધિવાળો છે. તેમાં પણ તે તેની સ્ત્રીની પ્રેરણાથી વાયુ વડે અગ્નિની જેમ અધિક દીપ્ત થયો છે. કહ્યું છે કે–

**सुवंशजोऽप्यकृत्यानि कुरुते प्रेरितः स्त्रिया ।**
**स्नेहलं दधि मथ्नाति पश्यं मंथानको न किम् ॥**

ભાવાર્થ :– સારા વંશમાં ઉત્પન્ન થયેલો પુરુષ પણ સ્ત્રીની પ્રેરણાથી અકૃત્યો કરે છે. કેમ કે સારા વાંસથી કરેલો મંથન દંડ (રવૈયો) શું સ્નેહવાળા દહીંને (સ્ત્રીને પ્રેરણાથી) મથન નથી કરતો ?

'આ મારો ભાઈ જો દેવદ્રવ્યનો ઉપયોગ કરશે, તો ઘોર દુર્ગતિમાં જશે, માટે મારે તેને સુંદર વચનોથી બોધ કરવો જોઈએ.' એમ નિશ્ચય કરીને કહ્યું કે -''હે ભાઈ ! તું અપાર દુઃખની ખાણ નરકમાં નાખનાર એવા દેવદ્રવ્યનો ઉપભોગ કરવા ઇચ્છે છે તે કોઈ રીતે યોગ્ય કે ઉચિત નથી. શાસ્ત્રોમાં જણાવ્યું છે, કે–

**देवद्रव्येण यत्सौख्यं यत्सौख्यं परदारतः ।**
**अनंतानंतदुःखाय तत्सौख्यं जायते ध्रुवम् ॥१॥**

ભાવાર્થ :– દેવદ્રવ્યથી જે સુખ ભોગવ્યું હોય, અને પરસ્ત્રીને ભોગવવાથી જે સુખ હોય, તે સુખ અનંત અનંત દુઃખ આપનાર થાય છે. વળી કહ્યું છે કે–

**चेइय–दव्वविणासे रिसिघाए पवयणस्स उड्डाहे ।**
**संजइ चउत्थभंगे मूलग्गी बोहिलाभस्स ॥१॥**

ભાવાર્થ : દેવદ્રવ્યનો નાશ કરવો, ઋષિમુનિની હત્યા કરવી, શાસનની હીલના કરવી અને સાધ્વીના ચતુર્થ વ્રતનો ભંગ કરવો. એ બોધિલાભના મૂળમાં અગ્નિ લગાડવા જેવું છે.

કોઈની સેવા કરવી, દાસત્વ કરવું, ભિક્ષા માગવી, અને મૃત્યુ પામવું, એ સારું છે, પરંતુ સર્વ દુઃખોનું મૂળ દેવદ્રવ્યનું ભક્ષણ તે સારું નથી.''

આ પ્રમાણે મોટા ભાઈનો ઉપદેશ સાંભળીને સિંહ પ્રત્યુત્તર વિના ઊભો થઈ ગયો. પછી એકાંતમાં તેની સ્ત્રીએ તેને કહ્યું કે–''અરે ! તમે ભોળા થઈને કેમ છેતરાઓ છો ? અથવા કપોલ કલ્પિત યુક્તિથી કોણ ન છેતરાય ? ગમે તેમ કરીને સર્વ અથવા અરધું ધન તમે તમારા ભાઈ પાસેથી લ્યો.''

આ રીતે સ્ત્રીની પ્રેરણાથી સિંહે ધન માટે ત્રણ દિવસ સુધી લાંઘણ કરી. અને 'મારે જુદા રહેવું છે.' એ પ્રમાણે પોતાના

સ્વજનોને કહેવા લાગ્યો. એટલે તે સ્વજનોના બળથી તેણે ઘરનો તથા નિધિનો અર્ધ ભાગ લીધો ત્યારપછી સમુદ્રનાગના પુણ્ય અર્થે અર્ધા નિધિનો શ્રી શત્રુંજય તીર્થમાં સુવિનિયોગ કરવાનો નિશ્ચય કરી પ્રયાણ કરવા તત્પર થયો. તેવામાં સિંહે રાજા પાસે જઈને નિવેદન કર્યું કે–"હે રાજન્ ! મારા ભાઈને દ્રવ્યનો નિધિ પ્રાપ્ત થયો છે. તેથી તે યાત્રાના મીષથી તે દ્રવ્ય નિધિ લઈ જાય છે. તેમાં મારો કોઈ દોષ નથી." તે સાંભળીને રાજાએ સમુદ્રને બોલાવીને તેને એક મુહૂર્ત કારાગૃહમાં રાખ્યો. એટલે પોતાને કારાગૃહમાં રાખવાનું કારણ જાણીને સમુદ્રે રાજાની પાસે અર્ધો દ્રવ્ય નિધિ મૂક્યો. અને સર્વ વૃત્તાંત જાહેર કરીને નિધિ તથા તેનો લેખ બતાવ્યો. તે જોઈને "આ સમુદ્ર સત્યવાદી છે" એમ ધારીને રાજાએ તેને છોડી દીધો, અને "આ દેવદ્રવ્ય છે" એમ જાણીને ન્યાય તથા ધર્મને જાણનાર રાજાએ તેને નિધિ પાછો આપ્યો. તથા સમુદ્રનો ઘણો સત્કાર કરીને તેને યાત્રા માટે જવા રજા આપી, તેથી દ્વિગુણ ઉત્સાહ પામેલો સમુદ્ર બીજું શુભ મુહૂર્ત લઈને પોતાના કુટુંબ સહિત યાત્રા કરવા નીકળ્યો. પ્રયાણ કરતાં કેટલાક દિવસે તે શ્રી શત્રુંજય તીર્થની નજીક ચાર યોજન દૂર શ્રી કાંચનપુર નગરમાં પહોંચ્યો, ત્યાં નગરની બહાર તળાવને કાંઠે વિશ્રામ કરી જમવા બેઠો. તે સમયે તે નગરનો રાજા અપુત્રીયો મરણ પામ્યો.

સુયોગ્ય નૂતન રાજાની પ્રાપ્તિ માટે મંત્રી-નગરશેઠ સેનાધિપતિ આદિ રાજરત્નોએ પંચદિવ્યો કર્યાં. તે પંચદિવ્યો મહોત્સવપૂર્વક વાજતે ગાજતે પ્રસ્થાન કરીને જમવા બેસેલ સમુદ્રશ્રેષ્ઠીના સમીપમાં આવીને ગજરાજે તેના ઉપર અભિષેક કર્યો. સમુદ્રશ્રેષ્ઠીને રાજ્યના નૂતન રાજારૂપે ઘોષિત કર્યા. સહજન પ્રધાન સમસ્ત પ્રજાજનોએ જયનાદપૂર્વક નૂતન રાજાને સાચા મોતીઓથી વધાવીને બદ્ધાંજલિ નતમસ્તકે નમસ્કાર કર્યાં. શ્રી સમુદ્રરાજા ગજરાજ ઉપર આરૂઢ

થયા. મસ્તક ઉપર ધારણ કરેલ શ્વેત છત્રથી શોભતા હતા. ચતુરંગી સેના સહિત નગર પ્રવેશ અર્થે પ્રસ્થાન કરવાથી માર્ગ આશ્ચર્યકારક જણાતો હતો. વિવિધ વાજિંત્રોના પંચ શબ્દમય સુમધુર ધ્વનિથી સમસ્ત બ્રહ્માંડ પુરાઈ ગયું હતું. સમસ્ત નગર તોરણો અને ઉન્નત ધ્વજા-પતાકાઓથી શણગારવામાં આવ્યું હતું. સ્થાને સ્થાને વિવિધ પ્રકારના આશ્ચર્યમુગ્ધ બનાવે તેવાં નાટકો થતાં હતાં. માર્ગમાં સર્વત્ર સુગંધી જળ છાંટીને તેના ઉપર પૂરેલા મોતીના સ્વસ્તિકો સ્પષ્ટ જણાતા હતા. આશ્ચર્યમુગ્ધ બનાવે તેવા વિવિધ વર્ણોવાળા ચિત્રાંકિત ઉલ્લોચ (ચન્દ્રવા) બાંધેલ પેઢીઓ હાટોની શ્રેણીથી સુશોભિત રાજમાર્ગથી શ્રી સમુદ્રપાળ રાજાએ શુભ શકુન-શુભ મુહૂર્તે નગર પ્રવેશ કર્યો. ત્રણ દિવસ રાજ્યના તંત્ર સંચાલનની સુવ્યવસ્થા કરીને મહાસમૃદ્ધિ-વિરાટસેના રાજરત્નો અને અન્તઃપુર આદિ પરિવાર સહિત શ્રી શત્રુંજય મહાતીર્થ ઉપર આરોહણ કર્યું. પરમ ઉત્તમ મહામૂલ્યવતી પૂજનની સામગ્રીથી શ્રી આદીશ્વરજી પરમાત્માની સિદ્ધાન્તોક્ત સ્નાત્રાદિ સત્તરભેદી પૂજા કરી. પૂજાનો આનંદ હૈયામાં માયો સમાતો ન હતો. અત્યુલ્લાસથી અગણ્ય અને અકલ્પ્ય દાન કર્યું. શ્રી નાગશ્રેષ્ઠિવર્યના નામથી પરમાત્માનો અષ્ટાહ્નિકા મહોત્સવ ઊજવીને પૂજા ભોગાદિક પુણ્યાનુબંધિપુણ્ય પરમ સુઅધિકારી બનાવે તેવા પરમ મહામાંગલિક તારક કાર્યોના આયોજનોમાં શ્રી નાગશ્રેષ્ઠિવર્યની પોતાને પ્રાપ્ત થયેલ સર્વસ્વ દ્રવ્યનિધિનો પરમ સુવિનિયોગ કર્યો.

અત્યુલ્લાસથી પરમાત્માની પૂજા સેવા કરવાપૂર્વક શ્રી અષ્ટાહ્નિકા મહોત્સવ ઊજવીને અનંત પરમતારક શ્રી જિનશાસનની તત્કાલીન અપૂર્વ પ્રભાવના કરી. ત્યાર પછી શ્રી સિદ્ધાચળજી મહાતીર્થથી જયણાપૂર્વક નીચે ઊતરીને શ્રી કાંચનપુર નગર પ્રતિ પ્રયાણ કર્યું. તેવામાં માર્ગમાં વણિકના રાજ્યને નહીં સહન કરનારા કેટલાક દુષ્ટ

રાજાઓએ તેમનો અવરોધ કર્યો. એટલે પરસ્પર યુદ્ધ થયું. તેમાં શ્રી સમુદ્રપાળ રાજાનું સૈન્ય ભગ્ન થયું. ''હવે શું કરવું'' એ પ્રમાણે વિચારતા હતા. તેટલામાં તો અતિ ગાઢ બંધનથી બંધાયેલા તે સર્વ શત્રુ રાજાઓ હાથ જોડીને ''અમારું રક્ષણ કરો, રક્ષણ કરો,'' એમ પોકાર પાડતા શ્રી સમુદ્રપાળ મહારાજા પાસે આવી તેમના પગમાં આળોટવા લાગ્યા. શ્રી સમુદ્રપાળ મહારાજાએ પોતાના સેવકો દ્વારા તેમને છોડાવીને આશ્ચર્યથી શત્રુ રાજાઓને જ પૂછ્યું કે–'' આ શું છે ?'' ત્યારે શત્રુ રાજાઓ બોલ્યા કે-''અમે બીજું કાંઈ વિશેષ જાણતા નથી, પરંતુ રણસંગ્રામમાં અમે કોઈ પણ સમયે કોઈથી બંધાતા નથી. પણ આજે અમે યુદ્ધ કરતાં અમારી જાતે જ બંધાઈ ગયા. તે અત્યારે ખરેખર આપના પ્રસાદથી અમે છૂટ્યા. માટે અમોને જીવન પર્યંત આપના સેવકો રૂપે સ્વીકારો. શ્રી સમુદ્રપાળ રાજાએ તે રાજાઓને સેવકરૂપે સ્વીકાર્યા. પછી સેવક રાજાઓના પરિવાર સહિત શ્રી સમુદ્રપાળ મહારાજએ નગરમાં પ્રવેશ કર્યો. પછી સભામાં સર્વ સભ્ય રાજાઓનો સત્કાર કરીને તેમને વિદાય આપી, તેટલામાં પોતાની સમીપે એક વ્યંતરદેવને જુવે છે. તેમને પૂછ્યું, ''તમે કોણ છો ?'' ત્યારે વ્યંતરદેવે જણાવ્યું–''હું પૂર્વભવમાં તામ્રલિપ્તી નગરીમાં નાગ નામનો કૌટુંબિક હતો. મારા પૂર્વજોએ કરાવેલા ચૈત્યની હું સાર સંભાળ કરતો હતો અને મારા કુટુંબનું પોષણ દેવદ્રવ્યથી થવા લાગ્યું તેથી મારું સમસ્ત કુટુંબ નાશ પામ્યું. પછી મેં કોઈ નિમિત્તીયા પાસેથી સાંભળ્યું કે- '' દેવદ્રવ્યનો ઉપભોગ કરવાથી કુટુંબનો ક્ષય થાય છે. '' તેથી ભય પામીને મેં જિનાલયનો ત્યાગ કરીને તે સમયે મારી પાસે ચોવીશ હજાર દીનાર દેવદ્રવ્યની શેષ રહી હતી તે મેં લેખ સહિત પૃથ્વીમાં દાટી. પછી યથાયોગ્ય કામ કરીને હું જીવન વ્યતીત કરવા લાગ્યો. અંતિમ સમયે રાત્રિએ મને અત્યંત વ્યાધિ થવા લાગ્યો. તે સમયે પાડોશમાં

એક વૃદ્ધ સ્ત્રી સુમધુર સુંદર સ્વરથી શ્રી શત્રુંજયનું માહાત્મ્ય ગાતી હતી. તે મેં એકાગ્ર ચિત્તથી સાંભળ્યું. શ્રી સિદ્ધાચળજીના ધ્યાનમાં જ હું મરણ પામ્યો. તેથી શત્રુંજયગિરિરાજ ઉપર હું વ્યંતર રૂપે ઉત્પન્ન થયો છું. ત્યાં તમે પૂજા કરતા હતા, તે સમયે તમ.રા મુખથી મારું નામ સાંભળીને પૂર્વભવનું સ્મરણ થતાં, હું પ્રસન્ન. થઈ વિચારવા લાગ્યો કે મારું નિધાન કરેલું દેવદ્રવ્ય દેવપૂજનમાં ખરચ્યું. તે સારું થયું. તેથી હું એ પુણ્યવંતનું સાંનિધ્ય કરું એમ વિચ.રીને હું તમારી સાથે આવતો હતો. ત્યાં રસ્તામાં તમારી સાથે યુદ્ધ કરનાર શત્રુઓને મેં બાંધ્યા. પરંતુ હું અલ્પ શક્તિવાન્ હોવાથી બીજે સ્થાને રહેવા સમર્થ નથી, માટે હવે હું જાઉં છું. પ્રતિવર્ષે તમારે મને બે યાત્રાનું પુણ્યફળ આપવું. શ્રી સમુદ્રપાળ રાજાએ તે વચન માન્ય રાખ્યું. તમારે આપવું.'' તે વચન સમુદ્ર રાજાએ અંગીકાર કર્યું કહ્યું છે કે :–

**यद् वस्तु दीयते चेत्तत् सहस्रगुणप्राप्यते ।**
**तद्दत्ते सुकृते पुण्यं पापे पापं च प्राप्यम् ॥ १ ॥**

ભાવાર્થ : જે વસ્તુ કોઈને અપાય છે તે હજાર ગણી પોતાને મળે છે. માટે સુકૃત આપવાથી હજાર ગણું પુણ્ય, અને પાપ આપવાથી હજાર ગણું પાપ મળે છે.

**किं चान्यद्दीयते यत्तद्धनिकस्यापचीयते ।**
**सुकृतं दीयमानं तु धनिकस्योपचीयते ॥ २ ॥**

ભાવાર્થ : વળી ધનિક પુરુષ બીજી કાંઈ વસ્તુ કોઈને આપે તો તેની હાનિ થાય છે, પણ જો ધનિક પુરુષ કોઈને સુકૃત આપે તો તેની વૃદ્ધિ થાય છે.

**श्राव्यते सुकृतं यावद्योऽन्तकालेऽपि तावतः ।**
**निजश्रद्धानुमानेन स तदैवाश्नुते फलम् ॥ ३ ॥**

ભાવાર્થ : જે (મરનાર) ને તેના અંતકાળે કોઈ (પુત્રાદિક) જેટલું સુકૃત કરવાનું સંભળાવે છે, તો તે (મરનાર) પોતાની શ્રદ્ધા પ્રમાણે તેટલા સુકૃતનું ફળ તે જ સમયે પામે છે.

**ततः श्रावयिता पश्चाद्विधत्ते मानितं यदि ।**

**तदा सोऽप्यनृणः पुण्यभाग्भवेदन्यथा न तु ॥ ४ ॥**

ભાવાર્થ ત્યાર પછી સુકૃત કરવાનું સંભળાવનાર (પુત્રાદિક) જ્યારે પોતાનું માનેલું સુકૃત કરે છે, ત્યારે તે પણ ઋણ રહિત તથા પુણ્યવાન્ થાય છે, નહીં તો દેવાદાર તથા પાપી રહે છે.

**अश्रावितोऽपि श्रद्धते सुकृतं यः क्वचिद्गतौ ।**

**जानन् ज्ञानादिभावेन सोऽपि तत्फलमाप्नुयात् ॥ ५ ॥**

ભાવાર્થ : કોઈને તેના પુત્રાદિકે સુકૃત કરવાનું સંભળાવ્યું ન હોય, અને પાછળથી તેના પુણ્ય માટે તે પુત્રાદિક સુકૃત કરે, તો પણ મરનાર જીવ કોઈ પણ ગતિમાં રહીને જ્ઞાનાદિકથી જાણીને તે સુકૃતની શ્રદ્ધા (અનુમોદના) કરે, તો તે પણ તેટલું ફળ પામે છે.

**अन्यथा सुकृतं तन्वन् स्वजनः स्वजनाख्यया ।**

**व्यवहार-प्रीतिभक्ती एवं ज्ञापयति ध्रुवम् ॥ ६ ॥**

ભાવાર્થ : ઉપર કહેવાયેલ કોઈ પણ કારણ ન હોય, અને કોઈ આપ્તજન (પુત્રાદિક) પોતાના (મરી ગયેલા) આપ્ત જનના નામથી સુકૃત કરે, તો તે સુકૃત માત્ર વ્યવહારથી તેના ઉપરની પ્રીતિ તથા ભક્તિ જ જણાવે છે.

પછી તે વ્યંતર ત્યાંથી અદૃશ્ય થયો, ત્યારે સમુદ્રપાળ રાજા પુણ્યનું ફળ સાક્ષાત્ જોઈને તીર્થ ઉપર અત્યંત આદરવાળા થયા, એક દિવસ પોતાના ભાઈ સિંહની બુદ્ધિને પણ પુણ્યના માર્ગમાં

પ્રવર્તાવવાની ભાવનાથી તેને બોલાવવા માટે પોતાના સેવકને તામ્રલિપ્તી નગરીમાં મોકલાવ્યો, તે માણસ તામ્રલિપ્ત. જઈને પાછો આવી રાજાને કહ્યું કે- ''ત્યાં સિંહ નથી, તેમ જ ત્યાંથી ક્યાં નાશી ગયો છે ? તેના કોઈ પણ સમાચાર મળતા નથી, ' પછી રાજા પોતાનું રાજ્ય ન્યાયપૂર્વક પાલન કરી પ્રતિવર્ષે પોતાના કુટુંબ સહિત અનેક યાત્રા કરવા લાગ્યા. એ રીતે ચિરકાળ પર્યન્ત સુખ ભોગવ્યું. તેમની વૈર લેવાની અદ્ભુત રીત સાંભળીને અન્ય અભિમાની રાજાઓ પણ ત્રાસ પામીને તેમને નમી જતા હતા. અંત સમયે પોતાના જ્યેષ્ઠ પુત્રને રાજ્ય અર્પણ કરીને પુણ્યાનુબંધિ પુણ્યોપાર્જન કરાવતા ધર્મકાર્યોમાં લક્ષ્મીનો પરમ સદ્વ્યય કરીને શ્રી સમુદ્રપાળ રાજાએ વૈરાગ્યથી ગુરુમહારાજની તારક નિશ્રાએ ચારિત્ર ગ્રહણ કર્યું. સમતાથી એકવીશ દિવસનું અનશન કરીને સર્વાર્થસિદ્ધ નામના વિમાનમાં અનુત્તર દેવ થયા. ત્યાંથી ચ્યવીને શુદ્ધ કુળમાં ઉત્પન્ન થયા. ત્યાં ચારિત્ર ગ્રહણ કરી અને સંયમની શુદ્ધ આચરણા કરતાં કેવળજ્ઞાન પામી મોક્ષસુખ પામ્યા.

તામ્રલિપ્તી નગરીમાં ''પોતાના સત્યવાદી ભાઈનો રાજાએ સત્કાર કરીને યાત્રા માટે અનુમતિ આપી તે વાત સાંભળીને સિંહને પોતાના અપરાધની શંકા થઈ, તેથી તે તરત જ સર્વ ધનાદિક લઈને પોતાના કુટુંબ સહિત વહાણમાં બેસીને સિંહલદ્વીપમાં ગયો. ત્યાં પણ રાજાની અવકૃપા થવાથી બીજી વસ્તુના અલાભે હાથીના દાંત લેવાની ઇચ્છાથી પોતે મહાઘોર અરણ્યમાં ગયો, ત્યાં શિકારીઓ, દ્વારા અનેક હાથીઓનો ઘાત કરાવ્યો. ''પાપાનુબંધિ દ્રવ્યથી પાપ કરવામાં જ બુદ્ધિ થાય છે. પછી હાથીદાંતના ચાર વહાણ ભરીને પોતાના કુટુંબને ત્યાંજ રાખીને પોતે એકલો સમુદ્રમાર્ગે સુરાષ્ટ્ર દેશ જવા નીકળ્યો. આખા સમુદ્રને કુશળતાથી તરીને સુરાષ્ટ્રા નદીના સંગમ પાસે આવતાં તે ચારે વહાણો ભાંગી ગયાં. કેમ કે

''અતિશય પાપ કરનારાઓનું કલ્યાણ થતું નથી.'' ત્યાંથી સિંહ મરીને પ્રથમ નરકમાં ગયો. ત્યાં અનેકવિધ અસહ્ય વેદનાઓ ભોગવતાં આયુષ્ય પૂર્ણ થતાં કાળધર્મ પામીને હિંસક ભિલ્લ જાતિમાં ઉત્પન્ન થયો. ત્યાંથી પાછો પ્રથમ નરકમાં જઈને દુષ્ટ ભૂજ પરિસર્પ થયો. ત્યાંથી બીજી નરકમાં જઈને દુષ્ટ પક્ષી થયો. ત્યાંથી ત્રીજી નરકમાં જઈને વનમાં દુષ્ટ સિંહ થયો. ત્યાંથી ચોથી નરકમાં જઈને દૃષ્ટિવિષ જાતિનો સર્પ થયો. ત્યાંથી પાંચમી નરકમાં જઈને ચાંડાળની સ્ત્રી થયો. ત્યાંથી છઠ્ઠી નરકમાં જઈને સમુદ્રમાં મત્સ્ય થયો. ત્યાંથી સાતમી નરકમાં જઈને તંદુલીયો મત્સ્ય થયો, ત્યાંથી ફરીને સાતમી નરકે ગયો. ત્યાંથી ફરીને સાતમી નરકે ગયો. ત્યાંથી ફરીને છેલ્લા ક્રમથી ચાંડાળની સ્ત્રી આદિ યોનિમાં પ્રથમની જ જેમ ઉત્પન્ન થઈ દુઃખ ભોગવ્યાં, તથા તે જ ક્રમે છઠ્ઠીથી પ્રથમ સુધીની નરકમાં ગયો. ત્યાંથી દુઃખના સાગરરૂપ ઘોર સંસારમાં પડયો ''આ સર્વ દેવદ્રવ્યના વિનાશનું જ ફળ છે'' અન્યાયથી થોડું પણ દેવદ્રવ્યનું ભક્ષણ કરવાથી શૈવ નામનો શ્રેષ્ઠી સાત વાર કૂતરો થયો હતો. કેમકે- ''દેવદ્રવ્ય ભક્ષણનું અનિષ્ટ ફળ નષ્ટ થતું નથી.'' તે સાંભળીને નાભાક રાજાએ પ્રશ્ન કર્યો કે- ''હે સ્વામી ! તે શ્રેષ્ઠી કોણ હતો ? અને તે શાથી સાત વાર કૂતરાની યોનિમાં ગયો ?'' ત્યારે ગુરુમહારાજ બોલ્યા કે- ''ઉત્સર્પિણી તથા અવસર્પિણીમાં ભરત અને ઐરવત નામના બન્ને ક્ષેત્રમાં જાુદા જાુદા ત્રેસઠ શલાકા પુરુષો ઉત્પન્ન થાય છે. તેમાં ચોવીશ તીર્થંકરો, બાર ચક્રી, નવ વિષ્ણુ, નવ પ્રતિવિષ્ણુ, અને નવ બળરામ. તેમાં પૂર્વે શ્રી રામ ન્યાયપૂર્વક રાજ્યનું પાલન કરતા હતા તે સમયે દીનજનો ઉપરની કરુણાથી ન્યાયઘંટા બંધાવી હતી. એક દિવસે કોઈક કૂતરો રાજમાર્ગ ઉપર ચાલતો હતો, તેને કોઈ બ્રાહ્મણના પુત્રે કાન ઉપર પથ્થર માર્યો. તેથી તેને લોહી નીકળ્યું. તેના ન્યાય માટે કૂતરો

ન્યાયસભામાં જઈને બેઠો તેને રાજાએ બોલાવીને પૂછ્યું, ત્યારે કૂતરાએ કહ્યું કે-''મને અપરાધ વિના કેમ માર્યો ?'' ત્યારે શ્રી રામચંદ્રજી મહારાજાએ પત્થર મારનાર બ્રાહ્મણપુત્રને બોલાવ્યો. મહારાજાએ કૂતરાને પૂછ્યું કે, બ્રાહ્મણપુત્રને શી શિક્ષા કરવી છે ? ત્યારે કૂતરાએ જણાવ્યું કે, આ બ્રાહ્મણપુત્રને મહાદેવના મઠનું આધિપત્ય આપો. મહારાજાએ કૂતરાને પૂછ્યું કે, એમાં બ્રાહ્મણપુત્રને શિક્ષા શું થઈ ? ત્યારે કૂતરાએ જણાવ્યું કે, રાજન્ ! આજથી સાતમા ભવે હું મહાદેવનો પૂજારી હતો. તે સમયે દેવદ્રવ્યના ભયથી સારી રીતે હાથ ધોઈને ભોજન કરતો હતો. એક દિવસે શિવલિંગ પૂર્ણ થાય તેટલું ઠરેલું ઘી લોકોએ આણ્યું હતું, તે ઘીના વેચતા જામેલ (ઘન) હોવાથી નખમાં કિંચિત ભરાઈ ગયું. તેનું મને ધ્યાન ન રહ્યું. પછી જમતી વેળાએ ઉષ્ણ ભોજનના સંગથી તે ઘી ભોજન મિશ્રિત થઈને ખવાઈ ગયું. તે દુષ્ટ કર્મથી હું સાત વાર કૂતરો થયો. હે રાજન્ ! આજ સાતમે ભવે મને જાતિસ્મરણ જ્ઞાન થયું. અને આપના પ્રભાવથી મનુષ્ય વાણી પ્રગટ થઈ.'' તે સાંભળી નાભાક રાજા પૂ. ગુરુમહારાજને નમસ્કાર કરીને બોલ્યા કે- ''આ ઈતિહાસ સાંભળીને મારું હૃદય ઘણું કંપે છે.'' પૂ. ગુરુમહારાજે કહ્યું કે-''જો એમ છે, તો તે કથા આગળ સાંભળો કે જેથી દેવદ્રવ્યના વિનાશનું ફળ સારી રીતે જણાય. હવે તે નાગનો જીવ કે જે વ્યંતર થયો હતો, તે શત્રુંજય પર્વત ઉપર સાઠ હજાર વર્ષ સુધી રહીને પછી ભોગની ઈચ્છાથી ચ્યવીને કાંતિપુરીમાં રુદ્રદત્ત નામના કુટુંબીનો સોમ નામે પુત્ર થયો. તે પાંચ વર્ષનો થતાં તેની મા સર્પદંશથી મૃત્યુ પામી. તેની પાડોશમાં એક નાસ્તિક દેવ પૂજક રહેતો હતો, તેના પુત્રોની સાથે સોમ પણ દેવાલયમાં જતો. દેવદ્રવ્ય ખાતો. અને પૂજા કરતા બાકી રહેલા ચંદન વડે શરીરે લેપ કરતો તથા કંઠ સુધી વસ્ત્ર ઢાંકીને ચારે તરફ અટન કરતો હતો. એક દિવસ તે યુવાવસ્થા પામેલો સોમ

દેવદ્રવ્ય ચોરીને નાસી જતો હતો, તેવામાં ચોરોએ તેને પકડીને પારસી દેશમાં વેચ્યો, ત્યાં તેના લોહીથી વસ્ત્ર રંગવા લાગ્યા, તેથી ત્યાંથી પણ તે નાશી ગયો. અને સમુદ્ર ઊતરીને માર્ગ ઉપર ચાલતો હતો. તેવામાં કોઈ એક ગામની સમીપમાં માસ ઉપવાસી એક મુનિવર આવતા હતા, તેમને લાકડીથી ત્રણવાર મારીને પૃથ્વી ઉપર પાડી નાખ્યા. મુનિવર કાળધર્મ પામ્યા. તે જોઈને સોમ ભયથી નાસવા ગયો. તેટલામાં રાજપુરુષોએ તેને પકડ્યો. પરંતુ શ્રાવકોએ દયાથી તેને છોડાવ્યો. ત્યાંથી સોમ નાસીને અરણ્યોમાં જતો હતો. ત્યાં રસ્તામાં એક દાવાનળથી બળીને મરીને સાતમી નરકે ગયો, ''ઋષિ હત્યાનું પાપ તત્કાળ ફળે છે.'' ત્યાં તેત્રીશ સાગરોપમ જેટલાં આયુષ્યે મહાકષ્ટ ભોગવીને ઘોર સંસારમાં પડયો. અનેક જન્મમાં અટન કરીને અંબર નામના ગામમાં કૌશિક નામે ખેડૂત થયો. પટેલને ઘરે કામ કરવા રહ્યો. એકદા ખેડૂતોને માટે ખાવાનું લઈને તેમને આપવા જાય છે. તેટલામાં રસ્તામાં સન્મુખ આવતા માસોપવાસી મુનિને જોઈને તેને આહાર વહોરવાની વિનંતી કરી. તેણે પૂર્વે સમુદ્રપાળ રાજા પાસેથી દરેક વર્ષે બબ્બે યાત્રાનું ફળ માગી લીધું હતું. તે પુણ્યથી તેની આવી ભાવના થઈ. પછી મુનિએ કહ્યું કે–''આ ભોજન લેવાથી વાપરનારને અન્તરાયકર્મ બંધાય. માટે તે મારે ખપે નહીં.'' તે સાંભળીને કૌશિક બોલ્યો- ''આજે હું ઉપવાસ કરીને પણ મારું ભોજન આપીશ. માટે આપ કૃપા કરીને ગ્રહણ કરો.'' તેના આગ્રહથી મુનિવરે આહાર વ્હોર્યો. પછી કૌશિકે મુનિ પાસે ઉપવાસનું પ્રત્યાખ્યાન તથા પ્રાણી હિંસાનો ત્યાગ કરીને જાણે રાજ્ય પ્રાપ્ત કર્યું હોય, તેવો આનંદ પામ્યો. આ પ્રમાણે સત્કર્મ ઉપાર્જન કરીને તે ભદ્ર આશયવાળો કૌશિક મરીને ચિત્રકૂટગિરિ ઉપર ચિત્રપુરીમાં ચંદ્રાદિત્ય નામનો રાજા થયો. તે શુદ્ધ દયારૂપ પુણ્યના પ્રભાવથી નીરોગી અને કામદેવના સમાન સ્વરૂપવાળો

થયો. એકદા કંઠ સુધી તેનું આખું શરીર કોઢથી વ્યાપ્ત થયું. તેથી કંઠ સુધી વસ્ત્ર ઢાંકીનેજ સદા રહેતો હતો. કોઈ એક સમયે તે અતિપાપિષ્ઠ છતાં વધારે પાપ મેળવવા માટે શિકારની સામગ્રી લઈને ઘણા પશુઓવાળા વનમાં ગયો. ત્યાં મૃગલાં મારવાની આસક્તિથી ઘોડાને ખેલાવતો તેની પાછળ દોડતો હતો, તેવામાં એક કાર્યોત્સર્ગે રહેલા મુનિને જોઈને તેણે બાણ ચઢાવ્યું, તેવામાં તે રાજાને કોઈએ સ્થંભિત કર્યો. પછી મુનિવરે કાયોત્સર્ગ પારીને મોટા શબ્દથી બોલ્યા કે- "અરે ! હજી પૂર્વના પાપ કર્મથી છૂટ્યો નથી, અને નવાં કેમ બાંધે છે ?" તે સાંભળીને રાજાને મુનિને નમવાની ઈચ્છા થઈ. તુરતજ તેના શરીરનું બંધન છૂટી ગયું. પછી તેણે મુનિને નમસ્કાર કરીને પૂર્વનું અને નવું વૃત્તાંત પૂછ્યું. મુનિએ કહ્યું કે– "એકદા અયોધ્યાનગરીમાં કેવળજ્ઞાની પધાર્યા હતા. તેઓશ્રીના મુખથી પર્ષદામાં દેવદ્રવ્યના નાશના અધિકાર ઉપર તારા પૂર્વભવનું વૃત્તાંત તથા ભવિષ્યમાં થવાનો બોધ જાણીને હું આ અરણ્યમાં આવી કાયોત્સર્ગે રહ્યો છું." રાજાએ પૂછ્યું કે–"મારા પૂર્વભવનું શું વૃત્તાંત છે ?" ત્યારે મુનિએ નાગગોષ્ઠિકના ભવથી આરંભીને સર્વ વૃત્તાંત જણાવતાં કહ્યું કે–"શુદ્ધ દાન કરવાથી રાજ્ય પ્રાપ્ત થયું. અહિંસા રૂપ દયા પાળવાથી ઉત્તમ રૂપ મળ્યું, અને દેવદ્રવ્યનું વિલેપન કરવાથી કોઢ પ્રાપ્ત થયો છે." તે સાંભળીને ભયભીત થયેલ રાજાએ મુનિના ચરણોમાં નમીને કહ્યું કે–' હે મુનિરાજ ! આ મહાપાપથી મને મુકાવો, મુકાવો," ત્યારે મુનિએ તેને પરમેષ્ઠી મહામંત્રનો ઉપદેશ કર્યો, તથા તેનો અર્થ, પ્રભાવ અને સ્મરણ કરવાનો સર્વ વિધિ જણાવ્યો. તેમ જ શાસ્ત્રને જાણનારા તે મુનિએ "દેવ ચૈત્ય કરાવવાથી જીવ દેવદ્રવ્યના પાપમાંથી મુક્ત થાય છે." એ પ્રમાણે પ્રાયશ્ચિત આપ્યું. મુનિનો ઉપદેશ અંગીકાર કરીને મુનિને આગ્રહથી પોતાના નગરમાં રાખ્યા. પછી ઉપદેશ પ્રમાણે સર્વ

ઇન્દ્રિયોને કબજે રાખીને મહામંત્રનું સ્મરણ કરવા લાગ્યો. છ માસે તેનો દેહ સુવર્ણ સમાન મનોહર કાંતિવાળો થયો, અને હાથી, ઘોડા, અને કોશાદિકની વૃદ્ધિથી રાજ્ય વિસ્તાર પામ્યું. પછી તે રાજાએ ચિત્રકૂટ પર્વતના શિખર ઉપર મેરુ પર્વતના જેવા ઊંચા શિખરવાળું વીતરાગ પરમાત્માનું ચૈત્ય કરાવવાનો આરંભ કર્યો. અકદા તે રાજા મુનિ પાસે બેઠો હતો. તે સમયે કોઈ કુંભાર ગધેડાને દેખાડીને બોલ્યો કે–''હે રાજા ! આ જળ વહન કરનારો ગધેડો પોતાની જાતે જ પર્વત ઉપર ચઢે છે. તેનું શું કારણ ?'' તે સાંભળી રાજાએ પણ મુનિને તેનું કારણ પૂછ્યું. તેટલામાં તે જ કેવળજ્ઞાની ત્યાં પધાર્યા. તેમને વંદન માટે મુનિ તથા રાજા તે કુંભારને સાથે લઈને ગયા. પછી કેવળીએ નમસ્કાર કરીને રાજાએ ગધેડાનું વૃત્તાંત પૂછ્યું. ત્યારે કેવળી જ્ઞાનીએ સમુદ્ર તથા સિંહનું સર્વ વૃત્તાંત કહ્યા પછી જણાવ્યું કે–''સિંહનો જીવ સંસારમાં ઘોરાતિઘોર વેદના ભોગવીને કાંઈક લઘુ કર્મી થવાથી આ નગરમાં છ વાર ગધેડો થયો, સાતમા ભવે ત્રીંદ્રિય થઈને ફરીથી અવશિષ્ટ કર્મ હોવાથી છ વાર આ જ પુરમાં ગધેડો થયો. તેણે બાર હજાર દેવદ્રવ્યનો નાશ કર્યો હતો, તે કર્મના અવશેષથી બાર વાર ગધેડો થયો. દરેક જન્મે આ પર્વત ઉપર કારીગરો માટે હંમેશાં ચઢતો હતો તે અભ્યાસથી હવે પોતાની જાતે ચઢે છે.'' તે સાંભળીને રાજાએ દયાથી તે ગધેડાને સારી રીતે સાચવવા માટે કુંભારને ભલામણ કરી, તેથી કુંભાર પણ પ્રયત્નપૂર્વક તેનું પાલન કરવા લાગ્યો. પછી કેટલેક દિવસે તે ભદ્ર પરિણામી ગધેડો મરીને મૂલસ્થળ નામના ગામમાં ભાનુ નામનો મુખી પટેલ થયો. એક દિવસ તેને રાજાએ કાઢી મૂક્યો. તેથી આજીવિકાના નાશને નહીં સહન કરતો તે ગંગા નદીને કાંઠે ક્રૂર કર્મથી દ્રવ્ય ઉપાર્જન કરીને નિર્વાહ કરવા લાગ્યો. કોઈક સમયે શ્રી શત્રુંજયની યાત્રા કરીને પાછો વળેલો એક બ્રાહ્મણ પોતાની સ્ત્રી તથા પુત્ર

સહિત તે જ ગામમાં રાત્રીને સમયે આવ્યો. ત્યાં તેના કોઈક ભક્તે તેને એક ગાય આપી, તે લઈને બ્રાહ્મણ રાત્રીના છેલ્લા પહોરે પોતાના ગામ તરફ ચાલ્યો. રસ્તામાં તે દુષ્ટ ભાનુએ ગાય, સ્ત્રી અને પુત્ર સહિત તે બ્રાહ્મણને મારી નાંખ્યો. પછી તે પાપી ત્યાંથી નાશીને જ્યારે ગંગા નદીને કાંઠે ગયો, ત્યારે સાયંકાળે શીતથી પીડાયેલા તેણે કાર્યોત્સર્ગે રહેલા એક મુનિને જોયા. તે જોઈને "અહો ! આ મુનિ અહીં કેટલીવાર સુધી કષ્ટ સહન કરશે ?" એમ વિચારી વિસ્મય પામીને તે પણ રાત્રીના ચાર પહોર સુધી ત્યાંજ ઊભો રહ્યો. પ્રાતઃકાળ થતાં મુનિએ કાયોત્સર્ગ પાર્યો ત્યારે ભાનુએ નમસ્કાર કરીને મુનિને પૂછ્યું કે–"શું ? તમારે મોટું રાજ્ય મેળવવું છે ? કે જેથી આવું તપ કરો છો ?" મુનિએ જવાબ આપ્યો કે– "નરકના હેતુરૂપ રાજ્યનું મારે કાંઈ પણ પ્રયોજન નથી. પરંતુ સર્વ સાધુઓ મોક્ષને માટેજ તપ આચરે છે." તે સાંભળીને ભાનુએ "મોક્ષ તે શું ?" એવો પ્રશ્ન કર્યો, ત્યારે મુનિએ યોગ્ય યુક્તિથી સંસારનું તથા મોક્ષનું સ્પષ્ટ સ્વરૂપ સમજાવ્યું, કે–જન્મ, જરા, મૃત્યુ, આદિ હજારો કલેશના સ્થાન રૂપ આ ચાર ગતિમાં ભ્રમણ કરાવનાર આ સંસાર કોને વૈરાગ્ય ઉત્પન્ન ન કરે ? જેમાં શાશ્વત અને અનંત સુખ લક્ષ્મી નિવાસ કરે છે. એવા સ્વર્ગ સુખનો પણ અનાદર કરીને ઈંદ્રો ઉત્તમ મોક્ષની જ યાચના કરે છે પરંતુ તે મોક્ષ સુકૃત કાર્યો કરવાથી જ પમાય છે, તેમાં પણ જિનેશ્વરોએ સર્વ પ્રાણીઓ ઉપરની દયાને જ મુખ્ય ગણેલી છે." એમ કહીને તે મુનિએ પ્રાણી દયાના અધિકારમાં જીવહિંસા તથા તે હિંસાનું ફળ એવી રીતે કહી બતાવ્યું, કે તે સાંભળીને ભાનુ પોતાના પાપ કર્મથી કંપવા લાગ્યો. પછી જીવન પર્યંત જીવ હિંસા ત્યાગના ઉત્તમ નિયમ ગ્રહણ કરીને સાધુને પોતાને ઘેર લઈ જઈને શુદ્ધ અન્નથી પ્રતિલાભ્યા. આ પ્રમાણે તેણે ઉત્તમ ભોગનું ફળ આપનાર કર્મ

ઉપાર્જન કર્યું. નિરંતર સર્વ પ્રાણી પર દયાળુ હોવાથી લોકમાં પૂજાવા લાગ્યો, અને તેથી પ્રાપ્ત થતા દ્રવ્યથી આજીવિકા કરવા લાગ્યો. હે નાભાક રાજા ! અંતસમયે તે મરીને દાનપુણ્યના પ્રભાવથી તમે રાજા થયા, અને શુદ્ધ જીવ દયાના પુણ્યથી કામદેવના રૂપને જિતનાર સ્વરૂપવાળા થયા. તે ચંદ્રાદિત્ય પણ જિન ચૈત્યને સંપૂર્ણ બનાવવારૂપ પ્રાયશ્ચિતથી શુદ્ધ થઈને સૌધર્મ દેવલોકમાં દેવતા થયો. તે તે જ પૂર્વભવમાં તારા મૂર્તિમાન, પુણ્યની જેમ જિનમંદિર નિર્માણ કરાવીને તે નગરની ફરતો ગઢ કરાવ્યો. પૂર્વભવમાં તમે તે બ્રાહ્મણ' સ્ત્રી, ગાય, બાળ અને તીર્થ એ પાંચની હત્યા કરી હતી, તે જ હત્યાઓ સર્વ પુણ્યમાં વિઘ્નો થવામાં કારણરૂપ છે, તેમાં પણ યાત્રાના વિઘ્નમાં તીર્થ હત્યા જ કારણ છે, માટે તે હત્યાના નિવારણ માટે આ પ્રાયશ્ચિત કરવું અ-નિવાર્ય છે. શ્રી આદીશ્વરજી ભગવંતના સમયમાં વાર્ષિક તપ હતું, હાલના સમયમાં આઠ માસી તપ છે, ભવિષ્યમાં મહાવીર સ્વામીજીના સમયમાં છ માસી તપ થશે. પ્રાયશ્ચિત્તમાં આ તપ સર્વોત્કૃષ્ટ છે, પરંતુ વિશેષે કરીને તો તીર્થ-હત્યા કરનારને નવીન તીર્થ કરાવવું જોઈએ. જે પુરુષો અભિગ્રહ ધારણ કરીને શત્રુંજયાદિ તીર્થમાં ઉપર કહેલું પ્રાયશ્ચિત કરે છે, તેઓ સમગ્ર પાપથી મુક્ત થાય છે.'' આ પ્રમાણે સાંભળીને નાભાક રાજાએ દુર્ગમાં પ્રવેશ કરવાનો નિયમ કર્યો. અને પોતાના સર્વ લોકને બોલાવીને ત્યાં જ નગર વસાવ્યું. ત્યાં ગુરુ મહારાજને વિનતિપૂર્વક રાખીને આ પ્રમાણે તેણે અભિગ્રહ લીધા કે—''જ્યાં સુધી હું યાત્રા કરીને પાછો આવું, ત્યાં સુધી ભૂમિ પર શયન કરવાનો નિયમ લઉં છું, અને મૈથુન તથા દૂધ દહીંનો ત્યાગ કરું છું. આ બે નિયમાં અનુક્રમે સ્ત્રી હત્યા તથા ગોહત્યાની મુક્તિ માટે ગ્રહણ કરું છું.'' આ પ્રમાણે નિયમ કરીને ગુરુની વાણીથી નવીન જિનપ્રાસાદ કરાવવા માટે શિલ્પીને આદેશ પોતે એકાંતર ઉપવાસથી

અષ્ટમાસી તપ ગ્રહણ કર્યું. આઠ માસે પ્રાસાદ પૂર્ણ થયો. એટલે તેમાં સુવર્ણમય શ્રી આદીશ્વરજી પરમાત્માની પ્રતિમા ભરાવીને મોટા ઉત્સવપૂર્વક સ્થાપન કરી. પછી તે ચૈત્યમાં વિધિવત્ શ્રી જિનેશ્વર પરમાત્માની ત્રિકાળ પૂજા કરીને અષ્ટમાસીનું શેષ તપ પૂર્ણ કર્યું. આ પ્રમાણે તીર્થ હત્યાથી મુક્ત થઈને શુભ દિવસે ભરતચક્રીની જેમ શ્રી શત્રુંજયની મહાતીર્થની યાત્રાર્થે પ.પૂ. ગુરુમહારાજ સાથે પ્રયાણ કર્યું. પ્રથમના ચાર પ્રયાણમાં નાભાક રાજાના પગ આડી ચાર બિલાડીઓ ઊતરી, તેનું કારણ પૂછવાથી પ. ગુરુમહારાજે કહ્યું કે–''પુણ્યમાં વિઘ્નરૂપ બાળ હત્યા આદિ ચાર હત્યાઓ પોતાનો ભાવ બતાવે છે, પરંતુ એકાગ્ર ચિત્તવાળાને અવશ્ય કાર્ય સિદ્ધિ થાય છે.'' આ પ્રમાણે ગુરુ મહારાજનું વાકય યથાર્થ માનીને રાજા શ્રી આદીશ્વરજીના સ્મરણમાં એકાગ્ર ચિત્ત રાખીને નિરંતર પ્રયાણથી શત્રુંજય પાસે આવી પહોંચ્યા. શ્રી સિદ્ધગિરિનું દર્શન થતાં ત્યાં જ સૈન્યનો પડાવ નાંખીને પછી સ્નાનાદિકથી પવિત્ર થઈ કેટલાંક પગલાં તીર્થ સન્મુખ ચાલ્યા. પછી પરમાત્મા સન્મુખ સિંહાસન રાખીને તેના પર અર્હદ્ બિંબને સ્થાપન કરીને સર્વ સંઘ સહિત સ્નાત્રાદિક સર્વ પૂજાના પ્રકારથી પૂજા કરી. પછી રત્નના થાળમાં સોના-રૂપાના ચોખાથી અષ્ટ મંગળ આળેખીને એકસો આઠ શ્લોકોથી પ્રસન્નચિત્તે સ્તુતિ કરી, પછી સિદ્ધગિરિને શક્રસ્તવથી વંદન કરીને તથા પૂ. ગુરુ મ.ને પણ વંદન કરીને સુવર્ણ, મણિ, રત્ન તથા મુક્તાફળ વડે તેમને વધાવ્યા. યાચકોને યથેષ્ટ અન્નાદિક દાન આપીને સર્વ લોકને સંતુષ્ટ કર્યાં, અને સાધર્મિકને વિશેષે કરીને સંતુષ્ટ કર્યાં. ત્યાર પછી ગુરુ મહારાજને આગળ કરીને બાકીનો માર્ગ અતિક્રમણ કર્યો. પછી ગિરિ પર ચઢતાં તે રાજા જાણે મુક્તિને માટે પ્રસ્થાન સાધતા હોય, તેમ શોભવા લાગ્યા. અને પ્રાસાદનું દર્શન થતાં જ પ્રથમ અપૂર્વ ઉત્સવથી યાચકોને દાન આપી કલ્પવૃક્ષ

જેવો દેખાવા લાગ્યો. ઉપર જઈને સ્નાન પૂજા, ધ્વજારોપણ, અને અવારિત ભોજન આદિ તથા અઠાઈ મહોત્સવ આદિ સંઘપતિનું સર્વ ધર્મ કૃત્ય કર્યું. પછી તીર્થ સેવા કરવાની ઇચ્છાથી રાજાએ ગુરુ પ્રત્યે તેનો વિધિ પૂછી તથા ધર્મધ્યાનમાં જ તલ્લીન થઈને ત્રિકાળ જિન પૂજા કરી. પછી રાત્રિ દિવસ દેહને શુદ્ધ રાખીને મહામંત્રનું સ્મરણ કરતાં તેણે સાધુઓને તથા સાધર્મિકોને પારણા સમયે યોગ્ય ફક્ત પાનાદિકથી સત્કાર કરીને એક માસમાં નિર્જળ (ચઉવિહાર) દશ છઠ્ઠ કર્યા ત્રીશમે દેવસે [1]બ્રાહ્મ મુહૂર્ત સમયે તેણે કાબર ચિત્ર વર્ણવાળી નોળિયા જેવડી ચાર બિલાડીઓ જોઈ. તે વખતે તેણે વિચાર્યું કે–"આ બ્રાહ્મણાદિ હત્યાઓ તપના બળથી ક્ષીણ થાય છે." એમ અનુમાન કરીને પૂર્વની રીતે એક મહિનામાં આઠ અઠમ કર્યા. તે તપને અંતે ધુસર વર્ણવાળી કોળ મોટા (મોટા ઉંદર) જેવડી તે બિલાડીઓને જોઈને તેને પૂર્વવત્ ક્ષીણ થતી માનીને ત્રીજે મહિને પણ પૂર્વની રીતે છ દશમ ઉપવાસ કર્યા. તે તપને અંતે શ્વેત વર્ણવાળી ઉંદર જેવડી તે બિલાડીઓને જોઈને વિશેષ હર્ષ પામ્યો. અને ચોથા મહિનામાં પાંચ (દ્વાદશ) ઉપવાસ કર્યા. ઓગણત્રીશમે દિવસે રાત્રિ સમયે રાજા થોડી નિદ્રામાં હતો. અને પંચ પરમેષ્ઠી નમસ્કારનું સ્મરણ કરતો હતો, તે સમયે તેણે એવું સ્વપ્ન જોયું કે–"કોઈપણ સ્ફટિકના પર્વત ઉપર હું પ્રથમ પગથિયે રહ્યો છું. પરંતુ કોઈ એક અતિ કૃશ થયેલા વૃદ્ધ પુરુષે મને પાડી નાખ્યો. ત્યાંથી ઉઠીને બીજે પગથિયે અને ત્યાંથી ત્રીજે પગથિયે ગયો. ત્યાંથી પર્વતના શિખરપર ચઢીને મુક્તાફળના ઢગલામાં ચઢ્યો." આ પ્રકારે સ્વપ્ન જોઈને તેનું ફળ તેણે પૂ. ગુરુ મ.ને પૂછ્યું. ત્યારે ગુરુએ કહ્યું કે–"સ્ફટિકનો પર્વત જૈન ધર્મ જાણવો. તેનું પહેલું પગથિયું મનુષ્ય ભવ છે. તે જૈન ધર્મ રૂપ પર્વતથી પૂર્વના જીર્ણ તથા

૧. ચાર ઘડી રાત્રિ બાકી રહે તે બ્રાહ્મ મુહૂર્ત કહેવાય છે.

સ્વલ્પ રહેલા અંતરાયકર્મે તમને પાડી નાંખ્યાં, તો પણ પરાક્રમથી પાછા હઠ્યા વિના તું બીજે પગથિયે એટલે સ્વર્ગે જઈશ. ત્યાંથી મનુષ્ય ભવમાં ત્રીજા પગથિયારૂપ કેવળજ્ઞાન પામીને સર્વ કર્મથી મુક્ત થતાં રાશિ (મોક્ષ)માં જઇશ. પરંતુ હું છદ્મસ્થ હોવાથી તે પૂર્વનું કર્મ જાણી શકતો નથી. માટે તે મહાવિદેહ ક્ષેત્રમાં જઈને શ્રીમાન્ સીમંધરસ્વામીને તમે પૂછો.'' તે સાંભળીને રાજાએ પૂછ્યું કે–''હે ભગવન્ ! તેમ શી રીતે બને ?'' ત્યારે પૂ. ગુરુમહારાજે કહ્યું કે–''તમારા પુણ્યના પ્રભાવે થોડા કાળમાં જ એવું થશે.'' આ વાકય પૂ. ગુરુએ રાજાના વિશેષ લાભ માટે જ કહ્યું હતું. નહીં તો પૂ. ગુરુ મ. પોતે જ પૂર્વે જાણકાર હતા, માટે કેવળીને પ્રશ્ન કરીને જ સર્વ જાણે તેમ હતું. હવે નાભાક રાજાએ તે પારણાને દિવસે પણ અંતરાયકર્મના નાશ માટે ઉપવાસ કર્યો, રાત્રિએ કાંઈક નિદ્રાવશ થયા. પ્રભાત સમય થતાં જ જાગૃત થયા, તેવામાં તેમણે પોતાને એક મોટા અરણ્યમાં પડેલો જોઈ વિચાર્યું કે–''અરે રે ! તે જ અંતરાય કર્મ આવ્યું કે શું ? અથવા ખેદ કરવાથી સર્યું. શ્રી શત્રુંજય મહાતીર્થના અધિનાયક શ્રી આદીશ્વરજીને નમસ્કાર કર્યા પછી જ મારે ફક્ત પાન ગ્રહણ કરવું. એ પ્રમાણે અભિગ્રહ ધારણ કરીને ચાલ્યા. જોડા નહીં હોવાથી તેમના પગ લોહીની ધારાથી વ્યાપ્ત થયા. તપર્સ્યા કરવાથી કૃશ થયેલો હતો. તૃષાથી આક્રાંત થયા હતા. થાક પણ લાગ્યો હતો. ક્ષુધાની પીડા અત્યંત થઈ હતી, અને મધ્યાહ્ન તાપથી તપેલી રેતીથી માર્ગમાં બળબળતો હતો; તો પણ મનમાં કાંઈ પણ ગ્લાનિ પામ્યા વિના વીતરાગના જ ધ્યાનમાં ચાલતા હતા. દિવસનો પાછલો પહોર થતાં કોઈક સ્ત્રીએ તેની પાસે ફળાદિક ભોજન મૂક્યું, પરંતુ સત્ત્વથી તે તેમણે ન વાપર્યું, તેમજ જળ પણ ન પીધું. પછી તે સ્ત્રીના આગ્રહથી તેની સાથે શાલિના ક્ષેત્રથી શોભતા એક નગરમાં મોટા ઉત્સવોથી ભરપૂર અને આકાશ

સુધી પહોંચેલા એક મહેલમાં સ્વસ્થ મને પ્રવેશ કર્યો. ત્યાં તે રાજાએ આશ્ચર્યકારક સ્વરૂપવાળી અને દેદીપ્યમાન અલંકારથી મનોહર એવી હજારો સ્ત્રીઓને વિલાસ કરતી જોઈ. પછી તે સ્ત્રીઓમાંથી એક હંસના જેવી ગતિવાળી કે જે સર્વ સ્ત્રીઓની સ્વામી હતી. તે ઊઠીને રાજા પાસે આવી. અને હાથ જોડીને પ્રીતિ પૂર્વક બોલી કે– ''હે ગુણના સમુદ્ર ! અમારા સદ્‌ભાગ્યથી તમો અત્ર પધાર્યા છો. ''આ સ્ત્રીયા રાજ્ય છે.'' એમ તમે જાણો. તેથી અહીં જે કોઈ આવે, તે જ અમારા પતિ છે.'' આ પ્રમાણે તેનું વચન સાંભળીને રાજાએ વિચાર કર્યો કે–''એક સંકટમાં બીજું સંકટ આવી પડ્યું, માટે આ સ્થળે મૌન રાખવું એ જ કલ્યાણકારી છે. કહ્યું છે કે–''**मौनं मर्वार्थ साधनम्**'' એમ વિચારીને રાજા મૌન રહ્યા, એટલે તે મુખ્ય સ્ત્રીના આદેશથી બીજી સ્ત્રીઓ સ્નાન ભોજનની સર્વ સામગ્રી તૈયાર કરીને આવી. અને ''હે પ્રાણનાથ ! અમારા પર તત્કાળ પ્રસન્ન થઈને યથારુચિ સ્નાન ભોજન કરો. અને જીવન પર્યંત નિર્ભયપણે અમારી સાથે ભોગ વિલાસ ભોગવો.'' એમ બોલતી તે સ્ત્રીઓ ઠંડું જળ, સિતા નામની ઔષધિનું જળ, દ્રાક્ષનું જળ, અને ઘૃત તથા શર્કરા યુક્ત ક્ષીરાન્ન આદિ તેની પાસે દેખાડીને સુંદર વાકયોથી પ્રથમ અનુકૂળ ઉપસર્ગો કર્યા. પછી પ્રતિકૂળ ઉપસર્ગો પણ કરવા માંડી. તો પણ રાજાનું ચિત્ત ક્ષોભ પામ્યું નહીં. અને ધર્મધ્યાનમાં જ રહ્યા છે, તેટલામાં તેમણે પોતાને શત્રુંજય ગિરિના શિખર ઉપર આરૂઢ થયેલ જોયો.'' અહો ? આ શું ?'' એમ વિચારી રાજા આશ્ચર્ય પામ્યો. તેવામાં તેના ઉપર આકાશમાંથી સુગંધથી ખેંચાઈ આવેલા ભ્રમરના સમૂહથી વ્યાપ્ત કુસુમની વૃષ્ટિ પડી. અને તેની સન્મુખ દીપ્ત કાંતિવાળો અને સુવર્ણના કુંડળવાળો કોઈક દેવે પ્રગટ થઈને ''જય, જય'' શબ્દ ઘોષ પૂર્વક જણાવ્યું કે હે રાજન્ ! તમારા સદ્‌ધર્મની શ્રી સૌધર્મેન્દ્ર મહારાજા કરેલ પ્રશંસા

મારાથી સહન ન થવાથી મેં આ સર્વ ઉપદ્રવાદિ કર્યા છે હે મહાભાગ્યવાન્ ! તમને મેં કલેશ પમાડ્યો છે. તેની મને ક્ષમા આપો, અને તમારા સત્ત્વથી (ધૈર્યથી) હું સંતુષ્ટ થયો છું. માટે વરદાન માગો, વરદાન માગો.'' તે સાંભળીને રાજા બોલ્યા કે—''મારી પાસે આપ્ત ધર્મરૂપી ધન હોવાથી હું અન્ય કાંઈ પણ ઈચ્છતો નથી. પરંતુ શ્રીમાન્ સીમંધરસ્વામિના દર્શન વંદનની મારી અતિતીવ્ર અભિલાષા છે તે પૂર્ણ કરો.'' ત્યારે તે દેવતાએ એક વિમાન બનાવ્યું, તેમાં ધૈર્યવાન્ પુરુષોમાં અધિક શિરોમણિ સમાન નાભાક રાજા દેવગુરુને વંદન કરીને બેઠા, અને મહાવિદેહ-ક્ષેત્રમાં ગયા, ત્યાં અષ્ટપ્રાતિહાર્યની લક્ષ્મીથી સેવન કરાતા શ્રીસીમંધરસ્વામિને વંદન કરીને વિનતિ પૂર્વક ''હે ભગવન્ ! મારો પૂર્વનો અંતરાય શો છે'' એમ પૂછયું ? ત્યારે ભગવાને સમુદ્રપાળનું સિંહનું તથા નાગ ગોષ્ટિકનું સવ વૃત્તાંત શ્રી યુગંધર આચાર્ય મહારાજે જે રીતે કહ્યું હતું તે કહી બતાવ્યું. વળી પ્રભુએ રાજાને કહ્યું કે—''કોઈ પણ જીવ કોઈ પણ સમયે પૂર્વે કરેલા કર્મો મહદંશે ભોગવ્યા વિના મુક્ત થતો નથી. અને તેનું દ્દષ્ટાંત તમે પોતે જ છો. તમે સિંહના ભવમાં તમારા ભાઈને પકડાવીને યાત્રાનો અંતરાય કર્યો હતો. તે જ અંતરાય તમને સ્ફટિક પર્વતના પહેલા પગથિયેથી નાંખી દેનાર વૃદ્ધ પુરુષરૂપે જાણવો. આ જે દેવતા સાથે છે. તે નાગગોષ્ઠિકનો જીવ છે, પરંતુ તેણે પૂર્વે ચંદ્રાદિત્યના ભવમાં સર્વ દુષ્ટ કર્મનો નાશ કર્યો હતો, તેથી તે સૌધર્મ કલ્પમાં દેવ છે. આ પ્રમાણે શ્રી સીમંધરસ્વામીના મુખથી પોતે પોતાનું પૂર્વ ચરિત્ર સાંભળીને તે દેવ તથા નાભાક રાજા પ્રમુદિત થયા પછી તેઓ પ્રભુને વંદન નમસ્કાર કરીને શ્રી શત્રુંજય તીર્થે યાત્રાર્થે ગયા. ત્યાં ભક્તિપૂર્વક શ્રી આદીશ્વરજી પરમાત્માની સ્નાત્રપૂજાનો મહોત્સવ તથા ત્રણ અઠાઈ મહોત્સવ કરીને પોતાના આત્માને ધન્ય માનવા

લાગ્યા. પછી શાશ્વત પૂજાને માટે તે બન્ને જણાએ સર્વ અંગના આભૂષણો કરાવીને મહાપૂજા સમયે અર્પણ કર્યા. માણિકય તથા રત્નોથી જડિત સુવર્ણની મહાધ્વજા ચઢાવીને પછી ભક્તિથી અપૂર્વ આનંદદાયી સંગીતની રીતિ દેખાડવા લાગ્યા. આ પ્રમાણે નિષ્કપટપણાથી અત્યંત પ્રૌઢ પ્રભાવના કરીને તે બન્નેએ દીર્ઘકાળ પર્યન્ત વીતરાગના શાસનની અતીવ પ્રભાવના કરી ત્યાર પછી અનંતગણા ઉત્સાહથી જેનું શરીર રોમાંચના કંચુકથી પુષ્ટ થયું છે એવો નાભાક રાજા ધર્મશાળામાં ગયા. ત્યાં કલ્પવૃક્ષને પણ તિરસ્કાર કરનારા તે રાજાએ ડિંડિમના ઘોષપૂર્વક પોતાનું દ્રવ્ય યાચકોને આધીન કરીને જગતને દારિદ્ર રહિત કર્યું. અનંત પરમતારક શ્રી જિન આજ્ઞા અનુસાર થયેલ ધર્મ આરાધનાના પરમ અચિન્ત્ય મહાપ્રભાવે પાપાનુબન્ધિપાપકર્મ ધોવાઈ જતાં, પુણ્યાનુબંધિપુણ્યના પરમ અધિકારી પુણ્યાત્મા શ્રી નાભાક રાજા પૂ. ગુરુમહારાજ સાથે પોતાના નગર પ્રતિ જવા નીકળ્યા. પગમાં જોડા પહેર્યા વિના જ પૂ. ગુરુમહારાજની ડાબી બાજુએ પૃથ્વી પર ચાલીને ઊંચી નીચી પૃથ્વીને બતાવવાથી ભકતોમાં અગ્રેસર થયા. અને ચંદ્રાદિત્યદેવ સેના જેવડું મોટું છત્ર વિસ્તારતા પૂ. ગુરુ મ. તથા રાજાની બન્ને બાજુએ ચામર વીંઝતા, સંવર્તક નામના વાયુથી આગળથી કાંટા આદિ દૂર કરતા, સુગંધી જળની વૃષ્ટિ કરીને માર્ગમાં રહેલી ધૂળને શમાવતા, સુગંધિ પંચ વર્ણવાળાં પુષ્પોથી પૃથ્વીને આચ્છાદિત કરતા, એક યોજન ઊંચા મહાધ્વજને આગળ ચલાવતા, અને "પ. પૂ. ગુરુ-મહારાજ તથા રાજાની અવજ્ઞા કરનારાઓ પોતાની જાતે જ નાશ પામશે, અને તમના ચરણકમળને નમસ્કાર કરનારાઓ મોટી લક્ષ્મીથી વૃદ્ધિ પામશે." એ પ્રમાણે આકાશમાં દુંદુભિ વગાડીને આકાશવાણી કરતા, પૂ. ગુરુમહારાજની ભક્તિ તથા રાજાનું સાંનિધ્ય દેખાડતા હતા. તેથી હાથમાં ઉપહાર લઈને આવતા

અનેક રાજાઓથી પદે પદે અધિક લક્ષ્મીની વૃદ્ધિવાળા નાભાક રાજા પોતાના નગરમાં પધાર્યા. પછી. પૂ. ગુરૂ મહારાજશ્રીએ શ્રી નાભાક રાજાને સમ્યક્ત્વ મૂળ શ્રાવકના બાર અણુવ્રત ઉચ્ચરાવીને અન્યત્ર વિહાર કર્યો.

પછી દેવના સાંનિધ્યથી નાભાક રાજાએ વાસુદેવની જેમ ભરતાર્દ્ધના ત્રણ ખંડ સાધ્યા, અને સોળ હજાર રાજાઓના મસ્તક ઉપર પોતાની આજ્ઞા સ્થાપન કરીને રાજ્ય તથા ધર્મનું સારી રીતે પાલન કર્યું. ત્રિકાળ દેવપૂજા, ઉભયટંક સદ્‌ગુરુને વંદન તથા છ આવશ્યક કર્મ કરીને રાજ્યનું ફળ મેળવ્યું હતું. પછી પ્રત્યેક ગામ અને પુરમાં ઊંચા તોરણવાળા જિન પ્રાસાદો તથા હજારો ધર્મશાળાઓ કરાવી હિંસા, અસત્ય, પરદ્રોહ, પીશુનતા (ચાડી), કલેશ કંકાસ અદેખાઈ તથા સાતે વ્યસનો દૂર કરાવ્યાં તેના રાજ્યમાં જે કોઈ માણસ મનથી પણ મિથ્યાત્વ, પાપ અથવા અન્યાય કરતો, તેને તેજ ક્ષણે દેવતા પોતે જ શિક્ષા કરતા હતા, તેથી સર્વ લોકો પુણ્યની જ બુદ્ધિવાળા થઈને રાજાના માર્ગને જ અનુસરતા હતા. કેમકે-**यथा राजा तथा प्रजाः**-"જેવા રાજા તેવી પ્રજા હોય છે" એ પ્રમાણે જેમ જેમ પૃથ્વી ઉપર પુણ્યની વૃદ્ધિ થાય છે, તેમ તેમ યોગ્ય સમયે વૃષ્ટિ, ધાન્ય, સમૃદ્ધિ અને ઘણા ફળ પુષ્પવાળા, વૃક્ષો થાય છે, ગાયો ઘણું દૂધ આપે છે, ખાણોમાં રત્નો ઉત્પન્ન થાય છે, વેપારમાં મહા લાભ મળે છે, દૂર દેશ સારા સંવરવાળા થાય છે, તથા સર્વ લોકો વ્યાધિ-ભય રહિત, અતિસુખી અને લાંબા આયુષ્યવાળા સુપુત્ર-પૌત્રાદિક સંતાનની અભિવૃદ્ધિ થતી રહી. પ્રજાજનો રાજા પ્રત્યે અતીવ પ્રસન્ન રહેતા હતા.

આ પ્રમાણે શ્રી નાભાક રાજાએ ચિરકાળ પર્યન્ત વિશાળ રાજ્યનું પાલન કર્યું, અને અંતે તે બુદ્ધિશાળી રાજા અનશન કરીને બારમા દેવ-લોકમાં મહર્દ્ધિક દેવ થયા. ત્યાંથી મનુષ્ય જન્મ પામીને

મુક્તિ પામશે. તે ચંદ્રાદિત્ય દેવતા પણ મનુષ્ય ભવ પામીને શાશ્વત મોક્ષ સુખ પામશે.

આ નાભાક રાજાનું જીવન ચરિત્ર જાણીને બુદ્ધિશાળી આત્માઓ દેવદ્રવ્યનું ભક્ષણ, કે દુર્વ્યય સ્વપ્નમાં ન કરાવે એ જ પરમ હિતાવહ છે.

॥ इति देवद्रव्याधिकारे श्रीनाभाकराजकथा संपूर्ण ॥

॥ अथ देवद्रव्यस्याक्षतभक्षणोपरि श्री शुभङ्करश्रेष्ठिकथानकम् ॥

श्री उपदेशप्रासादधर्मग्रन्थे त्रयोदशतमे स्तम्भे १९३ तमे व्याख्याने श्री चैत्यद्रव्यभक्षणोपरि श्री शुभङ्करश्रेष्ठिकथानकम् ।

શ્રી કાંચનપુર નગરમાં શ્રી શુભંકર નામના અતિધનાઢ્ય શ્રેષ્ઠી રહેતા હતા. પ્રતિદિનો પ્રસન્નચિત્તે શ્રી જિનેન્દ્ર પરમાત્માની પૂજા સેવા ભક્તિ કરતા હતા. એકદા કોઈક પરમ ભક્તિવંત મહાર્દ્ધિકદેવ પરમ મૂલ્યવંત અતિસુગંધી અક્ષતોના અતિવિપુલ ત્રણ પુંજ આલેખીને પરમાત્માની પરમ આદર્શ ભક્તિ કરીને સ્વસ્થાને ગયા. એટલામાં શ્રી શુભંકરશ્રેષ્ઠી શ્રી જિનેન્દ્ર પરમાત્માના દર્શન કરવા આવ્યા. ભંડાર ઉપર દિવ્ય અક્ષતોની આલેખેલ ત્રણ પુંજ જોઈ. અક્ષતોની અતિસુગંધથી શ્રેષ્ઠીનો રસાસ્વાદ અતિતીવ્ર બન્યો. રસાસક્તિને આધીન થવાથી પુંજના અક્ષત કરતાં ત્રણગણા અક્ષતો ભંડારમાં પૂરીને દિવ્ય અક્ષતો લઈને શ્રેષ્ઠી ઘરે ગયા. એ સુગંધી અક્ષતોની ક્ષીર (ખીર) કરવા શ્રાવિકાને જણાવ્યું. શ્રાવિકાએ એ સુગંધી અક્ષતોની ક્ષીર રાંધી. તે ક્ષીરાન્નનો સુગંધ ચારે બાજુ વિસ્તાર પામ્યો.

તે જ સમયે માસક્ષમણના પારણે ૪૨ દોષ રહિત શુદ્ધ આહારગવેષક માસોપવાસી સુવિહિત મુનિવર શ્રી શુભંકરશ્રેષ્ઠીના ગૃહે પધારીને ધર્મલાભ કહે છે. શ્રેષ્ઠિવર્ય પ્રસન્નચિત્તે અમુક

પ્રમાણમાં ક્ષીરાન્ત વહેરાવે છે. ક્ષિરાન્ન સુવાસથી મુનિવરનું ચિત્ત ચલિત થાય છે. રસાસ્વાદની આસક્તિ તીવ્ર બને છે અને વિચાર આવે છે, કે પ. પૂ. ગુરુમહારાજને આહાર બતાવીશ, તો પ.પૂ. ગુરુમહારાજ સ્વયમેવ આહાર વાપરી જશે, મને વાપરવા નહિ મળે, એવો વિચાર આવતાં પ.પૂ. ગુરુ મ.સા.ને બતાવ્યા કે આલોચ્યા વિના આહાર વાપરી ગયા. અનેષણીય અશુદ્ધ આહાર ઉદરમાં જતાં જ માસોપવાસી તપસ્વી મુનિવરને વિચાર સ્ફૂર્યો, કે એવો સુગંધી સ્વાદિષ્ટ આહાર જેમને પ્રતિદિન વાપરવા મળે છે. તેમનો જન્મારો ધન્ય છે. મેં એટલાં વર્ષ તપ કરીને ફોગટ દેહ દમન કર્યું. એ પ્રમાણે વિચારતાં આહાર કરીને તપસ્વી મુનિવર સૂઈ ગયા. નિંદ્રામાં ઘોરવા લાગ્યા. પડિલેહણ પ્રતિક્રમણ આદિ આવશ્યક ક્રિયા કરવાના સમયે પણ મુનિવર ન ઉઠ્યા. પ. પૂ ગુરુમહારાજે વિચારવા લાગ્યા કે પરમ વિનીત તપસ્વી મુનિવર પ્રમાદી કેમ બન્યા ? અનેષણીય અશુદ્ધ આહાર ઉદરમાં ગયો હોવો જોઈએ. તેનું અન્વેષણ કરવું જોઈએ. એ પ્રમાણે વિચારમાં ને વિચારમાં રાત્રિ વ્યતીત થઈ.

બીજા દિવસે પ્રભાતે પ્રાતઃકાળે શ્રી શુભંકરશ્રેષ્ઠી પ. પૂ. ગુરુમહારાજને વંદન કરવા આવ્યા. સંયમયાત્રા નિર્વહન અંગે સુખશાતા પૃચ્છાપૂર્વક વંદન કરીને તપસ્વી મુનિવર સૂઈ કેમ રહ્યા ? તેનું કારણ પૂછ્યું ? પ.પૂ. ગુરુમહારાજે જણાવ્યું કે ગઈ કાલે આહાર કરીને તપસ્વી મુનિવર સૂતેલ છે, અનેકવાર તપસ્વી મુનિવરને જાગૃત પ્રયાસો કરવા છતાં ઉઠતાં નથી.

ભગવન્ ! તપસ્વી મુનિવરે ગઈ કાલે આહાર તો મારા ઘરેથી જ વહોર્યો હતો. પ.પૂ. ગુરુમહારાજે પૂછ્યું કે તમોએ પ્રતિલાભેલ

ક્ષીરાન્ન તો શુદ્ધ હતું ને ? શેઠ બોલ્યા ભગવન્ ! કોઈ દોષ તો મેં જાણેલ નથી. પણ જિનાલયમાં કોઈક પુણ્યવંત ઉત્તમ આત્મા પરમાત્મા સમક્ષ અતિસુંગધી અક્ષતોનો મોટો સ્વસ્તિક આલેખી ગયેલ. તે સુગંધી ચોખાથી ત્રણ ગણા અધિક ચોખા મૂકીને તે સુંગધી ચોખા ઘરે લઈ જઇને શ્રાવિકાને આપ્યા તે સુગંધી ચોખાની રંધાવેલ ખીરમાંથી થોડીક ખીર તપસ્વી મુનિવરને પ્રતિલાભી હતી. શેઠ ભદ્રિક પરિણામી હોવાથી પ.પૂ ગુરુ મહારાજને યથાવસ્થિત વાત જણાવી દીધી. પ.પૂ આચાર્ય મહારાજે જણાવ્યું તમારાથી મહાઅનર્થકારી પાપ થયું છે. શ્રી જૈનસિદ્ધાન્તમાં જણાવ્યું છે, કે ''જિનપ્રવચનનો વૃદ્ધિ કરનાર અને જ્ઞાનદર્શન ગુણની પ્રભાવના કરનાર એવા ઉત્તમ આત્માઓ પણ દેવદ્રવ્યનું ભક્ષણ કરવાથી અનંત સંસારી થઇ શકે છે. અર્થાત્ ઉત્કૃષ્ટથી અનંત સંસારી થાય છે. અને દેવદ્રવ્યનું રક્ષણ કરવાથી પરિત્ત સંસારી થાય છે.

એક અતિધર્મિષ્ઠ ધનાઢય શેઠ હતા. તેમની પડોશમાં નટકુટુમ્બ રહેતું હતું. શેઠ અને નટને અણબનાવ હતો. નટ શેઠને પહોંચી શકતો ન હતો. નટે વિચાર્યું કે હું શેઠને પહોંચવા સમર્થ નથી. માટે શેઠને મારા જેવા નિર્ધન બનાવી દઉં. પછી શેઠ જોર નહીં મારે. એવી ક્લિષ્ટ ભાવનાથી નટે જિનાલયની ઈંટનો ટૂકડો લાવીને પ્રછન્ન રીતે શેઠના ચણાતા ઘરની ભીંતમાં ચણાવી દીધી. હવે દ્રવ્યના આંશિક પાપથી કાળક્રમે શેઠ નિર્ધન થયા. નટે કહ્યું મારી વિડમ્બના કર્યાનું રૂપ જોયું ને ? જિનાલયની ઈંટનો ટૂકડો ભીંતમાં જે સ્થળે ચણાવ્યો હતો. તે સ્થળ નટ પાસેથી જાણીને ભીંત કોરાવીને કઢાવી નંખાવ્યો. દેવદ્રવ્યની હાનિના પ્રાયશ્ચિતરૂપે એક નાનું રમણીય જિનાલય નિર્માણ કરાવીને પ્રતિષ્ઠિત કરાવ્યું. ત્યાર પછી શેઠ પુનઃ સુખી થયા.

શેઠ તમે જિનાલયના ચોખાની ખીર મહારાજને વહોરાવીને મહારાજને પણ મહાપાપના અધિકારી બનાવ્યા. અને તમે પણ મહાપાપના અધિકારી થયા.

શેઠ બોલ્યા ભગવન્ ! મારા ઘરે પણ ગઈકાલે પ્રચૂર દ્રવ્યની હાનિ થઈ, સૂરિજી બોલ્યા કે તમારું બાહ્યધન નાશ પામ્યું, ત્યારે તપસ્વી મુનિવરનું તો અન્તર્ધન ધન નાશ પામ્યું. પ્રાયશ્ચિતરૂપે શેઠ પાસે જેટલું ધન હતું તેનું જિનાલય નિર્માણ કરાવ્યું.

પ.પૂ આચાર્ય મહારાજે તપસ્વી મુનિવરને રેચક પાચક ઔષધનું સેવન કરાવીને તપસ્વી મુનિવરની કોઠાની શુદ્ધિ કરાવી. તપસ્વી મુનિવર જે પાત્રમાં આહાર લાવ્યા હતા. પાત્રને છાણ. અને રાખનો લેપ કરીને ત્રણ દિવસ તડકે રાખ્યું. પછી તે પાત્ર આહાર ગ્રહણ યોગ્ય થયું. તપસ્વી મુનિવર પાપકર્મની શુદ્ધિ માટે તપશ્ચર્યાપૂર્વક શુદ્ધ સંયમનું પાલન કરીને આત્માને ભાવિત કરવા લાગ્યા.

**श्राद्धो भोगाय देवस्वं, मुक्तवा मूल्यं समाधिकं ।। नाददेन्नैव दातव्यं, श्राद्धानां च परस्परंम् ।।१।।**

"શ્રાવક દેવને ચઢેલી વસ્તુ સમાન મૂલ્ય મૂકીને અથવા અધિક મૂલ્ય મૂકીને પોતાના ભોગને અર્થે ગ્રહણ કરે નહીં. તેમ જ શ્રાવકને પરસ્પર આપે પણ નહીં.

॥ ઈતિ શ્રી દ્રષ્ટાન્ત વિભાગ ॥

શ્રી વીર નિર્વાણથી પ્રારંભી ૨૧૦૦ (એકવીશસો) વર્ષમાં પ.પૂ.આ. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મ.સા., પ.પૂ.આ. શ્રી બપ્પભટ્ટસૂરીશ્વરજી મ.સા., પ.પૂ.આ. શ્રી સુમતિસાધુસૂરીશ્વર મ.સા. પ્રમુખ અનેક તારકમહાપુરુષોના ગુરુપૂજન નિમિત્તે ધરેલ ક્રોડો લાક્ખો સુવર્ણ મુદ્રાઓ જેનું આધુનિક મૂલ્યે ગણના કરતા

લગભગ સાત હજાર ક્રોડ રૂપિયા કે તેથી પણ અધિક મૂલ્ય થાય એટલું અતિમાતબર ધન અન્ય કોઈ ધાર્મિક ક્ષેત્રમાં ન અપાવતાં શ્રી સંઘને એકમાત્ર જિનાલયોના જીર્ણોદ્ધારાદિ અર્થે દેવદ્રવ્યમાં જ અપાવેલ એ પરમ સુવિહિત આચરણાને અનુસરીને એટલે એ એ નિયમાનુસાર ગુરુ પૂજનનું દ્રવ્ય (ધન) દેવદ્રવ્યરૂપે જ ગણવું. એમ પ્રસ્તુત પુસ્તિકામાં સૂચવેલ છે તે યોગ્ય જ છે.

શ્રી જિન આજ્ઞાથી વિપરીત વિચારાયું. કે આલેખાયું હોય, તો ત્રિવિધ ત્રિવિધ મિચ્છામિ દુક્કડં.

શ્રી વીર સં. ૨૫૨૦
આશ્વિન કૃષ્ણા વષ્ઠી

—કલ્યાણસાગર

# અભિપ્રાયો

આચાર્ય શ્રી કલ્યાણસાગરસૂરિજી તથા શ્રી જ્ઞાનસાગરજી ગણિવર્ય શ્રી આદિ લિ. સુબોધસાગરાદિની સાદર અનુવન્દના સુખશાતા. વિ. તમારો પત્ર મળ્યો વાંચી વિગત સહ સમાચાર જાણી આનંદ.

વિ. 'ધર્મતન્ત્ર' પુસ્તક વાંચ્યું. ખૂબ જ સુંદર છે આગમ-શાસ્ત્ર અને પંચાગી યુક્ત માન્ય શાસ્ત્રીય પદ્ધતિપૂર્વક ધાર્મિક સાત ક્ષેત્રના સંચાલન માટે જે માર્ગદર્શન આપવા માટે આપશ્રીએ શ્રમ ઉઠાવ્યો છે તે પ્રશંસનીય છે, અનુમોદનીય છે. અને આ માર્ગદર્શન માટે ચતુર્વિધ સંઘને માટે ધન્યવાદને પાત્ર છો. એ જ રાન્તે આપશ્રીએ કરેલ પ્રયાસની ભૂરી ભૂરી હાર્દિક અનુમોદના સહ અનુવન્દના.

–સુબોધસાગર સૂરિ.

* * *

**મુનિ રત્નભૂષણ વિજય**
ઠે. મહાવીર મેડીકલ સ્ટોર, સરદાર ચોક.
મુ. બારડોલી. (જિ. સુરત) પીન-૩૯૪૬૦૧

દેવગુરુ ભક્તિકારક સુશ્રાવક રમણલાલ ધરમચંદ શાહ (શ્રી મોક્ષ કલ્યાણક સમ્યક્ શ્રુતનિધિના કાર્યકર), મહેસાણા.

ધર્મલાભપૂર્વક જણાવવાનું જે તમારાં તરફથી પ્રકાશિત થયેલ 'શ્રી ધાર્મિકતન્ત્ર સંચાલન સમીક્ષા' પુસ્તક આજરોજ અહીં મળેલ છે. વાંચીને ખૂબ જ આનંદ થયો છે. ટ્રસ્ટ એકટ, ચૂંટણી, વહીવટ

કરવાની શાસન શૈલી - ઇત્યાદિ બાબતોમાં ખૂબ જ સુંદર માર્ગદર્શન આ પુસ્તકથી મળે છે. તમારો પ્રયત્ન જરૂર શ્રી સંઘને માટે ઉપયોગી થશે, એમ લાગે છે.

લિ. મુનિ રત્નભૂષણવિજયના
ધર્મલાભ.

* * *

પ.પૂ.આચાર્યદેવશ્રી કલ્યાણસાગરસૂ. મ.શ્રીને-

પવિત્ર ચરણે—સાદર વંદનાજી !

આપશ્રી સપરિવાર સુખશાતામાં હશોજી, પ.પૂ.આ.દેવશ્રી કૈલાસસાગરસૂરિજી મ.શ્રી ત્યાં જ હોય તો મારા સાદર વંદના ફરમાવશોજી

આપશ્રીએ વાત્સલ્યભાવે લાગણીપૂર્વક પાઠવેલ પુસ્તિકા- 'શ્રી ધાર્મિક તન્ત્ર સંચાલન સમીક્ષા' મળી છે. જે માટે સાદર, સપ્રેમ, ભક્તિભાવે ઋણ વ્યક્ત કરી ધન્યતા અનુભવું છું !

ધર્મ-સંસ્થાઓના સંચાલન અને યોગ્ય સંચાલકો માટે સ્પષ્ટ અને અને સ્વતંત્ર માર્ગદર્શન નીડર રીતે અને નિખાલસતા દાખવવા માટે ધન્યવાદ.

આજ સુધી ધાર્મિક કે સામાજિક સંસ્થાઓ સાચવવા અને ચલાવવા કેવા નિઃસ્વાર્થ, નિષ્કલંક, અને પ્રામાણિક કાર્યકર્તાઓ જોઈએ તે પ્રશ્નો કોઈએ વિચાર્યું-લખ્યું હોય તો ખ્યાલમાં નથી. કહું કે એ બાબતામાં નીડરપણે સ્પષ્ટ રીતે લખવા-કહેવાની કોઈએ હિંમત કરી નથી.

આપના મંતવ્ય સાથે હું સંપૂર્ણ રીતે સંમત થાઉં છું. કહેવાનું મન થાય છે કે આજ સુધી કેમ કોઈએ આ દિશા પ્રતિ અંગુલિનિર્દેશ પણ કર્યો નથી ?

ધાર્મિક સંસ્થાઓનું ધ્યેય પવિત્ર છે જે, એની માલ-મિલકત પણ પાવનકારી છે, એટલે એનું સંચાલન પણ પવિત્ર રીતે થવું જ જોઈએ. એના સંચાલકો પ્રામાણિક ને પવિત્ર હોવા જ જોઈએ. એ દાખવવા આજ સુધી કેમ કોઈએ ઈશારોયે કર્યો નથી ?

મ્હને અંગત રીતે ધાર્મિક-સંસ્થાઓનો બહુ અનુભવ નથી. પરન્તુ જે જે સામાજિક-શૈક્ષણિક અને અપ્રામાણિક કાર્યકર્તાઓ હોય છે કે ત્યાંનું સંચાલન મનસ્વી રીતે અને ચિન બંધારણીય રીતે થતું હોય છે, કે એ દિલને ડંખે છે. એટલે તો એવી ઘણી સંસ્થાઓનું સંચાલન આ પ્રશ્ને જ છોડવું પડ્યું છે. 'સો મૂર્ખાઓમાં એક ડાહ્યો શું કરે ?'

ધાર્મિક સંસ્થાઓ જે ધર્મ-વૃદ્ધિ, આત્મ-શુદ્ધિ અને શાસન-પ્રભાવના માટે જ સ્થપાઈ હોય છે એવા સંચાલનમાં સ્વાર્થી તત્ત્વ ઘુસે કે સત્તાધારીઓ વિક્ષેપો કરે, તો ધર્મ-ધ્યેય ન સચવાય અને મૂળ હેતુ ન જોવાય તો - યોગ્ય આદર્શ ન પળાય તો એની પરિસ્થિતિ શું થાય ? એ કલ્પવું મુશ્કેલ છે !

આપ સૂચવો છો તેમ ધર્મ-સંસ્થાઓનું બંધારણ તો 'જિનાગમ' જ છે. પરન્તુ સંચાલકોને એનો પૂર્ણ ખ્યાલ ન હોય, સમજ ન હોય, તો 'જિનાગમ' પ્રમાણે સંચાલન ક્યાંથી કરી શકે ? એટલે આધુનિક બંધારણ ભલે 'શાસ્ત્રોક્ત' કે 'જિનાગમ' મુજબ ન હોય તો પણ નિયમબદ્ધ શુભાશયી, પવિત્ર અને પદ્ધતિસરનું હોય તો સંચાલન યોગ્ય રીતે થઈ શકે એ શક્ય છે. અને તો હોદ્દેદારોએ પણ એ મુજબ જ શુદ્ધ ને પવિત્ર રીતે પદ્ધતિસર કાર્ય કરવું પડે ને !

'ટ્રસ્ટ-એકટ' કે અન્ય ધારાઓ દ્વારા ધર્મ-સંસ્થાઓમાં સરકારી દખલ ચલાવી લેવાય જ નહિ. અને હોદ્દેદારો કે કાર્યકરો શુદ્ધ ને શક્તિશાળી હોય તો અવશ્ય એનો પ્રતિકાર કરી શકે. પરન્તુ ધર્મસત્તાને અવગણી સરકારી-સત્તા આવી સંસ્થાઓમાં વિક્ષેપ નાંખે એ યોગ્ય નથી જ એ મંતવ્ય આપનું શત-પ્રતિશત સાચું જ છે. એ અર્થે હું સો એ સો (૧૦૦) ટકા સંમત છું.

શ્રી જૈન સંઘ 'શ્રમણ-પ્રધાન'થી રોજ અને શ્રમણ-સંસ્થાની સલાહને માર્ગદર્શન લે એ યોગ્ય જ છે. પરન્તુ સંસ્થાઓના સંચાલનમાં (બંધારણ આદિમાં) માથું મારે એ યોગ્ય જણાતું નથી. કારણ તો સંચાલકો સ્વતંત્ર રીતે અને નિયમાનુસાર-બંધારણને સાચવી કાર્ય કરી શકશે નહિ એવો સંભવ છે.

ચૂંટણી-પદ્ધતિ તો યોગ્ય જ નથી. 'એ તો મૂર્ખાઓના સ્વર્ગમાં રાચવા જેવું છે ? એ પદ્ધતિ તો માત્ર ટોળાશાહી જ છે. અને, મત મેળવી સ્વાર્થ સાધુઓનું પોતાનું સાધી લેવાની તરકીબ જ છે. યોગ્ય રીતે, ગુરુદેવો કે, ડાહ્યા પંચ મારફત 'નિયુક્તિ' થાય તો જ યોગ્ય સંચાલકો મેળવી શકાય અને સુંદર રીતે કાર્ય થઈ શકે.

આપશ્રીએ વર્ણવ્યું છે. તે અનુસાર ધાર્મિક તંત્ર-સંચાલકો - ન્યાય - સંપન્ન વિભવ-વાળા સંસ્કારીકુળના, ઉદારદિલ છતાં ધાર્મિક દ્રવ્ય માટે હરકસૂરવાળા, પ્રામાણિકને નીતિસંપન્ન, અને આદર્શને અનુસરનારા હોવા જોઈએ. તો જ ધર્મ-સંસ્થાઓનું ધ્યેય સચવાય અને માલ-મિલકતનું યોગ્ય રીતે સંચાલન થાય.

નાટકો, ચલચિત્રો, જુગાર, વેશ્યાવાડો આદિ પ્રવૃત્તિઓએ માનવીના અને સમાજના અનેક સંસ્કારોને અધોગતિ તરફ વાળ્યા છે. સમાજના આગેવાનો અને પૂ. ગુરુદેવોએ આ બદીઓ તરફ ખાસ નિર્દેશ કરી એની ખરાબ અસરો તરફ વારંવાર ધ્યાન દોરવું જોઈએ.

એકંદરે પુસ્તિકાએ આગેવાનો અને સંચાલકોને સારી ચીમકી આપી છે અને આદર્શ-સંચાલન પ્રતિ સારું ધ્યાન દોર્યું છે.

એક વાત તરફ આપનું ધ્યાન દોરું, આપનું લખાણ સર્વાંગી રીતે શાસ્ત્રોક્ત, વિચારશીલ અને સૈદ્ધાંતિક હોય છે. પરન્તુ વાક્યો એટલા બધા લાંબા ને સંબંધિત હોય છે કે કદાચ વાંચતા વાંચતા 'અથ ઈતિ' કે વિચારતંતુ તૂટી જાય. વધારે ટૂંકા વાક્યો થઈ શકે ખરા ?

આજકાલ કહેવાતાં 'કલિયુગ'માં આપશ્રીએ સૂચવેલ સિદ્ધાન્ત પરતને પ્રામાણિક સંચાલકો મળવા દુર્લભ છે. આજે તો સ્વાર્થ, સત્તાને સંપત્તિ માટે ગમે તેવા સાધનો વાપરી સફળ થનાર કાર્યકરો પ્રાપ્ત થાય છે. એ શું ઉકાળશે ?

ફરી એકવાર આવી સચ્ચાઈ, સિદ્ધાન્ત અને આદર્શ તરફ ધ્યાન ખેંચતી પુસ્તિકા પ્રગટ કરવા માટે ધન્યવાદ પાઠવું છું અને સંસારમાં નીતિમત્તા અને ધર્મવૃત્તિ વિશેષ પ્રસરે એવું સાહિત્ય પ્રકાશિત કરતા રહો તેવી વિનંતી સાથે.

આપનો ચરણ કિંકર

**ડૉ. ભાઈલાલ એમ. બાવીશી**

* * *

સાદર વંદના

રા.શ્રીયુત

આજે 'ધાર્મિક તંત્ર સંચાલન-સમીક્ષા' નામે પુસ્તક મળ્યું છે. તેનો સાભાર સ્વીકાર વિભાગમાં નોંધ લીધી છે. જાન્યુઆરી અંકમાં નોંધ આવી ગઈ છે.

સંચાલનનો ખરેખરો આદર્શ રજૂ કર્યો છે અને કેટલીક જગ્યાએ લાલબત્તી ધરી છે, પણ આજે અરણ્ય રુદન જેવી પરિસ્થિતિ બની ગઈ છે. થાય તે ખરું અને બને તે ખરું ! ઘણા પ્રશ્નો આજે સત્ત્વગુણી માણસોને મૂંઝવે છે. માર્ગ જડશે એ આશા રાખવાની રહી.

**સોમચંદ ડી. શાહના પ્રણામ**

* * *

**પ્રદ્યુમ્નવિજયજી**, પાટણ

અષાઢ વ-૧.

તત્ર સુશ્રાવક રમણભાઈ,

ધર્મલાભ-પુસ્તિકા અંગે શું લખું ! વિષય ગંભીર અને મતમતાંતરવાળો છે છતાં નિરૂપણ ઘણું વિશદ અને અસરકારક છે. જૈન ધર્મને લાગતી વળગતી તમામ સંસ્થાએ વસાવવા જેવું અને વાંચવા જેવું છે. તો જે દોષો લાગ્યા કરે છે તેનાથી બચી શકાય.

પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી કલ્યાણસાગરસૂરિજીને પત્ર લખો તો મારા સવિનય વંદના વિદિત કરશોજી.